॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પૂ.પાર્ષદવર્યશ્રી

# મોનજી ભગતની વાતો



:: પ્રકાશક ::

શ્રીસ્વામિનારાયણ મંદિર, તીર્થધામ કુંડળ તથા કારેલીબાગ-વડોદરા.

MONAJI BHAGAT NI VATO

INDEX

# મોનજી ભગતની વાતો

# મોનજી ભગતની વાતો

**લખાવનાર** : પાર્ષદવર્ય શ્રીમોનજી ભક્ત

**પ્રકાશક** : શ્રીસ્વામિનારાયણ મંદિર, તીર્થધામ કુંડળ તથા
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા.

**પ્રેરક** : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી (કુંડળ)

**પ્રકાશન તિથિ** : સં.૨૦૬૪, કારતક સુદ-૫, તા.૧૫/૧૧/૨૦૦૭

**પ્રથમ આવૃત્તિ** : નવેમ્બર, ૨૦૦૭ (લાભપાંચમ)

**પ્રત** : ૬૦૦૦

**પડતર કિંમત** : રૂા.૨૦/-

**હરિભક્તના આર્થિક સહયોગથી**
**ઘટાડેલ કિંમત** : રૂા.૧૦/-



**પ્રાપ્તિ સ્થાન :**

- શ્રીસ્વામિનારાયણ મંદિર
મંદિર માર્ગ, કારેલીબાગ-વડોદરા, ૩૯૦૦૧૮
ફોન : (૦૨૬૫) ૨૪૬૨૬૨૮
ફેક્સ : ૨૪૬૧૬૮૦
- શ્રીસ્વામિનારાયણ મંદિર, તીર્થધામ કુંડળ
તા.બરવાળા, જી.અમદાવાદ-૩૮૨૪૫૦
ટેલી.ફેક્સ : (૦૨૭૧૧) ૨૩૭૧૦૧

# પ્રસ્તાવના

મોક્ષનો માર્ગ કેવળ બુદ્ધિથી જ નહિ, પણ અનુભવી પુરુષોની અનુવૃત્તિથી સફળ થાય છે. તે માટે હરકોઈ મુમુક્ષુને મુક્તપુરુષોના જીવંત પ્રસંગો તથા અનુભવસભર વાતો દીવાદાંડીરૂપ હોય છે. આ પ્રસ્તુત પુસ્તકમાં તે બન્ને બાબતોનો અદ્‌ભુત સમન્વય થયેલો છે.

આ મોનજી ભગતની વાતો વડતાલના તૃતીય આચાર્ય શ્રીવિહારીલાલજી મહારાજની આજ્ઞાથી મોનજી ભગતે લખાવેલી છે; તેનો આ જ ગ્રંથના અંતે ઉલ્લેખ કરેલો છે. **“...ઉપર લખેલી સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદસ્વામી તથા સદ્‌ગુરુ શ્રીચૈતન્યાનંદસ્વામી તથા સદ્‌ગુરુ શ્રીનરસિંહાનંદસ્વામીની કરેલી વાતો તે આચાર્ય શ્રીવિહારીલાલજી મહારાજની આજ્ઞાથી શિષ્ય ભક્ત મોનજીએ લખાવીને પ્રસિદ્ધ કરી છે.”**

આ પાર્ષદવર્ય શ્રીમોનજી ભક્ત શ્રીહરિજીના હજૂરી પાર્ષદ હતા. તે પણ આ ગ્રંથની અમુક વાતોના સંદર્ભથી સ્પષ્ટ જણાય છે. મહારાજ ધામમાં ગયા પછી મોનજી ભક્ત આ લોકમાં ઘણું રહ્યા હતા. તે સમયમાં શ્રીહરિ તથા સ.ગુ.શ્રીગોપાળાનંદસ્વામી વગેરે નંદ સંતોના અમુક પ્રસંગો તથા સારી-સારી વાતો મોનજી ભક્ત કરતાં રહેતાં. સહુ કોઈને તેમાં બહુ રસ પડતો તથા બહુ બળ મળતું હતું. તેથી આચાર્ય શ્રીવિહારીલાલજી મહારાજે મોનજી ભક્તને તે તમામ વાતો લખાવવાની આજ્ઞા કરેલી.

ત્યાર પછી તેમણે પોતે જે વાતો લખાવી છે, તેની હસ્તપ્રત અમારા હાથમાં આવી. તેને વાંચતાં-વિચારતાં એમ જણાયું કે, આ વાતો સંપ્રદાયમાં સહુ કોઈને અતિ ઉપયોગી થશે. તેથી શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા તેનું સંપ્રદાયમાં પ્રથમવાર પ્રકાશન કરવામાં આવેલ છે.

આ વાતોમાં સર્વોપરી શ્રીહરિ, આચાર્ય મહારાજશ્રી અને સંતો-ભક્તોનો તટસ્થભાવે મહિમા ગાયેલો છે. વળી, દરેક સાધકને આગળ વધવા

માટેનું બળ પૂરું પાડે તેવી છે. આમાં મુખ્યત્વે સ.ગુ.શ્રીગોપાળાનંદસ્વામીના પ્રસંગો તથા પૂ.સ્વામીએ કરેલી પ્રતિલોમ ધ્યાનની વાતો સંગ્રહિત થયેલી છે. જે અતિ અદ્‌ભુત છે.

પાર્ષદવર્ય શ્રીમોનજી ભક્ત વિશે સંશોધન કરતાં એટલું જાણવા મળે છે કે, તેઓ શ્રીહરિ તથા સંતોના નિષ્ઠાવાન સેવક તથા ધ્યાનના સારા એવા અભ્યાસુ હતા. મોનજી ભક્તનો જન્મ ભાવનગર જિલ્લામાં બોટાદ તાલુકાનું ગામ ‘પાટી’ (સરવઈ)માં થયો હતો. કણકોટિયા અટકની લેવા પટેલ જ્ઞાતિમાં જન્મેલ શ્રીમોનજી ભગતના ઘરે પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિ સંતો સાથે પધાર્યા હતા. ત્યારે તેમણે તથા અન્ય ભક્તોએ ભાવથી પ્રભુની પૂજા કરીને તલ તથા ગોળ સંતોને જમાડ્યા હતા. (શ્રીહરિ ચ.સાગર : ૪/૨૦) પછી પ્રભુ કૃપાથી વૈરાગ્ય ઉત્પન્ન થતા ગઢપુર જઈ આજીવન શ્રીહરિની સેવામાં સમર્પિત થઈ ગયા હતા. આ ઉપરાંત મોનજી ભક્ત વિશેની વિશેષ માહિતી ગઢપુરના પુરાણી શ્રીવિષ્ણુપ્રસાદદાસજીસ્વામી તથા વયોવૃદ્ધ શ્રીવિશ્વપ્રકાશ-દાસજીસ્વામી દ્વારા એટલી મળી છે કે, ગઢપુર મંદિરમાં ‘મોનજી ભગતનો મેડો’ આ નામનું હાલમાં પણ એક સ્થાન છે. જે હરિભક્તોના ભંડારની બાજુમાં રહેલ સંતોના ભંડારની ઉપર જર્જરિત અવસ્થામાં છે. ત્યાં મોનજી ભક્ત વર્ષો સુધી રહ્યા હતા.

અમને આશા છે કે, સર્વાવતારી શ્રીહરિ તથા તેમના મુક્તોનાં આ દિવ્ય વચનો તથા અદ્‌ભુત પ્રસંગો સંપ્રદાયના દરેક અનુયાયીઓને ખૂબ જ ગમશે તથા અતિ ઉપયોગી થશે. એવું જાણી અ.નિ.પૂ.ભજનપ્રકાશદાસજીસ્વામીની પુણ્ય સ્મૃત્યર્થે આ ગ્રંથ પ્રકાશિત કરતાં અમે આનંદની લાગણી અનુભવીએ છીએ.

લી. સ્વામી જ્ઞાનજીવનદાસના
ભાવથી જય સ્વામિનારાયણ.

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પાનું |
|---|---|---|
| ૧. | ટોડલામાં ખુશાલ ભટ્ટે વરસાદ વરસાવ્યો | ૧ |
| ૨. | પાખંડીનો પરાજય કર્યો | ૩ |
| ૩. | ભાવનગરથી મહાભારત લાવ્યા | ૪ |
| ૪. | ચૈત્રી સમૈયામાં મરકીનો રોગ કાઢ્યો | ૧૩ |
| ૫. | સંકલ્પમાત્રથી ઉમરેઠમાં વિજય | ૧૪ |
| ૬. | ગોપાળાનંદસ્વામીની સ્થિતિ | ૧૫ |
| ૭. | કામનો પ્રભાવ તથા તેને જીતવાનો ઉપાય | ૧૬ |
| ૮. | ગોપાળાનંદસ્વામીએ લેખ અપાવ્યો તથા વરસાદ કર્યો | ૧૯ |
| ૯. | ગોપાળાનંદસ્વામીનાં ચાર સ્વરૂપો | ૨૨ |
| ૧૦. | સ્વામીના ઉપશમ ધ્યાનથી શ્રીકૃષ્ણ રાજી થયા | ૨૫ |
| ૧૧. | નિષ્કુળાનંદસ્વામીનો સ્નેહ | ૨૬ |
| ૧૨. | મહારાજના મુખ્ય સેવક ગોપાળાનંદસ્વામી છે | ૨૯ |
| ૧૩. | શિવભક્ત બ્રાહ્મણનું કલ્યાણ કર્યું | ૩૧ |
| ૧૪. | આવું રહસ્ય સમજે કોણ ? | ૩૩ |
| ૧૫. | વડોદરામાં યજ્ઞનારાયણનાં દર્શન | ૩૪ |
| ૧૬. | એ તો ભગવાનના ધામમાં જ જાય | ૩૫ |
| ૧૭. | સ્વામીએ ચંદ્રગ્રહણ ફેરવી નાંખ્યું | ૩૭ |
| ૧૮. | ભક્તમાં રહેલો નાસ્તિકભાવ ક્યારે ટળે ? | ૩૯ |
| ૧૯. | નેત્ર દ્વારા અક્ષિવિદ્યા દેખાડી | ૪૩ |
| ૨૦. | સ્વામીએ ચંદ્રમંડળને ખેંચ્યું | ૪૪ |
| ૨૧. | ચાર પ્રકારના ચાકરની વાત | ૪૫ |

૨૨. કીડીઓનું કલ્યાણ........................................................ ૪૮
૨૩. પ્રતિલોમ ધ્યાનની વાત.................................................. ૪૯
૨૪. શુકસ્વામીના ધ્યાનની રીત.............................................. ૫૧
૨૫. સાંખ્ય વિચારની વાત..................................................... ૫૧
૨૬. જીવમાં બળ હોય તો ધ્યાન-ભજન થાય.............................. ૫૩
૨૭. બદરિકાશ્રમ તથા શ્વેતદ્વીપના મુક્તની ધ્યાનની રીત................. ૫૪
૨૮. નિદ્રા વિશે મહારાજની વાત............................................ ૫૫
૨૯. વડતાલ મંદિરનો વેરો માફ કરાવ્યો.................................. ૫૭
૩૦. કશિયાભાઈને ચમત્કાર.................................................. ૬૦
૩૧. સાકરલીલા તથા મૂળજી બ્રહ્મચારીનું નિર્વિકારીપણું............... ૬૨
૩૨. મૂળજી બ્રહ્મચારી ધામમાં ગયા........................................ ૬૪
૩૩. ચૈતન્યાનંદસ્વામીને ધ્યાનની રીત શીખવી............................ ૬૬
૩૪. ચૈતન્યાનંદસ્વામીની મોટ્યપ........................................... ૬૮
૩૫. પ્રગટ પ્રમાણ શ્રીહરિકૃષ્ણ મહારાજ.................................... ૭૦
૩૬. રઘુવીરજી મહારાજની મોટ્યપ.......................................... ૭૨
૩૭. મહારાજે મુક્તાનંદસ્વામીને ધ્યાન શીખવ્યું............................ ૭૪
૩૮. બ્રહ્માનંદસ્વામીની મોટ્યપ તથા મૂળી મંદિરનું નિર્માણ............ ૭૬
૩૯. ગુણાતીતાનંદસ્વામીનો મહિમા.......................................... ૭૯
૪૦. મુક્તાનંદસ્વામીને સર્વોપરી નિશ્ચય.................................... ૮૦
૪૧. સિદ્ધાનંદસ્વામીની મોટ્યપ તથા નિષ્ઠા................................ ૮૩
૪૨. શ્રીહરિની અંતર્ધાનલીલા................................................. ૮૪
૪૩. બ્રહ્મરૂપે થઈ ધ્યાન કરવાની વાતો..................................... ૯૧
૪૪. ત્રણ પ્રકારના ઉપશમની વાત............................................ ૯૧

૪૫. ટિટોડીના દૃષ્ટાંતથી ધ્યાનની વાત........................................ ૯૪
૪૬. આત્મનિષ્ઠાની ઉત્તમદશા........................................ ૯૮
૪૭. સિદ્ધાનંદસ્વામીને શિખવાડેલી ધ્યાનની રીત........................ ૧૦૧
૪૮. ક્રમથી શ્રેષ્ઠ ઉપશમ ધ્યાનની વાત........................................ ૧૦૪
૪૯. વડતાલમાં સંતોને કહેલ પ્રતિલોમ ધ્યાનની વાત.................... ૧૦૬
૫૦. નૃસિંહાનંદસ્વામીની વાત........................................ ૧૦૯
૫૧. નૃસિંહાનંદસ્વામીને શ્રીહરિનું મિલન........................................ ૧૧૨
૫૨. પ્રભુમાં વૃત્તિ રાખવાથી જ કારણશરીર બળે........................ ૧૧૮
૫૩. શ્રીહરિએ કહેલ સંગશુદ્ધિ........................................ ૧૨૦
૫૪. ભગવદ્પ્રાપ્તિમાં સત્પુરુષની અનિવાર્યતા........................ ૧૨૨
૫૫. સૂર્ય અને રાહુના દૃષ્ટાંતે કરીને સ્મૃતિની વાત........................ ૧૨૪
૫૬. સનકાદિકની મોટાઈ તથા કસર........................................ ૧૨૮
૫૭. ધ્યાન કરવાની રીત........................................ ૧૨૯
૫૮. આત્મા-પરમાત્માને વિષે સ્થિતિ કરવાની રીત........................ ૧૩૦
૫૯. વિષય ખંડનની વાતો........................................ ૧૩૧
૬૦. મુક્ત અને મહારાજનો સંવાદ........................................ ૧૩૩
૬૧. બ્રહ્મભાવે ધ્યાન કરવાની રીત........................................ ૧૩૫
૬૨. મનમાં ધ્યાન કરવાની રીત........................................ ૧૩૬
૬૩. ચિત્તમાં ધ્યાન કરવાની રીત........................................ ૧૩૬
૬૪. આત્મામાં ધ્યાન કરવાની રીત........................................ ૧૩૭
૬૫. ધ્યાન તથા યોગાભ્યાસ કરવાની રીત........................................ ૧૩૮
૬૬. પંદર પ્રકારની યોગકળાની રીત........................................ ૧૩૯

ઉપર લખેલી
સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદસ્વામી તથા
સદ્‌ગુરુ શ્રીચૈતન્યાનંદસ્વામી તથા
સદ્‌ગુરુ શ્રીનરસિંહાનંદસ્વામીની
કરેલી વાતો તે આચાર્ય
શ્રીવિહારીલાલજી મહારાજની
આજ્ઞાથી શિષ્ય
ભક્ત મોનજીએ લખાવીને
પ્રસિદ્ધ કરી છે.

-પાર્ષદવર્ય શ્રીમોનજી ભગત

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥

## પાર્ષદવર્ય

# શ્રીમોનજી ભગતની વાતો

## ૧. ટોડલામાં ખુશાલ ભટ્ટે વરસાદ વરસાવ્યો.

ગામ ટોડલા મધ્યે વિપ્ર ખુશાલ ભટ્ટ નિવાસ કરી રહેતા હતા. તે ખુશાલ ભટ્ટ પોતાના યજમાનનું કામકાજ કરે ને ઘરનો વેવાર ચલાવે, પણ પોતાના નિયમ-ધરમ પાળવા, સંધ્યાગાયત્રી નિત્ય કર્મ કરવું, ધર્મ પાળવો ને પળાવવો તથા ભગવાનની સેવા-પૂજા કરવી અને કથા-વાર્તાદિક સર્વે કરે તેમાં હેતે સહિત તત્પર થઈ કરે. તેવા ખુશાલ ભટ્ટને જોઈને લોકો પરસ્પર એમ બોલવાં લાગ્યાં જે, "આ ખુશાલ ભટ્ટ પૂર્વના કોઈક મોટા જોગી છે કે મોટા સિદ્ધ છે."

પછી તે સમામાં વરસાદે તાણ્યું ને ચોમાસાના બે માસ ગયા, તોય વરસાદ ન થયો. પછી વેદના ભણેલા તથા જ્યોતિષના ભણેલા બ્રાહ્મણ ભેળા થઈને પરસ્પર બોલ્યા જે, "આ મેહ નથી થાતો તેનું હવે આપણે કેમ કરવું ? જે રીત્યે મેહ વરસે તે ઉપાય કરવો." પછી તે ભણેલા બ્રાહ્મણ પરસ્પર બોલ્યા જે, "એમાં આપણું બળ શું ચાલે ? શું એ મેહ વરસાવવો તે આપણા હાથમાં છે ?"

ત્યારે જે બ્રાહ્મણ ભણ્યા નહોતા ને અભણ હતા તે બ્રાહ્મણ બોલ્યા જે, "તમે વેદ-શાસ્ત્રના ભણેલા છો તથા મેહ વરસાવ્યાના મંત્ર પણ તમે સર્વે જાણો છો, તે એ મંત્ર બોલો તો વરસાદ વરસે; ત્યારે જયજયકાર થાશે ને લોક સર્વે રાજી થાશે. માટે ભગવાનની સ્તુતિ કરો તથા ભગવાનના મંત્રનો જપ કરો ને ભગવાનનું આવાહન કરો ને પછી વરસાદ આવવાનો મંત્ર જપો, ત્યારે વરસાદ થાશે." એમ સર્વે બ્રાહ્મણો બોલ્યા.

ત્યારે વેદ-શાસ્ત્રના ભણેલા બ્રાહ્મણ કહે, "તમે ઠીક કહો છો, અમે એમ કરીને મેહના મંત્ર જપીએ." પછી એ ભણનારા બ્રાહ્મણે

વિચાર કર્યો જે, 'આપણે ક્યાં બેસીને મંત્ર જપવો.' ત્યારે એક બ્રાહ્મણ કહે : "એકાંત ઠેકાણે બેસીને મંત્ર જપો." ત્યારે ભણેલા બ્રાહ્મણ એકાંત ઠેકાણું જોઈને, તે ઠેકાણે સર્વે ભેગા થયા. પછી મોટાં વાસણ, તાંસ વિગેરે મંગાવ્યાં ને તે વાસણોમાં પાણી માથા સુધી ભર્યાં ને તે ફરતા બ્રાહ્મણો બેઠા. ત્યાર પછી મેહના મંત્ર જપવા મંડ્યા તથા પાણી વાસણમાંથી ઉછાળતા જાય ને મંત્ર જપતા જાય; એવી રીત્યે પો'રવાર[1] તથા બે પો'રવાર મંત્ર જપ્યો, પણ મેહ ન આવ્યો. પછી બ્રાહ્મણ તો પાણી ઉછાળી-ઉછાળીને કાય[2] ગયા, તોય મેહ ન આવ્યો.

પછી ભણેલા બ્રાહ્મણ સર્વે બોલ્યા જે, "આપણે વિધિએ સહિત મેહના મંત્ર જપ્યા, પણ મેહ ના આવ્યો; માટે મેહના મંત્ર વેદમાં કહ્યા છે તે સાચા છે, પણ એ મંત્ર કળિકાળમાં ચાલતાં નથી, તેથી મેહ ન થયો. માટે મંત્ર પણ આ કળિકાળમાં ખોટા પડ્યા, ને જો વેદમાં કહ્યા તે મંત્ર સાચા હોય તો મેહ થાય; પણ મેહ તો ન થયો ! માટે મંત્ર ખોટા છે." એમ કહીને બ્રાહ્મણ બધાયે ઊઠવા માંડ્યા.

ત્યાં ટોડલાવાળા ખુશાલ ભટ્ટ આવ્યા ને કહ્યું જે, "તમે કેમ ઊઠ્યા ?" ત્યારે બ્રાહ્મણો બોલ્યા જે, "અમે મેહના મંત્ર ભણી ભણીને પાણી ઘણું ઉછાળ્યું, પણ મેહ તો ન આવ્યો. માટે વેદમાં મંત્ર કહ્યા છે તે પણ આ કળિકાળમાં ચાલતાં નથી; માટે એ મંત્ર તો ખોટા છે." ત્યારે ખુશાલ ભટ્ટ બોલ્યા જે, "વેદમાં મેહ આવવાના મંત્ર કહ્યા છે, તે ખોટા ન પડે !" ત્યારે બ્રાહ્મણો બોલ્યા જે, "એ મંત્ર ભણી ભણીને કાય ગયા ને પાણી પણ ઘણું ઉછાળ્યું, મેહ કાંઈ આવ્યો નહિ; માટે મંત્ર ખોટા છે." પછી ખુશાલ ભટ્ટ બોલ્યા જે, "તમે સર્વે વાસણમાં પાણી ભરાવો ને તમે ફરતા બેસીને મંત્ર જપો ને હું પણ તમારી ભેગો બેસીને તમારી સાથે મંત્ર જપીશ."

પછી ફરી વાસણમાં પાણી ભરાવીને સર્વે બેઠા. પાણી ઉછાળવા મંડ્યા ને મંત્ર જપવા મંડ્યા ને ખુશાલ ભટ્ટ પણ ભેળા પાણી ઉછાળે

૧.એક પહોર = ૩ કલાક. ૨.થાકી.

ને મંત્ર જપે. એમ એક ઘડી[1] મંત્ર જપ્યા. ત્યારે સર્વેને વિશ્વાસ આવ્યો જે, 'નિશ્ચે મેહ થાશે.' ત્યાં વરસાદ ઘણો આવ્યો ને જયજયકાર થયો ને સર્વે બ્રાહ્મણ તથા લોક સૌ રાજી થયા. અને એમ બોલ્યા જે, "ખુશાલ ભટ્ટ બહુ મોટા છે. તે જે વચન બોલે તે સત્ય થાય છે." ॥૧॥

## ૨. પાખંડીનો પરાજય કર્યો.

ગામ ટોડલાથી ખુશાલ ભટ્ટ પોતાનાં સગાંનું ગામ હતું ત્યાં ગયા ને પોતાનાં સગાંને ઘેરે ઊતર્યા. ત્યાં[2] એક બ્રાહ્મણ જંત્ર-મંત્ર બહુ જાણતો હતો. તે બ્રાહ્મણ બધાં લોકને ઠગતો ઠગતો જે ગામમાં ખુશાલ ભટ્ટ હતા તે ગામમાં આવ્યો ને પછી એમ બોલ્યો જે, "આ શાલિગ્રામ જે બ્રાહ્મણને આપું તે શાલિગ્રામ પાછા મારી પાસે આવે, તેની પાસે ન રહે; એવું ભગવાનને મારી ઉપર હેત છે." પછી ત્યાંના એક બ્રાહ્મણે તે વાત સાંભળી ને શાલિગ્રામ લીધા, પછી લઈને ઘેર આવ્યો. પછી એ શાલિગ્રામને પૂજ્યા ને પોતાના સિંહાસનમાં પધરાવ્યા ને ઘરનું કામકાજ કરવા ગયો, ત્યાં તો એ બ્રાહ્મણે વીર મોકલ્યા ને વીરને કહ્યું જે, "આપણા શાલિગ્રામ લાવો." ત્યારે જે બ્રાહ્મણને શાલિગ્રામ આપ્યા હતા તેની પાસે વીર ગયા. પછી જે બ્રાહ્મણે શાલિગ્રામ લીધા હતા તે બ્રાહ્મણે સિંહાસનમાં જોયું, ત્યાં સિંહાસનમાં ન મળે. પછી તે બ્રાહ્મણ કહે, "આ શાલિગ્રામ બ્રાહ્મણે આપ્યા હતા તે બ્રાહ્મણ બહુ મોટા છે."

પછી એ વાત ખુશાલ ભટ્ટે સાંભળી. પછી ખુશાલ ભટ્ટે પોતાના સગા જે બ્રાહ્મણ તેને કહ્યું જે, "હે ભટ્ટ ! એ બ્રાહ્મણ પાસેથી શાલિગ્રામ મને અપાવો." પછી તે ભટ્ટ બોલ્યા, "તમને તો એ શાલિગ્રામ અપાવીએ પણ તમારી પાસે રહેશે નહિ." પછી ખુશાલ ભટ્ટ બોલ્યા જે, "ભલે શાલિગ્રામ ન રહે." ત્યારે તે ભટ્ટ બોલ્યા જે, "એ બ્રાહ્મણ સિદ્ધ છે ને મોટા છે, તે તમારી પાસે નહિ રહેવા દે." પછી ભટ્ટે

**૧.**૨૪ મિનિટ આસપાસનો સમય. **૨.**તે પરગણામાં; વિસ્તારમાં.

જઈને એ બ્રાહ્મણને કીધું જે, "અમારા સગા ખુશાલ ભટ્ટ છે તેને તમે શાલિગ્રામ આપો." પછી તે શાલિગ્રામ ખુશાલ ભટ્ટને આપ્યા. પછી તે શાલિગ્રામ લઈને ખુશાલ ભટ્ટ પોતાને ઘેર ચાલ્યા. પછી માર્ગમાં આવતાં આકાશમાં એમ બોલે જે, 'લાવ લાવ.' તે વાત ખુશાલ ભટ્ટ સાંભળે. એમ કરતાં કરતાં ઘરે આવ્યા ને સિંહાસનમાં પધરાવ્યા. પછી ભગવાનની સ્તુતિ કરી, "મહારાજ ! આ શાલિગ્રામને આંહીં ને આંહીં રાખજ્યો."

પછી એ બ્રાહ્મણે વીર મોક્લ્યા ને આવીને બોલવા માંડ્યા જે, 'લાવ લાવ.' પણ એનું કાંઈ ચાલ્યું નહિ. પછી વીર પાછા ગયા ને એમ કહ્યું જે, "લાલજી પાછા નહિ આવે." એ વાત સાંભળીને બ્રાહ્મણ આશ્ચર્ય પામ્યો. પછી તે જ બ્રાહ્મણ ટોડલે આવ્યો. ત્યારે ખુશાલ ભટ્ટના બાપને કીધું જે, "તમારા દીકરા ખુશાલ ભટ્ટ બહુ મોટા છે. હું બધા મલકમાં ફરું છું ને શાલિગ્રામ બ્રાહ્મણને આપું છું, પણ મારા શાલિગ્રામ ક્યાંય ન રહે. તે ખુશાલ ભટ્ટને આપ્યા ને પછી મેં ઘણો દાખડો કર્યો પણ ન આવ્યા. માટે એ તો કોક જોગી છે ને ભગવાનની સાથે એને એકતા છે; માટે એ તો બહુ મોટા છે. માટે મારા શાલિગ્રામ એમની પાસેથી પાછા અપાવો." પછી ખુશાલ ભટ્ટના પિતા તેમને કહે જે, "આ બ્રાહ્મણના શાલિગ્રામ પાછા આપો." પછી તે શાલિગ્રામ ખુશાલ ભટ્ટે પાછા આપ્યા. ।।૨।।

## 3. ભાવનગરથી મહાભારત લાવ્યા.

એક સમયને વિષે શ્રીજીમહારાજ શ્રીગઢડામાં વિરાજમાન હતા. ને નાના આત્માનંદસ્વામી પાસે પંચમસ્કંધની કથા કરાવતા હતા. તે બધી કથા સંપૂર્ણ થઈ રહે ત્યારે મહારાજ થાળ જમવા પધારતા. તે સમયમાં શાસ્ત્રનો પ્રસંગ નીસર્યો. ત્યારે તે સમયે સાધુ બોલ્યા જે, "હે મહારાજ ! આપણી પાસે મહાભારતનું પુસ્તક નથી, જો હોય

તો તે મહાભારતમાં બધી વાતોનો પ્રસંગ છે.” ત્યારે મહારાજ બોલ્યા જે, “જ્યાં મહાભારત હોય ત્યાંથી મંગાવો.” ત્યારે ભગવદાનંદસ્વામી બોલ્યા જે, “મહાભારત તો ભાવનગરમાં કાશી ભટ્ટને ઘેરે છે.” ત્યારે મહારાજ બોલ્યા જે, “આપણે ત્યાંથી મંગાવો.” પછી સાધુ બ્રહ્માનંદ સ્વામી વિગેરે બીજા પાંચ સાધુ તથા પ્રાગજી દવે ભુજવાળા તથા પાળા વિગેરે સર્વેને માફા[1] જોડાવીને મહારાજે સાબદા કર્યા. અને બ્રહ્માનંદ સ્વામી વિગેરે સર્વેને મોકલ્યા, પણ કાશી ભટ્ટે મહાભારત ન આપ્યું. પછી ફરીવાર દેરાશરી લક્ષ્મીરામ તથા (મોટા) શુકસ્વામીને મોકલ્યા, તોપણ તેને મહાભારત તો ન આપ્યું. ત્યાર પછી બીજા ઘણા સાધુ-બ્રહ્મચારીને મોકલ્યા પણ મહાભારત ન આપ્યું. પછી જે ત્યાં ગયા હતા તે બોલ્યા જે, “હે મહારાજ ! એ બ્રાહ્મણ આપે એવો નથી.”

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “આપણે આ ખુશાલ ભટ્ટને મોકલો.” ત્યારે લક્ષ્મીરામ વિપ્ર બોલ્યા જે, “હે મહારાજ ! મોટા મોટા સાધુ વિગેરે ગયા તેને પણ ન આપ્યું, તે આ ખુશાલ ભટ્ટને આપશે નહિ.” ત્યારે મહારાજ બોલ્યા જે, “ખુશાલ ભટ્ટને તમે કેવા જાણો છો ?” ત્યારે લક્ષ્મીરામ કહે, “તેને બ્રાહ્મણ જાણીએ છીએ ને ભગવાનના ભક્ત જાણીએ છીએ.” ત્યારે મહારાજ બોલ્યા જે, “બ્રાહ્મણ તો છે પણ તે બહુ મોટા છે; માટે એને મોકલો. ને લક્ષ્મીરામ તમે પણ એમના ભેગા જાઓ.”

પછી મહારાજે ખુશાલ ભટ્ટને તેડાવ્યા. એટલે ખુશાલ ભટ્ટ મહારાજ પાસે આવ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, “તમે ભાવનગર જાઓ ને કાશી ભટ્ટને ઘેર મહાભારત છે, તે પુસ્તક તમે લાવો ને એમ કહેજ્યો જે, મહારાજે મંગાવ્યું છે.” ત્યારે ખુશાલ ભટ્ટ કહે, “ઠીક મહારાજ, હું જાઉં.” પછી આંહીંથી બે જણા ચાલ્યા. ત્યારે મહારાજ કહે, “તમારે જોડા પહેરવા છે કે નહિ ?” ત્યારે ખુશાલ ભટ્ટ કહે, “મહારાજ ! હું જોડા પહેરતો નથી.” ત્યારે મહારાજ કહે, “તમે જોડા

૧.જેને ચારે બાજું પડદા હોય તેવાં ગાડાં.

પેરો." પછી મહારાજે મંગાવીને દીધા ને પેર્યા. ત્યારે ખુશાલ ભટ્ટ તથા લક્ષ્મીરામ બેય જણા ચાલ્યા. તે ખોપાળાને માર્ગે ચાલ્યા. ત્યાં વચમાં વાવ આવી તેમાંથી પાણી પીધું. પછી ખુશાલ ભટ્ટે લક્ષ્મીરામને કહ્યું જે, "આ જોડા તારે જોઈએ છે ?" ત્યારે લક્ષ્મીરામ કહે, "મારે નથી જોઈતા." ત્યારે બેય જોડા જાળામાં ઘા કરી નાંખ્યા.

પછી ચાલ્યા તે ગામ ઉમરાળે ગયા, ત્યાં દિવસ આથમ્યો ને ભૂખ્યા પણ થયા ને તે ગામ વચ્ચે ચોરામાં ઊતર્યા. ત્યારે લક્ષ્મીરામ કહે, "મહારાજે પાંચ રૂપિયા ખર્ચાના બંધાવ્યા છે, તે વટાવીને સીધું લઈએ." ત્યારે ખુશાલ ભટ્ટ કહે જે, "તું તારો લબાચો[1] લઈને મારી ભેગો ચાલ્ય." ત્યારે લક્ષ્મીરામ કહે, "આ અંધારામાં ક્યાં માંગવા જાશું ? કાં જે, કાલે એકાદશી છે, તે આજે ખાધા વિના ચાલે ?" ત્યારે ખુશાલ ભટ્ટે કહ્યું, "ચાલ તો ખરો." ત્યારે બેય જણા ત્યાંથી ચાલ્યા, તે મહેતાને[2] ઉતારે ગયા.

ત્યાં મહેતો ગાદી-તકિયા ઉપર બેઠેલો. ત્યાં જઈને અતિથિ આવ્યા છે એવા શ્લોક બોલ્યા. તે બે-ત્રણ શ્લોક બોલ્યા ત્યાં મહેતો કહે, "તમે બ્રાહ્મણ છો ?" ત્યારે કહે, "હા." ત્યારે મહેતો કહે, "કાંઈ જોઈએ છે ?" ત્યારે ખુશાલ ભટ્ટ કહે, "અમારે બે કાચાં સીધાં જોઈએ છે." ત્યારે મહેતો કહે, "આને મોદીખાનેથી[3] બે પાકાં સીધાં અપાવો." એમ કહીને સાથે માણસ મોકલીને પાકાં સીધાં અપાવ્યાં. પછી સીધું લઈને પાછા તેમનો ઉતારો હતો ત્યાં આવ્યા. ને લક્ષ્મીરામે રસોઈ કરી ને તે જમ્યા ને ત્યાં સૂઈ રહ્યા.

સવારે ત્યાંથી ઊઠીને ચાલ્યા તે ગામ વરતેજે ગયા. ત્યાં બારે નદીને કાંઠે મહેતાની જગ્યા હતી ત્યાં ઉતારો કરવા ગયા. ત્યાં મહેતે ના પાડી. ત્યારે હેઠા ફળીમાં બેઠા ને ખુશાલ ભટ્ટે મહેતાને જમપુરી વિગેરેની વાતો કરી. ત્યારે મહેતો કહે, "જમપુરી સાચી છે ?" ત્યારે ખુશાલ ભટ્ટ કહે, "જમપુરી સાચી છે, તારે જોવી છે ?" ત્યારે મહેતો

**૧.**સાથેનો સામાન. **૨.**રાજાએ નીમેલા અધિકારીના. **૩.**અનાજના કોઠારેથી.

કહે, "તે જમપુરીની વાત ખોટી છે." ત્યારે ખુશાલ ભટ્ટ કહે, "મારી સામું જો." ત્યારે મહેતે કહ્યું, "આ તમારી સામું જોયું." ત્યારે ખુશાલ ભટ્ટે તેની સામું જોયું ત્યાં સમાધિ થઈ ને ધબ કરતો હેઠો પડ્યો ને જમપુરીમાં ગયો ને જીવને જમ મારતા હતા, તે બધી હકીકત જોઈ. પછી પાછો સમાધિમાંથી જાગ્યો. પછી ઊભો થઈને ખુશાલ ભટ્ટના બે પગમાં માથું મેલીને પગે લાગ્યો ને કહે, "તમે તો કોક મોટા ને કાં તો ભગવાન છો, માટે મારો અપરાધ માફ કરો. કેમ જે, તમોને ઊતરવા દીધા નહિ." ત્યારે ખુશાલ ભટ્ટ કહે, "તારો અપરાધ માફ ને અમારે એ વાતનું કાંઈ નથી."

ત્યારે મહેતો બોલ્યા જે, "મહારાજ ! અમારા ઓરડામાં ઊતરો ને આજ એકાદશી છે, તે મારું ફરાળ તમે લઈને જમો." પછી ફરાળ મંગાવ્યું ને ફરાળ કર્યાં. ને મહેતે આસનાવાસના[1] બહુ કરી ને ખુશાલ ભટ્ટે વાતો કરીને તેને નિયમ ધરાવીને સત્સંગી કર્યો. ત્યારે મહેતો કહે જે, "હું ગામમાં જઈશ ને તમો સવારમાં જમ્યા વિના ચાલશો મા." ને સિપાઈને કહ્યું જે, "આ બ્રાહ્મણને ચાલવા દઈશ મા." એમ કહીને મહેતો ગામમાં ગયો.

પછી સવાર પડી ને સિપાઈ તો સૂઈ રહ્યો હતો ને ખુશાલ ભટ્ટ કહે, "આપણે ચાલો." પછી બે જણા ચાલ્યા તે ભાવનગર આવ્યા. તે મકુમાળીની વાડીમાં ઊતર્યા ને પછી ત્યાંથી જમીને ત્રીજે પોરે તે કાશી ભટ્ટને ઘેરે ગયા. ત્યારે કાશી ભટ્ટ ઓસરીમાં ખાટલો ઢાળીને બેઠો હતો. તે અમને આવતા ભાળ્યા ત્યારે ત્યાં બેઠો બેઠો બોલ્યો જે, "લક્ષ્મીરામ ! તારે નાક[2] છે કે નથી ? જે વારે વારે અહીં દોડ્યો આવે છે ?" ત્યારે લક્ષ્મીરામ બોલ્યા જે, "આ ખુશાલ ભટ્ટને અને મને મહારાજે મહાભારત લેવા સારુ ફરીને મોકલ્યા છે." ત્યારે કહે જે, "તારા મહારાજને મારે શું કહેવું ! જે મારે મહાભારત આપવું નથી ને તેને લેવું છે, તે કાંઈ જાણે છે કે નહિ ?" એવું બોલ્યો.

૧.મહેમાનગીરી; સરભરા. ૨.સ્વમાન; લાજ-શરમ.

ત્યારે ખુશાલ ભટ્ટ ધીરા રહીને બોલ્યા જે, "જેની વાંસે લાખુ માણસ ચાલે છે, તે શું નહિ સમજતા હોય ? ને સર્વે એને ભગવાન જાણીને માળા ફેરવે છે, માટે તે તો ભગવાન છે. ને સારા માણસને હળવું વેણ બોલવું તે કાંઈ ઘટિત નહિ." ત્યારે તે બ્રાહ્મણ કાંઈક ટાઢો પડ્યો ને બોલ્યો જે, "મારે મહાભારત આપવું નથી ને તમારે મારે ઘરે આવવું નહિ." ત્યારે લક્ષ્મીરામે ખુશાલ ભટ્ટ સામું જોયું ને એમ બોલ્યા જે, "એ તો આમ બોલે છે, તે હવે આપણે શું કરવું ?" પછી ખુશાલ ભટ્ટ બોલ્યા જે, "કાંઈ ફિકર નહિ, કાં જે એનું પુસ્તક તે પોતે જ આપણને દેશે ને આપણે લઈશું."

પછી ત્યાંથી ચાલ્યા તે જ્યાં ઉતારો હતો ત્યાં પાછા આવ્યા. પછી રાત્યે ત્યાં સૂઈ રહ્યા. તે રાત્યે કાશી ભટ્ટને રાત્ય પોર જાતા ચાર જમ લેવા સારુ આવ્યા ને એના જીવને ઊપાડીને જમપુરીમાં લઈ ગયા. પછી જમ બોલ્યા જે, "તારે ઘેર મોટા પુરુષ જે ખુશાલ ભટ્ટ આવ્યા છે તેનું તેં અપમાન કર્યું, માટે તેનું ફળ તું જો." એમ કહીને મારવા માંડ્યો. ને ત્યાં જમ મારે ને અહીં ખાટલામાં સ્થૂળ દેહ ધ્રુજે. તે તેના વિદ્યાર્થીએ કાશી ભટ્ટ સામું જોયું જે, આ તે કાશી ભટ્ટને શું થયું ? જે ધ્રુજે છે. તેને જગાડવા માંડ્યો પણ જાગે નહિ ને એનાં ઘરનાં માણસ વિગેરે સર્વે ભેગાં થયાં ને શોકાતુર થઈ ગયાં. પછી જમે માર ખૂબ દીધો. જ્યાં જમ મારે છે ત્યાં ખુશાલ ભટ્ટ દેખાણા. ને ખુશાલ ભટ્ટ બોલ્યા જે, "એ બ્રાહ્મણને ન મારો." ત્યારે જમ મારતા અટક્યા. ત્યારે કાશી ભટ્ટ બોલ્યા જે, "તમે મને મુકાવો; કાં જે, તમારું કહ્યું જમ કરે છે માટે તમે મોટા છો, માટે દયા કરીને મુકાવો." એવા ઘણાંક દીન વચન બોલ્યો.

પછી ખુશાલ ભટ્ટ બોલ્યા જે, "મુકાવવું તો સ્વામિનારાયણના હાથમાં છે ને સ્વામિનારાયણે પુસ્તક લેવા અમને તમારી પાસે મોકલ્યા છે. માટે તમે સ્વામિનારાયણનું વાકું બોલ્યા, તેથી તમને જમ મારે છે. માટે સ્વામિનારાયણની સ્તુતિ કરશો તો નહિ મારે." પછી કાશી

ભટ્ટે સ્તુતિ કરી, ત્યારે જમ મારતા રહી ગયા ને છેટે રહ્યા. પછી ખુશાલ ભટ્ટ બોલ્યા જે, “અમને પુસ્તક લેવા મહારાજે મોકલ્યા છે તેનું કેમ ? આપશો કે નહિ ?” ત્યારે કાશી ભટ્ટ બોલ્યો જે, “પુસ્તક તો હું આપીશ.” ત્યારે ખુશાલ ભટ્ટ કહે, “ઠીક.” એમ જ્યાં કહ્યું, ત્યાં દેહમાં આવી ગયો ને જે ધ્રૂજતો હતો તે બધું મટી ગયું. પછી તેનાં સંબંધી વિગેરે વિદ્યાર્થી સર્વે બોલ્યા જે, “આ તે તમને શું થયું હતું ?” ત્યારે કાશી ભટ્ટ બોલ્યા જે, “કાલ્ય ઓલ્યા બે બ્રાહ્મણ પુસ્તક લેવા આવ્યા હતા, તેમાં ઓલ્યા જે ખુશાલ ભટ્ટ છે, તે તો બહુ ચમત્કારી ને મોટા છે. માટે એનું આપણે અપમાન કર્યું તે ઠીક ન કર્યું.” ને પોતાની આબરૂ રાખ્યા સારુ જમપુરીના મારની બધી વાત ન કરી. ત્યારે બધા વિદ્યાર્થી બોલ્યા જે, “તમે ખાટલામાં સૂતા સૂતા બહુ ધ્રૂજતા હતા; તે અમે જાણ્યું જે, આ તે શું થયું ? એ વાતનો બહુ વિસ્તાર કરીને પછી બધા સૂઈ ગયા.”

પછી કાશી ભટ્ટ સવારમાં ઊઠીને નાહીને લાલજીની મોટી મૂર્તિ સિંહાસનમાં પધરાવીને પૂજા કરવા બેઠો. ને તે સમામાં ખુશાલ ભટ્ટ ને લક્ષ્મીરામ નાહી, પૂજા કરીને કાશી ભટ્ટ તેને ઘેરે પૂજા કરતો હતો ત્યાં આવ્યા. ત્યારે કાશી ભટ્ટ બોલ્યા કે, “આવો આવો ખુશાલ ભટ્ટ.” એમ કહીને પોતે બેસવાની સાદડી નાંખી દીધી ને કહે, “બેસો મહારાજ.” ત્યાં લક્ષ્મીરામને એમ થયું જે, આ તે શું વાત બની, જે આ બ્રાહ્મણ તો ઢીલો પડ્યો ! એમ મનમાં જાણીને બેઠા. ને કાશી ભટ્ટ તો પૂજા કરવા લાગ્યા.

તે સમામાં કાશી ભટ્ટ લાલજીની પૂજા કરતો હતો, તે મૂર્તિ કાશી ભટ્ટની સામું જોતાં જોતાં ફરીને ખુશાલ ભટ્ટ સન્મુખ થઈ ગઈ. ત્યારે કાશી ભટ્ટ કહે, “આ તે શું થયું ? જે લાલજી મારાથી અવળે મોઢે બેઠા !” એમ કહીને મૂર્તિ હાથે કરીને ઉપાડી ને પોતાની સન્મુખ કરી. ત્યારે તે મૂર્તિ કાશી ભટ્ટને જોતાં જોતાં પાછી ફરીને ખુશાલ ભટ્ટ સન્મુખ બેઠી. ત્યારે તે બ્રાહ્મણને બહુ

ભાર પડ્યો, 'જે આ તો કોક મોટા પુરુષ છે. કાં જે, લાલજીની મૂર્તિ ફરી ફરીને ખુશાલ ભટ્ટ સામી બેસે છે. આ જે ભગવાનની મૂર્તિ છે તે ગમે તેવો વીર વિદ્યાવાળો હોય, પણ કાંઈ વિરવિદ્યાએ કરીને ભગવાનની મૂર્તિ ફરે ? ન જ ફરે. માટે આ તો કોઈક મોટા દેવ ને કાં તો ભગવાન, તેથી આ લાલજીની મૂર્તિ ફરે છે.' એવું એ કાશી ભટ્ટને જણાણું. ને બીજા જે વિદ્યાર્થી વિગેરે માણસ બેઠા હતા તે સર્વે વિસ્મય પામી ગયા.

પછી કાશી ભટ્ટે અતિથિનું અપમાન કર્યું તેના પાપના પ્રાયશ્ચિત માટે ખુશાલ ભટ્ટ ચાર પાંચ શ્લોક બોલ્યા (સંભળાવ્યા) ને કહ્યું જે, "તારે ઘેર અમે અતિથિ થઈને યાચવા આવ્યા ને આવતાંવેત તે અમારું અપમાન કર્યું, તેથી આ ભગવાન તારી ઉપર કુરાજી થઈ ગયા ને અમે એ અપમાનને સહન કરીને ફેર તારે ઘેર આવ્યા, માટે તે ભગવાન અમારી ઉપર રાજી થયા ને તારી ઉપર કુરાજી થયા ને તેથી ભગવાન અમારી સામું ફરી ફરીને જુએ છે ને તારી સામું જોતા નથી; એ તુંને પાપ લાગ્યું." પછી તો કાશી ભટ્ટ ઢીલા થઈને ગળગળા થઈ ગયા ને તેની પાસે માણસ હતા તે પણ ઢીલા પડ્યા. પછી કાશી ભટ્ટ ધીરા રહીને બોલ્યા જે, "તમો અમારાં સીધાં લઈ રસોઈ કરીને જમો."

પછી ખુશાલ ભટ્ટ બોલ્યા જે, "સીધાં પછી લઈશું, એક વાર મહાભારતનું પુસ્તક આપો." ત્યારે કાશી ભટ્ટ બોલ્યા જે, "મહા-ભારતનું પુસ્તક તો અમે તમને શી રીત્યે આપીએ ? અમે તમને ઓળખતા નથી." ત્યારે ખુશાલ ભટ્ટ બોલ્યા જે, "તમને તેનો જામીન આપીએ." ત્યારે કાશી ભટ્ટ બોલ્યો જે, "તેનો જામીન લાવો." ત્યારે ખુશાલ ભટ્ટ કહે, "એનો જામીન લાવીએ." એમ કહીને ઊઠવા માંડ્યું. ત્યારે કાશી ભટ્ટ કહે, "સીધાં લેતાં જાઓ." પછી પાકાં સીધાં બે આપ્યાં, તે લઈને ચાલ્યા.

પછી રસ્તામાં ખુશાલ ભટ્ટ લક્ષ્મીરામ સામું જોઈને બોલ્યા જે, "હવે આપણે કોઈ જામીન થાય એમ છે ? તું કોઈને ઓળખે છે ?"

ત્યારે લક્ષ્મીરામ બોલ્યા જે, "એક જીણો તરવાડી હરિભક્ત ગુણબુદ્ધિવાળો છે, તેની પાસે આપણે જાઈએ." ત્યારે ખુશાલ ભટ્ટ કહે, "ઠીક, પાધરા આપણે ત્યાં જઈએ."

પછી તેને ઘેર ગયા ને જીણા તરવાડી ભેગા થયા ને ભારતના પુસ્તક બાબતે જે હકીકત થઈ તે સર્વે કહી દેખાડી ને એમ કહ્યું જે, "જામીન લાવો એમ કહ્યું છે." ત્યારે જીણો તરવાડી બોલ્યો જે, "હું જામીન થાઉં, કોઈ ચિંતા નહિ, હું મહારાજનો છું. ને મારે ઘેર નાત્યું જમે છે તે તમો જમો." ત્યારે ખુશાલ ભટ્ટ કહે જે, "આ સીધાં કાશી ભટ્ટે આપ્યાં છે, તે તમારે ઘેર રાખો; અમે આ ક્યાં સાચવિયે ?" પછી સીધાં તેને ઘેર આપીને જમ્યા.

પછી સાંજની વખત થઈ ત્યારે ખુશાલ ભટ્ટ બોલ્યા જે, "જીણા તરવાડી ! આપણે ચાલો કાશી ભટ્ટને ઘેર જાઈએ ને તમે પુસ્તક બાબતે જામીન થાઓ." ત્યારે જીણા તરવાડીએ પોતાના ઘરમાંથી ઘરેણું રૂપિયા એક હજારનું લીધું. તે લઈને ચાલ્યા. ત્યારે ખુશાલ ભટ્ટ કહે, "આ ઘરેણું શા સારુ લીધું ?" ત્યારે જીણો તરવાડી કહે જે, "એમ જ[1] શહેર ગામમાં જામીનગત કોણ માને ?" પછી ચાલ્યા તે કાશી ભટ્ટને ઘેર ગયા ને કાશી ભટ્ટ ભેગા થયા. ને પછી ખુશાલ ભટ્ટ બોલ્યા જે, "લ્યો, આ અમે જામીન લાવ્યા." ત્યારે કાશી ભટ્ટ બોલ્યા જે, "આ ભારત[2] ખુશાલ ભટ્ટને આપું, તેના તમે જામીન છો ?" ત્યારે જીણો તરવાડી બોલ્યા જે, "અમે તો જામીન છીએ ને આ ઘરેણું પણ જામીન." ત્યારે કાશી ભટ્ટ કહે, "ઠીક."

પછી ભારતની કિંમત કરીને તે પ્રમાણે ઘરેણું આપ્યું. તેનો લેખ દરબારી કાગળમાં સામસામો કરી લીધો ને સારા માણસની સાક્ષી કરાવી. પછી ભારતના અઢારે પર્વનાં પાનાં ગણીને કાગળમાં નોંધ્ય કરી. પછી તે ભારતનું પુસ્તક આપ્યું. પછી તે પુસ્તકને બાંધવાનાં મીણિયા[3] લઈને બાંધ્યું ને પોઠિયો ભાડે કરીને ઉપર નાંખીને મારગે ચાલ્યા.

**૧.**પૈસા વિના. **૨.**મહાભારતનું હસ્તલિખિત પુસ્તક. **૩.**પાણીથી પલળે નહિ તેવાં મીણયુક્ત વસ્ત્ર.

પછી લક્ષ્મીરામ ખુશાલ ભટ્ટને કહે, “એવું તે શું કર્યું ?” ત્યારે કાશી ભટ્ટના વિદ્યાર્થી જે વળાવવા આવેલા તે બોલ્યા જે, “કાશી ભટ્ટને રાતે જમે માર્યા ને ખાટલામાં ધ્રૂજતા હતા તે અમે નજરે દીઠા. અને એ વાત કાશી ભટ્ટે પણ અમને કરી. એટલે તમને પુસ્તક આપ્યું છે, અમથા આપે એવું નહોતું.” પછી લક્ષ્મીરામને પણ બહુ ભાર પડ્યો.[૧]

પછી મારગે ચાલતા વરસાદ બહુ થયો. ને ઉમરાળાની નદીમાં બહુ પૂર આવેલું. ત્યાં પોતાને ઐશ્વર્યે કરીને પૂર ઊતર્યા. તે વાત લક્ષ્મીરામને કાંઈ જણાણી નહિ, જે આ તે કેમ કરીને નદી ઊતર્યા ? પછી ત્યાંથી શ્રીગઢપુરમાં દરબારમાં આવ્યા. ને શ્રીજીમહારાજ વાસુદેવને ઓરડે ઢોલિયા ઉપર સૂતા હતા. તેવામાં ખુશાલ ભટ્ટ તથા લક્ષ્મીરામને આવતા દીઠા. ત્યારે મહારાજ સૂતા હતા, તે ઢોલિયા ઉપર બેઠા થઈને એમ બોલ્યા જે, “આવો આવો ખુશાલ ભટ્ટ, ભારત લાવ્યા ?” ત્યારે કહે જે, “હા મહારાજ, તમારે પ્રતાપે કરીને લાવ્યા.” એટલે મહારાજ પાધરા[૨] ઊભા થયા ને બાથમાં ઘાલીને મળ્યા ને બહુ બહુ રાજી થયા.

પછી ખુશાલ ભટ્ટને મહારાજે પૂછ્યું કે, “આ ભારત તમને કેમ દીધું ? તે વાત બધી વિસ્તારીને કરો.” પછી ખુશાલ ભટ્ટ કહે, “તમારે પ્રતાપે આ ભારત દીધું છે.” એમ કહીને મૌન રહ્યા. પછી મહારાજ કહે, “કેમ બોલતા નથી ?” તોય ન બોલ્યા. એટલે લક્ષ્મીરામને મહારાજ કહે, “તું આંહીંથી ચાલ્યો ત્યારથી લઈને કાશીરામે ભારત આપ્યું, તે બધી વાત વિસ્તારીને કહે.” પછી લક્ષ્મીરામે જે વાત થઈ તે બધી વાત વિસ્તારીને મહારાજને કહી. પછી મોટીબા સામું જોઈને[૩] એ વાત વળી વિસ્તારીને પાંચ વાર કરાવી ને પછી મહારાજ ખુશાલ ભટ્ટ ઉપર બહુ રાજી થયા.

પછી મહારાજ બોલ્યા જે, “જીણો તરવાડી આંહીં આવે ત્યારે મારી પાસે તેડી લાવવા.” પછી જીણો તરવાડી આવ્યા ને મહારાજ પાસે તેડી લાવ્યા. તે જીણો તરવાડીને મહારાજ જોઈને મળ્યા ને બહુ

**૧.**ખુશાલ ભટ્ટનો બહુ મહિમા સમજાયો. **૨.**તરત જ. **૩.**મોટીબાને ખુશાલ ભટ્ટનો મહિમા જણાવવા માટે.

રાજી થયા ને કહ્યું, "તમે અમારા બહુ કામ કર્યાં, માટે તમે માંગો; જે માંગો તે આપીએ." પછી જીણો તરવાડી બોલ્યા જે, "આ મુક્તાનંદ સ્વામીનું જેવું કલ્યાણ થાય તેવું મારું કલ્યાણ થાય ને તમારી સેવામાં રાખજ્યો." ત્યારે મહારાજે એ વર આપ્યો. ॥૩॥

## ૪. ચૈત્રી સમૈયામાં મરકીનો રોગ કાઢ્યો.

વરતાલમાં એક વાર ચૈત્ર સુદી ૯ નવમીનો ઘણો જ મોટો સમૈયો થયો હતો. તેમાં ઘણાંક માણસો ભેગાં થયાં હતાં. અને સદ્.ગોપાળાનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામી વિગેરે સર્વે સાધુ ભેગા થયા હતા. ને આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ સાંજને પહોરે સભા કરીને બેઠા હતા. તે સમે દિવસ થોડોક રહેલો, ત્યાં સંઘમાં મરકી[૧] આવતાં જ પાંચસો માણસને ઝાલ્યાં.[૨] તેથી સત્સંગમાં કોલાહલ ઘણો થયો, ને સંઘમાં ભંગાણ પડવા જેવું થયું ને માણસો પરસ્પર બોલવાં લાગ્યાં જે, "ભાગો...ભાગો..." પછી તે બુમરાટ[૩] સભામાં આવ્યો. તેથી સૌ ઝાંખા[૪] થઈ ગયા. પછી સભામાં આરતી થઈ અને મહારાજની સભા ઊઠી.

પછી હરિભક્તો સદ્ગુરુ ગોપાળાનંદસ્વામી પાસે આવીને રોવા લાગ્યા જે, "સ્વામી મહારાજ ! મારા દીકરાને દુઃખ આવ્યું છે." વળી બીજો કોઈ હરિભક્ત કહે જે, "મારા ઘરના મનુષ્યને દુઃખ આવ્યું છે." એવી રીતે ઘણા જ હરિભક્ત કલ્પાંત[૫] કરી કહેવા લાગ્યા. ત્યારે સદ્ગુરુ શ્રીગોપાળાનંદસ્વામી બોલ્યા જે, "આપણે હનુમાનજી પધરાવ્યા છે, તે કેમ રક્ષા કરતા નથી ? તથા શ્રીલક્ષ્મીનારાયણ દેવને પધરાવ્યા છે, તે કેમ રક્ષા કરતા નથી ? હજુ સત્સંગ તો જેમ આટામાં[૬] લૂણ[૭] હોય તેટલો આ જગતમાં થયો છે; અને આવા દુઃખ આવશે, તો સત્સંગ શી રીતે વૃદ્ધિ પામશે ?" એવી વાત કહે છે, તેવામાં પોતાને ઉતારે બસો-ત્રણસો માણસ ભેગા થઈ ગયા ને કહેવા લાગ્યા જે,

૧.એક પ્રકારનો ચેપી જીવલેણ રોગ. ૨.રોગ લાગુ પડ્યો. ૩.કોલાહલ-અવાજ. ૪.ઉદાસ. ૫.કકળાટ; રડારોળ. ૬.લોટમાં. ૭.મીઠું.

"સ્વામી ! અમારે ઘેર કેમ પહોંચવું ? કેમ જે, હવે તો મોત આવ્યું."

ત્યારે સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામીએ સાધુ હરિહર્યાનંદસ્વામીને તથા વિજયાત્માનંદસ્વામી તથા સર્વનિવાસાનંદસ્વામી તથા પુરુષાનંદ સ્વામી એ ચારેયને બોલાવીને કહ્યું જે, "તમો પ્રથમ હનુમાનજીને કહો જે, 'તમે રક્ષા કરતા નથી, તો શા સારુ તમને પધરાવ્યા છે ?' એમ મારું નામ લઈને કહેજ્યો તથા લક્ષ્મીનારાયણ દેવને પણ મારું નામ લઈને સ્તુતિ કરજો જે, 'તમો પણ શા સારુ રક્ષા કરતા નથી ? તમને શા સારુ પધરાવ્યાં છે ?' એમ સ્વામીએ કહ્યું.

પછી તે ચારેય સાધુએ જઈને પ્રથમ હનુમાનજી પાસે સ્વામીએ કહ્યું તેમ કહ્યું. તથા શ્રીલક્ષ્મીનારાયણ દેવને પણ સ્વામીએ કહ્યું હતું તેવી રીતે કહ્યું ને તે પ્રમાણે કહીને સ્વામી પાસે આવ્યા. પછી તરત તે રોગનો ઉપદ્રવ હતો તે તમામ એકદમ બંધ થઈ ગયો. એટલે હરિભક્તો સ્વામી પાસે આવ્યા ને સ્વામીની સ્તુતિ કરી ને ઘણા જ રાજી થયા. ને શ્રીરઘુવીરજી મહારાજ તથા નિત્યાનંદસ્વામી પણ ઘણા જ રાજી-ખુશી થયા અને કહેવા લાગ્યા જે, "સ્વામી જે જે સંકલ્પ ધારે, તે તે ભગવાન સત્ય કરી દે છે." એમ સર્વે બોલ્યા ને સમૈયો પણ બહુ સારો થયો. ને એ વાત બધા દેશાંતરમાં પ્રવર્તી ગઈ. ॥૪॥

## ૫. સંકલ્પમાત્રથી ઉમરેઠમાં વિજય

એક વખત ચૈત્ર સુદી-૯ નવમીના સમૈયા ઉપર બધાં મંદિરોના સાધુ શ્રીવડતાલ ભેગા થયા હતા. ત્યાં સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામી પણ વડતાલમાં હતા. તે વખત શ્રીઉમરેઠમાં શંકરાચાર્યની ઉપાધિ ઘણી થઈ હતી. તેથી સદ્‌ગુરુ શ્રીનિત્યાનંદસ્વામી ત્યાં ઉમરેઠમાં હતા. ને ઉમરેઠમાં એક દિવસ મંદિરમાં શંકરાચાર્યના માણસોએ પેસી જઈને મારામારી કરી. તે વાત સાંજને વખતે શ્રીવરતાલમાં આવી ને આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજે તે વાતનો કાગળ વાંચ્યો. ને એમ બોલ્યા જે, 'શંકરની ઉપાધિ ઉમરેઠમાં ઘણી થઈ છે.' એવામાં સાંજને વખતે

શ્રીરઘુવીરજી મહારાજ સભામાં આવીને ઉદાસ થકા બેઠા હતા ને સભા સર્વે શૂન્ય થઈ ગઈ. પછી સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદસ્વામી મહારાજશ્રી સામું જોઈને બોલ્યા જે, “તમો ઉદાસ કેમ થયા છો ?”

ત્યારે મહારાજશ્રી બોલ્યા જે, “કર્યું તો શ્રીજી મહારાજનું થાય છે, પણ ઉમરેઠમાં શંકરની ઉપાધિ ઘણી છે.” ત્યારે સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદસ્વામી બોલ્યા જે, “હે મહારાજ ! જો હું સંકલ્પ કરું તો આ બ્રહ્માંડ ફાટી પડે, તો શંકરાચાર્યનો શું ભાર છે ? વળી, તમને ગાદીએ બેસાડનારા તો સર્વે અવતારના પણ અવતારી જે અક્ષરધામના પતિ શ્રીપૂર્ણપુરુષોત્તમ ભગવાન છે. તે તેમણે તમોને ગાદીએ બેસાડ્યા છે માટે શંકરાચાર્ય તો શું, પણ લોકાંતરના દેવ તથા પ્રકૃતિ પુરુષ વિગેરે કોઈથી તમારી સામું જોવાય તેમ નથી. જેમ નૃસિંહજીએ પ્રહ્‌લાદને માથે હાથ મૂક્યો હતો, તો કોઈ ઠેકાણે તેનો પરાજય થયો નહિ તથા કાંઈ પણ તેને ઉપાધિ નડી શકી નહિ. તો તમોને ગાદીએ બેસાડનારા તો આવા મોટા સમર્થ પુરુષોત્તમ ભગવાન છે, તો તમારે શી હરકત છે ?” ને સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદસ્વામી બોલ્યા જે, “હું સંકલ્પ કરું છું જે, આજથી પાંચમે દિવસે તમામ ઉપાધિ મટી જશે.” એમ કહીને પોતાને આસને ગયા. ને ચોથે દિવસે શંકરાચાર્ય અર્ધરાત્રિએ ભાગી ગયો ને ઉપાધિ મટી ગઈ. ॥૫॥

## ૬. ગોપાળાનંદસ્વામીની સ્થિતિ

સંવત ૧૮૯૫ની સાલમાં ચૈત્ર સુદી-૯ નવમીનો સમૈયો શ્રી વરતાલમાં ભારે થયો હતો. તેમાં સમસ્ત સંતમંડળ ભેગાં થયાં હતાં. તે સભામાં સાધુ કેશવદાસજીને સમાધિ થઈ. પછી નાના-મોટાના જે સંકલ્પ હતા, તે સર્વે કહેવા લાગ્યા. તે તેમની પાસે કોઈથી બેસાય નહિ. જોગાનંદસ્વામીના, આત્માનંદસ્વામીના તથા મુકુન્દ બ્રહ્મચારી વિગેરે સહુના સંકલ્પ જેવા હતા, તેવી રીતે કહેવા લાગ્યા. તેથી ઘણાકને આશ્ચર્ય થયું જે, “આ શું !”

વળી, આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ તથા સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદ સ્વામી એકાંતમાં બેસીને જે વાત કહે, તે સર્વે કહી દેખાડે. તેથી ગોપાળાનંદસ્વામી સભામાં એમ બોલ્યા જે, "મારા અંતરમાં કોઈ નાના-મોટા અવતાર પ્રવેશ કરવાને સમર્થ નથી. તેમ જ વિરાટપુરુષ તથા પ્રધાનપુરુષ તથા પ્રકૃતિપુરુષ વિગેરે કોઈ પણ મારા અંતરમાં પ્રવેશ કરવાને સમર્થ નથી. તો આ કેશવદાસજી મારા અંતરના સંકલ્પને જાણીને કહે છે, તેથી એમ જણાય છે કે, આ કેશવદાસજીના અંતરમાં શ્રીજીમહારાજે પ્રવેશ કર્યો છે. કારણ કે, મારા અંતરમાં શ્રીજીમહારાજ વિના બીજો કોઈ પ્રવેશ કરી શકે તેમ નથી. માટે શ્રીજી મહારાજના આવેશથી મારા સંકલ્પને કહે છે." પછી સહુને એમ જણાણું જે, સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામીના અંતરમાં શ્રીજીમહારાજ સિવાય બીજા કોઈથી પ્રવેશ થાય તેમ નથી, એવા મોટા સમર્થ છે. ॥૬॥

## ૭. કામનો પ્રભાવ તથા તેને જીતવાનો ઉપાય

એક વખત સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદસ્વામીએ વાત કરી જે, એક વખતે કૈલાસને વિશે શ્રીશિવજી તથા પાર્વતીજી બેઠાં હતાં. તે સમયમાં શ્રીશિવજી તપ કરવાને અર્થે તત્પર થયા. ત્યારે પાર્વતીજી કહે જે, "હું તમારી સાથે આવીશ." ત્યારે શિવજીએ સાથે આવવાની ના કહી. ત્યારે પાર્વતીજી કહે જે, "મને સાથે તેડી જાઓ, મારું કામ પડશે." ત્યારે શિવજી કહે જે, "તપ કરવા જાઉં છું, તેમાં તમારું કામ નહિ." એવું શિવજીએ કહ્યું, ત્યારે પાર્વતીજી કાંઈ બોલ્યાં નહિ. પછી શિવજી તપ કરવા સારુ ચાલી નીકળ્યા. ને ચાલતાં ચાલતાં ઘોર વનમાં જ્યાં મનુષ્યની વસ્તી નહિ ત્યાં ગયા. ને ત્યાં એક સારી નદી આવી. તે જોઈને પોતાને તપ કરવાનું ઠેકાણું છે, એમ જાણીને તે નદીથી ઉત્તરમાં એક સો કદમને છેટે ભારે ઝાડીમાં એક મોટો વડ હતો, તેની નીચે તપ કરવાને બેસતા હવા. તે તપ કરતાં ધ્યાનમાં જોડાઈ ગયા, એમ એક-બે વર્ષ થયાં. પછવાડે પાર્વતીજીને સંકલ્પ થયો જે, શિવજીને તપ કરવા ગયે ઘણા દિવસ થયા છે માટે મારે વાંસે ત્યાં જવું.

પછી પાર્વતીજી પોતાનું ઝાંપડી જેવું સ્વરૂપ ધારતાં હવાં. તે રૂપ કેવું ? તો માથાના વાળ છૂટા મૂકેલા છે ને મોઢું કાળું ને વસ્ત્ર ફાટેલાં-તૂટેલાં ને કુરૂપ રૂપને ધારણ કરતાં હવાં. પછી જે વનમાં શિવજી તપ કરવા બેઠા હતા, તે વનમાં શિવજીને શોધતાં હવાં. પછી શિવજી આ વડ નીચે તપ કરે છે ને નદીમાં નહાવા આવે છે, એમ જાણવામાં આવ્યું. પછી પાર્વતીજીએ મનમાં વિચાર કર્યો જે, શિવજીની સેવા કરવી પણ તેના ભેગું થવું નહિ. પછી પાર્વતીજી જ્યારે શિવજી નહાવા જાય ત્યારે તેમનું આસન વાળીને, કાંકરા કાઢી નાંખીને, ધૂણ્ય સાફ કરી, ધૂણીમાંથી રાખ કાઢીને, બળતણ વીણી ભેગું કરી ધૂણી પાસે મેલે. એવી રીતે સેવા કરે અને શિવજીને આવવાનો વખત થાય કે તરત ત્યાંથી ચાલ્યાં જાય. તેવી રીતે સેવા કરે છે, પણ શિવજીની નજરે પાર્વતીજી જોવામાં આવે નહિ. પણ શિવજીને વિચાર થયો જે, આ કામ કોણ કરી જતું હશે ?

પછી શિવજીએ એ વાતની તપાસ કરવા સારુ નાહી તુરંત જ પાછા વળી નદીના કાંઠા ઉપર આવીને જોયું, તો એક સ્ત્રીને તે કામ કરતી દીઠી. ને પાર્વતીજી પણ જાણી ગયાં, જે શિવજી મને જાણી ગયા છે, તેથી તરત ત્યાંથી ચાલી નીકળ્યાં. પછી શિવજી પોતાના આસને આવતા હવા અને પોતાના નિયમ પ્રમાણે ધ્યાન કરવા બેસતા હવા. ને બીજે દિવસે વળી ખટકો રાખીને નાહીને તરત પાછા આવતા નદીના કાંઠે આગલા દિવસની પેઠે એક સ્ત્રી કામ કરતી દેખવામાં આવી. તેથી પોતે ઉતાવળા ચાલ્યા. તે જોઈ પાર્વતીજી પોતાની ક્રિયાને પડી મૂકીને ચાલ્યાં ગયાં. શિવજીએ આવીને જોયું તો તેની જે ક્રિયા થતી હતી તે ન થઈ ને અડધી ક્રિયા થયેલી જોઈને પોતે ધ્યાન કરવા બેઠા. બીજે દિવસે વિચાર કર્યો જે, આ ક્રિયા કરનાર કોણ છે ? એમ વિચાર કરીને નહાવા જતા પોતાની ક્રિયા અડધી કરી તરત પરવારીને શિવજી નદી-કાંઠે આવે છે. ત્યાં કોઈક સ્ત્રીને પોતાના આસને વાળતા જોઈને પોતે તેને જોવાને દોડતા હતા. તે જોઈ પાર્વતીજી પણ

ત્યાંથી તરત ચાલ્યાં ગયાં. તેમને શિવજીએ ભાળ્યા. પછી ચોથે દિવસે શિવજીએ વિચાર કર્યો જે, મારે આ ઝાડીમાં છાનું રહેવું ને તેનાં ભેગું થવું. એવો વિચાર કરીને પછી પોતાના આસન પાસે કોઈક ઝાડીની ઓથે છાના સંતાઈ ગયા. ત્યાં કામદેવે આવીને શિવજીને પાંચ બાણ માર્યા, તેથી શિવજી વ્યાકુળ થઈ ગયા. તે સમયમાં પાર્વતીજી શિવજીના આસનમાં આવીને સુધારો કરવા મંડ્યાં. ત્યારે તેને શિવજીએ દીઠા કે તરત શિવજી દોડ્યા. તેથી પાર્વતીજી ભાગ્યાં એટલે શિવજી તેની પછવાડે દોડ્યા ને પાર્વતીજીનો હાથ ઝાલી લીધો. તેવામાં શિવજીને પાર્વતીજીએ કામે વ્યાકુળ જોયા, ત્યારે પાર્વતીજીએ પોતાનું મૂળરૂપ જે હતું તે પ્રકાશ્યું. ને બોલતાં હવા કે, “હે મહારાજ ! તમો કહેતા હતા જે, ‘વનમાં તપ કરવા જાઉં છું ત્યાં તારું કામ નથી,’ પણ મારું કામ પડ્યું કે નહિ ?”

એમ પાર્વતીજી બોલ્યાં કે તરત શિવજીને વિચાર થયો જે, મારે આ શું થયું ? ત્યાં જ કામને બાણે સહિત પોતાની પાસે દીઠો. તેથી શિવજી કોપાયમાન થયા ને બોલ્યા જે, “પાપી કામદેવ ! હું વનમાં તપ કરવા આવ્યો છું. ત્યાં તું મારી વાંસે કેમ આવ્યો ? માટે તને શ્રાપ આપું છું કે, ‘તું બળી જા.’ એવો શ્રાપ આપતાં તરત કામદેવ બળીને ભસ્મ થઈ ગયો. ને શિવજીની રીસ ઊતરી ગઈ. ત્યાં કામદેવની સ્ત્રી રતિ આવીને શિવજી પાસે ઊભી રહી ને બોલી જે, “હે મહારાજ ! તમે સ્ત્રી-પુરુષ અનામત[1] છો ને મારા ધણીને બાળી નાંખ્યો, માટે મારે ક્યાં જાવું ?” એમ કહીને તે રતિ કરગરવા લાગી. ત્યારે શિવજીને દયા આવી જે, “હે રતિ ! તું શાં સારુ રોવે છે ? તું રોઈશ નહીં. કેમ જે, તારા પતિને મેં શ્રાપ દઈને બાળી નાંખ્યો પણ તેના નિવારણનો અનુગ્રહ[2] કરું છું જે, ‘જ્યારે સ્ત્રી-પુરુષ કામનો એક સંકલ્પ કરે ત્યારે તારો ધણી પા ભાગ જીવતો થાય ને ઉપરા-ઉપરી બીજો સંકલ્પ કામનો કરે ત્યારે અડધા ભાગનો જીવતો થાય

૧.સલામત; સુરક્ષિત. ૨.કૃપા.

ને ત્રણ સંકલ્પ ઉપરા-ઉપરી કરે ત્યારે પોણા ભાગનો જીવતો થાય ને ચાર સંકલ્પ કામના ઉપરા-ઉપરી કરે તો પૂરેપૂરો જીવતો થાય." એવી રીતે શિવજીએ રતિને વરદાન આપ્યું ને રતિ રાજી થયાં.

પછી સદ્.શ્રીગોપાળાનંદસ્વામી કહે, "આવી રીતે શિવજીએ રતિને વરદાન આપેલ છે. માટે સર્વે ગૃહસ્થ તથા ત્યાગીને એક કામનો સંકલ્પ થાય કે તરત ખોટો કરી નાંખવો, તો પ્રયાસ જ ન પડે. ને બીજો સંકલ્પ થાય તો ખોટો કરતાં ઘણો દાખડો પડશે. ને ત્રીજો સંકલ્પ ભેગો થાય તો ખોટું કરવામાં મહામુશ્કેલ વાત છે. ને ચાર સંકલ્પ ભેગા થાય તો કામની મૂર્તિ પૂરી બંધાય, તો પછી સંકલ્પ ખોટા થાય નહિ. માટે સંકલ્પ થાય કે તરત ખોટો કરી દેવો. ॥૭॥

## ૮. ગોપાળાનંદસ્વામીએ લેખ અપાવ્યો તથા વરસાદ કર્યો.

વડતાલથી સદ્.શ્રીગોપાળાનંદસ્વામી પોતાનું મંડળ લઈને ગામ શ્રીપલાણે પધાર્યા. ને મંદિરમાં ઊતર્યા ને દસ-વીસ હરિભક્ત દર્શન કરવા આવ્યા. સ્વામીનાં દર્શન કરીને પાસે બેઠા. ત્યારે સદ્.ગોપાળાનંદ સ્વામી કહે જે, "તમારા મોઢાં કેમ પડી ગયાં છે ?" પછી બધા હરિભક્ત બોલ્યા જે, "હે મહારાજ ! ઓણ[1] તો વરસાદ નહિ વરસે ને કાળ પડશે." ત્યારે સ્વામી બોલ્યા જે, "એમ કોણ કહે છે ?" ત્યારે હરિભક્ત બોલ્યા જે, "અહીં જે બ્રાહ્મણને ગામોટું[2] છે તે બ્રાહ્મણ જ્યોતિષનો ભણેલો છે. તે કહે છે, 'ઓણ વરસાદ નહિ વરસે, માટે દાણા લ્યો ને ઢોરાં વેચી નાંખો.' ત્યારે સદ્.ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, "વરસાદ બ્રાહ્મણના હાથમાં છે ? વરસાદ તો ભગવાનના હાથમાં છે." ત્યારે હરિભક્ત રાજી થયા.

પછી તે વાત સાંભળીને બ્રાહ્મણ સ્વામી પાસે આવીને બોલવા માંડ્યો જે, "વરસાદ થાશે એમ તમે કહો છો ત્યારે જ્યોતિષ શાસ્ત્રમાં કહ્યું છે તે ખોટું પડશે કે નહિ પડે ?" ત્યારે સ્વામી બોલ્યા જે, "જ્યોતિષ

**૧.**આ વર્ષે. **૨.**ગોરપદું-ધાર્મિક વિધિ કરાવવાનું કાર્ય.

શાસ્ત્ર તો સાચું છે; પણ ભગવાનની મરજી હોય તો વરસાદ થાય." ત્યારે બ્રાહ્મણ બોલ્યો જે, "વરસાદ નહિ થાય." એમ જેમ તેમ બોલીને ઊઠી નીસર્યો. પછી ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, "વરસાદ તો થાશે."

પછી પાટીદાર દાજીભાઈ સ્વામી પાસે આવી કહે જે, "હે સ્વામી ! અમારે તો આપત્કાળ બહુ આવી પડ્યો." ત્યારે સ્વામી બોલ્યા જે, "શું આપત્કાળ આવ્યો ?" એટલે દાજીભાઈ બોલ્યા જે, "હે સ્વામી ! ખેતર, વાડી તથા મંદિરની જગ્યા વેચાતી લીધેલી તેના લેખની[1] અમને કશી ખબર નથી. કાં જે, તે લેખ અમારા મોટાભાઈ ભાઈબા પાસે હતા. તે ગામતરે ગયા હતા, ત્યાં ને ત્યાં દેહ મેલી ગયા. માટે વહેવાર બાબત તથા વહીવટ બાબત અમને કશી ખબર નથી. ને જે આસામીના[2] ખેતર, વાડી તથા મંદીરની જગ્યા વિગેરે વેચાણ લીધું હતું તેમણે ઉપાધિ ઘણી કરી છે; માટે હવે તો કોઈ વાત અમારે હાથ રહી નથી. ને અમારી આજીવિકા તથા મંદીરની જમીન પણ જાશે. માટે તે લખત વિના શું દેખાડીએ ?"

તે સાંભળીને સ્વામીએ કહ્યું જે, "દાજીભાઈ ! તમારે આપત્કાળ મોટો આવ્યો." ત્યારે દાજીભાઈ કહે, "હે સ્વામી ! અમારી સહાય થાય તેમ કરો તો ઠીક." પછી સ્વામીએ સમાધિવાળા વિજ્ઞાનદાસજીને બોલાવ્યા. ને કહ્યું જે, "તમે સમાધિ કરીને ધામમાં જાઓ ને જુઓ જે ભાઈબા ક્યાં છે ?" પછી વિજ્ઞાનદાસજી બધા ધામમાં ફરી વળ્યા, પણ ભાઈબા ક્યાંય ન મળ્યા. પછી સમાધિમાંથી પાછા આવીને તે વાત કહી. ત્યારે સ્વામી બોલ્યા જે, "ભાઈબાને હેત કોની સાથે હતું ?" ત્યારે દાજીભાઈએ કહ્યું કે, "ભાઈબાને અમોઘાનંદસ્વામીની હારે હેત હતું. તે સ્વામી રામકથા બહુ વાંચતા." ત્યારે સ્વામીએ કહ્યું કે, "તો હે વિજ્ઞાનદાસજી ! તમો વૈકુંઠમાં જાવ."

પછી સાધુ વિજ્ઞાનદાસજી સમાધિ કરી વૈકુંઠમાં ગયા. ત્યાં અમોઘાનંદસ્વામી વૈકુંઠવાસી ભગવાન પાસે કથા વાંચતા હતા. તેને

**૧.**દસ્તાવેજની. **૨.**માલિકના; ધનવાન માણસના.

વિજ્ઞાનદાસજીએ કહ્યું જે, "મને ગોપાળાનંદસ્વામીએ અહીં તમારી પાસે પૂછવા મોકલ્યો છે કે, પલાણાના ભાઈબા ઈયાં છે કે નહીં ?" ત્યારે અમોઘાનંદસ્વામી બોલ્યા જે, "આ બેઠા તે ભાઈબા છે."

પછી વિજ્ઞાનદાસજીએ ભાઈબાને દીઠા ને પૂછ્યું જે, "તમારા ભાઈ દાજીભાઈને ઘણો આપત્કાળ આવ્યો છે, તે સારુ મને ગોપાળાનંદસ્વામીએ તમારી પાસે મોકલ્યો છે જે, મંદિરની જમીનનો તથા ખેતર-વાડીનો દસ્તાવેજ તમે ક્યાં મેલ્યો છે ? તમારો દેહ તો અચાનક પડી ગયો ને તમે અહીં આવ્યા ને તે જમીન-ખેતરની ઉપાધિ બહુ થઈ છે. તેથી દાજીભાઈને દુઃખ ઘણું થયુ છે, માટે લેખ જ્યાં હોય ત્યાં બતાવો."

ત્યારે ભાઈબા બોલ્યા જે, "જે ખોરડામાં[1] ઢોર બંધાય છે તેમાં પાટડાનું[2] આથમણું પડખું છે, તેમાં કોરીને[3] તાંબાની ભૂંગળી નાખી છે, તેમાં લેખ છે. તે ઉપર પાટડામાં ડગળી મારી છે ને તે ઠેકાણે લેખ છે. ને તે ઢોર બાંધે છે તે ખૂણામાં દક્ષિણાદિ કોરે રૂપિયાનું દેગડું[4] ત્રણ હાથ ઊંડું નાંખ્યું છે, તે પણ કાઢી લેજ્યો." એમ ભાઈબાએ વૈકુંઠધામમાં બેઠા'તા ત્યાં કીધું.

પછી સાધુ વિજ્ઞાનદાસજીએ વૈકુંઠમાં બધે દર્શન કરીને પાછા સમાધિમાંથી નીકળ્યા ને તે બધી હકીકત સદ્.શ્રીગોપાળાનંદસ્વામી તથા દાજીભાઈ આગળ કહી. તે સાંભળીને દાજીભાઈ ઊઠીને ઘેર ગયા ને દેગડું કાઢ્યું ને પાટડામાંથી ડગળી કાઢીને ખત[5] પણ કાઢ્યો. ત્યાર પછી ગોપાળાનંદસ્વામી પાસે આવ્યા. પછી દાજીભાઈ વિગેરે સર્વે રાજી થયા ને બોલ્યા જે, "બીજાથી આવું કામ ન થાય, તમારાથી જ થાય; કેમ કે, તમારામાં શ્રીજી સદાય બિરાજમાન છે."

ત્યાર પછી સ્વામી પલાણામાં પાંચ-સાત દિવસ રહ્યા. પછી ત્યાંથી ગામ વસો જાવાને તૈયાર થયા. ત્યારે સ્વામી બોલ્યા જે, "બધા સાધુ

**૧.**મકાનમાં. **૨.**છત નીચે રહેલ જાડા લાકડાનું. **૩.**જગ્યા કરીને. **૪.**તાંબા કે પિત્તળનું ઘડા જેવું વાસણ. **૫.**દસ્તાવેજનો કાગળ.

પુસ્તકે મીણિયાં બાંધી લેજો.” ત્યારે ભગવદાનંદસ્વામી બોલ્યા જે, “કાળા ઉનાળા જેવું છે ને તમે મીણિયાં પુસ્તકે શું કરવા બંધાવો છો ?” ત્યારે સ્વામી બોલ્યા જે, “મીણિયાં બંધાવો.” એમ કહીને ચાલ્યા.

ત્યાં આકાશમાં નાની વાદળી ઉત્તર દિશામાં દેખી. પછી તે વાદળી બધે ફેલાણી ને છાંટા પડવા મંડ્યા ને વરસાદ બહુ પડ્યો. ને બજારમાં પાણી ચાલ્યાં તથા તળાવ ભરાઈ ગયાં. ને તે બ્રાહ્મણ[1] ખોટો પડ્યો. પછી તે બ્રાહ્મણ બોલ્યો જે, “જ્યોતિષ શાસ્ત્ર મોટા લખી ગયા છે, તે પ્રમાણે જ થાય છે ને તે વાત સાચી છે, પણ આ સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામીને વચને કરીને વરસાદ થયો છે. ને બીજું જે ધારે તે પણ થાય, એ તો સૌથી મોટા છે.” એમ કહીને તે બ્રાહ્મણને સ્વામીનો મહિમા જણાણો જે, તે સર્વથી મોટા છે. ॥૮॥

## ૯. ગોપાળાનંદસ્વામીનાં ચાર સ્વરૂપો

એક વખત શ્રીજીમહારાજ શ્રીગઢપુરમાં વિરાજતા હતા. તેમની પાસે આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા રઘુવીરજી મહારાજ તથા સદ્.મુક્તાનંદસ્વામી, સદ્.ગોપાળાનંદસ્વામી, સદ્.બ્રહ્માનંદસ્વામી, સદ્.નિત્યાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી, મોટા આનંદસ્વામી, સ્વયંપ્રકાશાનંદજીભાઈ, આત્માનંદભાઈ, શુકસ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, સચ્ચિદાનંદસ્વામી, કૃપાનંદસ્વામી, પરમાનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી, સિદ્ધાનંદસ્વામી, જોગાનંદ સ્વામી, મોટા ગોવિંદસ્વામી, કપિલેશ્વરાનંદસ્વામી વિગેરે સદ્‌ગુરુ સમસ્ત મહારાજની સમીપમાં હતા. તથા બ્રહ્મચારી મૂળજી, બ્રહ્મચારી વાસુદેવાનંદજી તથા દંડી દેવાનંદજી વિગેરે સંન્યાસી તથા પાળા ભગુજી, મિયાંજી અને રતનજી વિગેરે પાર્ષદ તથા હરિજન દાદાખાચર, પર્વતભાઈ, સોમલાખાચર અને સુરાખાચર વગેરે સર્વે હરિભક્ત પણ મહારાજના સમીપમાં હતા.

૧.ગામ પલાણાનો ગોર.

તે સમયમાં શ્રીજી મહારાજે પોતે પોતાના શરીરે મંદવાડ ગ્રહણ કર્યો હતો તે અન્ન મુદ્દલ[1] જમે નહિ. ત્યારે સદ્.બ્રહ્માનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામી તથા સદ્.ચૈતન્યાનંદજી વિગેરેએ મળીને મહારાજને હાથ જોડીને કહ્યું જે, "હે મહારાજ ! તમે કૃપા કરી અન્ન જમો તો ઠીક, ને તમે જે કાંઈ કરવા ધાર્યું હોય[2] તે અમને કહો." ત્યારે મહારાજ તો કાંઈ બોલ્યા નહિ. ત્યારે સદ્ગુરુ વગેરે સાધુ સહુ ઘણા દિલગીર થઈ ગયા ને ફેર હાથ જોડી મહારાજને કહ્યું જે, "હે મહારાજ ! તમે અન્ન જમતા નથી એટલે દરબારમાં પણ બાઈ-ભાઈ વિગેરે કોઈ અન્ન જમતા નથી. માટે તમો દયા કરી અન્ન જમો અને આપે જે કાંઈ કરવા ધાર્યું હોય તે અમને સહુને કહો તો અમે તેમ કરીએ. તમે જો અમને ત્યાગ પાળવાનું કહો તો અમે ત્યાગ પાળીએ ને જો તમે અમને કોઈનાં વચનમાં વરતવાનું કહો તો અમે તેના વચનમાં વરતીએ. જેમ આપ રાજી થઈ આજ્ઞા કરો તેમ અમે સૌ કરવા તૈયાર છીએ, પણ તમે અન્ન જમો."

ત્યારે મહારાજ એવું વિનય વચન સાંભળી કૃપા કરી બોલ્યા જે, "હવે અમારે તમારી પાસે કાંઈ કરાવવું નથી. અને દેહ તો આગળ મોટા મોટા રામ-કૃષ્ણાદિક અનંત અવતાર થઈ ગયા તેમનો પણ રહ્યો નથી; તેમ અમારો દેહ પણ નહિ જ રહે. માટે સત્સંગમાં કોઈને મોટેરા કરો તો ઠીક; એ જ આમ કરવાનું અમારે તાત્પર્ય છે."

આવું મહારાજનું વચન સાંભળીને સદ્ગુરુ સર્વે હાથ જોડીને બોલ્યા જે, "હે મહારાજ ! તમે ધાર્યું હોય તેને મોટેરા કરો, અમે સહુ તેમની આજ્ઞામાં વર્તશું. તમે જો નાના છોકરાની આજ્ઞામાં રહેવાનું કહેશો તો અમે એમની આજ્ઞામાં રહેશું, પણ કોઈ આપની આજ્ઞા લોપ કરીશું નહિ."

આ વાત સાંભળીને શ્રીજી મહારાજ બોલ્યા જે,"અમારે તમને નાના છોકરાની આજ્ઞામાં નથી રાખવા. તમે તો અવતાર જેવા

**૧.**જરાય; બિલકુલ. **૨.**અમારી પાસે કાંઈક કરાવવા નક્કી કર્યું હોય.

મોટા સમર્થ સાધુ છો. તમને અમે કાંઈ નાના છોકરાની આજ્ઞામાં રાખશું ? શું અમે કાંઈ નથી સમજતા તે તમને અમે નાના છોકરાની આજ્ઞામાં રખાવશું ? અમારે તો તમને સર્વથી જે મોટા છે તેમની આજ્ઞામાં રાખવા છે, માટે અમે જેને મોટા કરીએ તેમની આજ્ઞામાં તમારે રહેવું.”

આવી મહારાજની વાત સાંભળી સદ્‌ગુરુ વિગેરે સહુ ઘણા રાજી થયા ને એમ પરસ્પર બોલ્યા જે, “હવે મહારાજ થાળ જમશે. અને મહારાજ આપણને જેની આજ્ઞામાં વર્તવાનું કહેશે તેની આજ્ઞામાં આપણે ખુશ થઈને વર્તીશું.”

ત્યાર પછી મહારાજ રાજી થઈને બોલ્યા જે, “અમારે તો તમને સર્વેને આ ગોપાળાનંદસ્વામીની આજ્ઞામાં વરતાવવા છે. કેમ જે, એ મોટા છે.” એમ કહી વળી કહ્યું જે, “અમે ગયા પછી મુક્તાનંદસ્વામીનો દેહ તો રહે એમ નથી, માટે તમારે સર્વેને તો જેમ ગોપાળાનંદસ્વામી કહે તેમ કરવું.” એમ સહુને આજ્ઞા કરી. ત્યાર પછી મહારાજ થાળ જમ્યા. ત્યારે સદ્‌ગુરુ, બ્રહ્મચારી, પાળા, દાદાખાચર વિગેરે ઘણા રાજી થયા.

ત્યાર પછી મહારાજ સભા કરીને બેઠા ને બોલ્યા જે, “આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા આચાર્ય રઘુવીરજી મહારાજ, સદ્‌ગુરુ બ્રહ્માનંદસ્વામી, સદ્‌ગુરુ નિત્યાનંદસ્વામી, સદ્‌ગુરુ ચૈતન્યાનંદજીસ્વામી, ભાઈ આત્માનંદજી, ભાઈ સ્વયંપ્રકાશાનંદજીસ્વામી, સદ્‌ગુરુ આનંદાનંદ સ્વામી, શુકમુનિ, સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામી, સદ્‌ગુરુ મહાનુભાવાનંદજીસ્વામી, સદ્‌ગુરુ કપિલેશ્વરાનંદસ્વામી, સદ્‌ગુરુ કૃપાનંદ સ્વામી, સદ્‌ગુરુ પરમાનંદસ્વામી અને સદ્‌ગુરુ પ્રેમાનંદસ્વામી આદિક સદ્‌ગુરુ સમસ્ત તથા બ્રહ્મચારી મુકુંદાનંદજી તથા બ્રહ્મચારી વાસુદેવાનંદજી વિગેરે બ્રહ્મચારી તથા શ્રીપાત દેવાનંદસ્વામી વગેરે સંન્યાસી તથા ભગુજી તથા મિયાંજી તથા રતનજી વિગેરે પાળા તથા દાદાખાચર તથા મયારામભટ્ટ વગેરે હરિજન; આ તમો સર્વેને એ આજ્ઞા છે જે, ‘આ ગોપાળાનંદસ્વામીની આજ્ઞામાં તમારે સર્વેને રહેવું.

શાથી જે, એ બહુ મોટા છે.” એમ શ્રીજીમહારાજે આજ્ઞા કરી. તેને સાંભળીને સર્વે ઘણા રાજી થયા. ને તેનો લેખ લખીને શ્રીજી મહારાજે સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદસ્વામીને આપ્યો.

પછી મુક્તાનંદસ્વામી વિગેરે સર્વે સદ્‌ગુરુ તથા સર્વે સાધુ તે મહારાજ પ્રત્યે બોલ્યા જે, “હે મહારાજ ! તમોએ અમને આ ગોપાળાનંદસ્વામીની આજ્ઞામાં રહેવાનું કહ્યું, તે ગોપાળાનંદસ્વામી કેવા મોટા છે ?”

ત્યારે મહારાજે તેમના પ્રત્યે કહ્યું જે, “ગોપાળાનંદસ્વામી તો મૂળ અક્ષર છે. અને એ ચાર રૂપે કરીને અમારી સેવા કરે છે. તે ચાર રૂપ કિયાં ? તો એક તો અક્ષરધામમાં મૂર્તિમાન થકા સદાય અમારી સેવા કરે છે તથા અનંતકોટિ મુક્તને અમારો મહિમા નિરંતર કહે છે; એ પ્રથમનું રૂપ છે. અને જે ધામરૂપે કરીને અનંતકોટિ મુક્તને ધારી રહ્યા છે; એ બીજું રૂપ છે. અને જેને આધારે અનંત કોટિ બ્રહ્માંડ રહ્યાં છે; એ ત્રીજું રૂપ છે. અને આ મનુષ્યરૂપે પ્રગટ દેખાય છે ને જેને અમે સર્વ સત્સંગમાં મોટેરા કરી અમારે ઠેકાણે સ્થાપન કરી મૂકતા જઈએ છીએ; એ ચોથું રૂપ છે.”

આવી રીત્યે શ્રીગોપાળાનંદસ્વામીની મોટપ શ્રીજી મહારાજે કહીને પછી પોતે બોલ્યા જે, “આ ગોપાળાનંદસ્વામીની આજ્ઞામાં તમો સહુ વર્તજ્યો.” ।।૯।।

## ૧૦. ગો.સ્વામીના ઉપશમ ધ્યાનથી શ્રીકૃષ્ણ રાજી થયા.

એક સમયને વિષે દાદાખાચરના દરબારમાં ઉત્તરાદા બારના ઓરડાની ઓસરિયે શ્રીજી મહારાજ સભા કરીને બેઠા હતા. તે સમે ઉપાસનાની વાતો બહુ જ કરી. તે રાતના અગિયાર થઈ ગયા. ત્યારે મહારાજે સહુને ઊઠવાની આજ્ઞા કરી જે, “રાત કાફી[1] ગઈ છે.” એમ કહીને જય સચ્ચિદાનંદ કહીને મહારાજ ઊઠ્યા ને અક્ષરભુવનમાં

**૧.**ઘણી-બધી.

જઈને પોઢતા હવા.

ગોપાળાનંદસ્વામી તો ત્યાંથી હાલ જ્યાં મંદિર છે ત્યાં એક ધર્મશાળા હતી, ત્યાં જઈ ધ્યાન કરવા બેઠા. તે ધ્યાનમાં જોડાણા એટલામાં પ્રકાશ ઘણો દેખાણો, એટલે સ્વામી જાગૃત થયા. એટલામાં તેમને મહારાજની મૂર્તિ દેખાણી, તે મૂર્તિ સામું જોઈ રહ્યા. ત્યાં તો આકાશ માર્ગે તેજ બહુ દેખાણું. તેથી સ્વામીની વૃત્તિ ત્યાં ગઈ, એટલે મહારાજ અદશ્ય થઈ ગયા. પછી તે તેજમાંથી મૂર્તિ આવીને ઊભી રહી. ત્યારે સ્વામીએ તેમની સામે જોયું ને કહ્યું જે, "તમે કોણ છો ?" ત્યારે તેઓ કાંઈ બોલ્યા નહિ.

પછી સ્વામી તો તેમના હાથને ઝાલીને પરાણે ઊભા થયા ને મળ્યા. ત્યારે તે બોલ્યા જે, "હું શ્રીકૃષ્ણ છું ને તમારું જે ઉપશમ ધ્યાન,[૧] તેને જોઈને હું ખૂબ રાજી થયો છું. તેથી હું તમારી પાસે આવ્યો છું. તમારે જે ઉપશમ ધ્યાન છે, તે ઉપશમ ધ્યાન અક્ષરમાં ઉત્તમ મુક્તને છે તેથી પણ અધિક છે તે હું જાણું છું." ત્યારે સ્વામી દર્શન કરીને બહુ રાજી થયા ને પરસ્પર ઉપાસનાની વાતો તથા મહિમાની વાતો તથા ધર્મ-જ્ઞાન-વૈરાગ્યની વાતો ઘણીવાર કરી ને પછી શ્રીકૃષ્ણ ભગવાન અદશ્ય થઈ ગયા. અને હું (ગોપાળાનંદસ્વામી) પાછો મહારાજનું ધ્યાન કરવા બેઠો. ॥૧૦॥

## ૧૧. નિષ્કુળાનંદસ્વામીનો સ્નેહ

સદ્.શ્રીગોપાળાનંદસ્વામી તથા ચૈતન્યાનંદસ્વામી વગેરે સર્વે સાધુ શ્રીગઢડામાં પોતાના મંડળ સહિત વિરાજમાન હતા. તે સમામાં બ્રહ્માનંદસ્વામી મૂળીમાં માંદા થયા ને દેહ રહે એવું નહીં. પછી તેના શિષ્ય તદ્રૂપાનંદસ્વામીએ શ્રીગોપાળાનંદસ્વામી ઉપર કાગળ લખીને મોકલ્યો. તે કાગળ વાંચીને સ્વામી બોલ્યા જે, "બ્રહ્માનંદસ્વામીને ગળે ગૂમડું થયું છે ને માંદા બહુ છે ને દેહ રહે એમ નથી, માટે અમને

૧.પોતાની સર્વે વૃત્તિઓનો મહારાજની મૂર્તિમાં વિરામ.

ત્યાં તેડાવ્યા છે. ને લખ્યું છે જે જરૂર આવજો, પણ આ ચોમાસાનો દિવસ ને વરસાદ-પાણીનો માર્ગમાં ગારો, તે શી રીતે ગાડી ચાલે ને જવાય ? અને ગયા વિના ચાલે તેવું નથી.” એમ વાત કરે છે ત્યાં ધોલેરાથી સદ્‌ગુરુ શ્રીનિષ્કુળાનંદસ્વામી આવ્યા. તેમને જોઈને સ્વામી રાજી થયા ને બોલ્યા જે, “ડોસો આવ્યા, ડોસો આવ્યા.” એમ કહી ઊઠીને મળ્યા ને બહુ રાજી થયા.

પછી નિષ્કુળાનંદસ્વામી નાહી-ધોઈ પૂજા કરીને જમ્યા. પછી ગોપાળાનંદસ્વામી ને નિષ્કુળાનંદસ્વામી ભેગા બેઠા. ત્યારે સ્વામીએ કાગળ કાઢીને વંચાવ્યો ને બોલ્યા, “બ્રહ્માનંદસ્વામી માંદા બહુ છે ને મને તેડાવ્યો છે, પણ મારાથી આ ચોમાસામાં જવાય એમ નથી. માટે તમે જૂના સાધુ ને મારાથી અધિક છો માટે તમે જાઓ. કેમ જે, ગયા વિના ચાલે એવું નથી ને બ્રહ્માનંદસ્વામીનો દેહ નહિ રહે, માટે આજ ને આજ હમણાં ને હમણાં ચાલો.” ત્યારે સદ્‌ગુરુ શ્રીનિષ્કુળાનંદસ્વામી કહે, “મારી ભેગા કોઈ સાધુ નથી, એક વરજ્યાનંદસ્વામી છે.” ત્યારે સદ્.શ્રીગોપાળાનંદસ્વામી બોલ્યા જે, “આ બધા સાધુઓ તમારા છે, તેમાંથી દસ મૂરતિને તેડી જાઓ.” ત્યારે કેશવદાસજી વગેરે દસ સાધુ સ્વામીએ સાબદા કર્યા ને સ્વામી નિષ્કુળાનંદજી ચાલ્યા.

પછી ચાલતાં ગામ જનડે ગયા. ને ત્યાં મેહ વરસ્યો તોય સ્વામી તો ચાલ્યા. તે ચાલતાં-ચાલતાં પોતાનાં કરેલાં જે મહિનાનાં કીર્તનો[1] તે બોલ્યા. તેથી શ્રીજી મહારાજમાં હેત બહુ જ થયું. તે હેતે કરીને હૈયું ભરાઈ ગયું, તોય મહિનાનાં પદો ઊંચે સાદે કરીને બોલ્યા; એટલે હેતે કરીને દેહ પૃથ્વી પર પડી ગયો ને જેમ ગાય વાછરડા પર હીંહોરા કરે તેમ હીંહોરા કરવા માંડ્યા. ને મારગમાં દેહ પડેલો તેથી સર્વે સાધુ સ્વામીને સાધુ ફરતાં વીંટાઈને ઊભા રહ્યા ને સ્વામીની આંખમાં

**૧.**નિષ્કુળાનંદસ્વામીએ ‘સખી કારતક માસે કંથ, પિયુ ગયા પરહરી’ એમ બાર મહિનાનાં ૧૨ પદો બનાવ્યાં છે, તેને ‘મહિનાનાં પદ’ કહે છે.

પાણી ચાલ્યાં જાય. તે સમામાં શ્રીજીમહારાજ પાસે આવીને ઊભા રહ્યા ને ધોળું ધોતિયું પહેરેલું ને ધોળો ખેસ આડસોડે નાખેલો, માથે પટકો બાંધેલો ને જમણા હાથમાં છડી હતી ને ચાખડીઓ પહેરેલી હતી. એવી રીતે સ્વામી પાસે આવીને ઊભા રહ્યા. તે મહારાજને જોઈને સ્વામી બહુ રાજી થયા ને હેતનાં આંસુ ચાલ્યાં જાય.

પછી સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ એમ બોલ્યા જે, “આટલા બધા દિલગીર કેમ થાવ છો ? ને કેમ રોવો છો ?” ત્યારે સ્વામી શ્રીનિષ્કુળાનંદજી બોલ્યા જે, “હે મહારાજ ! તમ વિના કેમ કરીને રહેવાય ?” ત્યારે મહારાજ બોલ્યા જે, “અમે ક્યાં તમારાથી નોખા છીએ ? તમારી ભેગા ને ભેગા જ છીએ, માટે રોવું-કરવું નહિ. હવે તમે ઝટપટ મૂળીએ જાઓ; કેમ જે, બ્રહ્માનંદસ્વામીનો દેહ રહે એમ નથી.” પછી સ્વામીને મહારાજ મળ્યા[૧] ને સ્વામી પણ બહુ રાજી થયા ને મહારાજ ભેગા ચાલ્યા.

પછી મહારાજ કહે જે, “નાગડકામાં સુરોભક્ત માંદા છે ને દિલગીર બહુ જ થાય છે. માટે એમને કહેજો જે, ‘મહારાજ તમારી ઉપર બહુ રાજી છે ને અન્ન જમજો ને સમો આવ્યે અમે થોડા દિવસમાં તેડી જાશું, કાંઈ આકળાં ન થાવું.” એવો સંદેશો નિષ્કુળાનંદસ્વામીને કીધો ને બોલ્યા જે, “તમને ગોપાળાનંદસ્વામીએ મોકલ્યા છે તે ઝટપટ મૂળીએ પૂગી જાવું.” એમ કહી મહારાજ અદશ્ય થઈ ગયા.

પછી નિષ્કુળાનંદસ્વામી ઉતાવળા ચાલ્યા ને તેને તે જ દિવસે નાગડકે આવ્યા ને મહારાજે સંદેશો કહ્યો હતો તે વિગતે સહિત સુરાભક્તને કહ્યો ને સુરાભક્તને હિંમત દીધી. પછી સ્વામી રાત રહીને વેલા ઊઠ્યા ને ત્યાંથી ચાલ્યા ને મૂળીએ ગયા. ત્યાં ઠાકોરજીનાં દર્શન કરીને બ્રહ્માનંદસ્વામી જ્યાં માંદા છે ત્યાં ગયા ને સ્વામીને જોઈને બહુ ખરખરો કર્યો.[૨] પછી શ્રીનિષ્કુળાનંદસ્વામી બોલ્યા જે, “તમારો કાગળ આવ્યો ને મંદવાડ સાંભળ્યો તે ગોપાળાનંદસ્વામી

૧.ભેટ્યા. ૨.દિલગીરી વ્યક્ત કરી.

બહુ દિલગીર થયા ને એમને આવવાનું તો જરૂર હૈયામાં હતું પણ ચોમાસાનો દહાડો એટલે ગાડી ચાલે નહિ, તે શી રીતે અવાય ? તે સારુ તમને જોવા માટે મને મોકલ્યો છે.” એમ કહીને સ્વામી પાસે સર્વે સમાચાર કહીને બેઠા.

પછી સૌ સાધુ જમી રહ્યા ને તે પછી બ્રહ્માનંદસ્વામીએ દેહ મેલ્યો. પછી સ્વામીની સર્વે ક્રિયા કરી. પછી ત્યાંથી સ્વામી ચાલ્યા તે ગઢડે આવ્યા. ને ગોપાળાનંદસ્વામી આગળ સદ્‌ગુરુ બ્રહ્માનંદસ્વામીએ દેહ મૂક્યો ને માર્ગમાં પોતાને મહારાજે દર્શન દીધાં તેની વાત તથા સુરાભક્તને મહારાજે સંદેશો કહ્યો, તે સર્વે વાત વિસ્તારીને કહેતા હવા. તે વાત સાંભળીને સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદસ્વામી બહુ રાજી થયા ને એમ બોલ્યા જે, “અમારું કામ તમે બહુ કર્યું.” ॥૧૧॥

## ૧૨. મહારાજના મુખ્ય સેવક ગોપાળાનંદસ્વામી છે.

સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદસ્વામી પોતાનું મંડળ લઈને વડતાલથી ઉમરેઠ ફરવા ગયા. પછી ત્યાં નિવાસ કરીને રહ્યા. ત્યાં સાધુ વિજ્ઞાનદાસજી ધોલેરાથી દર્શન કરવા આવ્યા ને સ્વામીનાં દર્શન કરીને બેઠા. પછી સાધુ વિજ્ઞાનદાસજી એમ બોલ્યા જે, “સ્વામી ! મારે અમદાવાદ નરનારાયણ દેવનાં દર્શન કરવા જાવું છે.” ત્યારે સદ્.શ્રી ગોપાળાનંદસ્વામી કહે, “ઠીક જાઓ.” ત્યારે સાધુ વિજ્ઞાનદાસજી ગોપાળાનંદસ્વામીને કહે, “હું ચાલું ?” ત્યારે સ્વામી કહે જે, “આજનો દી’ રહો ને કાલ જજો.” ત્યારે સાધુ વિજ્ઞાનદાસજી કહે, “જેવી આપની આજ્ઞા, હું આજે રહું છું ને કાલે જઈશ.”

પછી તેઓ રાત્રિએ કથા-વાર્તા કરીને સૂતા. રાત્રિએ સાધુ વિજ્ઞાનદાસજી ધ્યાનમાં બેઠા ને સમાધિ થઈ ને પછી મહારાજ પાસે અક્ષરધામમાં ગયા. ત્યાં નરનારાયણ દેવનાં દર્શન થયા. ત્યારે નરનારાયણદેવ સાધુ વિજ્ઞાનદાસજીને ઊભા થઈને મળ્યા. ત્યારે સાધુ વિજ્ઞાનદાસજી બોલ્યા, “હે મહારાજ ! તમારાં દર્શન કરવા

તો હું અમદાવાદ જવાનો છું, પણ તમે અહીં મૂર્તિમાન મળ્યા એટલે બહુ સારું થયું."

પછી નરનારાયણ ભગવાન સાધુ વિજ્ઞાનદાસજી ઉપર બહુ રાજી થયા. પછી સાધુ વિજ્ઞાનદાસજી બોલ્યા જે, "મારે મહારાજનાં દર્શન કરવા છે." ત્યારે નરનારાયણ ભગવાન બોલ્યા જે, "ચાલો, મહારાજ પાસે જઈએ." ત્યાર પછી સભામાં આવીને મહારાજનાં દર્શન કર્યાં ને નરનારાયણ ભગવાન અદશ્ય થઈ ગયા. ત્યારે મહારાજ સાધુ વિજ્ઞાનદાસજી સામે જોઈને બોલ્યા જે, "હે વિજ્ઞાનદાસજી ! તમે ક્યાંથી આવ્યા ?" ત્યારે સાધુ વિજ્ઞાનદાસજી બોલ્યા જે, "હે મહારાજ ! હું ઉમરેઠમાં શ્રીગોપાળાનંદસ્વામી છે, ત્યાંથી દર્શન કરવા આવ્યો છું." ત્યારે મહારાજ કહે, "ઠીક."

પછી પડખામાં[૧] ગોપાળાનંદસ્વામી મહારાજને ચમર કરતાં હતા[૨] તે સામું મહારાજે જોયું. ત્યારે સાધુ વિજ્ઞાનદાસજીએ પણ ગોપાળાનંદ સ્વામી સામું જોયું. પછી વિજ્ઞાનદાસજીએ વળી બધા મુક્ત સામું જોયું. ત્યારે પોતાને એમ થયું જે, 'શ્રીજીમહારાજના મુખ્ય સેવક તો આ ગોપાળાનંદસ્વામી છે.' એવો મનમાં નક્કી નિશ્ચય થયો. ને સદ્.શ્રી ગોપાળાનંદસ્વામીને મહારાજને ઊભા-ઊભા ચમર કરતાં દીઠા. તે જોઈને વિજ્ઞાનદાસજી બહુ રાજી થયા ને પછી સમાધિમાંથી બહાર નીકળ્યા ને પોતે વિચાર કર્યો જે, હું અમદાવાદ જે કારણ સારુ જતો હતો તે તો ગોપાળાનંદસ્વામીએ સમાધિમાં નરનારાયણનાં દર્શન કરાવ્યા, એવું મેં નજરો-નજર દીઠું; માટે હવે શા સારુ જવું ? અહીંયાં પાંચ દિવસ રહીને ગોપાળાનંદસ્વામીનાં દર્શન કરીશું.

પછી સવારમાં સ્વામી પાસે આવીને બેઠા. ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે, "વિજ્ઞાનદાસજી ! હવે તમે ચાલો ને નરનારાયણ દેવનાં દર્શન કરવા અમદાવાદ જાઓ." ત્યારે વિજ્ઞાનદાસજી હસીને બોલ્યા જે, "હે મહારાજ ! હું રાત્રે ધ્યાન કરતો હતો, ત્યાં સમાધિ

**૧.**બાજુમાં ઊભા રહીને. **૨.**પવન નાંખતાં હતા.

થઈ ને અક્ષરધામમાં ગયો. ત્યાં નરનારાયણ ભગવાનને બેઠા દીઠા." ને બીજી સર્વે હકીકત થઈ હતી તે વિસ્તારીને કહી દેખાડી. પછી વિજ્ઞાનદાસજી બોલ્યા જે, "મારે હવે અમદાવાદ નથી જાવું, હું તો અહીંયાં તમારાં જ દર્શન કરીશ." પછી એ સર્વે વાત સાંભળીને સ્વામી કાંઈ બોલ્યા નહિ. ને સાધુ વિજ્ઞાનદાસજી ત્યાં રહ્યા. ॥૧૨॥

## ૧૩. શિવભક્ત બ્રાહ્મણનું કલ્યાણ કર્યું.

ગામ બોરુ તથા જાખડા વચ્ચે એક ગામ છે. ત્યાંનો બ્રાહ્મણ કાશીએ જઈને બ્રહ્મચારી થયો. ને તે બ્રહ્મચારીએ શિવજીનું તપ કરવા માંડ્યું ને કેશ વધાર્યા અને અન્ન ખાવામાં સંકોચ રાખીને શિવજીનું રાત-દિવસ ધ્યાન કર્યા કરે. તે સાત-આઠ વરસ સુધી ધ્યાન કર્યું ને દેહે કરીને બહુ દુબળો થઈ ગયો ને ઊઠવાની પણ શક્તિ ન રહી. ત્યારે હૈયામાં પોતે બહુ દિલગીર થઈને રોવા માંડ્યું. તેવું શિવજી હારે ઘણા દિવસ હેત કર્યું ને મોઢે કરીને મહિમા પણ બહુ કહ્યા કરે ને સ્તુતિ કર્યા કરે.

ત્યારે સ્વપનામાં શિવજીએ દર્શન દીધાં ને શિવજી રાજી બહુ થયા. ને તે બ્રાહ્મણને માથે હાથ મૂક્યો તે સાક્ષાત્કાર દર્શન થાય તેવા થયા. ને શિવજીનાં દર્શન થયા તેણે કરીને બહુ રાજી થયો. ત્યાર પછી શિવજી અદશ્ય થઈ ગયા. ને પોતે જાગીને હૈયામાં વિચાર કર્યો જે, "મને શિવજીએ દર્શન દીધાં તેમાં તો ભૂલ નહિ ને શિવજી રાજી થયા તે ખરું, પણ શિવજી એમ ન બોલ્યા જે, 'હે બ્રહ્મચારી ! તું માગ માગ, જે માગે તે આપું.' ત્યારે મેં જે ઘણા દી તપ કર્યું ને શિવજીનું ધ્યાન કર્યું તે શું કામ આવ્યું ?" તે વાત વારંવાર વિચારીને પસ્તાવો કર્યા કરે ને આંખમાં આંસુ ચાલ્યાં જાય.

તે સમામાં આકાશવાણી થઈ જે, "હે બ્રહ્મચારી ! તમે શા વાસ્તે રોવો છો ? મેં તમને દર્શન દીધું ને માથે હાથ મૂક્યા ને તમારો મનોરથ બધો પૂર્ણ કર્યો છે. ને તમારા હૈયાની માંગણી કલ્યાણની

છે, તો પ્રત્યક્ષ ભગવાન પશ્ચિમ દિશામાં સ્વામિનારાયણ નામે પ્રગટ થયા છે, તે કલ્યાણ તો તેમના હાથમાં છે. પણ તે તો તેમના ધામમાં પધારી ગયા ને તેને ઠેકાણે તેમના મોટા સાધુ શ્રીગોપાળાનંદસ્વામી છે. તે ભગવાન જેવા છે, કહેતાં શ્રીજીમહારાજના ગુણ ગોપાળાનંદ સ્વામીમાં આવ્યા છે, તે તારું કલ્યાણ કરશે; માટે તું ત્યાં જા." એવું આકાશવાણીએ કીધું ત્યારે બ્રહ્મચારી બહુ રાજી થયા ને તપ કરવાની સમાપ્તિ કરી. પછી કાશીએથી ચાલ્યો ને પોતે ઘરડો પણ થઈ ગયેલો ને પોતાને ઘરે આવ્યો ને એમ બોલ્યો જે, "સ્વામિનારાયણ કયા ગામમાં પ્રગટ થયા છે ?" ત્યારે ગામના માણસે તથા તેમના સંબંધીએ કહ્યું જે, "સ્વામિનારાયણ તો શ્રીગઢપુરે પ્રગટ થયા છે. તે આંહીંથી તો ત્રીસ ગાઉ છેટું છે. ને તે શ્રીગઢડું તો શ્રીસ્વામિનારાયણનું કહેવાય છે. તે પ્રસિદ્ધ છે." ત્યારે તે બ્રાહ્મણ કહે જે, "હું ત્યાં જાઉં તો ખરો પણ માંદો છું તે જરા સાજો થાઉં પછી જઈશ."

પછી શ્રીવડતાલમાં ચૈત્ર સુદી નોમનો સમૈયો આવ્યો, તે ઉપર સદ્.શ્રીગોપાળાનંદસ્વામી સમૈયે જવા ગાડી જોડીને, સંવત ૧૮૯૩ના ફાગણ વદી ૧૧ એકાદશીના દિવસે ગઢડાથી ચાલ્યા. તે ગામ ધોલેરે ગયા ને ત્યાંથી ચાલ્યા તે ગામ બોરુથી જે ગામમાં બ્રાહ્મણ રહેતો હતો તે ગામમાં ગયા. પછી ત્યાં નાહી, પૂજા કરીને ટીમણ કર્યું ને પછી ગાડી જોડીને ચાલ્યા. તેવા સમામાં બ્રાહ્મણને ખબર થવાથી પાદર આવ્યો ને સ્વામીની ગાડી નજીક દીઠી. પછી તે બ્રાહ્મણ ઊંચેથી સાદ કરીને કહે જે, "ઊભા રહો, ઊભા રહો." ને માંદો ને ઘરડો તેથી બહુ બોલી શકે નહિ. ને દર્શન કરવા સારુ બહુ આકળો થયો. ત્યારે હરજી ઠક્કર સ્વામીની ગાડીની પછવાડે ચાલ્યા જતા હતા તે બોલ્યા જે, "સ્વામી ! આપણને કોઈક બોલાવે છે, માટે ગાડી ઊભી રાખો." ત્યારે સ્વામી કહે, "આપણને કોણ બોલાવે ? કોઈ બોલાવતું નથી, ચાલો." ત્યારે ઠક્કર હરજી કહે, "સ્વામી એમ ન કરો, આપણે ગાડી ઊભી રાખો." પછી ગાડી ઊભી રાખી.

ત્યાં બ્રાહ્મણ આવ્યો ને સદ્.શ્રીગોપાળાનંદસ્વામીના પગ ઝાલી રોવા માંડ્યો, તે પગ મૂકે નહિ. તેમ છાનો પણ રહે નહિ. ત્યારે સ્વામી કહે જે, “તારે શું દુઃખ છે ?” ત્યારે બ્રાહ્મણ આંસુ લૂંછીને બોલ્યો જે, “હે મહારાજ ! મારી વાત તમો સાંભળો.” પછી સ્વામી કહે જે, “તારી વાત કહે.” પછી તે બ્રાહ્મણે કાશીએ જઈને તપ કર્યું ને શિવજી રાજી થયા ને આકાશવાણીએ કીધું જે, શ્રીજીમહારાજ પ્રત્યક્ષ ભગવાન છે ને કલ્યાણ તો ગોપાળાનંદસ્વામીના હાથમાં છે - એ સર્વે વાત વિસ્તારીને કરી.

તે સાંભળીને ઠક્કર હરજી બોલ્યા જે, “સ્વામી ! આ બ્રાહ્મણે તો કલ્યાણ સારુ બહુ દાખડો કર્યો. માટે તમે મળ્યા તે હવે એમનું કલ્યાણ કરો.” પછી ગોપાળાનંદસ્વામી બહુ રાજી થયા ને એમને વર્તમાન ધરાવ્યાં ને મહારાજનો નિશ્ચય કરાવ્યો. ને સ્વામી બોલ્યા જે, “તારું કલ્યાણ થઈ ગયું. હવે તારે કોઈ વાતનો સંશય ન રાખવો.” ત્યારે બ્રાહ્મણ બહુ રાજી થયો ને બોલ્યો જે, “હે ગોપાળાનંદ સ્વામી ! મારા મનના મનોરથ પૂરા થયા ને મારું કલ્યાણ થયું, એમાં મારે સંશય નથી.” પછી સ્વામી ચાલ્યા ને તે બ્રાહ્મણ ઘરે ગયો. ॥૧૩॥

## ૧૪. આવું રહસ્ય સમજે કોણ ?

સંવત ૧૮૯૩ના આસો સુદિ પૂનમ કરીને સદ્.શ્રીચૈતન્યાનંદ સ્વામી તથા નરસિંહાનંદસ્વામી વગેરે છ-સાત સાધુ શ્રીગઢપુરથી વડતાલની જાત્રા કરવા સારુ નીકળ્યા. ને ચાલતા કમિયાળા ઉપર થઈને વડતાલ ગયા. ને ત્યાં મહારાજનાં દર્શન કર્યાં. ને પાંચ-સાત દિવસ રહીને ત્યાંથી સદ્.શ્રીનિત્યાનંદસ્વામીનાં દર્શન કરવા વસો પધાર્યા. ત્યાં સ્વામીનાં દર્શન કરી ત્રણ દિવસ રહ્યા. ને સદ્.શ્રીચૈતન્યાનંદજી સ્વામી શ્રીનિત્યાનંદજી પ્રત્યે બોલ્યા જે, “હે સ્વામી ! જીવના મોક્ષમાર્ગનું તથા ઉપાસના તથા ધર્મ-જ્ઞાનાદિકનું મહારાજનું જે સર્વે રહસ્ય તે તમે જાણો છો, પણ વાતો કરી પ્રવર્તાવતા નથી, માટે તમારા

હૈયામાં ને હૈયામાં રહી જાશે.” ત્યારે સદ્.શ્રીનિત્યાનંદસ્વામી બોલ્યા જે, “એવો બુદ્ધિવાળો કોણ છે, જે તેની આગળ કહીએ. ને આ પવિત્રાનંદસ્વામી સમજે એવા છે પણ ધીરે ધીરે સમજશે.” પછી શ્રીચૈતન્યાનંદસ્વામી વસોથી શ્રીવડતાલ પધાર્યા. ।।૧૪।।

## ૧૫. વડોદરામાં યજ્ઞનારાયણનાં દર્શન

સંવત ૧૮૮૩ની સાલમાં સદ્.શ્રીચૈતન્યાનંદસ્વામી વડોદરે ગયા. ને ત્યાં સદ્.શ્રીગોપાળાનંદસ્વામીનાં દર્શન કર્યાં ને ત્યાં રહ્યા. એટલામાં અન્નકૂટનો સમૈયો આવ્યો ને ત્યાં સાધુનાં મંડળ કોર-મોરથી[1] સર્વે આવ્યાં. સાધુ ત્રણસો ભેગા થઈ ગયા. અને સ્વામી શ્રીગોપાળાનંદજી કથા કરાવે તથા પોતે વાતો બહુ કરે. તેણે કરીને સાધુ શ્રીકેશવદાસ તથા સાધુ શ્રીવિજ્ઞાનદાસજી વગેરે કેટલાક સાધુઓને સમાધિ થઈ ગયેલી.

પછી વકીલ જગજીવન તથા વૈદ્ય રામચંદ્ર વગેરે ચાર જણ ભેગા થઈને સદ્.શ્રીગોપાળાનંદસ્વામી પાસે આવીને એમ બોલ્યા જે, “સ્વામી ! શાસ્ત્રમાં એમ કહ્યું છે જે, યજ્ઞ કરે તેને યજ્ઞપુરુષ દર્શન દે, તે વાત સાચી હશે ?” ત્યારે સદ્.શ્રીગોપાળાનંદસ્વામી બોલ્યા જે, “હા, વાત સાચી, એ તો દર્શન દે.” ત્યારે તે બોલ્યા જે, “સ્વામી ! યજ્ઞનું જે ખર્ચ થાય તે ખર્ચ અમારે ચાર જણાને માથે ને તમે યજ્ઞ સુખેથી કરાવો.” પછી સદ્.શ્રીગોપાળાનંદસ્વામી બોલ્યા જે, “ઠીક, યજ્ઞ કરાવીએ.” પછી વકીલ જગજીવન વગેરે ચારે જણ બોલ્યા જે, “હે સ્વામી ! યજ્ઞ કરાવવાની વિધિ જે હોય તે અમને કહો.” પછી સ્વામી બોલ્યા જે, “પ્રથમ તો માંડવો કરાવો. પછી તેમાં કુંડ કરાવો ને વિપ્ર સદાશિવને મુખ્ય કરો ને બીજા બ્રાહ્મણ જે બ્રહ્મચર્યવ્રત પાળે એવા હોય તેને તેડાવો.”

પછી વકીલ જગજીવન વગેરે ચારે જણે વિપ્ર સદાશિવને મુખ્ય

૧.આસપાસથી.

કરી સવાસો બ્રાહ્મણોને તેડાવ્યા ને યજ્ઞનું કામ ચાલતું કર્યું. પછી ઘીની અખંડધારા ચલાવી ને ઘી હોમવાં માંડ્યું. તેણે કરીને બહુ મોટી અગ્નિની જ્વાળાઓ નીકળવા માંડી. ને સદ્.શ્રીગોપાળાનંદસ્વામી અને સદ્.શ્રીચૈતન્યાનંદસ્વામી વગેરે બીજા સાધુ આથમણે મોઢે કુંડ સામા બેઠા હતા. ને ભણેલા બ્રાહ્મણ કુંડ ફરતા બેસીને વેદની ધ્વનિ કરે, એ રીતે મંડપ શોભાયમાન થઈ રહેલો.

પછી એમ ઘી હોમતાં હોમતાં સાત દિવસ થયા ને પૂર્ણાહુતિનો દિવસ આવ્યો. તે દિવસે વાજાં બહુ વાગે ને હજારો માણસ કુંડ ફરતાં ઊભા રહી દર્શન કરતાં હતાં. ને સદ્.શ્રીગોપાળાનંદસ્વામી તથા સદ્.શ્રીચૈતન્યાનંદસ્વામી મધ્યે બેઠા હતા. તે સમયે પહેલો પોર દિવસ ચઢતાં અગ્નિની જ્વાળા મોટી બળે છે, તે જ્વાળા મધ્યે યજ્ઞપુરુષ ભગવાનની મનુષ્યાકારે બે શ્વેત મૂર્તિઓ પ્રગટ થઈ. તે મૂર્તિઓનાં સર્વે મનુષ્યે દર્શન કર્યાં. ને તે મૂર્તિઓ મરક મરક હસતી જાય છે ને માથે એક જરિયાની[1] પાઘ બાંધેલી ને જરિયાની ધોતિયું પહેરેલું ને જરિયાની અંગરખું પહેરેલું ને કેડે રેંટો બાંધેલો. એ રીતે સર્વે સાધુ, બ્રહ્મચારી, હરિજન વગેરેને દર્શન થાય છે. અને તે મૂર્તિઓ ચારે તરફ જ્વાળામાં ફરતી ફરે છે ને સર્વે મનુષ્યોને દર્શન દે છે.

એ રીતે વડોદરામાં સદ્.શ્રીગોપાળાનંદસ્વામીએ યજ્ઞ કરાવ્યો. તે જોઈને સાધુ, બ્રહ્મચારી તથા હરિજન રાજી બહુ થયા ને એમ બોલ્યા જે, "હે સ્વામી ! તમારે ને શ્રીજીમહારાજને એકતા છે, તેથી તમે જેમ કહો તેમ શ્રીજીમહારાજ કરે, એમાં ફેર નહિ. અમને સર્વને દર્શન આપી કૃતાર્થ કર્યા." ॥૧૫॥

## ૧૬. એ તો ભગવાનના ધામમાં જ જાય.

શ્રીગઢડા મંદિરના મહંત શેઠ પૂજા હેમરાજે શ્રીવડતાલે રઘુવીરજી મહારાજને કાગળ લખ્યો. પછી તે કાગળ ભક્ત મોનજી તથા ગોવિંદ

**૧.**સોના-રૂપાના તારથી ભરત ભરેલાં કાપડની.

ભક્તને આપી આજ્ઞા કરી કે, “તમો વડતાલ જાઓ ને કાગળ મહારાજ શ્રીરઘુવીરજીને આપજો.” પછી તે બે જણા કાગળ લઈને ચાલ્યા તે ધોલેરા ગયા. ને ત્યાં હરિહર્યાનંદસ્વામી તથા નિષ્કુળાનંદસ્વામી તથા ભાઈ આત્માનંદસ્વામી રહેતા હતા. તેમાં અદ્‌ભુતાનંદસ્વામી તથા ત્યાગાનંદસ્વામી એ સર્વે ભેગા થઈને પ્રશ્ન કરેલો પણ તેનો ઉત્તર થાય નહિ. તે સર્વેએ મળીને એમ નિર્ધાર કર્યો જે, “આનો ઉત્તર તો સદ્.શ્રીગોપાળાનંદસ્વામી હોય તો કરે પણ તે તો વડતાલ છે.” આમ વાત થાય છે, તેવા સમામાં ભક્ત મોનજી વગેરે બે જણા ધોલેરા આવ્યા ને બીજે દિવસે સભામાં સર્વે બેઠા.

પછી ભાઈ આત્માનંદસ્વામી બોલ્યા જે, “ભક્ત મોનજી ! તમે વડતાલ જાઓ છો ?” ત્યારે તેમણે કહ્યું જે, “હા મહારાજ !” ત્યારે ભાઈ કહે, “આ પ્રશ્ન તું સદ્.શ્રીગોપાળાનંદસ્વામીને પૂછજે.” એમ કહીને પ્રશ્ન શીખવ્યો જે, “ભગવાનનો ભક્ત હોય ને નિયમ-ધર્મ પ્રમાણે વર્તતો હોય, મહારાજને ભગવાન જાણતો હોય, મહિમાએ સહિત નિશ્ચય હોય, તેનું અકાળ મૃત્યુ થયું ને તેને આવરદા ભોગવવાની બાકી રહી ગઈ હોય ત્યારે તે ભક્ત ભગવાનના ધામમાં જાય કે કોઈ બીજે ઠેકાણે જાય ?”

પછી ભાઈ બોલ્યા જે, “હે ભગત ! તને આવડ્યું ?” ત્યારે ભક્ત મોનજી કહે જે, “હા મહારાજ ! આવડ્યું. હું સદ્.શ્રીગોપાળાનંદ સ્વામીને તમારું નામ લઈને આ પ્રશ્ન પૂછીશ ને તેનો જે ઉત્તર સ્વામી તથા સૌ સાધુ કહેશે, તે હું શીખીને તમારી પાસે આવીને કહીશ.” પછી સ્વામી રાજી થયા.

બીજે દિવસે ભક્ત મોનજી ત્યાંથી ચાલ્યા તે વડતાલ આવ્યા ને શ્રીરઘુવીરજી મહારાજને કાગળ આપ્યો તથા સદ્.શ્રીગોપાળાનંદ સ્વામીનાં દર્શન કર્યાં ને ઉતારો કરીને ત્યાં રહ્યા. પછી ગઢડેથી પૂજાશેઠના તથા ધોલેરાથી ભાઈ શ્રીઆત્માનંદસ્વામી તથા નિષ્કુળાનંદ સ્વામી વગેરે સર્વે સાધુના નારાયણ કીધા. પછી બીજે દિવસે

સદ્.શ્રીગોપાળાનંદસ્વામીને આસને સભા થઈ. પછી ભક્ત મોનજીએ ભાઈ શ્રીઆત્માનંદસ્વામીએ જે પ્રશ્ન શીખવી કહ્યું હતું તે સદ્.શ્રી ગોપાળાનંદસ્વામીને વિગતે સહિત કહી દેખાડ્યું.

પછી સદ્.શ્રીગોપાળાનંદસ્વામી બોલ્યા જે, "એનો ઉત્તર એ છે જે, 'ભગવાનનો ભક્ત હોય ને મહારાજની આજ્ઞા યથાર્થ પાળતો હોય ને મહિમાએ સહિત નિશ્ચય હોય, તેનું કોઈ દેશકાળે કરીને અકાળ મૃત્યુ થયું, તો તે ભગવાનનો ભક્ત ભગવાનના ધામમાં જાય. ને તેનું દેહે કરીને પુણ્ય ભોગવવાનું હોય તો તેનો મિત્ર ભોગવે ને એ ભક્તને દેહે કરીને પાપ ભોગવવાનું હોય તે તો તેનો શત્રુ ભોગવે ને એ ભક્ત તો ભગવાનના ધામમાં જાય.' એવી રીતની આ વાત શ્રીવ્યાસસૂત્રમાં કહી છે; ને એનો એ જ ઉત્તર છે." પછી એ ઉત્તર સદ્.શ્રીગોપાળાનંદસ્વામીએ ભક્ત મોનાને શીખવ્યો.

પછી ત્યાં દિવસ બે રહી ભક્ત મોનજી ત્યાંથી ચાલ્યા તે શ્રીધોલેરા આવ્યા. પછી આવીને ભાઈ આત્માનંદસ્વામી તથા શ્રીનિષ્કુળાનંદ સ્વામી વગેરે સર્વેને દંડવત્ કરી પગે લાગ્યા. પછી ભાઈ આત્માનંદ સ્વામી તથા શ્રીનિષ્કુળાનંદસ્વામી બોલ્યા જે, "તને જે પ્રશ્ન શીખવ્યો હતો, તેનો સ્વામીને પૂછી એ ઉત્તર લાવ્યો ?" ત્યારે ભગત મોનો કહે, "હા સ્વામી, ઉત્તર લાવ્યો." ત્યારે ભાઈ વગેરે સહુ બેઠા અને એ પ્રશ્નનો ઉત્તર જે રીતે સદ્.શ્રીગોપાળાનંદસ્વામીએ કહ્યો હતો તે પ્રમાણે કહી દેખાડ્યો ને બોલ્યો જે, "**એ તો ભગવાનના ધામમાં જાય.**" એ રીતે ઉત્તર સાંભળીને સૌ ભક્ત મોનજી ઉપર બહુ રાજી થયા ને એમ બોલ્યા જે, "આ ઉત્તર બીજા કેને આવડે ? એ તો સદ્.શ્રી ગોપાળાનંદસ્વામી જ કરે." પછી ભાઈ આત્માનંદસ્વામી ભક્ત મોનાને મળ્યા ને રાજી થયા. ॥૧૬॥

## ૧૭. સ્વામીએ ચંદ્રગ્રહણ ફેરવી નાંખ્યું.

સદ્.શ્રીગોપાળાનંદસ્વામી વડતાલમાં રામનવમીનો સમૈયો કરીને

વડોદરા પધાર્યા. ને મંદિરમાં નિવાસ કરીને રહ્યા, ત્યાં જ ચોમાસું આવ્યું. તે સમયે એક શિવમાર્ગી બ્રાહ્મણ જ્યાં સદ્.શ્રીગોપાળાનંદસ્વામી બેઠા હતા ત્યાં મંદિરમાં આવ્યો ને સ્વામી પાસે બેઠો. પછી બોલ્યો જે, “આ પૂનમે ચંદ્રગ્રહણ છે.” તે બ્રાહ્મણની ગામ વડોદરામાં પ્રતિષ્ઠા ઘણી ને વેદ-શાસ્ત્ર તથા જ્યોતિષશાસ્ત્રનો ભણેલો હતો. એને મોટે મોટે[1] મહાજ્ઞાની માનેલો ને ઘણાક માણસ ભેગા લઈને આવેલો. તે સ્વામી પાસે આવીને ગર્વથી બહુ વાતો કરવા માંડ્યો. તે બોલ્યામાં ઘણે ગર્વે સહિત બોલ્યો જે, જ્યોતિષશાસ્ત્રમાં આમ કહ્યું છે ને તેમ કહ્યું છે. તે વાત સ્વામીશ્રીને ન ગમી ને હૈયામાં એમ ધાર્યું જે, આ બ્રાહ્મણ તો માની[2] દેખાય છે.

તે બ્રાહ્મણની બોલી જોઈને સ્વામી બોલ્યા જે, “તમે કહો છો જે, પૂનમે ચંદ્રગ્રહણ થાશે પણ અમે કહીએ છીએ જે પૂનમને દી ગ્રહણ નહિ થાય.” ત્યારે બ્રાહ્મણ બોલ્યો જે, “જ્યોતિષશાસ્ત્રમાં કહ્યું છે જે થાશે.” ત્યારે સદ્.શ્રીગોપાળાનંદસ્વામી કહે જે, “નહિ થાય.” ત્યારે બ્રાહ્મણ બોલ્યો જે, “ગ્રહણ ન થાય તો મારી જનોઈ બાળીને સંન્યાસ ગ્રહણ કરું.” ત્યારે સદ્.શ્રીગોપાળાનંદસ્વામી કહે જે, “તમારે જનોઈ પણ ન બાળવી ને સંન્યાસ ન કરવો ને પૂનમનું ચંદ્રગ્રહણ નહિ થાય.” એવી રીતે વાદવિવાદ થયો. પછી તે જોઈને માણસો સાથે આવ્યા હતા તે સર્વે આશ્ચર્ય પામ્યા ને વડોદરા શહેરમાં વાત ચલાવી ને તે વાત સરકાર સુધી પહોંચી.

પછી પૂનમનો દિવસ આવ્યો ને રાત્રી પડી ને ગામના સર્વે માણસો ગ્રહણ જોવા ઉતાવળા થઈ ભેગા થયા ને સરકાર પણ મેડીમાં ગ્રહણ જોવા બેઠા. ને ગ્રહણ જોવા એણે દશ ગાઉ સુધી ઘોડા મોકલ્યા પણ ગ્રહણ તો સ્વામીના કહ્યા પ્રમાણે ન થયું. તે વાત જોઈને બ્રાહ્મણ આશ્ચર્ય પામ્યો જે, આ સદ્.શ્રીગોપાળાનંદસ્વામી તો કોઈ સમર્થ પુરુષ જણાય છે. ને સરકાર વગેરે સર્વે બોલ્યા જે, “આ સ્વામિનારાયણના

૧.શહેરના પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ. ૨.ઘમંડી.

સાધુ સદ્.શ્રીગોપાળાનંદસ્વામી તો બહુ મોટા છે, તે ગ્રહણ થવાનું હતું પણ ફેરવી નાંખ્યું.”

પછી સ્વામી વડતાલ પધાર્યા. ત્યારે રઘુવીરજી મહારાજ તથા સદ્.શ્રીનિત્યાનંદસ્વામી વગેરે સર્વેની સભા થઈ. ત્યારે શ્રીનિત્યાનંદ સ્વામીએ શ્રીગોપાળાનંદસ્વામીને કીધું જે, “સ્વામી ! આ પૂનમનું ગ્રહણ થવાનું હતું, પણ તમે ઉડાવી મેલ્યું તે ઠીક ન કર્યું. કેમ જે, ગ્રહણને દિવસે માણસો લાખો રૂપિયાના દાન કરે છે.” ત્યારે સદ્.શ્રીગોપાળાનંદ સ્વામી બોલ્યા જે, “ હે સ્વામી ! તે બ્રાહ્મણ બહુ ગર્વિષ્ઠ હતો ને જેમ તેમ બોલતો હતો તેથી ઉડાવી મેલ્યું.” ॥૧૭॥

## ૧૮. ભક્તમાં રહેલો નાસ્તિકભાવ ક્યારે ટળે ?

વડતાલમાં એકવાર ચૈત્ર સુદ નોમ ઉપર સમૈયે ગઢડા વગેરે સર્વેના સાધુ ભેગા થયા હતા. ને સદ્.શ્રીઅક્ષરાનંદસ્વામીને આસને વચનામૃતની કથા વંચાતી હતી. અમદાવાદનું પહેલું વચનામૃત વંચાવતા હતા. તેમાં એમ વાત આવી જે, ડાબા નેત્રમાં ચંદ્રમાનું ધ્યાન કરવું તથા જમણા નેત્રમાં સૂર્યનું ધ્યાન કરવું. ને તે ધ્યાન કરતાં કરતાં તેવા ને તેવા સૂર્ય તથા ચંદ્રમા હૃદયને વિષે દેખાવા માંડે, ત્યારે જેટલામાં સૂર્ય ને ચંદ્રમાની ગતિ છે તેટલી એની પણ દષ્ટિ પહોંચે અને બ્રહ્માંડમાં જેટલા પદાર્થ છે તેટલામાં તે ધ્યાન કરનારાની દષ્ટિ પહોંચે અને ત્યારે બધા પદાર્થ દેખ્યામાં આવે, ત્યારે તેનો નાસ્તિકભાવ સર્વે ટળે.

ત્યારે ભક્ત મોનજીએ પૂછ્યું જે, “હે સ્વામી ! અમારે તો કાંઈ દેખાતું નથી, ત્યારે અમારે તો નાસ્તિકભાવ એમ ને એમ રહ્યો.” ત્યારે એક સાધુ બોલ્યા જે, “એ વાત તો સત્સંગી નથી તેની છે, પણ સત્સંગીને તો મહારાજનો નિશ્ચય છે, તેને નાસ્તિકભાવ કેમ કહેવાય ? માટે એમ ન કહીએ, એ તો અમનેય નથી દેખાતું; ત્યારે તો અમેય નાસ્તિક ઠર્યા. એમ તું સમજે છે તેં તો બધાયને વિષે નાસ્તિક ભાવ ઠેરાવ્યો.” પછી તો ભક્ત મોનો ન બોલ્યો ને તે સાધુ તો બહુ

ખીજ્યા. પછી કથા વંચાઈ રહી ને સહુ ઊઠ્યા.

પછી તે દિવસ ગયો ને બીજા દિવસની સવારનો પો'ર થયો, ત્યારે સદ્.શ્રીગોપાળાનંદસ્વામીને આસને સભા થઈ. તે સભામાં જે સાધુને ના પાડી હતી, તે આગળથી આવીને બેઠેલા ને સભા ભરાણી. ત્યાં એ ભક્ત મોનો આવ્યો. તે સામું ના પાડનાર સાધુએ જોયું ને બોલ્યા જે, "હે ગોપાળાનંદસ્વામી ! આ મોના ભક્તે તો સર્વેને નાસ્તિક ઠરાવ્યા." ત્યારે સદ્.શ્રીગોપાળાનંદસ્વામી બોલ્યા જે, "શી રીતે નાસ્તિકભાવ ઠેરાવ્યો ?"

ત્યારે સાધુ કહે, "ઓલું અમદાવાદનું વચનામૃત વંચાવ્યું હતું. તેમાં 'દેખાય ત્યારે નાસ્તિકભાવ ટળ્યો' તે વાત તો જેને મહારાજનો નિશ્ચય ન હોય તેની છે પણ નિશ્ચયવાળાની નથી. માટે નાસ્તિકભાવ નિશ્ચયવાળા ભક્તમાં ઘાલે છે." ત્યારે સદ્.શ્રીગોપાળાનંદસ્વામી બોલ્યા જે, "તમે કેમ સમજો છો ?" ત્યારે તે સાધુ બોલ્યા જે, "અમે તો સત્સંગી ના હોય તેને નાસ્તિકભાવ છે, તેમ સમજીએ છીએ."

ત્યારે સદ્.શ્રીગોપાળાનંદસ્વામી બોલ્યા જે, "શ્રીજી મહારાજે કહ્યું તે વાત સાચી છે, પણ દેખાણા વિના નાસ્તિકભાવ ટળતો નથી." ત્યારે સાધુ બોલ્યા જે, "દેખાય તો કહીએ ને ! અમને તો દેખાતું નથી. ત્યારે તો અમારે નાસ્તિકભાવ આવ્યો ને ?" પછી સદ્.શ્રી ગોપાળાનંદસ્વામી બોલ્યા, "હે સ્વામિન્ ! આપણે આ પ્રત્યક્ષ ભગવાનની વાત પડી મેલો ને પરોક્ષ ભગવાનની વાત લ્યો."

પછી સદ્.શ્રીગોપાળાનંદસ્વામી બોલ્યા જે, "શ્રીકૃષ્ણ ભગવાન નરકાસુરને મારીને ઈન્દ્રની માતાનાં કુંડળ દેવા ગયા. ત્યારે ઈન્દ્રે ભગવાનની પૂજા કરી, સ્તુતિ કરી ને બહુ રાજી થયો. પછી બોલ્યો જે, "હે મહારાજ ! મારું કામ બહુ કર્યું." પછી ભગવાને કુંડળ દીધાં.

પછી ત્યાંથી ચાલી નીકળ્યા. પછી ચાલતાં માર્ગમાં પારિજાતનાં ઝાડ આવ્યાં. ત્યારે સત્યભામાએ કહ્યું જે, "હે મહારાજ ! આ બે પારિજાતનાં ઝાડ લ્યો." ત્યારે ભગવાને ગરુડજીને કહ્યું જે, "આ

પારિજાતનાં બે ઝાડ લ્યો.” ત્યારે તે ઝાડ ગરુડજીએ ખેંચી લીધાં. તે વાત ઈન્દ્રે સાંભળી ને એમ બોલ્યા જે, “એ મનુષ્ય કનૈયો આપણાં દેવલોકનાં ઝાડ લઈ જાય છે, તેને ન લેવા દેવા.” પછી ૩૩ કરોડ દેવ લઈને ઈન્દ્ર લડવા આવ્યો ને યુદ્ધ ઘણું થયું. પછી ભગવાને ગરુડજીને આજ્ઞા કરી જે, “એને મારીને કાઢી મેલો.” ત્યારે ગરુડજીએ પાંખ મારીને હઠાવ્યા. પછી સર્વે દેવતા ભાગી ગયા; એમ ઝાડ લીધાં. ત્યારે ઈન્દ્રને કૃષ્ણને વિષે નાસ્તિકભાવ આવ્યો કે નહિ ? પ્રથમ સ્તુતિ કરી ને પછી લડવા આવ્યો; એ તે શું કહેવાય ?

બીજું અક્રુરજીને તથા બળદેવજીને નાસ્તિકભાવ આવ્યો. તથા નારદજી તથા પરવત ભગવાનના એકાંતિક ભક્ત હતા તોપણ તેમણે ભગવાન આગળ કપટ કર્યું.

તે એકવાર નારદજી તથા પરવત અમરીષને ઘરે ગયા. ત્યારે રાજા અમરીષ પૂજા કરીને રાજી થયા ને પછી એમ બોલ્યા જે, “હે મહારાજ ! બેય જણા ત્રિલોકીમાં ફરો છો, તે તમે બધું જાણો છો. માટે આ મારી કન્યા જયંતી કોને પરણાવવી ?” ત્યારે બેય એમ બોલ્યા જે, “તારી કન્યા અમને દેખાડ.”

પછી અમરીષ રાજાએ કન્યાને બોલાવી અને કન્યા પાસે આવી. તેણે નારદજી તથા પરવત સામું જોયું, ત્યારે બેય જણ વ્યાકુળ થઈ ગયા ને એમ બોલ્યા જે, “તારી કન્યા અમને આપ.” ત્યારે અમરીષ રાજા બોલ્યા જે, “તે વાત સાચી કહો છો કે ખોટી કહો છો ?” ત્યારે બેય જણ બોલ્યા જે, “એ વાત સાચી છે, હવે અમારે ગૃહસ્થાશ્રમ કરવો છે.” તે વાત સાંભળીને અમરીષ રાજા વિસ્મય પામી ગયા ને એમ બોલ્યા જે, “કાલે સ્વયંવર[૧] કરવો છે, માટે તમો પણ આવજો.”

પછી બન્ને જણે જાણ્યું જે, આપણા દેહ ઘરડા છે ને કુરૂપ છે તે કન્યા આપણને નહિ વરે. અને જેનો દેહ રૂપવાન હશે તેને વરશે.

**૧.**કન્યાએ પોતે જ પોતાના પતિની પસંદગી કરવાનો ઉત્સવ.

એમ બન્ને જણે મનમાં વિચાર કર્યો, પણ કોઈએ કોઈને વાત કહી નહિ. પછી નારદજી ભગવાન પાસે વૈકુંઠમાં ગયા ને ભગવાન પાસે વર માંગ્યો જે, "મહારાજ ! મારે એક વિનોદ[૧] કરવો છે ને રાજામાત્રનું માન મરોડવું છે, માટે તમારું રૂપ આપો; કેમ જે, અમરીષ રાજાની દીકરી જયંતી વરે છે માટે તે સારુ રાજા અમરીષ સ્વયંવર કરે છે, ત્યાં મારે જવું છે. ત્યાં પરવત આવશે, તે સમે તેનું માંકડાનું મોઢું થાય તેવો વર આપો."

પછી ભગવાને વર આપ્યો તથા તેવો ને તેવો વર પરવતે પણ માંગી લીધો ને તેને પણ ભગવાને વર આપ્યો. પછી બેય જણા અમરીષને ઘરે સ્વયંવર થતો હતો ત્યાં ગયા. ને બેય જણાનાં માંકડાનાં મોઢાં થયાં. તેને જોઈને કન્યા ન વરી ને બેય જણે અમરીષ રાજાને શાપ દીધો. તે શાપ અમરીષ રાજાને લાગ્યો નહિ ને તે શાપ બન્ને ઋષિઓની વાંસે ચાલ્યો ને ઋષિ બળવા લાગ્યા. પછી બેય જણા ભાગ્યા ને હેરાન થયા.

માટે હે મોટા સાધુ ! એ તો મોટા હતા તોપણ ભગવાન આગળ નાસ્તિકપણું[૨] ને કપટ બેય કર્યાં. આવી તો અનેક વાતો છે.

વળી બીજું જે, આપણા બધાય સાધુની શ્રીજીમહારાજે વહેંચણી કરી,[૩] ત્યારે જુઓને કેમ થયું ? માણસે શ્રીજીમહારાજને વિશે દોષ કલ્પ્યા જે, "મહારાજ ! તમે રઘુવીરજી મહારાજનો પક્ષ રાખો છો ને અયોધ્યાપ્રસાદજી મહારાજનો પક્ષ રાખતા નથી." તે સાંભળીને મહારાજ ઉદાસ થઈ ગયા. માટે **ભગવાનનો ભક્ત હોય અને નિશ્ચય હોય તોય નાસ્તિકપણું ને કપટ એ બે દોષ જતા નથી. એ તો ક્યારે જાય ? તો સાક્ષાત્કાર દેખાય ત્યારે તે દોષ જાય."** ॥૧૮॥

**૧.**મજાક; ટીખળ. **૨.**'ભગવાન હોય તે તો અંતર્યામી હોય જ' એ વાતનું વિસ્મરણ તથા પ્રભુને છેતરવાની વૃત્તિ. **૩.**વડતાલદેશ તથા અમદાવાદ દેશમાં રહેવાના વિભાગ કર્યા.

# ૧૯. નેત્ર દ્વારા અક્ષિવિદ્યા દેખાડી.

એક સમયે સદ્‌.શ્રીગોપાળાનંદસ્વામી પોતાનું મંડળ લઈને વડોદરા ફરવા ગયા ને ત્યાંના મંદિરમાં નિવાસ કરીને રહ્યા. પછી ત્યાં કથા-વાર્તા કરાવે ને મનુષ્ય બહુ ભરાય ને સ્વામી વાતો બહુ કરે, ને વાતો કરતાં અષ્ટાંગયોગની વાત નીકળી. તે ઉપર બ્રહ્મભાવની વાત ઘણી કરી. તેથી ત્યાંના હરિભક્ત સર્વે બહુ રાજી થયા.

પછી સદ્‌.શ્રીગોપાળાનંદસ્વામી બહુ રાજીપામાં બેઠેલા ને દિવસ ચાર ઘડી ચડેલો, ત્યારે સ્વામી પાસે વૈદ્ય રામચંદ્ર વગેરે સર્વે દર્શન કરીને બેઠા. ત્યાં સ્વામી ધ્યાન કરવા માંડ્યા. તે ધ્યાનમાં જોડાઈ ગયા પછી બોલ્યા નહિ. ને ધ્યાન કરતાં-કરતાં જમણું નેત્ર ઊછળવા માંડ્યું ને ડાબું નેત્ર પણ ઊછળે ને ઊંચુ થાય ને હેઠે બેસે એમ નેત્ર થવા માંડ્યું. ત્યાં તો સાધુ પુરુષાનંદસ્વામીએ વાત જાણી, જે આ ગોપાળાનંદ સ્વામીને શું થઈ ગયું ? ત્યાં તો શાસ્ત્રી કૃષ્ણરામ વગેરે સર્વે ભેગા થઈ ગયા ને માણસ હાકા-બાકા[1] થઈ ગયા. પછી સૌ એમ બોલ્યા જે, “ગોપાળાનંદસ્વામી દેહ નહિ રાખે.” ને આંખો ઊંચી થાય ને હેઠે બેસે. તે સામું જોઈને સૌ બેઠા ને શોક કરવા માંડ્યા. શ્રીગોપાળાનંદ સ્વામી દેહની સ્મૃતિ ભૂલી ગયા. પછી અરધા કલાક સુધી એમ કર્યું.

પછી પાછા દેહમાં આવ્યા. ને સ્વામીએ આંખ ઉઘાડી ને બોલ્યા જે, “વૈદ્યરાજ ! કેમ છો ?” ત્યારે સર્વે બોલ્યા, “હે સ્વામી ! આ તે તમે ધ્યાન કેમ કર્યું ? તમારી આંખ ઊછળતી હતી.” ત્યારે સદ્‌.શ્રી ગોપાળાનંદસ્વામી બોલ્યા, “એ તો અમે યોગ સાધ્યો ને નેત્ર ઊલટ-પૂલટ કર્યા, તે નેત્રદ્વારે અક્ષિવિદ્યા[2] કરી.” પછી સાધુ પુરુષાનંદજી તથા વૈદ્ય રામચંદ્ર તથા શાસ્ત્રી કૃષ્ણરામ વગેરે સર્વે બોલ્યા જે, “સ્વામી ! અમને તો બહુ બીક લાગી જે, સ્વામી તો દેહ નહિ રાખે, એવો અમને ભય લાગ્યો.” ત્યારે ગોપાળાનંદસ્વામી બોલ્યા, “એમાં શું ? અમે નેત્રદ્વારે અક્ષિવિદ્યા સાધી છે.”

**૧.**ભયભીત. **૨.**આંખ દ્વારા ભગવાનને ધારવાની કળા.

પછી સૌ રાજી થયા ને આ વાત આખા શહેરમાં ચાલી ને તે ગોપાળાનંદસ્વામી બહુ મોટા છે, એમ વાત સાંભળીને સરકાર પણ બહુ રાજી થયા. ॥૧૯॥

## ૨૦. સ્વામીએ ચંદ્રમંડળને ખેંચ્યું.

સંવત ૧૮૮૮ની સાલમાં ચોમાસામાં સદ્.શ્રીગોપાળાનંદસ્વામી મંડળ લઈને વડોદરા ફરવા ગયેલા ને મંદિરમાં ઊતર્યા. ત્યાં હરિભક્ત સર્વે દર્શન કરવા આવ્યા ને દર્શન કરીને બેઠા. પછી સ્વામીએ વાતો કરી ને સર્વેને ખબર પૂછી જે, "તમે સારી પેઠે છો ?"[૧] પછી હરિભક્ત બોલ્યા જે, "મહારાજ ! અમે સર્વે રાજી છીએ. તમે પધાર્યા તે અમારે બહુ સારું થયું." પછી સ્વામી રાજી થયા.

પછી સદ્.શ્રીગોપાળાનંદસ્વામી હરિભક્ત પાસે વાતો બહુ કરે ને હરિભક્ત રાજી થાય. એમ વાત-ચીત કરવામાં એક માસ થયો. ત્યાર પછી પૂનમનો દિવસ આવ્યો. તે દિવસ વૈદ્ય રામચંદ્રે રસોઈ દીધી ને સાધુ સર્વે જમ્યા. ને સાંજ વખતે વૈદ્ય રામચંદ્રે ગોપાળાનંદ સ્વામીની પૂજા કરીને લૂગડાં[૨] ઓઢાડ્યાં ને સ્વામીને રાજી કર્યા.

પછી રાત પડી ને કથા-વાર્તા કરીને સદ્.શ્રીગોપાળાનંદસ્વામી ચોક વચ્ચે ખાટલી નાંખી સૂતા ને સાધુ તથા હરિભક્ત આસપાસ સૂતા. પછી રાત્રિના બે પોર ગયા ને ચંદ્રમા બરોબર માથે આવેલો. તે સમે સ્વામીએ ચંદ્રમા સામું જોયું ને જોઈને બોલ્યા જે, "આ ચંદ્રમાનું તેજ ઘણું જણાય છે." ત્યારે સાધુ તથા હરિભક્ત જે જાગતા હતા તે બોલ્યા જે, "હે સ્વામી ! ચંદ્રમાનું તેજ તો આખા બ્રહ્માંડમાં અજવાળું કરે છે, માટે ચંદ્રમાનું તેજ ઘણું હોય તેમાં શું કે'વું ?"

ત્યારે ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, "ચંદ્રમા છેટે છે ને આટલું બધું તેજ છે, ત્યારે ઢૂંકડા આવે તો માણસને બહુ ટાઢક થાય ને માણસ સુખી થાય." ત્યારે સાધુ-હરિભક્ત એમ બોલ્યા જે, "હે સ્વામી ! ચંદ્રમા કાંઈ ઢૂંકડો આવે ? એ તો જ્યાં હોય ત્યાં ને ત્યાં જ રહે."

---

**૧.**ખૂશી-મજામાં છો ? **૨.**ધોતિયાં-ખેસિયાં.

ત્યારે સદ્.શ્રીગોપાળાનંદસ્વામી બોલ્યા જે, “મહારાજની મરજી હોય તો ઢૂંકડો આવે.” એમ કહીને ધ્યાન કરવા મંડી ગયા ને હરિભક્ત તથા સાધુ સર્વે જોઈ રહ્યા.

પછી શ્રીગોપાળાનંદસ્વામીએ ધ્યાન કરતાં-કરતાં પોતાની વૃત્તિ ચંદ્રમામાં ચોંટાડી ને ભગવાનની મૂર્તિ ચંદ્રમા વચ્ચે બેસાડી. પછી એમને એમ ઘડીક ધ્યાન કર્યું ને પછી પોતાની વૃત્તિ મૂર્તિ સહિત ખેંચી. ત્યારે ચંદ્રમા જે સ્થાનમાં હતા તે સ્થાનમાંથી મૂર્તિ ભેગા ચંદ્રમા પણ ખેંચાણા.

તે વખતે શ્રીગોપાળાનંદસ્વામીને હૈયામાં એમ સંકલ્પ હતો જે, ચંદ્રમાને તાણીને પાસે લાવવા. પછી ચંદ્રમા મૂર્તિ ભેગા ખેંચાણા તે વાત જોઈને શ્રીજીમહારાજ સદ્.શ્રીગોપાળાનંદસ્વામીની પાસે આવ્યા ને દર્શન દીધાં ને એમ બોલ્યા, “હે ગોપાળાનંદસ્વામી ! આ શું કરો છો ? એ ચંદ્રમાને હેઠે ના ઉતારવા. એ ચંદ્રમાને તો ભગવાને આ બ્રહ્માંડમાં જીવના સુખને અર્થે બ્રહ્માંડ વચ્ચે સ્થાપન કર્યા છે, માટે એમ ન કરવું.”

પછી ગોપાળાનંદસ્વામીએ ચંદ્રમામાં મૂર્તિએ સહિત જે વૃત્તિ જોડી હતી તે ઉપાડી લીધી ને મહારાજ સામું જોઈને બોલ્યા, “હે મહારાજ ! તમે ઠીક કર્યું. (કહ્યું) હવે હું એમ નહિ કરું.” પછી મહારાજને પગે લાગ્યા. ત્યારે મહારાજ રાજી થયા ને પછી અદશ્ય થયા.

તે વાત જોઈને સાધુ-હરિભક્ત સર્વે આશ્ચર્ય પામ્યા ને એમ બોલ્યા જે, “સદ્.શ્રીગોપાળાનંદસ્વામી તો બહુ મોટા. જો ને, એની વૃત્તિ ભેગા ચંદ્રમા ખેંચાણા ને મહારાજે ના પાડી ત્યારે તે વાત પડી મેલી. માટે સદ્.શ્રીગોપાળાનંદસ્વામી તથા શ્રીજીમહારાજ તો એક જ રૂપ છે.” ॥૨૦॥

## ૨૧. ચાર પ્રકારના ચાકરની રીત

એક સમયે સદ્.શ્રીગોપાળાનંદસ્વામી શ્રીગોપીનાથજી મહારાજનાં દર્શન કરવા સારુ શ્રીગઢપુરમાં પધાર્યા ને ઉતારા કરીને સભામાં બેઠા.

ત્યાર પછી દાદાખાચર વગેરે સર્વે હરિભક્ત શ્રીગોપાળાનંદસ્વામી પાસે આવીને બેઠા. પછી સ્વામીએ દાદાખાચર વગેરે સર્વે હરિભક્તને ખબર પૂછી જે, "સર્વે સુખી છો ?" ત્યારે દાદોખાચર બોલ્યા જે, "સર્વે સુખી છીએ મહારાજ ! તમે પધાર્યા તે બહુ સારું થયું." પછી વાત-ચીત કરતાં દસ દિવસ થયા.

ત્યાર પછી એક સમયે સવારના પોરમાં સદ્.શ્રીગોપાળાનંદસ્વામી સભા કરીને બેઠા ને એમ બોલ્યા જે, "આ મંદિરમાં પાર્ષદ કેટલાક છે ?" ત્યારે સદ્.શ્રીપ્રેમાનંદસ્વામી બોલ્યા જે, "પાર્ષદ તો ચાલીસેક છે." ત્યારે સદ્.શ્રીગોપાળાનંદસ્વામી બોલ્યા જે, "એ સર્વેને અમારી પાસે લાવો." ત્યારે પ્રેમાનંદસ્વામીએ માણસ મોકલીને સર્વેને બોલાવ્યા.

પછી ભક્ત ઝવેર તથા ભક્ત મોનજી તથા ભક્ત ગોવિંદ તથા ભક્ત માંડણ વગેરે સર્વે પાર્ષદો આવ્યા ને સદ્.શ્રીગોપાળાનંદસ્વામીને પગે લાગીને પાસે બેઠા. પછી સ્વામી સર્વે સામું જોઈને બોલ્યા, "તમે ભગવાનના ભક્ત છો. જેમ રાજા હોય તેના ચાકર ચાર પ્રકારના હોય, તેમાંથી તમે કયા ચાકર છો ?"

ત્યારે ઝવેર ભક્ત તથા મોના ભક્ત વગેરે કોઈ બોલ્યા નહિ. ત્યારે સદ્.શ્રીગોપાળાનંદસ્વામી બોલ્યા જે, "એક રાજાનો ઢોલિયાનો ચાકર,[૧] બીજો રાજાનો પટાવત,[૨] ત્રીજો રાજાનો સિપાઈ[૩] અને ચોથો રાજાનો ગોલો.[૪] તેમ રાજા તે રઘુવીરજી મહારાજ, ને તેના તમે ચાકર છો. તે તમે ઢોલિયાના ચાકર છો કે પટાવત છો કે સિપાઈ છો કે ઘરના ગોલા છો ? એ ચારના રૂપ હું કહું તે સાંભળો.

ઢોલિયાના ચાકર હોય તે તો રાજા પાસે કોઈ ચોર-ચકાર આવે તો એને મારે ને કાં તો પોતે મરે, પણ રાજા પાસે આવવા દે નહિ. પણ એ ઢોલિયાનો ચાકર છે તેનો દીકરો હોય તે કાંઈક વાંકમાં આવ્યો હોય ને રાજા એને દંડ દેવા ઊભો થાય તો એ છોકરાનો પક્ષ લઈને

**૧.**અંગરક્ષક-બોડીગાર્ડ. **૨.**પટાવાળો અથવા ગામગરાસનો પટો ભોગવનાર ગરાસિયો. **૩.**રાજકાર્ય કરનાર નોકર **૪.**રાજાનું ઘરકામ કરનાર, રાણીવાસનો વિશ્વાસપાત્ર ચાકર.

રાજા સામો થાય. કેમ જે, રાજા કરતાં પોતાના છોકરામાં વધુ હેત છે. માટે ઘણો ઢોલિયાનો ચાકર છે પણ દીકરાની વાત આવી ત્યાં રાજા સંગાથે મહોબત ન રહે.

ને બીજો જે રાજાનો પટાવત હોય તે રાજાનું કામકાજ કરતો હોય તે કોઈ રીતે રાજાના કામકાજમાં અવળું થવા દે નહિ. બીજા રાજાના દાવૈયા[૧] હોય તેની સાથે લડાઈ લે ને કોઈ રીતે રાજાનું અવળું થવા દે નહિ. એવી રીતે રાજાની ચાકરી ખબરદાર થઈને કરે, પણ તેના લેખમાં[૨] રાજા કાંઈક આડું અવળું કરે ને લેખ ઓછો આપે તો એ રાજાનો પટાવત છે, તે રાજાનું અવળું કરવાને ઊભો થાય એ બીજો.

હવે જે રાજાનો સિપાઈ છે, તે રાજા જ્યાં મૂકે ત્યાં જાય ને રાજાનું કામકાજ કરે. જે કહે તે કરે પણ રાજાએ એનો લેખ આપવાનો કહ્યો હોય તે બંધ કરે અથવા થોડો આપે તો રાજાનું તે ચાકર અવળું કરે ને વાંકુ બોલે - એ ચાકર ત્રીજો.

ચોથો રાજાના ઘરનો ગોલો હોય, તે તો રાજાને સુખે સુખ ને રાજાને દુઃખે દુઃખ. અને એ રાજા ગોલાને ખાસડા મારે તો ખમી રહે ને કાંઈ બોલે નહિ ને તે ખાસડા ખંખેરીને રાજા આગળ મેલે. ને એમ બોલે જે, “બાપ ! શું કરવા મારો છો ? અમે તો તમારા ઘરના ગોલા છીએ, તે અમે તમને મેલીને ક્યાં જઈએ ?” પણ એ ગોલાને જવાને કાંઈ દિશા સૂઝે નહિ ને ક્યાંય જાય પણ નહિ - એ ગોલા કહેવાય.

તો બોલો, આ ચારમાંથી તમે કેવા પ્રકારના ચાકર છો ? પછી ઝવેર ભક્ત તથા મોનો ભક્ત વગેરે સર્વે પાર્ષદ બોલ્યા જે, “અમે તો રઘુવીરજી મહારાજના ગોલા છીએ.” પછી સ્વામી રાજી થયા. પછી સ્વામી બોલ્યા જે, “**સાધુ, બ્રહ્મચારી ને પાળા એ સર્વે ત્યાગી કહેવાય છે, તે એ સર્વેને ધન રાખવું નહિ.** જે ધન રાખે તેને હું મળીશ નહિ ને તેવા કોઈ મને મળવા આવશો મા. ॥૨૧॥

**૧.**દુશ્મન. **૨.**પગારમાં.

# ૨૨. કીડીઓનું કલ્યાણ

એક સમયે સદ્.શ્રીગોપાળાનંદસ્વામી શ્રીગઢપુરમાં હતા ને કથા-વાર્તા બહુ કરતા. એક દિવસ સદ્.ચૈતન્યાનંદસ્વામી તથા નૃસિંહાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદસ્વામી તથા સિદ્ધાનંદસ્વામી વગેરે સર્વે સાધુ સભા કરીને બેઠા હતા. તે સમયે સદ્.શ્રીગોપાળાનંદસ્વામી બોલ્યા, "હે ચૈતન્યાનંદસ્વામી ! ભગવાનની ઉપાસના[1] કરવી ને પ્રતિલોમ[2] ધ્યાન કરવું ને તેની વાત બહુ કરવી. તે વાત કર્યામાં ભગવાનનો બહુ રાજીપો છે." માટે એ બે વાત સદ્.શ્રીગોપાળાનંદસ્વામી બહુ કરતા, તેથી આ સત્સંગમાં પ્રવર્તી ગઈ છે.

પછી તે ને તે દિવસે ગોપાળાનંદસ્વામી વગેરે સર્વે સાધુ શ્રીલક્ષ્મીવાડીએ નાહવા ગયા. ત્યાં કૂવાને કાંઠે ઉતારો કરીને સ્વામી વગેરે દસ જણ તૂંબડાં ભરીને કૂવાથી આથમણી તરફ જે નદી છે, ત્યાં સુધી વાતો કરતાં કરતાં ગયા.

પછી સદ્.શ્રીગોપાળાનંદસ્વામી એ નદીની આથમણી તરફ ધરો છે તેથી ઓતરાદિ તરફ નાહવા ગયા ને ખાડો જોઈને બેઠા. ત્યાં એક ખડનું થૂંબડું હતું, તે થૂંબડું પગે કરીને દબાણું. તેમાંથી હજારો કીડીઓ નીકળી. તે કીડીઓ જોઈને પોતાને એમ સંકલ્પ થયો જે, આ કીડીઓ કરોડો-લાખો છે, તેનું કલ્યાણ કેમ થાય ? એમ સંકલ્પ કરીને શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન કર્યું. તે ધ્યાન કરીને કીડિયારા સામું જોયું, ત્યાં તો કીડીઓના દેહ પડી ગયા ને કીડીઓ ચતુર્ભુજરૂપે થઈને હજારો વિમાન આવ્યા, તેમાં બેસીને ભગવાનના ધામમાં ગઈ.

પછી સદ્.શ્રીગોપાળાનંદસ્વામીએ કીડીઓના દેહ પડી ગયા તે જોયા ને મનુષ્યને આકારે ચતુર્ભુજરૂપે થઈ ને વિમાનમાં બેઠી, તે સર્વે વાત પોતે નજરે જોઈ તેથી પોતાનું મોઢું પ્રફુલ્લિત થયું. પછી ત્યાંથી ઊઠીને નદીને કાંઠે આવ્યા. ત્યાં સર્વે સાધુ ભેગા થયા ને નદીમાં હાથ

**૧.**સર્વોપરી નિષ્ઠા તથા ભક્તિ રાખવી. **૨.**વૃત્તિઓ અંતર સન્મુખ પાછી વાળીને.

ધોવા બેઠા. ત્યારે સદ્.શ્રીચૈતન્યાનંદસ્વામીએ સદ્.શ્રીગોપાળાનંદ સ્વામીના મોઢા સામું જોયું. ત્યારે સ્વામી ચૈતન્યાનંદજી બોલ્યા, “હે ગોપાળાનંદસ્વામી ! તમારું મોઢું આવું પ્રફુલ્લિત કેમ થયું ? ને આવો રાજીપો કેમ થયો ? આ તે તમને કાંઈ મા’રાજનું દર્શન થયું ? આવા રાજી શેણે કરીને થયા ?”

ત્યાર પછી સદ્.શ્રીગોપાળાનંદસ્વામી બોલ્યા જે, “અમે તો એક આશ્ચર્ય દીઠું જે, અવતારાદિકના કારણ ને અક્ષરધામના પતિ એવા સર્વોપરી શ્રીસહજાનંદસ્વામી મહારાજનો પ્રતાપ બહુ મોટો બહુ મોટો. ત્યારે ચૈતન્યાનંદસ્વામી કહે કે, “સ્વામી ! તમે શું આશ્ચર્ય દીઠું ? શું પ્રતાપ મોટો ?” ત્યારે સદ્.શ્રીગોપાળાનંદસ્વામી કીડિયારા બાબત જે હકીકત બની ને સર્વે કીડીઓ ચતુર્ભુજરૂપે થઈને વિમાનમાં બેસી ભગવાનના ધામમાં ગઈ, તે વિસ્તારે કરીને સર્વે કહેતા હવા. તે વાત સાંભળીને સદ્.શ્રીચૈતન્યાનંદસ્વામી તથા નૃસિંહાનંદસ્વામી તથા ગુણાતીતાનંદસ્વામી સાંભળીને બહુ રાજી થયા. ને સૌ બોલ્યા જે, “શ્રીગોપાળાનંદસ્વામી જે સંકલ્પ કરે, તેવું ને તેવું શ્રીજીમહારાજને પ્રતાપે કરીને થાય છે.” એમ કહીને સહુ કૂવે આવ્યા ને ત્યાં નાહ્યા. ને પછી મંદિરમાં આવ્યા. ॥૨૨॥

## ૨૩. પ્રતિલોમ ધ્યાનની રીત

એક વખત સદ્.શ્રીગોપાળાનંદસ્વામી તથા સદ્.શ્રીચૈતન્યાનંદ સ્વામી તથા નૃસિહાનંદસ્વામી તથા સિદ્ધાનંદસ્વામી વગેરે સર્વે સવારના પહોરમાં કથા-વાર્તા કરીને શ્રીલક્ષ્મીવાડીએ નહાવા ગયા. તે વાડીમાં બાવળને છાંયે બેઠા ને સદ્.શ્રીગોપાળાનંદસ્વામીએ ઉપાસનાની વાતો તથા પ્રતિલોમ ધ્યાનની વાતો બહુ કરી. તે વાતો સાંભળીને સદ્.શ્રી ચૈતન્યાનંદસ્વામી બોલ્યા જે, “હે ગોપાળાનંદસ્વામી ! શ્રીજીમહારાજે ઉપાસનાની તથા ધ્યાનની વાતો બહુ કરી છે, પણ આજ સમજાય છે તેવી તે દિવસે સમજાતી ન હતી; માટે બહુ સારી વાત કરી.

પછી સૌ ત્યાંથી વોકળીએ નહાવા ચાલ્યા. ને ત્યાં જઈ ઉતારો કરીને બહિર્ભૂમિએ[૧] ગયા ને સદ્.શ્રીગોપાળાનંદસ્વામી પણ ગયા. પછી હાથ ધોઈને એકાંત સ્થાનમાં ભગવાનનું ધ્યાન કરવા બેસી ગયા. તેમાં શ્રીગોપાળાનંદસ્વામીએ ઉપશમ[૨] કર્યો ને અડધી કલાક બેઠા. પછી ઊઠવાનું કર્યું પણ ઉઠાયું નહિ તેથી ઘણી વાર લાગી. ત્યારે સદ્.શ્રી ચૈતન્યાનંદસ્વામી વગેરે સર્વે ગોપાળાનંદસ્વામી પાસે આવ્યા ને સ્વામીને જોયા ને પછી એમ બોલ્યા જે, "આ તે ગોપાળાનંદસ્વામીને શું થઈ ગયું, જે આવા શરીરે માંદા થઈ ગયા." એમ કહીને પછી બેઠા ને પછી બોલ્યા જે, "સ્વામી ! આ ધ્યાન કરતાં તમને વાર બહુ લાગી. માટે હવે કહો તો મંદિરમાં જઈએ."

ત્યારે સદ્.શ્રીગોપાળાનંદસ્વામી ધ્યાનમાંથી જાગ્યા. અને બોલ્યા જે, "ચાલો જઈએ." પછી સદ્.શ્રીગોપાળાનંદસ્વામી ઊઠવા માંડ્યા પણ ઉઠાણું નહિ. ત્યારે સાધુએ બાવડે ઝાલ્યા. ત્યારે સદ્.શ્રીચૈતન્યાનંદ સ્વામી કહે, "આ તે સ્વામીને શું થઈ ગયું ? આવા ઘડીકમાં માંદા થઈ ગયા ને ઉઠાતું નથી." ત્યાર પછી સદ્.શ્રીગોપાળાનંદસ્વામી બોલ્યા જે, "આ તો મેં ભગવાનનું ધ્યાન કરીને ઉપશમ કર્યો તેણે કરીને આવું શરીર થઈ ગયું." પછી સદ્.શ્રીચૈતન્યાનંદસ્વામી બોલ્યા જે, "હે સ્વામી ! આ તે તમારો ઉપશમ કેવો ?"

ત્યારે સદ્.શ્રીગોપાળાનંદસ્વામી બોલ્યા જે, "હે ચૈતન્યાનંદ સ્વામી ! મેં ઉપશમ એમ કર્યો જે દેહમાંથી વૃત્તિ સંકેલી તે ઇન્દ્રિયોમાં આવી. ને ઇન્દ્રિયોમાંથી વૃત્તિ સંકેલી તે અંતઃકરણમાં આવી. અને અંતઃકરણમાંથી વૃત્તિ સંકેલી તે જીવમાં લીન કરી. પછી ભૂમભાવ[૩] ધાર્યો તે આવ્યો અને મહારાજની મૂર્તિનું ધ્યાન કર્યું. તેણે કરીને આ દેહ આવો થઈ ગયો. કેમ જે, પ્રાણ સંકેલાય ત્યારે દેહમાં વૃત્તિ ન રહે, ત્યારે તેણે કરીને દેહ આવો થઈ ગયો." માટે ઉપશમ કર્યા વિના કારણ શરીરને ધક્કો ન લાગે,[૪] એ દશની[૫] વાતો બહુ કરી. ॥૨૩॥

**૧.**દિશાએ-જાજરૂ જવા. **૨.**સર્વ વૃત્તિઓનો મૂર્તિમાં વિરામ. **૩.**બ્રહ્મભાવ. **૪.**વાસના પાછી ન પડે. **૫.**તે બાબતની.

## ૨૪. શુકસ્વામીના ધ્યાનની રીત

કાનમ દેશમાં ગામ દોરાએ શ્રીરઘુવીરજી મહારાજ ફરવા ગયા હતા. ત્યાં સદ્.શ્રીગુણાતીતાનંદસ્વામી તથા શુકસ્વામી વગેરે સાધુ હતા. તે ગામને પાદર ઊતર્યા. તે સમયે દેરા[1] ઊભા કરવા સારુ માણસમાત્ર ગયા હતા. ને સાધુ તથા સદ્.શ્રીગુણાતીતાનંદસ્વામી વગેરે આડા-અવળા ઝાડીમાં બેઠા હતા. તથા શ્રીરઘુવીરજી મહારાજનો દેરો ઊભો કરેલો હતો. ત્યાં મહારાજશ્રી તે દેરામાં પધાર્યા ને શુકસ્વામી એકલા લીમડાનું ઝાડ હતું ત્યાં બેઠા રહ્યા. તે સમયે મોને ભક્તે પ્રશ્ન પૂછ્યો જે, “હે સ્વામી ! ધ્યાન કેમ કરવું ? તથા તમે કેમ ધ્યાન કરો છો ? એ વાત ધ્યાનની કહો.”

પછી શુકસ્વામી રાજી થઈને બોલ્યા જે, “હું તો આત્મારૂપ થઈને મહારાજની મૂર્તિનું ધ્યાન કરું છું. તે પ્રથમ આત્મામાં મૂર્તિ દેખાય ત્યાર પછી અંતઃકરણ આદિકની વૃત્તિઓ એકાગ્ર થઈને મૂર્તિ સાથે સંલગ્ન થાય છે. ત્યારે આ બ્રહ્માંડ અણુવત, કહેતાં અણુ જેવા ભાસે છે. પછી તે મૂર્તિ જોતા જોતા કશી ખબર રહેતી નથી, એટલું તેજ દેખાય છે. તથા મૂર્તિએ સહિત બધી સભા દેખાય છે; માટે એવી રીતે અમે ધ્યાન કરીએ છીએ.”

પછી મોનો ભક્ત કહે જે, “એવું ધ્યાન તો તમારે છે. બીજાને તો કોઈ કોઈકને થાતું હશે, પણ સર્વને એવું ધ્યાન ન થાય.” ત્યારે શુકસ્વામી કહે, “એ ધ્યાનનો અભ્યાસ કરે તો થાય. તે અભ્યાસ એમ કરવો જે, ‘એ ભક્તને મૂર્તિમાં સ્મૃતિ સંલગ્ન[2] રાખવી. એક તો એ ઉપાય ને ઈન્દ્રિયો તથા અંતઃકરણની વૃત્તિઓ આત્માને વિષે હોમવી, એમ હોમતા હોમતા પછી મૂર્તિ દેખાય તે મૂર્તિ સામું જોઈને ધ્યાન કરવું એ બીજો ઉપાય.’ એમ અભ્યાસ કરે તો એવું ધ્યાન થાય.” ॥૨૪॥

## ૨૫. સાંખ્ય વિચારની વાત

ગોપાળસ્વામીએ અમને વાત કરી કે, જેને રજ-તમનો વેગ વર્તતો

**૧.**તંબુ. **૨.**અખંડ જોડેલી.

હોય તેને પ્રથમ અંતઃકરણ વગેરે ચિત્ત તેને ફેરવવા શીખવું. જેને જે વિષયમાં ચિત્ત આસક્ત થયું હોય, તે ચિત્તમાં બીજું પ્રથમ ચિંતવવું; કેમ જે, જે પદાર્થમાં ચિત્ત વળગ્યું છે તે પદાર્થરૂપ તે થઈ ગયું છે, તે માટે બીજું પદાર્થ ચિંતવવું. એમ એક-બે વાર તથા પાંચ વાર ચિત્તને વારંવાર ફેરવવું. તો જે પદાર્થમાં ચિત્ત વળગ્યું હોય તે વિષયમાંથી નોખું પડી જાય. એવી રીતે પ્રથમ સાંખ્ય વિચાર કરવો.

પછી વળી એક દિવસ નૃસિંહાનંદસ્વામીએ વાત કરી જે, “જેને યોગ અભ્યાસ કરવો હોય તેની રીત કહીએ જે, દસ ઈન્દ્રિયોની વૃત્તિઓ સહુ-સહુના વિષયમાં ઊંધી ચાલે છે ને પગતી[૧] પડી જાય છે. કેમ જે, વૃત્તિ તો આંખમાં અલ્પ છે ને આખું મંદિર તથા મોટો પર્વત દેખાય છે, તે એ ઈન્દ્રિયોની વૃત્તિમાં સુખપણું બહુ છે. તે એ વૃત્તિના પેચ[૨] જ્ઞાની-ધ્યાનીને સમજવા કઠણ છે, તે સારુ એક જ્ઞાનેન્દ્રિય જે આંખની વૃત્તિ ને કર્મેન્દ્રિય જે પગની વૃત્તિ એ બેને એક કરવી. તથા જીભની વૃત્તિ ને શિશ્નની વૃત્તિ એ બેને એક કરવી. ને ત્વચાની વૃત્તિ ને હાથની વૃત્તિ એ બેને એક કરવી. એવી રીતે પાંચ જ્ઞાનેન્દ્રિયની વૃત્તિ ને પાંચ કર્મેન્દ્રિયની વૃત્તિ એક કરવી, તે એક થઈને મુખ્ય થાય ત્યારે બીજી સર્વે ઈન્દ્રિયો તેની વાંસે ચાલે ને ત્યારે વૃત્તિઓ પાંસરી[૩] ચાલે. પછી જ્યારે ધ્યાન કરવા બેસે, ત્યારે તેની વૃત્તિઓ ભગવાનનાં અંગમાં વળગે. પછી મન સ્થિર થવા માંડે ને ચારેય અંતઃકરણ સ્થિર થવા માંડે ત્યારે પોતાની વૃત્તિ લીલી-પીળી સાક્ષાત્કાર દેખવામાં આવે, ત્યારે ધ્યાનના કરનારાને સુખ થાય. ને જેમ જેમ ધ્યાન કરતો જાય ને આત્માને આકારે વૃત્તિ સ્થિર થાતી જાય, તેમ તેને નિરાવરણ વૃત્તિ થાતી જાય, ને તેમ તેમ વધુ સુખ થાતું જાય ને ભગવાન સમીપે થાય.[૪] માટે **વૃત્તિનો વ્યવહાર જાણીને ધ્યાન કરવું તે શ્રેષ્ઠ ધ્યાન છે.** જ્યારે વડતાલનું આઠમું વચનામૃત ગુરુમુખે સમજે ત્યારે આ વાત સમજાય, નહિ તો ન સમજાય.” ॥૨૫॥

**૧.**પહોળી. **૨.**દગા. **૩.**સીધી. **૪.**શ્રીહરિ સાથે નજીકપણું અનુભવાય.

## ૨૬. જીવમાં બળ હોય તો ધ્યાન-ભજન થાય.

સદ્.શ્રીગોપાળાનંદસ્વામીએ એક દિવસ વાત કરી જે, “જેનો જીવ જેટલો બળિયો હોય ને જેટલી પોતાને મુમુક્ષુતા હોય, તે આ વાતે કરીને ઓળખાય છે –

એક ચક્રવર્તી રાજાનું શહેર હતું. તે શહેરમાંથી એક અસવાર ઘોડિયે બેસીને બીજે શહેર જતો હતો. તે માર્ગમાં ડુંગરા ને ઝાડી ને સાંકડો માર્ગ, તેમાં ચાલવું પડે. તે ચાલતે ચાલતે ડુંગરની ગાળી[1] આવી. તેમાં મહા મદોન્મત્ત ઘોડા પંદર-વીસ ઊભેલા, તેની વચ્ચે થઈને ચાલવું પડે એવું હતું ને બીજે જવાનો રસ્તો ન મળે. પછી તે અસવારે વિચાર્યું જે, આપણી ઘોડી શી રીતે હાંકવી ? કેમ જે, આ માર્ગ સાંકડો ને ઘોડા માર્ગમાં ઊભા છે, માટે શી રીતે શહેરમાં જવું ? ને આ માર્ગે ચાલશું તો ઘોડીને ઘોડા કરડી ખાશે[2] ને જો પાછા વળશું તો રાજાને શું મોઢું દેખાડશું ? માટે પાછું તો ન વળવું ને ભગવાન કરે તે ખરું.

એવો વિચાર કરીને ઘોડીએથી હેઠો ઊતરીને ઘોડીનો તંગ[3] સારી પેઠે તાણ્યો. પછી ઘોડીએ બેઠો ને હાથમાં બે ચાબખા[4] લીધા ને ઘોડીને પ્રથમ ધીરે ધીરે ચલાવી. પછી તે ઘોડા ઢૂંકડી આવી, ત્યારે એકદમ ઉપાડી. પછી જ્યારે ઘોડા વચ્ચોવચ આવી ત્યારે તે ઘોડાઓએ ઘોડી સામું જોયું ને હુંકારા કરીને ઠેકડા માર્યા ને ઘોડીની પાસે આવ્યા. ત્યાં અસવારે કોરડા[4] મારવા માંડ્યા, પણ ઘોડા જબરા ને ઘોડી નિર્બળ તેથી ઘોડીને ઝાલીને પાડી. તે જો અસવાર ને ઘોડી બળવાન હોત, તો ઘોડાની ઘમસાણમાંથી[5] બહાર નીકળી જાત; પણ જેટલું જેનું બળ તે એ વાતમાં જીતે. એ તો દૃષ્ટાંત, તેનો સિદ્ધાંત એ છે જે –

આ દેહમાં અવકાશરૂપી જે માર્ગ ને વૃત્તિરૂપી ઘોડી ને અસવારરૂપી જીવ ને ચક્રવર્તી રાજાને ઠેકાણે ભગવાનનું ધામ અથવા ભગવાન છે. તેને પામવાને માર્ગે આપણે ચાલ્યા ને ધ્યાન કરવા બેઠા

**૧.**ખીણ; નેળ. **૨.**હેરાન કરશે. **૩.**કમરબંધ; ઘોડીના પેટે બાંધેલો પટો. **૪.**ચાબુક; હંટર. **૫.**તોફાની ટોળીમાંથી.

ને આંખો મીંચીને સાંખ્યવિચાર સારી પેઠે કર્યો. પછી વૃત્તિ સંકેલીને આત્માએ ભગવાન પામવાનો વિચાર કરવા માંડ્યો ને પછી વૃત્તિ ભગવાન સન્મુખ સામી ચાલી. ત્યાં કામ-ક્રોધાદિક ઘોડાએ જીવની વૃત્તિને તથા જીવના વિચારને ભુલાવી દીધા. **તે સારુ પોતાના જીવને મોટાનો સંગ કરીને, રાજી કરીને તથા સાધન કરીને બળ પમાડવો ને જેટલું જેને જીવમાં બળ તેટલું તેને ધ્યાન-ભજન થાય. માટે એકાંતિક ધર્મ પોત-પોતાની મેળે શીખે આવતો નથી. તથા સંપૂર્ણ એકાંતિક ધર્મ તો ભગવાનનાં ચરણારવિંદને વિશે રહ્યો છે ને જે ભગવાન થકી પામ્યા હોય તે થકી પામે તેમાં આવે, પણ વચમાંથી નથી આવતો.** ॥૨૬॥

## ૨૭. બદરિકાશ્રમ તથા શ્વેતદ્વીપના મુક્તની ધ્યાનની રીત

વડતાલમાં એક સમયે શુકસ્વામીના આસને સભા ભરાણી હતી અને શુકસ્વામી પોતે બેઠા હતા. ત્યારે એક ભક્તે પ્રશ્ન પૂછ્યો જે, “હે સ્વામી ! બદરિકાશ્રમમાં મુક્ત છે, તે કેમ ધ્યાન કરતાં હશે ? ને શ્વેતદ્વિપમાં મુક્ત છે, તે કેમ ધ્યાન કરતાં હશે ?”

ત્યારે શુકસ્વામી બોલ્યા જે, “એ વાતો શ્રીજીમહારાજે મને કહી હતી. તે બદરિકાશ્રમના મુક્ત છે, તે તો સ્થૂળ તથા સૂક્ષ્મના ભાવને ટાળે છે. તથા આત્મારૂપ થઈને ભગવાનની મૂર્તિમાં જોડાઈ જાય એમ ધ્યાન કરે છે. ને એ ધ્યાન કરતાં જે મુક્તને કાંઈક સંકલ્પ થાય તે મુક્તને તિરસ્કાર કરીને દેવલોકમાં કાઢી મેલે છે.

શ્વેતદ્વીપના મુક્ત છે તે તો કારણના ભાવને ટાળે છે. ને તે તો સદા કાળ ઉપશમમાં રહે છે, તે કેવી રીતે ? તો પોતે સદા કાળ આત્મારૂપે રહ્યા કરે છે. એમને એમ આત્મામાં સત્તારૂપે ઉપશમ કર્યા કરે છે. પછી એ ઉપશમ કરતાં કરતાં થાકે, ત્યાર પછી અહંકારમાં આવી જાય છે. ત્યાર પછી ઘણા દિવસ એમને એમ ઉપશમ કરતાં રહે. ત્યાર પછી બુદ્ધિમાં આવીને ઉપશમ કર્યા કરે. એમ ને એમ ઉપશમ કરતાં કરતાં ઘણા દિવસ રહે. ત્યાર પછી એ બુદ્ધિમાંથી ઉપશમ કરતાં કરતાં થાકે, ત્યારે ચિત્તમાં આવી જાય છે. અને ચિત્તમાં ઉપશમ ઘણા

દિવસ કરે. એમ ઉપશમ કરતાં કરતાં થાકે, ત્યારે મનમાં આવી જાય છે. તથા મનમાં ઉપશમ કરતે કરતે થાકે, ત્યારે ઇન્દ્રિયોમાં આવી જાય. ત્યારે તે સમયે શ્રીવાસુદેવ ભગવાન મોઢા આગળ ઊભા હોય એવાં દર્શન થાય છે. ત્યારે તે બધાય મુક્તને એક સાથે દર્શન થાય છે. તે સમયે મુક્ત 'જય વાસુદેવ, જય વાસુદેવ' એમ કહી ઊભા થઈ જાય છે.

ત્યાર પછી ઇન્દ્રિયમાં ઉપશમ કરતાં કરતાં મનમાં આવી જાય છે. ત્યાર પછી મનમાં ઉપશમ કરતાં કરતાં ચિત્તમાં આવી જાય છે. ત્યાર પછી ચિત્તમાં ઉપશમ કરતાં કરતાં બુદ્ધિમાં આવી જાય છે. ત્યાર પછી બુદ્ધિમાં ઉપશમ કરતાં કરતાં ઘણા દિવસ કરે, ત્યારે અહંકારમાં આવી જાય છે. ત્યાર પછી અહંકારમાં ઉપશમ કરતાં કરતાં સત્તારૂપ આત્મામાં ઉપશમ કર્યા કરે. ને એમને એમ ઘણા કાળ ઉપશમ કર્યા કરે છે ને **પોતાના આત્માને બ્રહ્મ જે અક્ષર તે સાથે જોડે છે. એવું ઉપશમ અક્ષરરૂપ થઈને ઘણા કાળ સુધી કર્યા કરે, ત્યારે ભગવાનનો રાજીપો એ મુક્ત ઉપર થાય. પછી તે મુક્તના કારણ શરીરનો નાશ થાય છે અને તે મુક્ત ભગવાનના ધામમાં જાય છે.** ॥૨૭॥

## ૨૮. નિદ્રા વિશે મહારાજની વાત

એક સમયે ગામ વટામણની સીમમાં નદીને કાંઠે એક ફૂલવાડી હતી, ત્યાં ભાઈ આત્માનંદસ્વામી બેઠેલા. તે સમયે વરસાદ આવ્યો તે ભાઈસ્વામી પલળી ગયા. પછી ભાઈસ્વામી ફૂલવાડીમાંથી ઊઠ્યા. ત્યાંથી આવીને બહાર ડાંગરવો વાવેલા કેરાના[૧] જે ઢોરા,[૨] તે ઉપર આવીને બેઠા. તે ગોદડીનો કટેવાળો[૩] પણ પલળી ગયેલો ને ઢોરા ઉપર આથમણે મોઢે બેઠેલા. તે સમે ડાંસ[૪] ઊડે ને ભાઈસ્વામીને કરડે. પછી ભાઈ હાથે કરીને ઉડાડે તોપણ પગ લોહીજાણ[૫] કરી નાંખ્યા. તે એવા સમામાં ઓતરાદી કોરથી શ્રીજીમહારાજ ઊભે મારગે ચાલ્યા

**૧.**ક્યારાના. **૨.**પાણી રોકવાના બંધ. **૩.**કવર; ખોળ્ય. **૪.**મોટા મચ્છર. **૫.**લોહીલુહાણ.

આવે. તે શ્રીજીમહારાજે છેટેથી ભાઈસ્વામીને ભાળ્યા. પછી ભાઈ સ્વામી પાસે વાંસે ઊભા રહીને શ્રીજીમહારાજ બોલ્યા જે, "આ કોણ સાધુ બેઠા છે ?"

ત્યારે ભાઈસ્વામીએ શ્રીજીમહારાજનો સાદ ઓળખ્યો. તે સાંભળીને તરત ઊભા થઈને શ્રીજીમહારાજ સામું જોયું, ને બોલ્યા જે, "હે મહારાજ ! તમે અહીં ક્યાંથી ?" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમે તો આ ઉતરાદિ દિશાથી આવીએ છીએ. ત્યાં આંહીં તમને ભાળ્યા ત્યારે તમારી પાસે આવ્યા." પછી ભાઈ આત્માનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! દર્શન દીધાં તે બહુ સારું કર્યું."

પછી શ્રીજીમહારાજ ભાઈસ્વામી સામું જોઈને બોલ્યા, "હે ભાઈ ! તમારે પગે લોહી શેં નીકળ્યું ?" ત્યારે ભાઈસ્વામી બોલ્યા, "હે મહારાજ ! આ તો ડાંસ કરડે છે, તેણે કરીને લોહી નીકળ્યું." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "એ ડાંસને તમે ઉડાડતા નથી ?" ત્યારે ભાઈસ્વામી બોલ્યા જે, "હે મહારાજ, ઉડાડીએ છીએ, તોય પણ કરડે છે." પછી મહારાજ બોલ્યા જે, "એ ડાંસ તમને કરડે છે, ત્યારે નિદ્રા નહિ આવતી હોય ?" ત્યારે ભાઈસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! જ્યારે કરડે ત્યારે નિદ્રા તો ન જ આવે ને !"

ત્યાર પછી મહારાજ બોલ્યા જે, "હે ભાઈસ્વામી ! તમે આ નિદ્રાના સ્વરૂપને જાણો છો ? એ ક્યાંથી આવે છે ને ક્યાં રહે છે ?" ત્યારે ભાઈ આત્માનંદસ્વામી કહે, "હે મહારાજ ! એ વાતને હું નથી જાણતો." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "હે ભાઈસ્વામી ! નિદ્રા તો મનુષ્યમાત્રની પગની પાનીમાં રહે છે. તે નિદ્રા બીજાને કેમ માપ્યામાં આવે ?" ત્યારે ભાઈસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! નિદ્રા અમને માપ્યામાં આવે એવી રીતે વાતનું તમે નિવારણ કરો."

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "હે ભાઈસ્વામી ! આ દેહમાં નિદ્રા એવી રીતે પગની પાનીમાં રહે છે, જ્યારે મનુષ્યને ઊંઘ આવવાની થાય ત્યારે પ્રથમ મનુષ્યના પગ કળવા માંડે. ત્યાર પછી નિદ્રા ઊંચી

ચડવા માંડે તેમ તેમ મનુષ્યના બધા શરીરે કળતર થવા માંડે. પછી નિદ્રા બધે શરીરે આંટો લઈ જાય, પણ આંખો ઉઘાડી હોય ત્યાં સુધી જાગ્રત અવસ્થા જાય નહિ, ને ત્યાં સુધી મનુષ્યને કાંઈક જ્ઞાન રહે. ને જ્યારે આંખો બિડાય જાય, ત્યારે મનુષ્યમાત્રને દેહની ખબર ન રહે ને કાંઈ જ્ઞાન ના રહે; ત્યારે એ જાગ્રત અવસ્થા ન કહેવાય. માટે હે ભાઈસ્વામી ! નિદ્રા તો પગની પાનીમાં રહી છે.” ॥૨૮॥

## ૨૯. વડતાલ મંદિરનો વેરો માફ કરાવ્યો.

એક સમયે વડતાલ લક્ષ્મીનારાયણદેવના મંદિરનું ચણતર થતું હતું. તે સમયે શ્રીજીમહારાજ શ્રીગોમતીજીએ સભા કરીને બિરાજમાન થયા હતા. ત્યારે તે સભામાં હજારો માણસો બેઠા હતા. ત્યાં ગામ પેટલાદના અમીન[1] કશિયાભાઈ સરકારનો ચાકર સભામાં આવ્યો. તેને જોઈને શ્રીજીમહારાજ બોલ્યા જે, “કશિયાભાઈ હમણાં ક્યાં છે ?” ત્યારે ચાકર બોલ્યો જે, “હે મહારાજ ! એ તો પેટલાદ છે.”

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, **“આ લક્ષ્મીનારાયણનું મંદિર થાય છે તે હિંદુનું જ મંદિર કહેવાય. તે મંદિર થતાં હિંદુમાત્ર રાજી થાય ને એ મંદિર થતાં જે રાજી ન થાય તેને હિંદુ ન જાણવા.”** એવી વાત મહારાજે સભામાં કરી. તે વાત કશિયાભાઈના માણસે સાંભળી. ત્યાર પછી મહારાજ તો બોલતા રહી ગયા. ને એ કશિયાભાઈનો માણસ ઊઠ્યો, ને પેટલાદ જઈને કશિયાભાઈ આગળ વાત કરી. તે વાત સાંભળીને કશિયોભાઈ તો નાખુશ થયો.

પછી શ્રીલક્ષ્મીનારાયણના મંદિરનું કારખાનું તો ચાલતું હતું. મંદિરના કામ સારુ પાણાનાં ગાડાં આવે તેમાં દાણ[2] લે ને વળી કશિયોભાઈ હરકત[3] બહુ કરે. તે વાત મહારાજે સાંભળી ને બોલ્યા જે, “આપણે લક્ષ્મીનારાયણનું મંદિર કરવું છે. તેમાં સામાન બહુ જોઈએ ને પાણા-લાકડાં વગેરે તેનું દાણ લે છે ને વળી હરકત બહુ કરે છે,

**૧.**અમલદાર; મહેસૂલ ઉઘરાવનાર અધિકારી. **૨.**વેરો-ટેક્સ. **૩.**અડચણ.

માટે આપણે આંહીંથી કોક જાઓ ને કશિયાભાઈને મારું નામ લઈને કહેજો જે, 'સ્વામિનારાયણે તમારી પાસે અમને મોકલ્યા છે ને તમને કહ્યું છે જે, આ લક્ષ્મીનારાયણનું મંદિર થાય છે, ત્યાં તમારે સહાય કરવી જોઈએ ને દાણ માફ કરવું જોઈએ.' એવું મારું નામ લઈને કહેજો." ત્યાર પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "આ કશિયાભાઈ પાસે પેટલાદ કેને મોકલશું ?"

ત્યારે સૌ બોલ્યા જે, "હે મહારાજ ! આ ગોપાળાનંદસ્વામીને મોકલો." ત્યારે મહારાજે સ્વામીને બોલાવ્યા, તેથી તે પાસે આવ્યા ને હાથ જોડીને ઊભા રહ્યા. ત્યાર પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "હે ગોપાળસ્વામી ! તમે કશિયાભાઈ પાસે ગામ પેટલાદ જાઓ ને કશિયાભાઈને એમ કહેવું જે, શ્રીલક્ષ્મીનારાયણ દેવનું મંદિર થાય છે, તેમાં પાણા-લાકડાં વગેરે ઘણો સામાન જોઈએ, તેનું દાણ તમે માફ કરો." પછી ગોપાળાનંદસ્વામી કહે કે, "ઠીક મહારાજ, હું જાઉં." પછી દાદાખાચર શ્રીજીમહારાજ પાસે બેઠા હતા, તે સામું જોઈને તેને કહ્યું જે, "હે દાદાખાચર ! તમે ગોપાળાનંદસ્વામી ભેગા ગામ પેટલાદ જાઓ."

પછી સદ્.શ્રીગોપાળાનંદસ્વામી, દાદોખાચર વગેરે પાળા-સાધુ મળીને આશરે પચાસ માણસ ગાડી તથા ઘોડા વગેરે લઈને ચાલ્યા. ગોપાળાનંદસ્વામી ગાડીમાં બેઠા ને દાદોખાચર ઘોડે બેઠા. એવી રીતે પેટલાદ ગયા. ને ત્યાં જઈને ઉતારા કર્યા.

ત્યાર પછી કશિયાભાઈની કચેરી થઈ. ત્યારે શ્રીગોપાળાનંદ સ્વામી તથા દાદોખાચર ચાલ્યા, તે દરવાજે આવ્યા. ત્યાં સિપાઈએ રોક્યા. ત્યારે સિપાઈને દાદાખાચરે કીધું જે, કશિયાભાઈને એમ કહેજે જે, 'વડતાલથી શ્રીસ્વામિનારાયણના મોટેરા સાધુ ગોપાળાનંદસ્વામી તમારી પાસે આવે છે, તે આવે ?'

ત્યારે સિપાઈ ત્યાંથી ચાલ્યો ને કશિયાભાઈને જઈને કીધું જે, "સ્વામિનારાયણના સાધુ મોટેરા છે તે તમારી પાસે આવ્યા છે, તે

આવે ?" પછી કશિયોભાઈ બોલ્યા જે, "આવવા દ્યો."

પછી શ્રીગોપાળાનંદસ્વામી, દાદાખાચર વગેરે કશિયાભાઈ પાસે ગયા. પછી કશિયાભાઈની સામું જોતાં થકાં ગોપાળાનંદસ્વામી તો ચાલ્યા, તે જે ઠેકાણે કશિયાભાઈ ગાદી ઉપર બેઠા હતા, ત્યાં સામા જઈને પગ ઉપર પગ ચડાવીને બેઠા. ત્યારે કશિયાભાઈનો ચોપદાર[1] બોલ્યો, "હે મહારાજ ! અદબસે[2] બેઠના."

ત્યારે મીરસાહેબ[3] કશિયાભાઈ સામું જોઈને બોલ્યા જે, "હે કશિયાભાઈ ! **આ ગોપાળાનંદસ્વામી તો જોગીપુરુષ છે.**" ત્યાર પછી દાદોખાચર બોલ્યા જે, "હે મીરસાહેબ ! **જેણે અષ્ટાંગયોગ સિદ્ધ કર્યો છે એ આ ગોપાળાનંદસ્વામી છે.**" એમ મીરસાહેબ તથા કશિયાભાઈને કહ્યું, ત્યારે કશિયોભાઈ દબાઈ ગયો ને પછી બોલ્યા જે, "હે ગોપાળાનંદસ્વામી ! તમે શે કામે આવ્યા છો ?" ત્યારે ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, **"અમારે લક્ષ્મીનારાયણ દેવનું મંદિર થાય છે, તેમાં સામાન-પાણા તથા લાકડાં વગેરે આવે છે, તેનું દાણ તમે માફ કરી દો."**

ત્યારે કશિયોભાઈ બોલ્યા જે, "તમે કહો એટલાં ગાડાંનું માફ કરીએ." ત્યારે ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, "જ્યાં સુધી મંદિર ચણાઈને પૂરું થાય, ત્યાં સુધીનું દાણ માફ કરો." ત્યારે કશિયાભાઈ બોલ્યા જે, "હમણાં તો અમારે કામ છે ને તમે સાંજના વખતે આવજો." ત્યારે સદ્.શ્રીગોપાળાનંદસ્વામી બોલ્યા જે, "તમે સાંજના વખતે પોઢ્યા હો ને અમે દરવાજે આવીએ ને સિપાઈ કહે, 'અત્યારે બાપોજી પોઢ્યા છે' ને અમારે તો કોઈ સ્ત્રી અડી જાય તો ઉપવાસ પડે." એવું સ્વામી આકળા થઈને બોલ્યા. ત્યારે મીરસાહેબના હૈયામાં સંકલ્પ થયો ને કહે જે, "કશિયાભાઈ ! **આ ગોપાળાનંદસ્વામી આવ્યા છે, તેને તમે દાણ માફ કરી દ્યો. કેમ જે, એ તો જોગી છે, તે એ રાજી થાય એમ તમે કરો. એ મોટાપુરુષ કુરાજી કર્યા જેવા નથી."** પછી કશિયોભાઈ

**૧.**છડીદાર-સેવક. **૨.**મર્યાદાથી. **૩.**ગાયકવાડ સરકારના વડોદરામાં રહેતા અધિકારી.

હૈયામાં બી ગયો, ને લેખ લખીને દાણ માફ કરી દીધો.

પછી તે લેખ લઈને ગોપાળસ્વામી ચાલ્યા, ત્યારે કશિયોભાઈ ને મીરસાહેબ બેય પગે લાગ્યા ને સ્વામી લેખ લઈને વડતાલ આવવા નીકળ્યા. તે માર્ગમાં આવતાં દાદોખાચર બોલ્યા, “આ તો સ્વામી તમે શું કર્યું ? ને એની બુદ્ધિ ફેરવી નાખી. તેમાં તમે પ્રવેશ કર્યો તેથી લેખ કરી દીધો.” ત્યારે ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, **“આપણે તો નિમિત્તમાત્ર છીએ ને સર્વે કર્તા તો મહારાજ છે.”**

પછી એ લેખ લઈને ગોપાળસ્વામીએ શ્રીજીમહારાજને આપ્યો. પછી શ્રીજીમહારાજે બધી હકીકત દાદાખાચરને પૂછી જે, “શી રીતે થયું ?” પછી દાદાખાચરે સર્વે હકીકત વિગત સહિત કહી. તેને સાંભળીને શ્રીજીમહારાજ બહુ રાજી થયા. તથા સદ્.શ્રીમુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી વગેરે સર્વે રાજી થયા. ॥૨૯॥

## ૩૦. કશિયાભાઈને ચમત્કાર

એક સમયે સદ્.શ્રીગોપાળાનંદસ્વામી શ્રીવડતાલમાં નિવાસ કરીને રહેલા. ને રઘુવીરજી મહારાજ તથા સદ્‌ગુરુ શ્રીનિત્યાનંદસ્વામી તથા સદ્‌ગુરુ શ્રીઅક્ષરાનંદસ્વામી સર્વે વડતાલમાં વિરાજમાન હતા. તે સમામાં ગામ પેટલાદથી સરકારના કારભારી કશિયાભાઈનો માણસ કાગળ લઈને આરસનો પાણો લેવા સારુ આવ્યો. તે કાગળ શ્રીરઘુવીરજી મહારાજને આપ્યો. તે કાગળ વાંચીને શ્રીરઘુવીરજી મહારાજ બોલ્યા જે, “આ કાગળમાં તો કશિયાભાઈએ આરસનો પાણો એમને હનુમાનજી કરાવવા છે, તે સારુ મંગાવ્યો છે. તે એમણે કાગળમાં લખ્યું છે જે, “અમારે હનુમાનજી કરવા છે, તે આરસપાણા સારુ બધે ખબર કઢાવી, પણ હનુમાનજી થાય તેવો પાણો ક્યાંય ન મળ્યો; તેથી પાણો લેવા તમારી પાસે મોકલ્યો છે, માટે તમે પાણો આપજો, આપ્યા વિના છૂટકો નથી.” પછી રઘુવીરજી મહારાજે તે વાત શ્રીઅક્ષરાનંદસ્વામી તથા શ્રીનિત્યાનંદસ્વામીની આગળ

કરી. ત્યારે એ બે જણા બોલ્યા જે, “આપણે પાણો આપવો કે કેમ ? કેમ જે, એ તો મોટા દીવાન છે, એના મુલકમાં[1] આપણે રહેવું ને આજીવિકા એના મુલકમાં લેવા ઠરી; માટે આરસનો પાણો એને હનુમાનજી થાય તેવો આપવો. પછી રઘુવીરજી મહારાજે માણસ મોકલીને ગાડે પાણો ચડાવી દીધો.

પછી પાણો લઈને તે માણસ પેટલાદ ગયો, ને કશિયાભાઈને પાણો આપ્યો. તે પાણાને જોઈ કશિયાભાઈ કહે જે, “પાણો બહુ સારો આવ્યો. આપણે હવે આ પાણાના હનુમાનજી કરાવવા.” ત્યાર પછી સદ્.શ્રીગોપાળાનંદસ્વામીને ખબર પડી જે, કશિયાભાઈનો માણસ રઘુવીરજી મહારાજ પાસે આવ્યો હતો, ને હુકમે કરીને પાણો લઈ ગયો છે. તે વાત સાંભળીને સદ્.શ્રીગોપાળાનંદસ્વામીએ આવીને શ્રીરઘુવીરજી મહારાજને વાત પૂછી. ત્યારે રઘુવીરજી મહારાજે પાણાની વાત સર્વે કરી. તે સાંભળીને સદ્.શ્રીગોપાળાનંદસ્વામી બોલ્યા જે, “આ લક્ષ્મીનારાયણદેવનો પાણો હુકમે કરીને કેમ લઈ જાય ?” એટલું બોલીને સ્વામી ઊઠ્યા.

પછી ગામ પેટલાદ કશિયાભાઈ કચેરીમાં બેઠા હતા ત્યાં પોતાનું શરીર બળવા માંડ્યું. ત્યારે કશિયાભાઈ બોલ્યા જે, ‘આ મારું શરીર બળવા માંડ્યું, તે શું થયું ?’ પછી ઓસડ[2] ઘણાં શરીરે ચોપડ્યાં તથા ટાઢક ઘણી કરી તોપણ શરીર બળતું અટક્યું નહીં ને શરીરે પીડા બહુ થવા માંડી, તે કોઈ રીતે પોતાનું શરીર બળતું બંધ ન રહ્યું. ને ગામમાંથી સારા સારા માણસ જોવા આવ્યા ને બોલ્યા જે, “ભાઈ, તમારે શરીરે કેમ છે ?” ત્યારે કશિયોભાઈ બોલ્યા જે, “અમારા શરીરમાં બહુ બળે છે, આ તો કોઈ કોપ[3] થયો જણાય છે.”

ત્યારે એક બ્રાહ્મણ સત્સંગી બેઠો હતો તેણે કીધું જે, “હે ભાઈ ! કો’તો હું તમને કહું.” ત્યારે કશિયાભાઈ કહે, “તું જાણતો હો તો જેમ હોય તેમ કહે.” ત્યારે બ્રાહ્મણ બોલ્યો જે, “હે

**૧.**પ્રદેશમાં. **૨.**ઔષધ. **૩.**અપરાધજન્ય કુરાજીપો.

**કશિયાભાઈ ! તમે ગામ વડતાલથી શ્રીલક્ષ્મીનારાયણ દેવનો આરસનો પાણો મંગાવ્યો તે દેવને ન ગમ્યું. ને એ દેવના મોટા મોટા સાધુ છે તે પણ કુરાજી થયા, માટે તમારે અપરાધ થયો. તેથી તમને શરીર બળે છે."** ત્યારે કશિયાભાઈ બોલ્યા જે, "એ વાત સાચી."

પછી કશિયાભાઈ જે પાણો વડતાલથી લાવ્યા હતા, તે પાછો ગાડે ચડાવીને શ્રીવડતાલ મોકલી દીધો. ને દરવાજે ગાડું આવ્યું. પછી કશિયાભાઈનો કારભારી રઘુવીરજી મહારાજ પાસે આવીને કહે, "હે મહારાજ ! આ જે કશિયાભાઈએ પાણો મંગાવ્યો હતો તે તમે પાછો લ્યો." ત્યારે મહારાજ કહે, "ન લઈએ." ત્યારે કારભારીએ કશિયાભાઈને જે વીતિ હતી તે હકીકતે સહિત કહી. ત્યાર પછી શ્રીરઘુવીરજી મહારાજે એ કારભારીને એમ કહ્યું જે, "તમે શ્રીગોપાળાનંદસ્વામી પાસે જઈને કહો."

ત્યારે કારભારી સ્વામી પાસે ગયો ને કશિયાભાઈને શરીરે બળતરા થઈ ને કોઈ રીતે ન મટી, એ સર્વે હકીકત કહી. ત્યારે ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, "એ પાણો જ્યાંથી ઉપાડ્યો છે તેને તે ઠેકાણે નંખાવો." પછી એ કારભારીએ ગાડીને જોડીને જ્યાં પાણો હતો તે ઠેકાણે નાંખ્યો. ને કશિયાભાઈને શરીરે બળતરા થઈ હતી તે સર્વે મટી ગઈ. પછી કશિયાભાઈના કારભારીએ જઈને સર્વે વાત કશિયાભાઈને કહી, ને જે ઠેકાણેથી પાણો ઉપાડ્યો હતો તે ઠેકાણે નંખાવ્યો એની વાત કરી. ॥૩૦॥

## ૩૧. સાકરલીલા તથા મૂળજી બ્રહ્મચારીનું નિર્વિકારીપણું

શ્રીજીમહારાજ શ્રીકારિયાણીમાં બિરાજમાન હતા અને બ્રાહ્મણોને ચોરાશી કરી જમાડ્યા. પછી તે સમયે કારિયાણીમાં સુરતનો સંઘ તથા બીજા દેશાંતરનાં બાઈ-ભાઈ ઘણાંક મનુષ્ય ભેગાં થયાં હતાં. તે સમયે શ્રીજીમહારાજ બહુ રાજીપામા સિંહાસન ઉપર બેઠા હતા. પછી એક હરિભક્ત મહારાજ પાસે આવ્યો ને મહારાજને ભેટ કરવા થાળીમાં

સાકર લઈને આવ્યો. પછી તે થાળીમાંથી સાકરનો ગાંગડો લઈને એક હરિભક્તે મહારાજને મોઢા આગળ ધર્યો. ને બોલ્યો જે, “હે મહારાજ ! આ સાકર જમો.” પછી મહારાજ તેના હાથમાંથી લઈને જમવા માંડ્યા. તે જોઈને બીજા હરિભક્ત એકદમ સાકર લેવા ઊઠ્યા, ને સાકરના મોટા મોટા ગાંગડા લઈને મહારાજને જમાડવા માંડ્યા. ને મહારાજ તે સાકર જમવા મંડ્યા. જેમ જેમ હરિભક્ત સાકર લાવતા ગયા ને મહારાજને આપતા ગયા, તેમ તેમ મહારાજ જમતા ગયા.

પછી તો સંઘના હજારો માણસ સાકર લાવવા માંડ્યું ને મહારાજને સાકરનો ગાગંડો મોટો મોટો જમાડે ને તે હરિભક્ત લાવતા જાય ને મહારાજ જમતા જાય, તે સાકર જમતાં જમતાં દિવસના દસ વાગ્યા. પછી ડોશિયું એકદમ આવિયું. ને તે મહારાજ ફરતિયું ભરાઈ ગયું, ને મહારાજને વચ્ચે ઘેરી લીધા. પછી તો દિવસના અગિયાર વાગી ગયા ને બ્રહ્મચારી મૂળજી થાળ કરીને બેઠા, પણ મહારાજને ડોશિયું સાકર જમાડે, તેથી ત્યાગીમાત્ર કોઈ જઈ શકે નહિ. ને મહારાજને બ્રહ્મચારી મુકુંદે બોલાવ્યા તોપણ મહારાજ બોલે નહિ, ને થાળ જમ્યાનો વખત વહી ગયો. પછી બ્રહ્મચારી મૂળજીએ કેડ્ય બાંધીને વસ્તાખાચર તથા રાઘવપટેલ વિગેરે હરિભક્ત પાસે માગ કરાવીને મહારાજ પાસે જઈને, મહારાજને ખાંધલે બેસારીને, જે ઠેકાણે થાળ કર્યો હતો તે ઠેકાણે તેડી લાવ્યા.

પછી મહારાજ પગ ધોઈને થાળ જમ્યા ને ત્યાર પછી મહારાજ બોલ્યા જે, **“હે બ્રહ્મચારી ! આ ડોશિયુંમાંથી તમે અમને આંહીં ઉપાડીને લાવ્યા ને તમારે કોઈ પ્રકારે વિકાર થયો નથી, માટે તમે તો બહુ મોટા. તમારે વિષે નારાયણના ગુણ આવ્યા છે, માટે અવિકારી રહ્યા. બીજો સૂઝે એવો મોટો હોય તોપણ તેને વિકાર થાય.** ને હે બ્રહ્મચારી ! તમારે કોઈ પ્રકારે વિકાર થયો નહિ, માટે તમે બહુ મોટા.

ત્યાર પછી શ્રીજીમહારાજ શ્રીગઢપુરમાં આવ્યા. શ્રીવાસુદેવને ઓરડે સભા કરીને બેઠા તથા સાધુ પાંચ-છો બેઠેલા. તે સમામાં

દાદાખાચરના દીકરા જે બાવોખાચર, તેને તેડીને મૂળજી બ્રહ્મચારી રમાડતાં રમાડતાં મહારાજ પાસે આવ્યા. મહારાજે તે બ્રહ્મચારી સામું જોયું ને મરક્યા પણ કાંઈ બોલ્યા નહિ ને પછી એક સાધુ બોલ્યા જે, "આ મૂળજી બ્રહ્મચારી છોકરાં રમાડે છે, એ તો ઠીક નહિ; કેમ જે, એ બ્રહ્મચારીને બ્રહ્મચર્ય વ્રત છે, માટે છોકરાં ન રમાડવાં." એ વાત શ્રીજીમહારાજ સાંભળીને બોલ્યા જે, **"હે સાધુ ! તે બાવોખાચર તો છોકરું છે અને એ મૂળજી બ્રહ્મચારીને તો એ સર્વે માયિક આકાર સરખા છે, ને મૂળજી બ્રહ્મચારીને તો ભગવાનના ગુણ આવ્યા છે, માટે એને એ બાધ પમાડે તેમ નથી."** ॥૩૧॥

## ૩૨. મૂળજી બ્રહ્મચારી ધામમાં ગયા.

સંવત ૧૯૦૪ની સાલમાં મૂળજી બ્રહ્મચારી શ્રીગઢપુરમાં નિવાસ કરીને રહ્યા હતા. તે સમે પાસે સગડી મેલી તાપતા હતા. ને દશ-વીસ સાધુ-બ્રહ્મચારી પાસે બેઠા હતા. ને બ્રહ્મચારી તાપતાં તાપતાં વાતું કરતા હતા. તે દિવસે બ્રહ્મચારીએ મીંઢી આવળનો રેચ લીધો હતો. તે જ સમયે લાડુબાઈને ઓરડે મોટીબા તથા રાજબાઈ વિગેરે ડોશિયુંની સભા થઈ હતી. તે સભામાં લાડકીબાઈને સમાધિ થઈ. તે મહારાજ પાસે અક્ષરધામમાં ગઈ ને મહારાજનાં દર્શન કર્યાં ને મહારાજ લાડકીબાઈ સામું જોઈને બોલ્યા જે, "હે લાડકીબાઈ ! તમે આંહીં આવ્યાં ?" ત્યારે લાડકી બા કહે, "હા મહારાજ." ત્યારે મહારાજ કહે, "ડોશિયું મોટીબા વગેરે સૌ સારી પેઠે છે ?" ત્યારે લાડકી બા બોલ્યાં, "હા મહારાજ, સૌ સુખી છે." પછી મહારાજ બોલ્યા, "મૂળજી બ્રહ્મચારીને કેમ છે ?" ત્યારે લાડકી બા કહે, "હે મહારાજ સારું છે."

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "હે લાડકી બા ! બ્રહ્મચારી મૂળજીને તમે એમ કહેજો જે, તમારે હવે તે લોકમાં ક્યાં સુધી રે'વું છે ? તમો હવે આંહીં આવો." એમ મહારાજે બોલીને લાડકીબાઈને કહ્યું, "એ સંદેશો બ્રહ્મચારીને કહેજો."

પછી લાડકી બા મહારાજનાં દર્શન સારી પેઠે કરીને સમાધિમાંથી જાગ્યાં. પછી મોટીબાએ વાત પૂછી જે, 'તમે સમાધિ કરીને કયા ધામમાં ગયાં હતાં ? ત્યારે લાડકીબા કહે, "હું અક્ષરધામમાં ગઈ હતી ને મહારાજનાં દર્શન કર્યાં, ને મહારાજ બહુ રાજી થયા ને 'મોટીબા વિગેરે સર્વે બાઈયું સારી પેઠે છે ?' એમ ખબર પૂછી. ને મૂળજી બ્રહ્મચારીનો સંદેશો મહારાજે કીધો છે જે, "હે બ્રહ્મચારી ! તમારે આ લોકમાં ક્યાં સુધી રહેવું છે, હવે આંહીં આવો." ત્યારે બ્રહ્મચારીની તે વાત સાંભળીને ડોશિયું મોટીબા વિગેરે સર્વે બોલ્યાં જે, "મૂળજી બ્રહ્મચારી ધામમાં ચાલ્યા." પછી મોટીબા કહે, "બ્રહ્મચારીને એ વાત સંભળાવો."

પછી કોઠારી મેઘજીને કહ્યું જે, "બ્રહ્મચારી, તમને મહારાજ ધામમાં તેડાવે છે. એમ મહારાજે સંદેશો કહ્યો છે." એમ તું મૂળજી બ્રહ્મચારીને કહેજે, તમને આ રીતે મહારાજે લાડકીબાઈ સંગાથે કહી મોકલ્યું છે, તે સારુ મને મોકલ્યો છે. તે વાત કોઠારી મેઘજીએ આવીને મૂળજી બ્રહ્મચારીને કહી. તે સમે મૂળજી બ્રહ્મચારી તાપતા હતા, તે પાધરા એ વાત સાંભળીને ઊભા થયા ને હાથમાં લાકડી લઈને ચાલ્યા. તે દરબારમાં આવ્યા ને દાદાખાચરને કહ્યું જે, 'લાડકી બા મહારાજ પાસેથી સંદેશો લાવ્યાં છે તે પૂછો.' ત્યારે દાદાખાચરે લાડકીબાને પૂછ્યું જે, "તમે મહારાજ પાસેથી શો સંદેશો લાવ્યાં છો ?"

ત્યારે લાડકી બા બોલ્યાં જે, "બ્રહ્મચારીને મહારાજે ત્યાં તેડાવ્યા છે." ત્યારે દાદોખાચર બોલ્યા જે, **"હે બ્રહ્મચારી ! મહારાજે તમને ત્યાં તેડાવ્યા છે."** પછી મૂળજી બ્રહ્મચારી બોલ્યા જે, **"મારે આંહીં કે દી રે'વું છે ? મહારાજ આવે તો આ ઘડીએ જાઉં."**

પછી એમ કહીને બ્રહ્મચારી મંદિરમાં આવ્યા, ને રેચ લીધો ને બાર (જાજરૂ) ગયા. પછી ખાટલો ઢાળીને સૂતા. ત્યાર પછી દિવસના ચાર થયા ને અંતકાળ સમો થયો ત્યારે લક્ષ્મીવાડીમાં સાધુ વિધાત્રાનંદસ્વામી ધ્યાનમાં બેઠા ને ભગવાનની મૂર્તિમાં જોડાઈ

ગયા ને મહારાજનાં દર્શન થયાં અને મહારાજ ભેગા અનંત વેમાન દીઠાં ને અનંત પાર્ષદ દીઠા. પછી વિધાત્રાનંદસ્વામી મહારાજ સામું જોઈને બોલ્યા જે, “હે મહારાજ ! આટલો બધો સામાન તમે ક્યાં લઈ જાવ છો ?”

ત્યારે મહારાજ બોલ્યા જે, **“પૂર્વે ભગવાને વામન અવતાર ધર્યો હતો, તે આ મૂળજી બ્રહ્મચારી છે તેને તેડવા જવા છે માટે.”** એમ મહારાજે વિધાત્રાનંદસ્વામીને કહ્યું. પછી વિધાત્રાનંદસ્વામી ધ્યાનમાંથી જાગ્યા, ત્યારે જેવું દર્શન થયું હતું, એ વાત વિસ્તારીને સર્વેને કહી. ત્યાં બ્રહ્મચારીએ દેહ મેલ્યો ને મહારાજ તેડી ગયા. ॥૩૨॥

## 33. ચૈતન્યાનંદસ્વામીને ધ્યાનની રીત શીખવી.

એક સમે સદ્.શ્રીગોપાળાનંદસ્વામી વરતાલથી શ્રીગઢપુર પધાર્યા, ને વચલા ઓરડામાં ઉતારો કર્યો ને વાર્તા ઘણી થાય. સવારના પો’રમાં શ્રીગોપાળાનંદસ્વામી વાતુ કરતા, ત્યાં સદ્.શ્રીચૈતન્યાનંદ સ્વામી બેસવા ગયા. ત્યારે શ્રીગોપાળાનંદસ્વામીએ આસન નાખીને પાસે બેસાર્યા. પછી શ્રીચૈતન્યાનંદસ્વામીના મનમાં એમ થયું જે, હું સ્વામીની પૂજા કરું. પછી સેવક પાસે હાર તથા ચંદન મંગાવ્યાં. પછી ચૈતન્યાનંદસ્વામી ઊભા થઈને શ્રીગોપાળાનંદસ્વામીને ચાંદલો કરીને પૂજા કરવા મંડ્યા. ત્યારે સ્વામીએ કહ્યું જે, “તમારે અત્યારે પૂજા કરવાનું શું કામ છે ? અત્યારમાં તો વાતુ સાંભળવી.” પછી ચૈતન્યાનંદસ્વામી પૂજા કરતા રહી ગયા, ને પોતાને આસને જઈને બેઠા. પછી સદ્.શ્રી ગોપાળાનંદસ્વામી પણ ન બોલ્યા ને ચૈતન્યાનંદસ્વામી પણ ન બોલ્યા, ને એ દિવસ ગયો.

બીજે દિવસ સવારમાં સદ્.શ્રીચૈતન્યાનંદસ્વામી વાતુ સાંભળવા આવ્યા. ને સ્વામી પાસે આસન નાખીને બેઠા. પછી સદ્.શ્રી ગોપાળાનંદસ્વામીએ સદ્.શ્રીચૈતન્યાનંદસ્વામી સામું જોઈને કહ્યું જે, “તમે કાલે પૂજા કરવા આવ્યા ને મેં તમોને ના પાડી, તે તમને કાંઈ દુઃખ લાગ્યું ?”

ત્યારે સદ્.શ્રીચૈતન્યાનંદસ્વામી બોલ્યા જે, “હે સ્વામિન્ ! તમે મુને કાલે પૂજા કરવાની ના પાડી, તેમાં મુને કાંઈ દુઃખ લાગ્યું નથી.” ત્યારે શ્રીગોપાળાનંદસ્વામી બોલ્યા જે, “હું પણ જાણું છું જે, તમોને હું કાંઈ વઢું, તેમાં તમોને દુઃખ લાગે એમ નથી. મને તમારો વિશ્વાસ બરાબર આવ્યો છે. માટે હવે તમને હું એક હેતથી વાત કહું તે સાંભળો.” પછી સદ્.શ્રીચૈતન્યાનંદસ્વામી બહુ રાજી થયા ને બોલ્યા જે, “હે ગોપાળાનંદસ્વામી ! જેમ તમે કે’શો તેમ મારે કરવું છે.”

પછી સદ્.શ્રીગોપાળાનંદસ્વામી બોલ્યા જે, “તમે મહારાજ ભેગા ઘણા દિવસથી રહો છો. ને મહારાજને તમે ઘણી ઘણી વાર રાજી કર્યા છે. ને તમને ગામ આદરજમાં સદ્.શ્રીમુક્તાનંદસ્વામી તથા સદ્.શ્રીબ્રહ્માનંદસ્વામી તથા સદ્.શ્રીનિત્યાનંદસ્વામી એ ત્રણ પાટ ઉપર બેઠા’તા, તેની વચમાં બેસારીને મહારાજે તમારી આરતી ઉતારી. એટલી મોટપ તમને શ્રીજી મહારાજે આપી છે, પણ તેનું આજ કાંઈ તમને સુખ છે ? મહારાજ કાંઈ દેખાય છે ? કેમ જે, **ભગવાનનો જોગ થયો ને સંબંધ થયો એ વાત તો મોટી છે, પણ જ્યારે માયા પર જે આત્મા તેને વિષે મૂર્તિ દેખાય, એ સુખ જાય નહિ.** તે કેની પેઠે ? તો જેમ કોઈ મનુષ્ય રીંગણાં ખાય, મરચાં ખાય, આદુ ખાય ને અજમો ખાય તેની ગરમી તરત થાય, પણ ટાઢી સાકર પિયે તથા લીંબડો વાટીને પિયે, તો તે ગરમી તુરત મટી જાય. પણ કોઈ પુરુષ કસ્તુરી ખાવા માંડે તે એક વરસ, બે વરસ, ત્રણ વરસ સુધી કસ્તુરીનું સેવન કરે ને ખાય, એટલે તે પુરુષને કસ્તુરીની ગરમી રગે-રગમાં ચડી જાય છે. પછી સૂઝે તેટલાં ઓસડ કરે તથા સૂઝે તેટલી ટાઢ્યક કરે, તોય પણ એ ગરમી ન મટે.

તે દૃષ્ટાંતનું સિદ્ધાંત એ જે, **બહાર સૂઝે એટલો ભગવાનનો જોગ થાય, પણ આત્માને વિશે મૂરતિ ન દેખાય.** એ તો ક્યારે દેખાય ? તો એ ભક્ત જ્યારે માયાના ત્રણ ગુણ જે રજ, તમ ને સત્ત્વ તથા દશ ઈન્દ્રિયું ને ચાર અંતઃકરણ ને દશ પ્રાણ, પંચભૂત

ને પંચવિષય – એ સર્વે થકી પોતાના આત્માને જુદો સમજે, ને પછી પ્રતિલોમ ધ્યાન કરે. પછી જે બહાર મહારાજની મૂરતિ દેખી છે, તે મૂરતિને આત્માને વિષે જુએ છે. પછી એવું ને એવું ધ્યાન પાંચ વરસ સુધી કરે, ત્યારે એ મહારાજની મૂરતી જેવી બહાર દેખી છે, તેવી ને તેવી આત્માને વિષે દેખાય છે. પછી એ મૂરતિ આત્માને વિષે એ ભક્તને સદાય દેખાયા કરે, પછી તે ભક્ત મૂરતિને જોયા કરે. તેથી ધીરે ધીરે ભક્તના કારણ શરીરનો નાશ થઈ જાય, ત્યારે એ ભક્તને એ કસ્તુરીની ગરમી થઈ. માટે હવે એ ભક્તના જીવથી મૂરતિ કાંય જુદી પડે નહિ.” એ વાત સાંભળીને સદ્.શ્રીચૈતન્યાનંદ સ્વામી બહુ રાજી થયા ને એ પ્રમાણે અભ્યાસ કરવા માંડ્યા. ને બીજા સાધુ તથા નૃસિંહાનંદસ્વામી, પરમાનંદસ્વામી તથા જોગાનંદ સ્વામી વગેરે સહુ રાજી થયા. ॥૩૩॥

## ૩૪. ચૈતન્યાનંદસ્વામીની મોટ્યપ

એક સમે શ્રીજીમહારાજ અક્ષરભુવનમાંથી શ્રીવાસુદેવને ઓરડે સભા કરીને બિરાજમાન થયા. પછી સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદ સ્વામી પાસે બેઠા ને બીજા પણ સર્વે આવ્યા, ને સભા ભરાઈને બેઠી અને શ્રીજીમહારાજ ઉપાસનાની વાત કરતા હતા. તે સમામાં સદ્‌ગુરુ ચૈતન્યાનંદસ્વામીને આવતા સાંભળીને શ્રીજીમહારાજે સામું જોયું ને બોલ્યા, “આવો સ્વામી આવો.” એમ કહીને ચૈતન્યાનંદસ્વામીને પોતાની પાસે બેસાડ્યા.

પછી શ્રીજીમહારાજે ચૈતન્યાનંદસ્વામી સામું જોઈને એમ કહ્યું જે, “હે સ્વામી ! અમારે તમને એક પ્રશ્ન પૂછવું છે.” ત્યારે સ્વામી બોલ્યા જે, “હે મહારાજ ! પૂછો.” ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “જૂનાગઢ આપણા મંદિરમાં શિવ પધરાવવા છે, તે તમે શું કહો છો, પધરાવવા કે ન પધરાવવા ?” ત્યારે સ્વામી બોલ્યા જે, “હે મહારાજ ! ધાર્યું તો તમારું થાશે, પણ આપણા સંપ્રદાયમાં શિવજી પધરાવવા એવો

મત નથી." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "નાગર વિગેરે સર્વે લોક દર્શન કરવા આવે તથા ભગવાનનો સગુણ અવતાર છે અને એ મોટા છે તે માટે પધરાવવા." પછી સ્વામી કહે જે, "હે મહારાજ ! તે શિવજી પધરાવવા તે વાત બહુ સારી."

ત્યાર પછી ગઢડામાં ઝાલાવાડનો ગરાસિયો મહારાજનાં દરશન કરવા સારુ આવ્યો. પછી તે ગરાસિયે મહારાજનાં દરશન કર્યાં ને મહારાજ પાસે બેઠો, ને મહારાજે ગરાસિયાને વાતો કરી. પછી ગરાસિયો એમ બોલ્યો જે, "હે મહારાજ ! મારે તો જૂનાગઢે જાવું છે ને જૂનાગઢે જઈને ડુંગરા ઉપર દત્તાત્રેયનાં પગલાં છે, ત્યાં દરશન કરવા સારુ જાવું છે, તે કાલ હું ચાલીશ."

પછી શ્રીજીમહારાજ એ ગરાસિયા સામું જોઈને બોલ્યા જે, "તમારે જૂનાગઢ જાવું છે ને ડુંગરા ઉપર ચડીને દત્તાત્રેયનાં પગલાં છે ત્યાં દર્શન કરવા છે તે સારુ જાવ છો, તે કરતાં સાક્ષાત્ દત્તાત્રેય ભગવાન તમને દેખાડીએ ને તેના દરશન કરાવીએ, તો તમારે ઠીક કે નહિ ?" ત્યારે એ ગરાસિયો બોલ્યો જે, "મહારાજ ! સાક્ષાત્ દત્તાત્રેય ભગવાન હોય તો તો અમારે ત્યાં ગયાનું શું કામ છે ?" પછી મહારાજ બોલ્યા જે, "તમને દત્તાત્રેય ભગવાનનાં દરશન કરાવીએ."

પછી સદ્‌ગુરુ ચૈતન્યાનંદસ્વામીને તેડાવ્યા ને તે આવ્યા. મહારાજનાં દરશન કરીને પાસે બેઠા. પછી મહારાજ બોલ્યા જે, **"હે દરબાર ! આ સાક્ષાત્કાર દત્તાત્રેય ભગવાનનો અવતાર છે. તે દરશન કરો ને આનાં પગલાં કોરીને[૧] ત્યાં[૨] માંડ્યાં[૩] છે એમ જાણો."** પછી એ ગરાસિયો બહુ રાજી થયો, ને ચૈતન્યાનંદસ્વામીની વાતુ સાંભળવા સારુ પાંચ દિવસ ભેગો રહ્યો ને પછી ઘરે ગયો.

ત્યાર પછી શ્રીજીમહારાજ શ્રીજૂનેગઢ પધાર્યા હતા. તે સમૈયો બહુ ભારે થયો. ને હરિજનને આજ્ઞા કરી કે, "તમે સર્વે ડુંગરે ચઢો ને દત્તાત્રેયનાં પગલાંનાં દરશન કરી આવો." પછી રસોઈઓ બહુ

**૧.**પથ્થરમાં કોતરીને. **૨.**ગિરનાર પર્વત ઉપર. **૩.**પધરાવ્યાં.

ચાલી. પછી સાધુની પંક્તિમાં મહારાજ લાડવા ફેરવવા માંડ્યા. ત્યાં ડુંગરે ચડ્યા હતા તે સાધુ આવ્યા.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, “તમે ડુંગરે ચડીને દત્તાત્રેયનાં પગલાંનાં દરશન કર્યાં ?” ત્યારે એ સર્વે સાધુ, પાળા ને હરિજન એ સર્વે બોલ્યા જે, “હે મહારાજ ! અમે દત્તાત્રેયનાં પગલાં સુધી ન પહોંચ્યા; કેમ જે, થાક બહુ લાગ્યો.” ત્યારે શ્રીજીમહારાજ કહે જે, “તમે પહોંચ્યા નહિ ?” ત્યારે કહે, “ના મહારાજ.” ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, **“આ સદ્‌ગુરુ ચૈતન્યાનંદસ્વામી સાક્ષાત્ દત્તાત્રેયનો અવતાર છે, તેનાં પ્રત્યક્ષ દરશન કરો.”** એમ કહીને મહારાજ હસ્યા. પછી બધા સાધુ, પાળા, બ્રહ્મચારી, હરિજન સર્વે સદ્‌ગુરુ ચૈતન્યાનંદસ્વામીને પગે લાગ્યા.

ત્યાર પછી ભક્ત મોનો શ્રીધોલેરે મંદિરના કામકાજ સારુ ગયા હતા. ત્યાં સાધુ વિજ્ઞાનદાસજી પાસે બેસવાને ગયા ને વિજ્ઞાનદાસજીએ વાતુ કરી. તેમાં સદ્‌ગુરુ શ્રીચૈતન્યાનંદસ્વામીનો પ્રસંગ નીકળ્યો. ત્યારે સાધુ વિજ્ઞાનદાસજી કહે જે, **“સદ્‌ગુરુ ચૈતન્યાનંદસ્વામી તો દત્તાત્રેય ભગવાનનો અવતાર છે, એમ હું એને દેખું છું. ને એ ચૈતન્યાનંદસ્વામી મહારાજની પાસે સેવામાં બેઠા છે, એમ હું અક્ષરધામમાં દેખું છું. ને એક રૂપે આંહીં છે ને બીજે રૂપે અક્ષરધામમાં મહારાજ પાસે છે.”** એમ સાધુ વિજ્ઞાનદાસજીએ નજરે જોઈને વાત કરી; તે સર્વે મેં સાંભળી છે. ॥૩૪॥

## ૩૫. પ્રગટ પ્રમાણ શ્રીહરિકૃષ્ણ મહારાજ

સંવત ૧૯૧૬ની સાલમાં રઘુવીરજી મહારાજ શ્રીગઢપુર મૂર્તિ પધરાવવા સારુ આવ્યા. ને સમૈયો બહુ સારો થયો અને માણસો બહુ ભરાણા હતા.[1] પછી શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પધરાવ્યાનો સમય થયો. ત્યારે શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિને લઈને શ્રીગોપીનાથજી મહારાજની પડખે ઊભી રાખી. પછી સર્વે કડિયા આવી, મૂર્તિને આડી

**૧.**ભેગા થયા હતા.

અવળી ફેરવે પણ બેસતી ન આવે. પછી તો મૂર્તિ ફેરવી ફેરવીને થાક્યા, પણ કાંઈ બેસતું ન આવ્યું. અને રાત ત્રણ પહોર ગઈ.

પછી તો સર્વે કડિયા જ્યાં રઘુવીરજી મહારાજ અને ગુણાતીતાનંદસ્વામી બેઠા હતા ત્યાં આવ્યા. અને કહે, “હે રઘુવીરજી મહારાજ ! હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ ફેરવી ફેરવીને અમે તો થાકી ગયા, પણ કાંઈ બેસતું આવતું નથી ને સવારમાં તો આરતી કરવી છે. તેનું હવે અમારે કેમ કરવું ?” પછી રઘુવીરજી મહારાજ તથા ગુણાતીતાનંદસ્વામી બોલ્યા જે, “મૂર્તિને પાંસરી[1] કરીને પધરાવવી એ તો કડિયાનું કામ છે, તેમાં અમે શું જાણીએ ?” ત્યારે કડિયા બોલ્યા જે, “હે મહારાજ ! હવે એમાં અમારી કારીગરી ચાલતી નથી ને અમે હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પધરાવીએ, એવું અમારામાં હવે દૈવત[2] પણ નથી. અમે તો મૂર્તિ બેસારવા ઘણોય દાખડો કરી જોયો, પણ અમારાથી કાંઈ થાય એમ નથી.”

ત્યારે સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામી તથા ભાયાત્માનંદસ્વામી વગેરે સર્વે વિચાર કરવા માંડ્યા કે, હવે આપણે શું કરવું ? ને હમણાં સવાર થઈ જાશે, અને સવારમાં તો આરતી કરવી છે. પછી તો સદ્‌ગુરુ ભાયાત્માનંદસ્વામી તથા ગુણાતીતાનંદસ્વામી વગેરે સર્વે બોલ્યા જે, **“હે રઘુવીરજી મહારાજ ! આ હરિકૃષ્ણ મહારાજ તમારા બાપ છે, તે તમારું માનશે. માટે તમે જઈને મહારાજને પધરાવો.”** તેમ સર્વે સદ્‌ગુરુ, કડિયા તથા વેદપુરુષ[3] વગેરે બોલ્યા. ત્યારે રઘુવીરજી મહારાજ બોલ્યા જે, “ઠીક હું જાઉં.” **પછી રઘુવીરજી મહારાજે હરિકૃષ્ણ મહારાજને હાથે કરીને જરાક ફેરવ્યા ત્યાં ઝટ દઈને બેસી ગયા.** અને તેમાં કાંઈ પણ આડું અવળું કરવુ પડ્યું નહિ. અને શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિ, શ્રીગોપીનાથજી મહારાજની પાસે પાંસરી ઊભી રહી. તેથી રઘુવીરજી મહારાજ તથા સર્વે રાજી થયા.

પછી ભાયાત્માનંદસ્વામી પોતાને આસને આવીને સૂતા. ત્યાં

**૧.**બરાબર બંધબેસતી. **૨.**સામર્થ્ય. **૩.**મૂર્તિ પ્રતિષ્ઠાની વૈદિક વિધિ કરાવનાર વિપ્ર.

તો સવારના ચાર વાગ્યા. ત્યારે શ્રીજીમહારાજ જેવા મનુષ્યરૂપે હતા તેવા જ પ્રત્યક્ષરૂપે ભાઈસ્વામી સૂતા હતા, ત્યાં તેની ખાટલી ઉપર ઓશીકે આવીને બેઠા. ત્યારે ભાયાત્માનંદસ્વામીએ મહારાજનાં દર્શન કર્યાં. અને ભાઈસ્વામી ખાટલી ઉપરથી બેઠા થયા અને હેઠા ઊતરવા માંડ્યા. ત્યારે શ્રીજીમહારાજ કહે, "ભાઈ ! બેઠા રહો." એટલે ભાઈસ્વામી પાંગતે બેઠા અને શ્રીજીમહારાજ ઓશીકે બેઠા. પછી સ્વામી મહારાજ સામું જોઈ રહ્યા. ત્યાં શ્રીજીમહારાજ ખાટલા ઉપરથી ઊતર્યા ને ચાલ્યા. **મહારાજને ચાલતાં જોઈ ભાયાત્માનંદસ્વામી ઊભા થયા. અને મહારાજ ચાલતાં-ચાલતાં મંદિરમાં જ્યાં ગોપીનાથજી મહારાજની બાજુમાં શ્રીહરિકૃષ્ણ મહારાજ છે તે મૂર્તિમાં જઈને પ્રવેશ કરી ગયા.** એટલે ભાઈસ્વામી પાછા ખાટલી ઉપર બેઠા.

ત્યાં રઘુવીરજી મહારાજના પાળા ભાયાત્માનંદસ્વામીને તેડવા આવ્યા. અને કહે, "હે સ્વામી ! રઘુવીરજી મહારાજ તમને દર્શન કરવા સારુ બોલાવે છે." ત્યારે ભાઈસ્વામી બોલ્યા જે, "અમને તો હમણાં મહારાજનાં દર્શન થયાં. ને શ્રીસહજાનંદસ્વામી આવીને અમારે ખાટલે હમણાં સુધી બેઠા હતા. તે હમણાં જ ઊઠીને અહીંથી મંદિરમાં આવ્યા અને હરિકૃષ્ણ મહારાજની મૂર્તિમાં પ્રવેશ કરી ગયા. તે મેં નજરે જોયું."

પછી એ વાત ભાઈસ્વામીએ રઘુવીરજી મહારાજ પાસે આવીને, વિસ્તારીને કરી દેખાડી. તે વાત સાંભળી રઘુવીરજી મહારાજ તથા સદ્‌ગુરુ શ્રીગુણાતીતાનંદસ્વામી વગેરે સર્વે સાધુ, બ્રહ્મચારી અને સર્વે હરિજન બહુ રાજી થયા. અને એમ બોલ્યા જે, **"આ હરિકૃષ્ણ મહારાજ તો પ્રત્યક્ષ ભગવાન છે."** ॥૩૫॥

## ૩૬. રઘુવીરજી મહારાજની મોટ્યપ

એક વખત સદ્‌ગુરુ શ્રીચૈતન્યાનંદસ્વામી તથા સાધુ નૃસિંહાનંદ સ્વામી વગેરે સર્વે સંતો શ્રીગઢપુરથી વડતાલ ગયા. અને વડતાલમાં નિવાસ કરીને રહ્યા. ત્યાં સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદસ્વામી સવારના પહોરમાં

યોગ તથા સાંખ્યની વાતો ઘણી ઘણી કરે. અને સાધુ બધા સાંભળીને બહુ રાજી થાય. પછી સદ્‌ગુરુ શ્રીચૈતન્યાનંદસ્વામી કહે, “તમે બહુ સારી વાતો કરી.” એટલે સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદસ્વામી કહે, “મહારાજ પૃથ્વી પર પધાર્યા તેણે કરીને અસંખ્ય જીવોનો ઉદ્ધાર થયો. ને શ્રીજીમહારાજે પોતાની ઉપાસના તથા એકાંતિક ધર્મ પ્રવર્તાવીને સ્થાપન કર્યો.” એમ વાતો કરતાં રાતના બાર વાગ્યા. પછી સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામી તથા સદ્‌ગુરુ ચૈતન્યાનંદસ્વામી વગેરે સર્વે સાધુ સૂતા.

ત્યારે સદ્‌ગુરુ ચૈતન્યાનંદસ્વામીને સ્વપ્નું આવ્યું જે, હું લક્ષ્મી-નારાયણના મંદિરમાં દર્શન કરવા ગયો. ત્યાં જઈને લક્ષ્મીનારાયણ તથા રણછોડજી વગેરે સર્વે મૂર્તિનાં દર્શન કર્યાં અને દક્ષિણ તરફના **મંદિરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિ છે, તેમનાં દર્શન એક નજરે કર્યાં; ત્યાં એ મૂર્તિમાંથી શ્રીજીમહારાજ પ્રગટ થયા અને હસતાં હસતાં ચાલ્યા, તે મંદિર બહાર આવ્યા.** ને જે ઠેકાણે મંદિર વચ્ચે કાચબો છે ત્યાં આવીને ઊભા રહ્યા. ત્યારે હું પણ ત્યાંથી ચાલ્યો અને મંદિર બહાર આવ્યો, ને મહારાજ પાસે હાથ જોડીને ઉત્તરમુખે ઊભો. ત્યાર પછી મહારાજ મારી સામું જોઈને હસ્યા અને એમ બોલ્યા જે, “હે ચૈતન્યાનંદસ્વામી ! તમારે કેમ છે ?” ત્યારે મેં કહ્યું જે, “હે મહારાજ ! તમારા પ્રતાપે કરીને બહુ સારું છે.” ત્યાં મહારાજ એક વાત કરે છે, એટલામાં આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ પાસે આવીને પગે લાગ્યા.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **“આવો રામચંદ્રજી ! કેમ તમે સુખી છો ? તમારે શરીરે સુવાણ છે ?”** એમ રઘુવીરજી મહારાજ સામું જોઈને શ્રીજીમહારાજ બોલ્યા. ત્યારે રઘુવીરજી મહારાજ કહે, “તમારા પ્રતાપે કરીને બહુ સારું છે.” ત્યાર પછી શ્રીજીમહારાજ સદ્‌ગુરુ ચૈતન્યાનંદસ્વામી સામું જોઈને બોલ્યા જે, “હે સ્વામી ! આ રઘુવીરજી મહારાજને અમે ભરતખંડના રાજા કર્યા છે અને અમારી ગાદી સોંપી છે; માટે બહુ મોટા છે.” એવું શ્રીજીમહારાજે સદ્‌ગુરુ ચૈતન્યાનંદ સ્વામીને

કહ્યું. ત્યારે સદ્‌ગુરુ ચૈતન્યાનંદસ્વામી કહે, "હે મહારાજ ! તમારી ગાદી સોંપી તે સારું કર્યું. એ રામચંદ્રજી બહુ મોટા છે."

ત્યાર પછી સ્વામી સ્વપ્નામાંથી જાગ્યા. પછી ચૈતન્યાનંદસ્વામીને સ્વપ્નમાં જે રીતે શ્રીજીમહારાજે દર્શન દીધાં તથા જે રીતે બોલ્યા તથા રઘુવીરજી મહારાજની મોટ્યપ કહી, તે વાત વિચારીને હૈયામાં બહુ આનંદ પામ્યા. પછી ઊઠીને નાહી-ધોઈ સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામીને આસને બેસવા ગયા. અને ત્યાં પોતાને રાતે સ્વપ્નું આવ્યું હતું, તે વાત વિસ્તારીને કહેતા હવા. તે વાત સાંભળીને સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી વગેરે સર્વે સાધુ બહુ રાજી થયા. ॥૩૬॥

## ૩૭. મહારાજે મુક્તાનંદસ્વામીને ધ્યાન શીખવ્યું.

એક સમયે શ્રીજીમહારાજ અક્ષરભુવનમાં[૧] બિરાજમાન હતા. તે સમયે સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદસ્વામી ત્યાં આવ્યા. પછી શ્રીજીમહારાજ મુક્તાનંદસ્વામી સામું જોઈને બોલ્યા જે, "હે સ્વામી ! આવો." એટલે મુક્તાનંદસ્વામી શ્રીજીમહારાજ પાસે જઈને બેઠા. ત્યારે બીજા સદ્‌ગુરુ તથા સર્વે સાધુ આવીને બેઠા.

પછી શ્રીજીમહારાજ મુક્તાનંદસ્વામી સામું જોઈને બોલ્યા જે, "હે સ્વામી ! તમે ધ્યાન કેમ કરો છો ?" ત્યારે સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! અમે તમારી મૂર્તિ સંભારીએ છીએ ને માળા ફેરવીએ છીએ." ત્યાર પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "અમારી મૂર્તિ તમે જેમ અમારી પાસે બેઠા છો ને દેખો છો, તેમ ને તેમ ધ્યાનમાં દેખો છો ?"

ત્યારે સ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! એમ તો નથી દેખાતી." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "ત્યારે એ ધ્યાન ન કહેવાય, એ તો માત્ર ભગવાન સંભાર્યા કહેવાય. **ધ્યાન તો એનું નામ કહેવાય જે, જેવા ભગવાન પાસે બેઠા હોય અને દર્શન કરીએ તેવા ને તેવા ધ્યાનમાં**

**૧.**ગઢપુરની અક્ષરઓરડીમાં.

**દર્શન થાય, ત્યારે ધ્યાન કર્યું કહેવાય.** માટે હે સ્વામી ! એવું ધ્યાન તમે શીખો."

પછી મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! તમે જેમ કહો તેમ હું ધ્યાન કરતાં શીખું."

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "હે મુક્તાનંદસ્વામી ! તમારે પ્રથમ આસન વાળીને બેસવું. પછી સર્વે ઈન્દ્રિયોની વૃત્તિ સ્થિર કરવી. ત્યાર પછી એમ વિચાર કરવો જે, હું આત્મા છું. એવો વિચાર કરી નેત્રની વૃત્તિ છે, તે મન ભેગી ભેળવવી. તથા મનની વૃત્તિ છે તે જાણપણા સન્મુખ કરવી, પછી આત્માને વિશે લીન કરવી. અને તે આત્માને વિશે ભગવાનની મૂર્તિ ધારવી. **પછી જેવા પોતાને પ્રત્યક્ષ ભગવાનનાં દર્શન થાય છે, તેવા ને તેવા આત્માને વિશે જોવા. પછી મૂર્તિ સામું જોઈ રહેવું, એવી રીતે ધ્યાન કરવું."** ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, " હે મહારાજ ! હવે તમે કહ્યું એવી રીતે હું ધ્યાન કરીશ."

પછી મુક્તાનંદસ્વામી મહારાજ પાસેથી ઊઠીને પોતાના આસને આવ્યા. અને સાંજના સમયે શ્રીજીમહારાજે જેમ કહ્યું હતું તેવી રીતે આસન વાળીને ધ્યાન કરવા બેઠા. અને એક પહોર ધ્યાન કર્યું. ત્યાં શ્રીજીમહારાજની સભા થઈ. ત્યારે સભામાં મુક્તાનંદસ્વામી મહારાજની પાસે જઈને બેઠા. તે સમયે ગીતાના બીજા અધ્યાયની કથા પ્રાગજી દવે વાંચતા હતા. તેમાં આત્માની વાત આવી, તે ઉપર શ્રીજીમહારાજે અસંગી રહેવું અને ધ્યાન કરવું એવી બહુ વાત કરી. પછી મુક્તાનંદસ્વામી સભામાંથી ઊઠીને રાતના દસ વાગે પોતાના ઉતારે આવ્યા અને ધ્યાન કરવા બેઠા. પછી **એવું ને એવું ધ્યાન પાંચ દિવસ કર્યું, ત્યાં આત્માને વિશે મહારાજનાં દર્શન થયાં.**

ત્યાર પછી મુક્તાનંદસ્વામી સવારના પહોરમાં શ્રીજીમહારાજનાં દર્શન કરવા સારુ અક્ષર ઓરડીમાં ગયા. અને મહારાજનાં દર્શન કરી પાસે બેઠા. ત્યારે શ્રીજીમહારાજે પૂછ્યું જે, "હે મુક્તાનંદસ્વામી ! તમે ધ્યાન કરો છો ?" ત્યારે સ્વામી કહે, "હા મહારાજ." ત્યારે શ્રીહરિ

કહે, "તમારે ધ્યાનમાં કાંઈ દેખાણું ?" ત્યારે મુક્તાનંદસ્વામી કહે, **"હા મહારાજ, આત્માને વિશે તેજ છે તેમાં તમારી મૂર્તિ દેખાય છે."** એટલે મહારાજ કહે, "તમે ઠીક અભ્યાસ રાખો છો, એવો ને એવો અભ્યાસ તમારે કરવો." ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! મારે એમ જ કરવું છે."

પછી મુક્તાનંદસ્વામીએ એવો અભ્યાસ થોડા દિવસ કર્યો. ત્યાં **તે જેવી રીતે શ્રીજીમહારાજ પાસે બેઠા હોય અને દર્શન થાય, તેવા ને તેવા શ્રીજીમહારાજનાં દર્શન આત્મામાં થવાં લાગ્યાં.** જેમ ફાનસમાં દીવો દેખાય તેવી તેજમાં મૂર્તિ અખંડ દેખાવા લાગી. તેથી મુક્તાનંદસ્વામી બહુ રાજી થયા. ॥૩૭॥

## ૩૮. બ્રહ્માનંદસ્વામીની મોટ્યપ તથા મૂળી મંદિરનું નિર્માણ

એક સમયે શ્રીજીમહારાજ દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના ઓરડાની ઓસરીમાં ઢોલિયા ઉપર ગાદી-તકિયા નંખાવીને વિરાજમાન હતા. અને સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી, સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી, સદ્‌ગુરુ ચૈતન્યાનંદસ્વામી વગેરે સર્વે સાધુ બેઠા હતા. તથા મૂળજીબ્રહ્મચારી વગેરે બ્રહ્મચારીઓ અને દાદાખાચર વગેરે સર્વે હરિભક્તો બેઠા હતા.

તે સમયે શ્રીજીમહારાજ સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી સામું જોઈને બોલ્યા જે, "હે સ્વામી ! કામ જીતવો એ તો મહા કઠણ છે. અને કામ જિતેલા એવા તો અક્ષરધામના મુક્ત છે, બીજા કોઈથી કામ જિતાતો નથી. પણ **જેને પ્રત્યક્ષ ભગવાનનો આશરો છે, તેને કામ જીતવો કાંઈ કઠણ નથી."** એમ મહારાજે વાત કરી.

પછી વળી બોલ્યા જે, "હે સ્વામી ! આ થાંભલો છે તેમાં કામ જણાય છે ?" ત્યારે સ્વામી બોલ્યા જે, "એમાં શું કામ જણાય, તે તો જડ પદાર્થ છે." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, **"હે સ્વામી ! જેમ આ થાંભલામાં કામ જણાતો નથી, તેમ આ બ્રહ્માનંદસ્વામી છે**

**તેમાં પણ કામ નથી. એવી રીતે બ્રહ્માનંદસ્વામીએ કામને જીત્યો છે, માટે તે બહુ મોટા છે.”**

પછી શ્રીજીમહારાજે ગઢપુરમાં મંદવાડ ગ્રહણ કર્યો. ને અક્ષરભુવનમાં ઢોલિયા ઉપર પોઢ્યા હતા. તે સમયે સદ્ગુરુ બ્રહ્માનંદ સ્વામીને પાસે બોલાવ્યા. એટલે સ્વામી પાસે આવ્યા ને પગે લાગીને બેઠા. તે વખતે શ્રીજીમહારાજે બ્રહ્માનંદસ્વામીને કહ્યું જે, “ઝાલાવાડમાં મંદિર થયું નહિ.” ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, “મૂળીમાં મંદિર થાય એમ છે; કેમ જે, ત્યાંના ગરાસિયાને બહુ ભાવ છે.” એટલે મહારાજ બોલ્યા જે, “તમે મૂળીમાં મંદિર કરાવજો.” એવી શ્રીજીમહારાજે બ્રહ્માનંદસ્વામીને આજ્ઞા કરી.

ત્યાર પછી ફરીને કહ્યું જે, “હે બ્રહ્માનંદસ્વામી ! હાલમાં તમે જૂનાગઢ જાઓ. કેમ જે, જૂનાગઢનું મંદિર અધૂરું છે.” એટલે બ્રહ્માનંદ સ્વામીએ તે આજ્ઞા માથે ચઢાવી અને જૂનાગઢ ગયા. પાછળથી શ્રીજીમહારાજે દેહોત્સર્ગ કર્યો.[1] એટલે બ્રહ્માનંદસ્વામી પાછા આવ્યા ને મહારાજનું કારજ[2] પૂરું થઈ રહ્યું, એટલે પાછા ફરી જૂનાગઢ પધાર્યા. ને ત્યાં મંદિર પૂરું કર્યું. પછી ભાદરવા માસમાં જૂનાગઢથી ચાલ્યા ને સાથે ચાલીસ સંતની મૂર્તિ હતી, તે ગામ માંડવધાર આવ્યા. ત્યાંથી ચાલ્યા, તે રસ્તામાં વરસાદ બહુ થયો ને વોંકળીમાં પૂર આવ્યું. એટલે તેને પેલે કાંઠે બેસીને પંદર તિથિઓનાં પદો ગાવાં બેઠા. તેમાં ગાયું જે, ‘પડવે તે મારા પ્રાણ લઈને પધાર્યા રે, વાલાજી.’ એમ બે જણા ગાય ને બીજા પાછળથી ઝીલે. તેનો સ્વર અહીં[3] સંભળાતાં જાણ્યું કે, સાધુઓ આવ્યા છે. એટલે મંદિરમાંથી સાધુ તથા પાળા વગેરે ત્યાં ગયા ને જોયું તો બ્રહ્માનંદસ્વામીને દીઠા. એટલે વોંકળી ઉતારી મંદિરમાં લાવ્યા. ને ઉતારો કરી સાધુઓને મળીને બેઠા.

ત્યાર પછી બે-ચાર દિવસ ગયા ત્યારે બ્રહ્માનંદસ્વામીએ ગોપાળાનંદસ્વામીને કહ્યું જે, “હે સ્વામી ! મહારાજે મને મૂળીમાં મંદિર

**૧.**અંતર્ધાનલીલા કરી. **૨.**ત્રયોદશા સુધીની વિધિ. **૩.**મંદિરમાં.

કરવાની આજ્ઞા કરી છે, માટે મારે ત્યાં જઈને મંદિર કરવું છે.” ત્યારે ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, “હમણાં માણસો નથી ને સાધુ પણ કોઈ સાથે આવે તેવા નથી, એટલે હાલ મંદિર થાય તેમ જણાતું નથી.” ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, “શ્રીજીમહારાજે મને મંદિર કરવાની આજ્ઞા કરી છે એટલે મારે મંદિર કરવું છે; માટે સાધુ આપો.” ત્યારે ગોપાળાનંદસ્વામી કહે જે, “હાલ કોઈ સાધુ આવે તેમ નથી. આ એક જગતપાવનાનંદસ્વામી છે, તેમને લઈ જાઓ.” ત્યારે બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે, “મહારાજે તમને બે દેશના તથા સર્વે સાધુઓના મોટેરા કર્યા છે ને પોતાને ઠેકાણે તમને સ્થાપન કર્યા છે, તેથી તમારે બંને દેશને સરખા રાખવા જોઈએ; માટે સાધુઓ આપો.” એમ બહુ કહ્યું. ત્યારે ફરીને પણ ગોપાળાનંદસ્વામીએ કહ્યું જે, “હાલ સાધુ કોઈ નથી. આ એક જગતપાવનાનંદસ્વામી છે તેને લઈ જાઓ, બીજા કોઈ નથી.” ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, “મંદિર તો કરવું જ છે.”

પછી પોતાના બે શિષ્ય તદ્‌રૂપાનંદસ્વામી તથા નિર્દોષાનંદસ્વામી અને જગતપાવનાનંદસ્વામી એમ ત્રણ સંતને સાથે લઈને ગામ શ્રીમૂળી ગયા. અને પ્રસાદીનો લીમડો હતો ત્યાં ઉતારો કર્યો. પછી ગામના દરબાર સાથે મળીને મંદિરનું કામ ચાલતું કર્યું ને સીમમાં પાણા લેવા ગયા. તે બે ગાઉ ફરતી સીમ[૧] ખોદી જોઈ પણ ક્યાંય પાણો જડ્યો નહિ. ત્યારે બ્રહ્માનંદસ્વામીને મૂંઝવણ થઈ, ને ધાર[૨] ઉપર જઈને બેઠા. પછી વિચાર કરવા મંડ્યો જે, મંદિર કરવું છે ને પાણો કોઈ જગ્યાએ છે નહિ, તે મંદિર કેમ થાશે ? એવી રીતે મૂંઝવણ થઈ કે તરત મહારાજે દર્શન દીધું. એટલે બ્રહ્માનંદસ્વામી ઊભા થયા. પછી મહારાજની મૂર્તિ આગળ ચાલી ને બ્રહ્માનંદસ્વામી પાછળ ચાલ્યા. તે એક ધાર પાસે જઈને મહારાજ ઊભા રહ્યા. પછી બ્રહ્માનંદસ્વામીને ભેટ્યા ને કહ્યું, “આંહીં પાણા છે.” એટલે બ્રહ્માનંદસ્વામી વગેરે સાધુ બહુ રાજી થયા ને મહારાજ અદશ્ય થઈ ગયા. પછી બ્રહ્માનંદસ્વામીએ ત્યાં ખોદાવીને પાણા કાઢ્યા. તે મંદિર પૂરું થતાં સુધી ચાલ્યા. ॥૩૮॥

**૧.**જમીન. **૨.**નાના પર્વત.

# ૩૯. ગુણાતીતાનંદસ્વામીનો મહિમા

ગામ ભાદરાના રહેવાસી વિપ્ર મૂળજી પોતાના ઘરનું કામકાજ કરવા ઉપરાંત, પોતે બરાબર ધર્મ પાળી બીજાને ધર્મ પળાવે એવા સમર્થ હતા. તે એક દિવસે વહેલા શ્રીજીમહારાજનું ધ્યાન કરવા બેઠા. તે સમયે ધ્યાનમાં મહારાજની મૂર્તિમાં જોડાઈ ગયા. તેથી શ્રીજીમહારાજે પાસે આવીને સાક્ષાત્ દર્શન દીધાં. તે વખતે શ્રીજીમહારાજે ખેસ પહેર્યો હતો ને એક આડછોડે ધોળું લૂગડું નાંખેલું હતું. અને માથા ઉપર નાની નાની બાબરીઓ[૧] શોભે ને સોળ વર્ષની ઉંમર, એવી રીતે દર્શન દીધું. પછી મહારાજ મૂળજી સામું જોઈને હસ્યા. એવી રીતે દર્શન થવાથી બહુ રાજી થયા ને થોડા દિવસ ઘરમાં રહ્યા. પછી વૈરાગ્યના વેગે કરી મૂળજી વિપ્ર મહારાજ પાસે આવ્યા. ને શ્રીજીમહારાજે તેમને સાધુ કરી 'ગુણાતીતાનંદસ્વામી' એવું નામ પાડ્યું. તે પછી તેઓ સાધુઓ ભેળા રહ્યા.

પછી એક સમયે મુક્તાનંદસ્વામી ગામ શ્રીવડતાલ જવા નીકળ્યા ને સાથે ૬૦ મૂર્તિ સાધુ હતા. એ ભેળા ગુણાતીતાનંદસ્વામી પણ સાથે હતા. તે પહેલા કારિયાણી ગામ આવ્યા ને ત્યાંથી ચાલ્યા તે ભોગાવાના રસ્તામાં ગારો આવ્યો. એટલે ગુણાતીતાનંદસ્વામીએ કહ્યું જે, "તમે સર્વે મારી પછેડીમાં પગરખાં નાંખો ને હું ઉપાડીશ. અને તમે સર્વે માળા ફેરવતા ચાલો." તેથી સર્વે સાધુઓએ જોડા ગુણાતીતાનંદ સ્વામીની પછેડીમાં નાંખ્યા. તેનો ગાંસડો બાંધી ગુણાતીતાનંદસ્વામીએ ઉપાડ્યો. તે જોઈ મુક્તાનંદસ્વામી બહુ રાજી થયા.

પછી ત્યાંથી ચાલ્યા તે વડતાલ ગયા ને શ્રીજીમહારાજ વડતાલમાં જૂની મેડી ઉપર સભા કરીને બેઠા હતા. તે વખતે મુક્તાનંદસ્વામી વગેરે સર્વે સાધુઓ દંડવત્ કરી પગે લાગ્યા ને મળીને[૨] બેઠા. ત્યારે શ્રીજીમહારાજે સર્વે સમાચાર પૂછ્યા. તેથી સર્વે સમાચાર કહ્યા અને કહ્યું જે, **"આ ગુણાતીતાનંદસ્વામી સાધુઓની બહુ સેવા કરે છે ને સર્વે**

**૧.**વાળ. **૨.**ભેટીને.

**સાધુઓના જોડાની ગાંસડી બાંધીને માથે લીધી, એવા મહિમાવાળા છે ને બહુ સારા સાધુ છે ને નિર્માની છે."** તે સાંભળીને મહારાજ બહુ રાજી થયા. અને બોલ્યા જે, **"સેવા કરશે તેને મેવા મળશે."** એ વાત સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામીએ સાંભળી, તેથી તેઓ બહુ રાજી થયા.

ત્યાર પછી એક દિવસ સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદસ્વામી વગેરે સાધુઓ હાલ જ્યાં ગોપીનાથજી મહારાજનું મંદિર છે ત્યાં ઓરડા હતા, તેમાં રહેતા. ત્યાં સર્વે સાધુઓ બેઠા હતા. તે વખતે એક સાધુએ રમુજ[1] કરીને કહ્યું કે, "સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામી તો મહારાજને એમ ને એમ અખંડ રાખે છે[2] ને થોડીવાર પણ મહારાજને સૂવા દેતા કે મેલતા નથી." એમ રમૂજ કરી. તે ગુણાતીતાનંદસ્વામી સાંભળી રહ્યા. તે વાત શ્રીજીમહારાજ પાસે ગઈ. ત્યારે મહારાજ વાસુદેવ નારાયણના ઓરડે સભા કરીને બિરાજમાન થયા હતા. ત્યાં મુક્તાનંદસ્વામી પાસે જઈ સ્વામી પગે લાગી બેઠા. ત્યારે મુક્તાનંદસ્વામી સામું જોઈને મહારાજ બોલ્યા જે, **"આ ગુણાતીતાનંદસ્વામી તો અમને જેમ માણસ સાણસામાં સર્પ પકડે તેમ પોતાના આત્મામાં પકડી રાખે છે, તે મેલતા નથી એવા મોટા છે."** તે વાત સાંભળીને મુક્તાનંદસ્વામી વગેરે સર્વે સાધુ બહુ રાજી થયા. ॥૩૯॥

## ૪૦. મુક્તાનંદસ્વામીને સર્વોપરી નિશ્ચય

સંવત ૧૮૬૮ની સાલમાં શ્રીજીમહારાજ શ્રીનાગડકે સુરાખાચરના દરબારમાં કથા વંચાવતા હતા. ત્યારે સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી, સદ્‌ગુરુ બ્રહ્માનંદસ્વામી, સદ્‌ગુરુ નિત્યાનંદસ્વામી તથા સદ્‌ગુરુ ચૈતન્યાનંદ સ્વામી વગેરે સર્વે સાધુ ત્યાં આવ્યા. પછી સભા થઈ. ત્યારે શ્રીજીમહારાજે ઉપાસનાની ઘણી વાત કરી. તે સાંભળીને મુક્તાનંદસ્વામી વગેરે સર્વે સદ્‌ગુરુ તથા સર્વે સાધુ બહુ રાજી થયા. પછી શ્રીજીમહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું કે, "હે સ્વામી ! તમે ઝાલાવાડમાં તમારું મંડળ લઈને ફરવા જાવ."

**૧.**મશ્કરી. **૨.**સંભારી રાખે છે.

ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, “ઠીક મહારાજ, હું ફરવા જાઉં છું.” એમ કહી સ્વામી ફરવા જવા સાબદા થયા. પછી મહારાજને પગે લાગીને ચાલ્યા તે ગામ સાયલે ગયા. ત્યાં નિવાસ કરીને રહ્યા. પછી શ્રીમદ્‌ભાગવતની કથા નિત્યાનંદસ્વામી વાંચતા હતા. તેમાં આ શ્લોક આવ્યો જે –

**एते चांशकलाः पुंसः कृष्णस्तु भगवान् स्वयम्।**
**इन्द्रारिव्याकुलं लोकं, मृडयन्ति युगे युगे॥**[1]

આ શ્લોકમાં શ્રીકૃષ્ણને સ્વયં ભગવાન કીધા છે. ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા જે, ‘એ શ્રીકૃષ્ણ કીધા તે શ્રીજીમહારાજ છે.’

ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે, **“જે શ્રીકૃષ્ણને તમે સ્વયં ભગવાન કહો છો, તે તો મહાપુરુષ છે ને તેથી પર અક્ષર છે, ને તેથી પર અક્ષરધામના અધિપતિ આ શ્રીસહજાનંદસ્વામી ભગવાન છે.”** ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, “હે નિત્યાનંદસ્વામી ! તમે એમ ન બોલો. ભગવાન તો એક જ છે.” એમ કહીને નિત્યાનંદસ્વામી ઉપર મુક્તાનંદસ્વામી ખીજ્યા. ત્યારે નિત્યાનંદસ્વામી કાંઈ ન બોલ્યા. પછી મુક્તાનંદસ્વામીને સંકલ્પ થવા માંડ્યો જે, નિત્યાનંદસ્વામી આમ કેમ બોલે છે ? આમ ઉપાસના સંબંધી વાતની તાંણાવાંણ[2] થઈ.

પછી તો સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી એમ બોલ્યા જે, “હે નિત્યાનંદ સ્વામી ! ચાલો, આપણે પાછા મહારાજ પાસે જઈએ.” ત્યારે નિત્યાનંદસ્વામી વગેરે સર્વે સાધુ ગામ નાગડકે શ્રીજીમહારાજ પાસે આવ્યા. તે સમયે શ્રીજીમહારાજ કથા વંચાવતા હતા ને સુરાખાચર મહારાજ પાસે બેઠા હતા ને મહારાજ ઉગમણા મુખારવિંદે પડખાભર સૂતા હતા. ત્યાં મુક્તાનંદસ્વામી વગેરેને આવતા દીઠા. તે જોઈને મહારાજ બેઠા થયા. પછી સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી વગેરે સર્વે સાધુઓ

**૧.**એ સર્વે તો પરમાત્માના અંશ અવતાર અથવા કલા અવતાર છે. જ્યારે શ્રીકૃષ્ણ તો સ્વયં ભગવાન છે. અસુરોના ત્રાસથી જ્યારે-જ્યારે લોકો વ્યાકુળ થાય છે, ત્યારે યુગયુગમાં ભગવાન તેની રક્ષા કરે છે. (ભાગવત-૧/૩/૨૮) **૨.**મતભેદની ખેંચાતાણ.

શ્રીજીમહારાજને દંડવત્ કરીને પગે લાગ્યા ને મહારાજ પાસે બેઠા. ત્યારે મહારાજે મુક્તાનંદસ્વામી સામું જોયું, પણ કાંઈ બોલ્યા નહિ ને કાંઈ ખબર પણ પૂછી નહિ.

પછી મુક્તાનંદસ્વામી ધીરા રહીને હાથ જોડીને બોલ્યા જે, “હે મહારાજ ! આ નિત્યાનંદસ્વામી અવતાર તથા અવતારી એવો ભેદ કહ્યા કરે છે ને ભગવાનના સ્વરૂપમાં ભેદ પાડે છે.” તે વાત સાંભળીને શ્રીજીમહારાજ આથમણે મુખારવિંદે પડખું ફેરવીને સુરાખાચર સાથે વાત કરવા મંડી. ત્યારે મુક્તાનંદસ્વામીને હૈયામાં એમ થયું જે, મેં વાત કરી તે મહારાજે કામ પ્રસંગમાં સાંભળી નહિ. પછી મુક્તાનંદસ્વામી ઊઠીને આથમણે પડખે મહારાજના મુખારવિંદની આગળ આવીને હાથ જોડીને ઊભા રહ્યા અને ધીરા રહીને બોલ્યા જે, “હે મહારાજ ! મેં વાત કરી તેનો શો ઉત્તર છે ?” ત્યારે વળી શ્રીહરિ પડખું ફેરવી ઉગમણે મુખારવિંદે સૂતા. એટલે સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીના હૈયામાં એમ થયું જે, મેં આ વાત કહી તે મહારાજને ગમી નહિ. પછી વળી મુક્તાનંદસ્વામી ઉગમણી તરફ આવીને હાથ જોડીને કહે, “હે મહારાજ ! જેમ હોય તેમ મુને વાત કરો, મારે પણ સાચું સમજવું છે.”

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “હે મુક્તાનંદસ્વામી ! નિત્યાનંદ સ્વામી શું કહે છે ?” પછી મુક્તાનંદસ્વામી બોલ્યા જે, **“તે તો જે શ્રીકૃષ્ણ છે તે પુરુષ છે અને તેથી પર અક્ષર છે અને તેથી પર શ્રીપુરુષોત્તમ ભગવાન આ સહજાનંદસ્વામી છે, એમ નિત્યાનંદસ્વામી કહે છે.”** પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **“હે મુક્તાનંદસ્વામી ! નિત્યાનંદસ્વામી કહે છે તે ઠીક[1] કહે છે ને સાચું સમજે છે, માટે તમે પણ એમ સમજો.” એ વાત સાંભળીને મુક્તાનંદસ્વામી રાજી થયા.**

પછી શ્રીજીમહારાજે વાત કરી જે, “અવતાર અવતારી એવો ભેદ તો શાસ્ત્ર પ્રમાણ છે.” એ દિશની[2] ઘણીક વાત કરી. પછી

**૧.**બરાબર. **૨.**તે બાબતની.

મુક્તાનંદસ્વામી વગેરે સર્વે સદ્‌ગુરુઓ ફરવા ગયા.[1] ॥૪૦॥

## ૪૧. સિદ્ધાનંદસ્વામીની મોટ્યપ તથા નિષ્ઠા

એક સમયે ગઢપુરમાં શ્રીજીમહારાજ ઘેલા કાંઠે ઉગમણે આરે પાણા ઉપર બેઠા હતા. અને ભગુજી વગેરે પાળા તથા સાધુ પાણા ખોદતા હતા. ત્યાં કોક ગામના ચારણ શ્રીજીમહારાજ પાસે આવ્યા અને એમ બોલ્યા જે, "હે મહારાજ ! આ તમારા સાધુમાં મોટેરા સાધુ કોણ છે ?" ત્યારે કોઈક એમ બોલ્યા જે, 'સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી તથા સદ્‌ગુરુ બ્રહ્માનંદસ્વામી મોટેરા સાધુ છે.' એટલે ચારણ બોલ્યો જે, "હે મહારાજ ! તમારે મન જે મોટેરા હોય તેનાં અમને દર્શન કરાવો." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "આવો અમારા મોટેરા સાધુનાં દર્શન કરાવીએ." ત્યારે તે ચારણ કહે, "હા મહારાજ, દર્શન કરાવો."

પછી શ્રીજીમહારાજે એક પાળાને કહ્યું, "તું સિદ્ધાનંદસ્વામીને તેડી લાવ." એટલે તે પાળો ચાલ્યો, ને જ્યાં સિદ્ધાનંદસ્વામી પાણા ખોદતા હતા ત્યાં જઈને કહ્યું કે, "તમને મહારાજ બોલાવે છે." તેથી સિદ્ધાનંદ સ્વામી મહારાજ પાસે આવીને ઊભા રહ્યા. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **"હે ગઢવી ! આ સાધુ અમારે અહીં મોટેરા છે, તેનાં દર્શન તમે કરો."** પછી બધા ચારણ સિદ્ધાનંદસ્વામીને પગે લાગ્યા ને સ્વામી સામું જોયું. ત્યાં તો સિદ્ધાનંદસ્વામીને કંઠમાં ભજન થાય[2] ને કંઠ હાલે. તે જોઈને સર્વે રાજી થયા ને એમ બોલ્યા જે, "જુઓને, **કંઠમાં ભજન થાય છે. આવું ભજન કોઈથી થાય નહિ. માટે આ સાધુ બહુ મોટા."**

ત્યાર પછી શ્રીજીમહારાજ વાસુદેવનારાયણના ઓરડે સભા કરીને બિરાજમાન થયા અને મુક્તાનંદસ્વામી વગેરે સદ્‌ગુરુ તથા બીજા સાધુ અને દાદાખાચર તથા સુરાખાચર વગેરે હરિજનો બેઠા હતા. તે સમયે સિદ્ધાનંદસ્વામી સભા વચ્ચે બેઠા હતા. તે વખતે પ્રેમાનંદસ્વામી તથા

**૧.**સત્સંગ માટે ગામડાં ફરવા ગયા. **૨.**મુખ હલાવ્યા વિના પણ કંઠમાં અખંડ નામજપ થાય.

જોગાનંદસ્વામી વગેરે ગવૈયા સાધુઓ –

**કૈસે જાઉં પનિયાં, રોક્યો પનઘટવા,**
**ખાંધે કામરિયા ને હાથ લકુટિયા;**
**બાંસુરી બજાવે ઠાડો, જમુના કે તટવા.**

એ કીર્તન ગાતા હતા. ત્યારે સિદ્ધાનંદસ્વામીને એમ સંકલ્પ થયો કે, આ શ્રીકૃષ્ણ કેવા હશે ? એમ સંકલ્પ થતાં જ તેમને જે શ્રીજીમહારાજની મૂર્તિ હંમેશા દેખાતી હતી તે મટી ગઈ અને શ્રીકૃષ્ણની મૂર્તિ જેવી કીર્તનમાં ગાતા હતા તેવી દેખાણી. તે હાથમાં વાંસળી ને બાંસુરી બજાવતા હતા. તેવી રીતની મૂર્તિ દેખાવાથી અને મહારાજની મૂર્તિ ન દેખાવાથી સિદ્ધાનંદસ્વામીને બહુ દુઃખ થયું અને મોઢું આમ તેમ ફેરવવા મંડ્યા. તે જોઈ મહારાજ મુખ આડો રૂમાલ રાખી હસ્યા અને સિદ્ધાનંદસ્વામીને બહુ દુઃખ થવા મંડ્યું. **તેથી ફરી મહારાજની મૂર્તિ દેખાણી ને કૃષ્ણની મૂર્તિ અદશ્ય થઈ, ત્યારે સુખ થયું. એમ નિષ્ઠાવાળાને પોતાના ઈષ્ટદેવની મૂર્તિ જોઈને જ સુખ થાય છે.** ॥૪૧॥

## ૪૨. શ્રીહરિની અંતર્ધાનલીલા

પ્રથમ શ્રીજીમહારાજે દસ-પંદર દિવસ અગાઉ હરિભક્ત બાઈ-ભાઈને બોલાવીને કહ્યું જે, “હવે મારા દેહનો નિર્ધાર નથી, માટે તમારે અમારી કેડે રોવું નહિ, તથા આપઘાત કરવો નહિ.” ત્યારે સર્વેએ કહ્યું જે, “ઠીક મહારાજ.” પછી મહારાજે કહ્યું જે, “એમ નહિ, જેને અમે કહ્યું તેમ કરવું હોય, તે આવી અમારે પગે હાથ મૂકો.” ત્યારે સર્વેએ એમ કર્યું.

પછી સંવત ૧૮૮૬ના જયેષ્ઠ સુદી નોમને સોમવારની રાત્રીએ પાછલી દોઢ પોરને આશરે હતી, તે સમયે શ્રીજીમહારાજની પાસે ગોપાળાનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામી તથા મોનજીભાઈ તથા હરજી પાળો એટલા હતા. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, “આજ સુધી તો

અમે અમૃત કરીને[1] જમ્યા ને હવે તો જમવું નથી ને દેહ પણ રાખવો નથી. તે અનેક ઉપાયો કરશો તોપણ નથી જમવું. શા સારુ કનડો[2] છો ?" ત્યારે ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! સુખે ઊંઘો. અમારું થનારું હશે તે થશે."

ત્યારે મહારાજ બોલ્યા જે, **"તમે અમારી મરજી જોઈ એમ કહ્યું, તેથી હું તમારા ઉપર બહુ રાજી થયો છું. માટે જાઓ તમે જે મનમાં ધારશો તે સંકલ્પ સિદ્ધ થાશે. ને સર્વે સંતમાં મોટેરા તમે છો ને ધામમાં પણ મોટેરા તમે છો."**

ત્યાર પછી દશમીને દિવસે સવારના પો'રમાં શ્રીજીમહારાજ ઊઠ્યા ને કહ્યું જે, "દાતણ લાવો કરીએ." ત્યારે પોતાના ભક્તને આનંદ થયો જે, અહો...! મહારાજે ચાર-પાંચ દહાડે દાતણ માંગ્યું. માટે ઘણું સારું થયું. પછી મહારાજે દાતણ કર્યું, સ્નાન કર્યું ને કહ્યું જે, "કાંઈક જમવાનું લાવો, ભૂખ લાગી છે." ત્યારે સાકરનો શીરો કરીને લાવ્યા. તે મહારાજ જમ્યા. તેથી સર્વેએ જાણ્યું જે, સારું થશે.

પછી થોડીક વાર પછી શ્રીજીમહારાજના કાન આગળ ગૂમડું થયું હતું, તે પોતાની મેળે પડખું ફેરવતાં પાછું દુઃખાયું. તેથી શરીર ટાઢું પડી ગયું. એટલે મહારાજે કહ્યું જે, "મારું શરીર ટાઢું પડી ગયું છે, માટે કસ્તુરી લાવો." પછી શ્રીજીમહારાજ કસ્તુરી અરધાકભારને[3] આશરે જમ્યા ને બીજી શરીરે ચોળી. પછી કહ્યું જે, "અમારી નાડી જુવો." ત્યારે તે જોઈને કહ્યું જે, "હે મહારાજ ! નાડી તો ઠેકાણે છે." પછી શ્રીજીમહારાજે પોતાની નાડીઓ ખેંચીને કહ્યું જે, "ના..ના.. ફરીને જુવો." ત્યારે જોઈને કહ્યું જે, "હે મહારાજ ! નાડી તો ઠેકાણે નથી." ત્યારે મહારાજે કહ્યું જે, "તો બોલાય છે કેમ ?" ત્યારે સર્વેએ કહ્યું જે, "હે મહારાજ ! તમે જેમ ધારો તેમ કરો."

પછી મહારાજે કહ્યું જે, "ભજનાનંદસ્વામીને કહો જે, જે ઓસડ કરવું હોય તે કરે." ત્યારે ભજનાનંદસ્વામીએ હિરણ્યગર્ભની ગોળી

**૧.**ભક્તોનો ભાવ અમૃત જેવો માનીને. **૨.**હેરાન કરો. **૩.**લગભગ ૬ ગ્રામ.

ઘસીને પાઈ. ત્યારે સચ્ચિદાનંદસ્વામી સમાધિમાં મુક્ત પાસે કોલ લઈને આવ્યા હતા તે બોલ્યા જે, "હે મહારાજ ! પાખંડ લઈને શું બેઠા છો ? ઓસડ આદિ ઘસીને તૈયાર બેઠા છો ને ખરા ફોસલાવો છો, પણ હમણાં સર્વે જાણશે. પછી આ સર્વે પથરા લઈને માથા ફોડશે ને લોહીની નીકો[1] ચાલશે ને તેમાં શિક્ષાપત્રી ખેંચાશે[2] ત્યારે જાણશો."

ત્યારે મહારાજ બોલ્યા જે, "ઊઠ, પાજી ! તારે જેમ કરવું હોય તેમ કર. અને **હું ખરો પરમેશ્વર હોઉં તો કોઈની નાસિકા ફૂટવા નહિ દઉં ને આ સમે કોઈની આવરદા આવી રહી હોય તોપણ મરવા નહીં દઉં.** અને જો કોઈનું મસ્તક આ સમે કાપ્યું હશે તો મારા ભક્તનું ચોંટશે પણ મરશે તો નહિ જ, સમજ્યો ! અને તું તો જેમ ધાર્યું હોય તેમ કર."

પછી સચ્ચિદાનંદસ્વામી મુક્ત પાસેથી કોલ લઈને આવ્યા હતા. તે શું ? તો મહારાજ અહીં આવે ત્યારે હું પણ આવું ને મુને તમે રાખશો ? એવું કહ્યું. ત્યારે મુક્તોએ કહ્યું, "હા, રાખશું." એવો કોલ કરીને સચ્ચિદાનંદસ્વામી આવ્યા હતા. તે બોલ્યા જે, "જો હું ખરો સાધુ હોવ તો હારે આવું છું." પછી શ્રીનરનારાયણ આદિ ઋષિ તથા સર્વે મુક્ત મહારાજની સન્મુખ વિમાન લઈને આવ્યા હતા તે મધ્યે પોતાનું વિમાન કોટાનકોટિ સૂર્ય ને ચંદ્ર જેવા પ્રકાશે યુક્ત હતું. તે વિમાનની મધ્યે બેસીને પોતાની ઈચ્છાએ કરીને અનંત મુક્ત સંગાથે પોતાના ધામમાં પધાર્યા.

સચ્ચિદાનંદસ્વામીએ પણ પોતાના ઉતારામાં જઈને પોતાના દેહને નીચોવી નાંખ્યો. ને જેમ કોઈક સારો મર્દ હોય તે લૂગડાંને નીચોવે તેમ પોતાના દેહમાં નાડિયુંમાં પ્રવેશ કરીને નાડિયું તોડી નાખિયું, ને હુતાશણીની પિચકારીઓની જેમ રુધિર નીસર્યું, તે કાન, નાસિકા આદિક છિદ્ર તથા રુંવાડામાંથી રુધિર નીસર્યું. તથા માંસ પણ તોડીને હાડમાંથી જુદું પાડ્યું ને મૂળદ્વારે લોચા દેખાય, એવી રીતે દેહને ચૂંથીને નેત્રે થઈને

**૧.**પ્રવાહો. **૨.**લોપાશે.

ધામમાં ગયા. ને જેમ કેરીઓ લટકે તેમ નેત્રના ડોળા લટકે. એવી રીતે તે દેહ છોડી મહારાજ સંગાથે છાનામાના ધામમાં ગયા.

પછી શ્રીજીમહારાજ પોતાના અક્ષરધામમાં સિંહાસન ઉપર બિરાજમાન થયા અને અનંત મુક્તો ચંદન-પુષ્પાદિકે કરીને પૂજવાની તૈયારી કરતા હતા. તે સમયે સચ્ચિદાનંદસ્વામી તો સિંહાસન પાછળ છાના ઊભા હતા. અને અહીં ગઢપુરમાં મહારાજના દેહનો અંતિમ સંસ્કાર કરતા હતા. ત્યાં ખબર આવી કે, સચ્ચિદાનંદસ્વામી પણ દેહ મૂકીને ગયા છે. ત્યારે ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, "મહારાજના દેહના સંસ્કાર થઈ રહ્યા પછી એમના દેહનો અંતિમ સંસ્કાર કરીશું."

પછી શ્રીજીમહારાજ પોતાના ધામમાં મુક્તો પ્રત્યે બોલ્યા જે, "અહીં એક ચોર આવ્યો છે." એટલે સચ્ચિદાનંદસ્વામીનો દેહ દશ યોજન જેટલો ઊછળવા લાગ્યો. અને કોટિ વીંછીના જેવી વેદના થવા લાગી. પછી સચ્ચિદાનંદસ્વામીએ વિચાર કર્યો જે, અહીં મારાથી નહિ રહેવાય. એટલે મહારાજની સન્મુખ આવીને ઊભા રહ્યા અને કહે જે, "હે મહારાજ ! આ હું તમારો ચોર ઊભો છું. અને મુક્તોએ કોલ આપ્યો હતો પણ તેનાથી રક્ષા ન થઈ." પછી મહારાજે કૃપા કરીને કહ્યું જે, "આવો." ત્યારે મરજી દેખીને પાસે આવ્યા. પછી મહારાજે કહ્યું જે, "તરસ્યા છો ?" ત્યારે કહ્યું જે, "હા." પછી પ્રસાદીનું જળ આપ્યું, તે પીધું ત્યારે શાંતિ થઈ.

પછી સચ્ચિદાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! અધૂરું મૂકી આવ્યા છો." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "શું અધૂરું મૂકીને આવ્યા છીએ ? જુઓને, અમદાવાદ, વડતાલ, ગઢપુર આદિક અમે મોટાં મોટાં ધામ બાંધ્યાં છે અને અમારી મૂર્તિઓનું સ્થાપન કર્યું છે ને તેને વિશે હું અખંડ બિરાજું છું. અને અયોધ્યાપ્રસાદજી તથા રઘુવીરજી આદિ ધર્મવંશી બ્રાહ્મણ, તેમને અમારા દત્તપુત્ર કરીને અમારે ઠેકાણે મૂક્યા છે. તથા શિક્ષાપત્રી આદિક ગ્રંથમાં ધર્મ-ભક્તિ આદિકનો પ્રબંધ બાંધ્યો છે. તથા મોટા મોટા સાધુને મૂકીને આવ્યા છીએ.

**તે સાધુ કેવા છે ? તો નારદ-સનકાદિક જેવા છે ને સભાઓને જીતે એવા છે ને કેટલાક બ્રહ્માદિક દેવ જેવા હશે, ને એમની સંગાથે બ્રહ્મા વિવાદ કરે તો પગે લાગીને ચાલ્યા જાય એવા મોટા સાધુ છે. તથા પ્રહ્‌લાદાદિક સરખા તો ઘણા ગૃહસ્થમાં છે. અને સમસ્ત સત્સંગની ભલામણ ગોપાળાનંદસ્વામીને કરી છે. એવી રીતે અમે કાંઈ અધૂરું રાખ્યું નથી.** પછી અમે સ્વઈચ્છાચારી[૧] છીએ.

અને શિક્ષાપત્રીમાં અમે પ્રથા બાંધી છે, તેનો લોપ કરીને તમે અહીં આવ્યા છો. માટે પાછા જાઓ ને મારે વચને નહિ જાઓ, તો દુ:ખિયા થાશો ને તમારા મનમાં નહિ જાવાનું હોય તોપણ જાવું પડશે. નહિ તો હજારો વર્ષના આવરદાના દેહમાં ખોસી ઘાલીશ. ત્યારે તમે શું કરશો ? માટે મારે વચને કરીને જાઓ તો સુખિયા થાશો, ને આવરદા તો મારા હાથમાં છે ને **તમે મોટા છો ને તમારો પ્રેમ અનહદ છે, તે આલોક તથા પરલોકમાં સહુ જાણે છે જે, સચ્ચિદાનંદસ્વામીના જેવો કોઈનેય પ્રેમ નથી.** કાં જે, રાધિકાજીનો પ્રેમ શાસ્ત્રમાં વખાણ્યો છે. તે રાધિકાજીના પ્રેમને હદ છે, એમ સહુ જાણે છે. કેમ જે, ભગવાનનાં દર્શનમાં વિક્ષેપ થાય ત્યારે તેમને તત્કાળ તાવ આવે; તેણે કરીને કપાળનો ચાંદલો કાળા ઠીકરા જેવો થઈ જાય ને મૂર્છા આવે, એવો રાધાજીને પ્રેમ છે.

અને ભગવાનનો વિયોગ થાય ત્યારે પ્રેમને કારણે નાસિકા આદિક રુંવાડાનાં છિદ્ર પર્યંત રુધિરની ધારા નીકળે છે, એવો પ્રેમ તો એક સચ્ચિદાનંદસ્વામી ! તમારો છે. માટે તમારા પ્રેમને હદ નથી. તમે મોટા છો ને તમે ગયેથી સત્સંગમાં સમાસ થશે ને શાંતિનું બળ મળશે ને ધીરજ આવશે; માટે જાઓ, નહિ તો સંતો દેહ બાળી દેશે.” ત્યારે કહ્યું જે, “હે મહારાજ ! દર્શન વિના કેમ રહેવાય ? ને હું તો દેહને ભાંગી-તોડીને આવ્યો છું. તે એ દેહમાં કેમ રહેવાશે ?” એમ કહ્યું.

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે,“ **દેહ ઘડવો તથા ભાંગવો એ**

**૧.**અમારી મરજીમાં આવે તેમ વર્તનારા-સ્વતંત્રમૂર્તિ.

**તો મારા હાથમાં છે** અને રાધિકાજીને વૃંદાવનને વિશે શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન થયાં ને રાધાજીને હેત આવ્યું, ત્યારે રાધાજીએ શ્રીકૃષ્ણને તેડીને છાતી સંગાથે દાબ્યા ને મનમાં એમ થયું જે, 'શું કરું ? નાના છે, મોટા નથી.' ત્યારે કૃષ્ણ મોટા થયા ને બ્રહ્માજી આવીને પરણાવી ગયા. પછી રાધિકાએ જે મનોરથ ધાર્યો હતો તે સુફળ કર્યો. પછી કૃષ્ણએ કહ્યું જે, 'હવે જાઓ.' ત્યારે તેમને મૂર્છા આવી. એટલે શ્રીકૃષ્ણે ઉઠાડીને કહ્યું જે, 'માંગો.' ત્યારે રાધાજીએ માંગ્યું જે, 'આવા ને આવા મારી પાસે અખંડ રહો.' ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું જે, 'અખંડ તો નહિ પણ સ્વપ્ન અવસ્થામાં રહીશ.' એવી રીતે ભગવાને રાધિકાને કહ્યું હતું. પણ **હું તો કહું છું જે જાઓ, 'સુરતથી મુગટ આવ્યો હતો, તેને મેં પહેર્યો હતો ને તે સમયે જેવી શોભા હતી, એવી શોભાએ યુક્ત તમારી પાસે અખંડ દેખાઈશ.'** માટે જાઓ ને ત્યાં સૌને આ વાત કહેજો. ને દાદાખાચરને મારી ઉપર ઘણું હેત છે તેથી મૂંઝાશે, માટે એ સર્વની બરદાશ કરજો.[૧]

બીજું, જાઓ ત્યારે દેહ જેવો રુધિરે ભર્યો[૨] છે, તેવા ને તેવા જઈને બાઈયુંને વાતુ કહેજો જે, મહારાજ ક્યાંય ગયા નથી. **'આ સત્સંગમાં શ્રીજીમહારાજ અખંડ બિરાજે છે, ને મૂર્તિઓમાં પણ અખંડ બિરાજે છે ને ધર્મ-ભક્તિવાળા સંતમાં પણ અખંડ બિરાજે છે, ક્યાંય ગયા નથી.'** માટે રોશો મા, કળકળશો મા અને અન્ન મેલશો નહિ. અમને જેવા દીઠા છે તેવું મારું ધ્યાન કરજો. તેથી હું તેવાં દર્શન દઈશ એમ કહેજો. વળી કહેજો જે, ભગવાનને મૂવા કેમ સમજો છો ? તે તો દૈત્યની સમજણ છે. ને અમને મૂવા સમજશો તો તમને તેડવા કોણ આવશે ? ને તમારો ધર્મ કેમ રહેશે ?

માટે એ ભક્તની સમજણ સારી નથી. અને ભક્તની તો આ સમજણ છે જે, કીર્તન ગાવાં, ઉત્સવ કરવા, ઉમંગ રાખવો અને અર્જુન, પ્રહલાદ એ આદિ કેવા ખુમારીવાળા થયા જે, જેને ઉમરમાં

**૧.**સંભાળ રાખજો. **૨.**બગડેલો.

એક જ વાર ભગવાનનાં દર્શન થયાં, તોપણ દેહપર્યંત ખબડદાર થઈને વર્ત્યા છે ને બીજાને પણ બળમાં રાખ્યા છે, પણ મૂંઝાણા નથી. ને તમને તો આજ સુધી કેવું કેવું સુખ દીધું છે ? માટે શા સારુ મૂંઝાવો છો ? સૌ ધીરજ રાખજો. **હું સત્સંગમાં પ્રગટ છું. અને શિક્ષાપત્રી પ્રમાણે રહેશો તો હજારો વર્ષ પર્યંત કલ્યાણ થાશે."** એવી રીતે કહ્યું. પછી સચ્ચિદાનંદસ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! હું તો કહીશ પણ માનશે કેમ ?"

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, **"આ નિશાની કહેજો જે, નોમની પાછલી રાત્રે નિત્યાનંદસ્વામી સૂતા હતા ને હરજી પાળો તથા મોનજી જાગતા હતા. અને અમે ગોપાળાનંદસ્વામીને કહ્યું જે, 'તમે ધારશો તે થાશે.' એ નિશાન આપજો.** અને હવે જાઓ... હું તમારા ઉપર પ્રસન્ન છું."[૧]

ત્યારે સ્વામી કહે, "હું કયા બ્રહ્માંડમાં જાવું ?" પછી મહારાજે એક મુક્તને આજ્ઞા કરી જે, "એને ફૂટલા બ્રહ્માંડમાં મોકલી દ્યો." પછી તે મુક્તે ટાપલી મારી તે આ બ્રહ્માંડમાં આવતા રહ્યા. ત્યારે એક સાધુએ આવીને ગોપાળાનંદસ્વામીને કહ્યું જે, "સચ્ચિદાનંદસ્વામી ધામમાંથી પાછા આવ્યા છે." પછી સ્વામી કહે, "મહારાજને અગ્નિસંસ્કાર કરી રહ્યા પછી વાત."

પછી અગ્નિસંસ્કાર કરી, સ્નાન કરી સૌ દરબારમાં આવ્યા. પછી ગોપાળાનંદસ્વામી સચ્ચિદાનંદસ્વામીની ઓરડીએ ગયા અને તેમની સર્વે નાડિયો બંધબેસતી કરી. પછી પૂછ્યું જે, "કેમ થયું ?" ત્યારે તે કહે, "મહારાજે મને ત્યાં રહેવા દીધો નહિ અને કહ્યું, છ મહિના રહીને આવજો." એમ કહી ઉપરોક્ત સર્વે વાત કહી સંભળાવી. પછી સ્વામી કહે, "આ વાત દરબારમાં બાઈઓ-ભાઈઓ સૌને સંભળાવો." તેથી સચ્ચિદાનંદ દરબારમાં આવ્યા ને સૌ બાઈ-ભાઈઓને કહ્યું જે, "મહારાજે મને ધામમાંથી પાછો મોકલ્યો છે, માટે કોઈ પણ મરશો નહિ." ॥૪૨॥

**૧.**હવે પછીની આ ૪૨મી વાત **શ્રીહરિ ચ.ચિં.**૨/૧૩૭માંથી પ્રસંગ પૂર્તિ માટે લીધેલ છે.

## ૪૩. બ્રહ્મરૂપે થઈ ધ્યાન કરવાની વાતો

વળી એક સમે સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદસ્વામીએ વાત કરી જે, "જ્યારે ધ્યાન કરવા બેસવું ત્યારે આત્માનો વિચાર કરીને આત્મારૂપ થાવું. પછી આત્માનો ભાવ ઈન્દ્રિયોમાં સ્ફૂરે છે ત્યારે ઈન્દ્રિયોની વૃત્તિ છે તેમને જીવના જાણપણા સન્મુખ રાખવી. પછી તે જાણપણું બ્રહ્મ સાથે સળંગ એકરસ કરવું. પછી **એક કલાક અથવા બે કલાક જાણપણા સામું અથવા મૂર્તિ સામું જોઈ રહેવું. ત્યારે ધ્યાનના કરનારાને મૂર્તિમાં હેત બહુ થાય છે. એ ધ્યાન કરનારાને ધ્યાનનું ફળ પ્રાપ્ત થયું જાણવું.** પછી ધ્યાન કરનારાને સુષુપ્તિ થકી પણ બમણું સુખ પ્રાપ્ત થાય છે. ને તેના મન આદિ ચાર અંતઃકરણ છે તે પોતપોતાના વિષયમાં જાય નહિ. અને **જ્યારે ચારે અંતઃકરણનું પિંડીકરણ[૧] થઈ જાય છે, ત્યારે અક્ષરની હવા[૨] તથા અક્ષરનો ભાવ તે ધ્યાન કરનારાને જીવમાં પ્રાપ્ત થાય છે. અને એને ભગવાનમાં બહુ હેત થાય છે.** પછી એને જેટલી ઘડી ધ્યાનમાં રહેવું હોય એટલી ઘડી રહેવાય છે ને તેને ધ્યાન કરતાં પ્રયાસ ન પડે. એવી રીતે ઉપશમે કરીને એ મૂર્તિ દેખાય છે અને તરેહ તરેહનું[3] અતિ સુખ પ્રાપ્ત થાય છે." ॥૪૩॥

## ૪૪. ત્રણ પ્રકારના ઉપશમની વાત

સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદસ્વામી ગઢપુરથી જૂનાગઢ ગયા, ત્યાં મંદિરમાં ઊતર્યા. ને જ્ઞાનમાર્ગની ઘણા પ્રકારની વાતો કરવા માંડ્યા ને ઘણા માણસો સાંભળવા આવતા હવા.

એક દિવસ સવારના પહોરમાં સ્વામીએ પ્રતિલોમ ધ્યાનની વાર્તા કરવા માંડી જે, "ધ્યાનનો કરનારો ભક્ત જે મોઢે બેઠો હોય, તે મોઢે પ્રતિલોમ વૃત્તિએ કરીને મૂર્તિને જોવી." ત્યારે સદ્‌ગુરુ શ્રીગુણાતીતાનંદ સ્વામી બોલ્યા જે, "હે સ્વામી ! મૂર્તિ સામી વૃત્તિએ તો જોવાય, પણ વૃત્તિને પલટાવીને શી રીતે જોવાય ? ને પ્રાણને પાછું ચાલવું પડે તે

**૧.**સ્થિરપણું-નિરોધ. **૨.**દિવ્ય વાતાવરણ. **૩.**વિવિધ પ્રકારનું.

કેમ થાય ?” ત્યારે સ્વામી કહે, “વૃત્તિને મરોડીને છાતીમાં[1] જોવાનો બે-ત્રણ માસ અભ્યાસ કરે અને મૂર્તિમાં હેત થાય, તો વૃત્તિ પાછી વળી આવે છે. ને પ્રાણની ગતિ ઊંચી ચાલે છે, તે વૃત્તિ દ્વારે પ્રાણે સહિત વૃત્તિ પાછી ઠેલાય ને હૃદયાકાશમાં ભેળી થાવા મંડે, એટલે વૃત્તિઓ સ્થિર થાય. એક તો એ ઉપાય છે.

અને બીજો ઉપાય એ છે કે, દેહમાં પ્રાણ સરખો ચાલે છે, તે ભેળી વૃત્તિ પણ સરખી ચાલે છે. તે રજોગુણ-તમોગુણને વ્યાપ્વે કરીને પ્રાણ આડો-અવળો થઈ જાય છે. તેથી વૃત્તિ આડી-અવળી ચાલે છે. માટે દેહની મધ્યરેખા ઉપર રહીને પ્રાણને શોધીને ચલાવવાનો અભ્યાસ કરવો, તો વૃત્તિ સીધી ચાલે. એવી રીતે અભ્યાસ કરે તો સત્ત્વગુણ વૃદ્ધિને પામે છે ને થોડા સમયમાં બહાર મૂર્તિ જેવી જોઈ છે એવી જ પ્રત્યક્ષ દિવ્યભાવે દેખાય છે ને એના દોષમાત્ર ટળી જાય છે.” ત્યારે સદ્‌ગુરુ શ્રીગુણાતીતાનંદસ્વામી બોલ્યા જે, એ વાત તો સિદ્ધ દશાવાળા જોગીની છે. તે ઉપર પોતે કીર્તન બોલ્યા જે –

**ઓધાજી અમને કાનજી શું કહી મેલ્યું રે,**
**છેલોજી નાંખે છે છોળ્યું;**
**બારે ન હોય તો માંહી ખોળું, નીતર્યાને[2] શાને ડોળું રે...**

ત્યારે સ્વામી બોલ્યા જે, એ વાત તો સાચી છે, પણ એણે કરીને જીવમાં દોષ છે તે ટળીને શુદ્ધ થવાતું નથી. એટલા માટે **કારણના રાગ ટાળવાને અર્થે પ્રતિલોમ ધ્યાનનો અભ્યાસ કરવો એ જ શ્રેષ્ઠ ઉપાય છે, બીજો કોઈ નથી.** અને જો જ્ઞાન-વિજ્ઞાને સહિત પ્રતિલોમ ધ્યાન હોય તો ધ્યાન કરનારામાં કોઈ દોષ રહે નહિ.”

એ સમયમાં ઠાકોરજીની આરતી થઈ ત્યાં સર્વે સંત દર્શને ગયા. ત્યારે ગોપાળાનંદસ્વામીનો હાથ વર્ણ્યાનંદસ્વામીએ ઝાલ્યો ને ચાલ્યા પછી મંડપમાં ઊભા રહ્યા. તે સમયે વર્ણ્યાનંદસ્વામી બોલ્યા જે, “હે સ્વામી ! આ ઠાકોરજીની જાળી કરી તેમાં સાધુએ બહુ દાખડો કર્યો

**૧.**હૃદયમાં. **૨.**મેલ કે ડોળ નીચે બેસી ગયેલ સ્વચ્છ પાણીને.

છે, તે તમે જુઓ." ત્યારે સ્વામીએ જાળી સામું જોયું, તો તે જાળી બહુ સારી ને રંગેલી. તે જોતાવેંત નેત્ર દ્વારે કરીને મનમાં ઊતરવા મંડી. ત્યારે પોતે જાગ્રત થઈને આંખ્યુ મીંચી, ઠાકોરજીને નમસ્કાર કરી, સભામાં આસને આવીને બેઠા.

ત્યારે વર્જ્યાનંદસ્વામી બોલ્યા જે, "હે સ્વામી ! તમો ઠાકોરજીની જાળી જોઈને આંખો મીંચી ગયા, તે શું છે ? તે અમને કાંઈ સમજાણું નહિ, તે કૃપા કરીને કહો."

ત્યારે સ્વામી બોલ્યા જે, "તમે મને જાળી જોવાનું કહ્યું ત્યારે મેં જાળી જોઈ. તે જાળી બહુ સારી રંગેલી. તે જોતાવેંત નેત્ર દ્વારે કરીને મનમાં ઊતરવા મંડી. તે મેં નજરે જોયું. તેથી સજાગ થઈ ગયો ને મૂર્તિ મનમાં ધારવા મંડી. ત્યારે મારી નેત્ર આદિકની વૃત્તિઓ મૂર્તિમાં વળગી ગઈ. તેથી મૂર્તિ સ્થૂળ દેહમાં થઈને મોઢા આગળ આવીને ઊભી છે એમ દેખાયું. એટલે જાળીનો ભાવ વૃત્તિમાંથી નીકળી ગયો ને પરમ સુખ થયું."

ત્યારે વર્જ્યાનંદસ્વામી બોલ્યા જે, "એવું તે તમારું પ્રતિલોમ કેવું ? ને શી રીતે કરે ત્યારે એમ થાય ? અને એવી રીતે પ્રતિલોમ ધ્યાન થતું હોય, તે ધ્યાનનો કરનારો ભક્ત કેવે લક્ષણે કરીને ઓળખાય ?"

ત્યારે સ્વામી બોલ્યા જે, "પ્રથમ લક્ષણ એ જે, એનો પ્રાણ સ્થૂળ દેહમાં એક દેશમાં ડાબી જમણી કોરે વાંકો ચાલે ત્યારે એમ જાણે જે, મારા પ્રાણ ડાબી કોરે ચાલતા હોય ત્યારે તમોગુણ વધી ગયો. ને ડાબું સર્વે અંગ દુઃખવા આવે ને જમણી કોરે ચાલે ત્યારે રજોગુણ વૃદ્ધિ પામી જાય ને વૃત્તિ પણ વાંકી થઈ જાય ને જમણું પડખું દુઃખવા આવે, ત્યારે એને એમ સમજાય જે, હું સ્થૂળ દેહમાં વર્તું છું. તેથી રજ-તમ વૃદ્ધિ પામ્યા છે, તે ધ્યાન નહિ થાય. પછી તે ભક્ત પોતાનાં બંને નેત્રમાં બ્રહ્મભાવ ધારે, ત્યારે એના પ્રાણ સરખા ચાલે ને વૃત્તિ પણ સરખી ચાલે. તેથી સત્ત્વગુણ વૃદ્ધિ પામે ને રજ-તમ દબાઈ જાય. એટલે મૂર્તિ નેત્ર દ્વારે બહાર દેખાય, ત્યારે તેને સ્થૂળ દેહમાં બહુ સુખ થાય.

આવી રીતે ઉપશમ કરવો એ ઈન્દ્રિયોનો ઉપશમ કહેવાય.

હવે એ ભક્તને સૂક્ષ્મ દેહ ને ચાર અંતઃકરણમાં ઉપશમ થાય ત્યારે એને શુદ્ધ સત્ત્વગુણ વર્તે ને અંતઃકરણમાં પ્રાણ તથા વૃત્તિ પાંસરી ચાલે ને સ્થૂળ દેહનો ભાવ તો જરાય રહે જ નહિ. તથા સૂક્ષ્મ દેહનો ભાવ ઓછો થઈ જાય. તે સમયે એ ભક્તને મૂર્તિ બહુ મોટી દેખાય. ને જે દેખાય તે બહુ ઝાઝું દેખાય. ત્યારે એ ભક્તને એમ ભાસે જે, મારે સૂક્ષ્મ દેહમાં મૂર્તિ દેખાય છે ને સુખ બહુ વર્તે છે. કેમ જે, સ્થૂળ દેહમાં, ઈન્દ્રિયોમાં તથા મનમાં કોઈ ઘાટ થાય નહિ.

હવે એ ભક્ત અહંમાં ભગવાન ધારીને મૂર્તિને આત્માને વિશે જુવે ને જે સંકલ્પે કરીને મૂર્તિ ધારી છે તે સંકલ્પને પડ્યો મેલે, એટલે એક આત્મસત્તારૂપે રહ્યા, ત્યારે આત્માની વૃત્તિઓ પ્રાણે સહિત આત્મામાં પ્રવેશ કરે છે. તે સમયે એ ભક્તને પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ કોઈ દિશાનું ભાન રહેતું નથી ને કોઈ શબ્દ બોલે તે કોઈ વાર સંભળાય ને કોઈ વાર ન પણ સંભળાય. એમ વર્તે ત્યારે આત્માને વિશે ઉપશમ થયો કહેવાય. પછી તે **ભક્તને ભગવાનમાં બહુ હેત થાય ને મૂર્તિમાંથી નીકળાય જ નહિ.** એ ઉપશમ દશાનું ફળ ભક્તને પ્રાપ્ત થયું, ને એનું નામ અસંપ્રજ્ઞાત સમાધિ થઈ જાણવી.” ॥૪૪॥

## ૪૫. ટિટોડીના દૃષ્ટાંતથી ધ્યાનની વાત

સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદસ્વામી વડતાલમાં નિવાસ કરીને રહેતા. તેમાં એક સમયે સાંજના વખતે સભામાં બેઠેલા. તેમાં પ્રતિલોમ ધ્યાન કરવું તેનો પ્રસંગ નીકળ્યો. ત્યારે સ્વામી બોલ્યા જે, “પ્રતિલોમ ધ્યાનનો મહિમા તો બહુ મોટો છે, પણ કરવું ઘણું કઠણ છે. કેમ જે, દેહ, ઈન્દ્રિયો ને મનને કારસો ઘણો આવે છે. ને એ વિના સ્થૂળ તથા સૂક્ષ્મ દેહને ધક્કો ના આવે ને જીવમાંથી દોષ પણ ન ટળે. માટે પ્રતિલોમ ધ્યાન કરવા સારુ ભાવ ફેરવવા શીખવું. તે ઉપર દૃષ્ટાંત જે –

સમુદ્રને કાંઠે એક ટિટોડીએ બચ્ચાં પ્રસવ્યાં, તે બચ્ચાં મહીના

બે મહિનાનાં જ્યાં થયાં ત્યાં પાણીનું મોટું મોજું આવ્યું. તેમાં એ ટિટોડીનાં બચ્ચાં તણાઈ ગયાં. ત્યારે ટિટોડો ને ટિટોડી બે જણાં ઉદાસ થઈ ગયાં ને સમુદ્ર ઉપર બહુ રીસ ચઢી. ત્યારે એ બેએ વિચાર કર્યો જે, આપણે સમુદ્રને પૂરી દેવો છે. પછી સવારના પહોરમાં આહાર કરીને બન્ને જણે ચાંચમાં કાંકરીઓ ઘાલીને સમુદ્રમાં નાંખવા માંડ્યા.

ત્યારે એની જાતનાં બીજાં પંખીઓ કહે, "આ તમે શું કરો છો ?" ત્યારે ટિટોડી બોલી કે, "સમુદ્ર મારાં બચ્ચાં તાણી ગયો છે, માટે તેને અમારે પૂરી દેવો છે ને તમો અમારા સંબંધી હો તો અમારી સહાયમાં ભળો." ત્યારે સર્વે પંખી બોલ્યાં કે, "જેમ તમો કહો તેમ કરીએ." ત્યારે તે કહે, "સમુદ્ર પૂરી દેવો છે." પછી સર્વેએ સમુદ્રમાં કાંકરા નાંખવા માંડ્યા. પછી બીજી જાતનાં પંખી હતાં તે કહે, "આ શું કરો છો ?" ત્યારે ટિટોડી બોલી કે, "મારાં બચ્ચાં સમુદ્ર તાણી ગયો છે તેથી અમે તેને પૂરી દેવા માંગીએ છીએ. તમો અમારી સહાયમાં ભળો." એટલે તે પણ તેની મદદમાં ભળ્યાં. એ રીતે ઘણી જાતનાં પંખીની જમાત થઈ ને સમુદ્રમાં કાંકરા નાંખી પૂરવા મંડ્યા. એ રીતે કરતાં કરતાં ઘણા દિવસ ગયા.

એવા સમામાં એક દિવસ નારદજી ત્યાં આવીને ઊભા રહ્યા ને પક્ષીઓનું આ કામ જોઈ વિસ્મય પામીને નારદજી બોલ્યા કે, "આ તમે શું કરો છો ?" ત્યારે ટિટોડી બોલી કે, "મારાં બચ્ચાં સમુદ્ર તાણી ગયો છે, તેને અમે પૂરવા માંડ્યો છે." ત્યારે નારદજી આશ્ચર્ય પામીને બોલ્યા જે, **"શ્રદ્ધા તો જો, પણ આ તે શું સમુદ્ર પૂરાશે ?"** ત્યારે તે કહે, "હમણા થોડા દિવસમાં પૂરી નાંખીશું, એનો શો ભાર છે ?" એવું સાંભળીને નારદજી ત્યાંથી ચાલ્યા ને મનમાં વિચાર્યું કે, **આવો દાખડો જીવ ભગવાનને અર્થે કરે તો શું ન થાય ?** હિંમત છે એ મોટી વાત છે. તે ઉપર નારદજી સાખી બોલ્યા કે, **"હિંમતે મર્દા તો મદદે ખુદા."**

તે પછી નારદજી વૈકુંઠધામમાં ગયા. ત્યાં દરવાજાની માંહેલી કોરે ગરુડજીને બેઠેલા ભાળ્યા. તે એકબીજાને સામસામા નમસ્કાર

કરીને પગે લાગ્યા ને ગરુડજી નારદજી પ્રત્યે બોલ્યા કે, "તમો ક્યાંથી આવ્યા ?" ત્યારે તેમણે જવાબ દીધો કે, "અમો ભરતખંડમાંથી આવ્યા." ત્યારે કહે, "ભરતખંડની પ્રજા સર્વે સુખી છે ?" ત્યારે જવાબ દીધો કે, "હા, પણ એક ટિટોડીનાં બચ્ચાં સમુદ્ર તાણી ગયો છે. તેથી સમુદ્રને પૂરી દેવા ઘણી જાતનાં પંખી મંડ્યાં છે. તે કાંઈ દાખડો કરે છે ! પણ મને વિસ્મય થાય છે કે એનાથી એ કેમ પુરાશે ?" પણ એ પંખી તમારી જાતના કહેવાય છે ને તમે જો તેની સહાયમાં ભળો તો એનું કામ થાય." એવું કહી નારદજી ભગવાન પાસે ચાલ્યા.

પછી ગરુડજી ત્યાંથી ઊડી સમુદ્રને કાંઠે પંખી દાખડો કરે છે ત્યાં જઈને ઊભા રહ્યા ને પંખી સામું જોઈને બોલ્યા કે, "આ તમે શું કરો છો ?" ત્યારે કહ્યું કે, "ટિટોડીનાં બચ્ચાં સમુદ્ર લઈ ગયો છે. તે સમુદ્ર પૂરવા મંડ્યા છીએ." ત્યારે તે બોલ્યા કે, "આ કેમ પુરાશે ?" ત્યારે પંખી બોલ્યાં કે, "તમો અમારી જાતિના છો ને આપ જો મદદ કરશો તો પુરાતાં વાર નહીં લાગે." પછી ગરુડજીએ ઊડી પાંખમાં પાણા-ધૂળ વગેરે ભરી સમુદ્રમાં નાંખ્યું. પછી બીજી પાંખ ભરી નાંખ્યું, તે હજારો ગાઉનો દરિયો પુરાઈ ગયો. અને જ્યાં ત્રીજી પાંખ ભરવા જાય, ત્યાં સમુદ્ર મૂર્તિમાન આગળ ઊભો ને હાથ જોડી ગરુડજીની પ્રાર્થના કરવા માંડી. ત્યારે ગરુડજી કહે, "ટિટોડીનાં બચ્ચાં તમે તાણી ગયા છો તે લાવો; નહીંતર પૂરી દઈશું." એવું સાંભળી સમુદ્રએ ટિટોડીનાં બચ્ચાં લાવી આપ્યાં. પછી સમુદ્ર પૂરવાનું કામ પડ્યું મૂક્યું.

આ દૃષ્ટાંતનો સિદ્ધાંત એ છે જે, સમુદ્રને ઠેકાણે સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ એ ત્રણેય દેહ છે. ને ટિટોડીને ઠેકાણે જીવાત્મા છે. ને જીવાત્માનું ધન જે ભગવાનના ધામમાં જાવું છે ને ભગવાનને પામવા એ છે ને પોતે પોતાના રૂપે થાવું એ છે. એનું સાધન જે ત્રણ દેહના ભાવ જે કામ-ક્રોધાદિક તથા અહં-મમત્વ અને પંચવિષય સંગાથે લડાઈ

લેવી અને શત્રુને જીતવા. **એ સાધનમાં શ્રદ્ધાએ સહિત મંડ્યા છે તેને એનો શો ભાર છે ? થોડાક દિવસમાં કામાદિકને ટાળી નાંખીને ભગવાનને પામશું.** એ રીતે દેહ, ઈન્દ્રિયો ને અંતઃકરણ સાથે એકાગ્ર થઈ હિંમત બાંધી આગ્રહપૂર્વક લડાઈ કરવા મંડ્યા છે. તે કેવી રીતે એકાગ્ર કરે છે ? તો સ્થૂળ દેહ જે ઈન્દ્રિયો તે સહુ સહુના વિષયમાં તણાય છે, તે ઈન્દ્રિયનો ઉપશમ પ્રથમ કરવો. તે કેમ કરવો ? તો ઈન્દ્રિયોની વૃત્તિયો એકાગ્ર કરવી. તે એકાગ્ર કેમ કરવી ? તો બે નેત્રની વૃત્તિ છે તે ભગવાનની મૂર્તિ અથવા કોઈ પદાર્થમાં ચોંટાડીને ભેગી કરવી, ત્યારે જે ઈન્દ્રિયની વૃત્તિ એકાગ્ર થઈ હોય, તેને બીજી ઈન્દ્રિયોની વૃત્તિઓ અનુસરી જાય. એટલે દશે ઈન્દ્રિયની વૃત્તિનું પિંડીકરણ થાય છે. એનું નામ એકાગ્રતા કહેવાય.

આમ એ ઈન્દ્રિયોનો ઉપશમ થયો, તે ભેળું મન આદિક અંતઃકરણ સ્થિર થાય છે. ત્યારે જેમ પારેખને[1] સાચા ખોટા રૂપિયાનું પારખું થયું છે, તેમ એ ભક્તને આ લોકથી વૈરાટ સુધીના વિષય ખોટા ભાસવાનું સાક્ષાત્ જ્ઞાન થાય છે, એટલે સ્થૂળ દેહ જિતાય. એ તો પ્રથમના થોડા પંખી દરિયો પૂરનાર તેને ઠેકાણે જાણવું. ત્યારે તે ઈન્દ્રિયને જીતનારો ભક્ત, તેને એવું થાય જે, સ્થૂળ દેહની આંખો તથા ગાલ વિગેરે સર્વે અંગ ખોટાં થઈ જાય. એ સ્થૂળ દેહમાં આત્માની હવા આવી જાણવી. કેમ જે, આ લોકના સંકલ્પ સર્વે બંધ થઈ ગયા છે. હવે ઝાઝા પક્ષી થઈ દરિયો પૂરવા મંડ્યા, તેને ઠેકાણે સૂક્ષ્મ દેહ જાણવું. ત્યારે તે ભક્તને બુદ્ધિ આદિક જે અંતઃકરણ તેનો ઉપશમ કરવો, તે કેમ કરવો ? તો જીવાત્માના સાક્ષાત્કાર જ્ઞાનમાં બુદ્ધિની વૃત્તિ પ્રવેશ કરે તથા ભગવાનની મૂર્તિમાં હેતે કરીને બુદ્ધિની વૃત્તિ ઝાઝીવાર સુધી ચોટી રહે, ને એની મેળે જુદી ન પડે. ને પછી જ્યારે ભક્તને મૂર્તિમાંથી બાહર નીકળવાના સંકલ્પ થાય ત્યારે જુદો પડે છે. માટે એ રીતે ઉપશમ થાય ત્યારે એમ જાણવું જે અંતઃકરણ જિતાણું. ત્યારે એ ભક્તની બુદ્ધિમાં પ્રધાનપુરુષ

**૧.**સાચા-ખોટાની પરીક્ષા લઈ જાણનારને.

સુધીના વિષય ખોટા થવાનું સાક્ષાત્ જ્ઞાન થાય છે. **આ રીતનો દાખડો જોઈને એને માથે મોટા સંત તથા ભગવાનની દષ્ટિ થાય છે ને જેમ ટિટોડીની સહાય ગરુડજીએ કરી, તેમ એની સહાયમાં શ્રીહરિ અને સંત ભળે છે.** હવે ગરુડજી આદિક પક્ષી મળી દરિયો પૂરવા માંડ્યા તેને ઠેકાણે કારણ દેહ જાણવું, તે કારણ દેહ કેમ જિતાય ? તેનો ઉપાય કહીએ છીએ જે, **જીવની વૃત્તિ પ્રકૃતિપુરુષના વિષયમાં પ્રવેશ ન કરે ને અક્ષરના સુખે કરીને સુખિયો રહે ને ભગવાનની મૂર્તિને વિશે સંલગ્ન રહ્યા કરે, એ રીતે જે ભક્તને ઉપશમ થાય ત્યારે તેને કારણ દેહ જિતાણું જાણવું.** આવો જે ઉપશમ થાવો તે પૂર્વના રૂડા સંસ્કારે કરીને અથવા ભગવાનના એકાંતિક સંતના અનુગ્રહે કરીને થાય છે, તે વિના થાતો નથી.” ॥૪૫॥

## ૪૬. આત્મનિષ્ઠાની ઉત્તમદશા

વરતાલમાં સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદસ્વામીના આસને સંતમંડળ તથા હરિભક્તો આવીને બેઠા હતા. તે સમામાં ભક્ત મોનજીએ ગોપાળાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, “શ્રીજી મહારાજે વચનામૃતમાં કહ્યું છે જે, ‘કાશી સુધી વૃત્તિ લાંબી હોય તે સંકેલાઈને વડતાલ જેટલામાં આવે છે તથા વડતાલ જેટલી લાંબી વૃત્તિ હોય તે સંકેલાઈને ગઢડા જેટલામાં આવે છે’ તે કેમ સંકેલાતી હશે ?” તે પ્રશ્ન સાંભળીને સ્વામી જોઈ રહ્યા.

તે સમયે હરજી ઠક્કર પાસે બેઠા હતા. તે બોલ્યા જે, “તમો ભાવનગરમાં માલ લેવા ગઢડેથી જાવ છો, ત્યારે વૃત્તિ લાંબી થઈને ભાવનગર જાય છે, પછી પાછા ગઢડે આવો છો ત્યારે વૃત્તિ સંકેલાઈ ગઈ.”

ત્યારે ગોપાળાનંદસ્વામી હસીને બોલ્યા જે,“ એમ કેમ એનો ઉત્તર કરો છો ? જેમ શ્રીકૃષ્ણ ભગવાને વૃત્તિ પસારી ત્યારે છપનકોટિ જાદવ ઉત્પન્ન કર્યા ને જ્યારે વૃત્તિ સંકેલી ત્યારે પરસ્પર વેર કરાવીને સમગ્ર યાદવ કુળનો નાશ કરાવી નાંખ્યો. પણ તેનો હરખ-શોકનો એમને સંકલ્પ

જ ન થયો. તેમ **ભગવાનના ભક્ત વૃત્તિ પ્રસારે ત્યારે જે જે ક્રિયા કરવી હોય તે કરે ને જ્યારે વૃત્તિને સંકેલે ત્યારે જે ક્રિયા કરેલી હોય તેનો હરખ-શોક થાય નહિ તથા તે સાંભરે પણ નહિ.** વળી આ જીવની વૃત્તિ છે તે તો આખા બ્રહ્માંડમાં છાઈ રહી છે ને જેટલા પદાર્થ છે તે રૂપે થઈ છે. કેમ જે, જેમ ચક્રવર્તી રાજા હોય તેને ગામડાં ઘણાં હોય તે ગામ ગામ પ્રત્યે એની વૃત્તિ છે. તેમ આ જીવની વૃત્તિ આખા બ્રહ્માંડમાં છાઈ રહી છે. તે વૃત્તિ ભેગી કરીને એકાગ્ર કરવી મહા કઠણ છે, તે એકાગ્ર કેમ થાય ? તો **ભગવાનના એકાંતિક સાધુનો સંગ હોય, ને પૂર્વના કોઈ સંસ્કાર હોય, ને રૂડા દેશ-કાળ હોય, ને એને કરવાની હેતે સહિત શ્રદ્ધા હોય, ને કહેનારા જે મોટાપુરુષ તેને વિશે દેવબુદ્ધિ હોય ને તેનો વિશ્વાસ હોય, તો ભગવાનને પ્રતાપે કરીને થાય છે.**

હવે એ ભક્ત વિચાર પામીને વૃત્તિને શી રીત્યે સંકેલે ? તો તેનું સાધન એ છે કે, સ્થૂળ દેહ જે ઇન્દ્રિયો, તે પોતપોતાના વિષયમાં જાય છે તેને વિષયમાં અવશ્ય ઘટે એટલી જવા દઈને નિયમમાં લાવવી, તે કાશી સુધી વૃત્તિ લાંબી હતી તે વરતાલ જેટલામાં આવી એમ જાણવું. હવે એ ભક્તને વિચાર દૃઢ થાય ત્યારે દેહની મધ્યરેખા ઉપર વૃત્તિ રાખીને ભગવાનનું ધ્યાન કરવા બેસે, તે સમે વૃત્તિ પગતી[1] ન પડે ને આડી અવળી ન ડોલે ને લાંબી ન થાય અને પાસરી[2] ચાલે ને તેનું ઉનમાન[3] માપ્યામાં આવે ત્યારે તે ધ્યાનનો કરનારો ભક્ત એમ જાણે જે મારી વૃત્તિ ગઢડા જેટલામાં આવી છે. હવે એ ભક્ત મધ્યરેખામાં રહીને ભગવાનનું ધ્યાન કરવા બેસે તે સમયે નેત્ર આદિક જે વૃત્તિયું તેનું પિંડીભાવ થઈ જાય છે. તે કેની પેઠે ? તો જેમ રાખનો ઢગલો પડ્યો હોય તેને વા[4] ઉડાડે ત્યારે બહુ ઊડે છે, પણ તે રાખમાં પાણીનો ઘડો ઢોળી પિંડો કર્યો હોય તો તેને વા ઉડાડી શક્તો નથી, તેમ તે ભક્તની વૃત્તિયું છે તે એક થઈ જાય ને કોઈ વિષયમાં જાય નહિ. ત્યારે એ ધ્યાનનો કરનારો ભક્ત એમ જાણે જે મારી વૃત્તિ

**૧.**પહોળી. **૨.**સીધી. **૩.**માપ. **૪.**પવન.

દેહ જેટલામાં આવી છે. પછી એ ભક્ત મધ્યરેખામાં રહી ભગવાનનું ધ્યાન કરવા બેસે છે, ત્યારે એ ભક્તને બહારલો વહેવારમાત્ર તથા બહારના પંચવિષયમાત્રનો મનસૂબો કરવો, તેમાં એ ભક્તની વૃત્તિ જાય નહિ. પછી એ ભક્તને એમ જણાય છે જે, મારી વૃત્તિ ઈન્દ્રિયના ગોલકમાં આવી છે. પછી જાગ્રતમાં સંકલ્પ ન થાય ને સદા સુખ વર્ત્યા કરે, તેથી તેને જીવાત્માનું તથા પરમાત્માનું જાણપણું રહ્યાં કરે છે.

વળી, એ ભક્ત મધ્યરેખામાં રહીને ભગવાનનું ધ્યાન કરવા બેસે છે, પછી મનની વૃત્તિએ કરીને નેત્રની વૃત્તિને પ્રાણ ભેગી ખેંચીને જાણપણામાં ઉતારે છે, ત્યારે એ ભક્તને અંતઃકરણમાં ધ્યાન કરવાનો તથા ભજન કરવાનો વેગ બહુ લાગે છે. કેની પેઠે ? તો જેમ કામી પુરુષ હોય તેને કામ ભોગવવાનો વેગ લાગે છે. તથા જેમ લોભી પુરુષને ધન મેળવવાનો વેગ લાગે છે, ત્યારે તેને કાંઈ સાંભરતું નથી તેમ આને પણ કાંઈ સાંભરતું નથી. ને ઈન્દ્રિયોની વૃત્તિ તથા મનની વૃત્તિ તે ચિત્ત આદિ અંતઃકરણ સન્મુખ થઈ જાય છે, ત્યારે તેનું અંતઃકરણ પ્રાણ ભેગું બહુ ઊછળે છે ને તેને ભગવાનને વિશે મહિમાએ સહિત હેત બહુ થાય છે. પછી એ ધ્યાનના કરનારા ભક્તને એમ અનુમાન થાય છે કે, સાક્ષાત્કાર મારી વૃત્તિ અંતઃકરણ સન્મુખ થઈ છે.

વળી, એ ભક્ત **મધ્યરેખામાં રહીને ભગવાનનું ધ્યાન કરવા બેસે છે, ત્યારે એ ભક્તને ભગવાન ઉપર મહિમાએ સહિત હેત બહુ થાય છે.** તે હેતને યોગે કરીને ઈન્દ્રિયો તથા અંતઃકરણની વૃત્તિયું પ્રાણ સહિત આત્માને વિશે લીન થઈ જાય છે. ત્યારે એ ભક્તનાં નેત્રમાં તેજની છોળો દેખાય છે. તે કેમ દેખાય છે ? તો જેમ કડું,[૧] કાંકરી[૨] ને ફેલ[૩] – એ ત્રણે ભેગાં કરીને જેરે[૪] છે, ત્યારે તેજની ફરર ફરર શેડ[૫] ચાલે છે ને પાછી મટી જાય છે. તેમ પ્રથમ એક આંખમાં થાય છે ને પછી બે આંખમાં થાય છે. જેમ દિવાળીમાં છોકરાં સસુદ્ર ફોડે છે ને જેવી લાલ શેડ ચાલે છે, તેવી લાલ શેડ બે આંખમાં

**૧.**અગ્નિ પ્રગટાવવામાં ઉપયોગી એક સાધન. **૨.**ચકમક પથ્થર. **૩.**રૂની પૂણી. **૪.**ઘસે. **૫.**કિરણ.

સરખી ચાલે છે ને સર્વત્ર લાલ જણાય છે. પછી તેનો દેહ રક્ત તેજોમય દેખાય છે. પછી એ ભક્તના અંતઃકરણની વૃત્તિયું જીવને સમીપે છે તેમાં ચૈતન્ય તેજ તેવું ને તેવું દેખાય છે. ત્યારે એને એમ ભાસે છે કે મારે તો વાસના છે જ નહિ. પછી એ જીવને પોતાનું બ્રહ્મરૂપે સાક્ષાત્કાર દર્શન થાય છે. તે સમયે તેને રૂવાડે રૂવાડે તેજની શેડ ચાલે છે ને એકલો પ્રકાશ દેખાય છે. પછી એ પ્રકાશ વૃદ્ધિને પામે છે. તે જ્યાં જ્યાં એની વૃત્તિ જાય છે ત્યાં ત્યાં સર્વે પદાર્થ પ્રકાશમય દેખાય છે. ને એની વૃત્તિ હજારો ગાઉ ઉપર ચાલી જાય છે. કેમ જે, **એ ભક્તની નિરાવરણ દષ્ટિ થઈ અને અક્ષરના ભાવરૂપ થઈ ગઈ છે.** પછી એ પ્રકાશમાં શ્રીજી મહારાજનું સાક્ષાત્કાર તેજોમય દર્શન થાય છે. ત્યારે એ ભક્તને સર્વે સાધન પૂરાં થયાં ને એ આત્મનિષ્ઠાની ઉત્તમ દશા જાણવી. ॥૪૬॥

## ૪૭. સિદ્ધાનંદસ્વામીને શિખવાડેલી ધ્યાનની રીત

સંવત ૧૮૯૩ની સાલમાં આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ ગઢડેથી ઉના દેશમાં ફરવા સારુ નીકળ્યા હતા. તેમની સાથે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી, સદ્‌ગુરુ નિત્યાનંદસ્વામી આદિ સદ્‌ગુરુ, બ્રહ્મચારી તથા પાળા વિગેરે ત્યાગી મંડળ સર્વે હતા ને ગામ વેળાવદરને પાદરે મુકામ કર્યો હતો. તે દિવસ સદ્‌ગુરુ સિદ્ધાનંદસ્વામીએ ઉપવાસ કરેલો હતો. તેણે બીજે દિવસે વહેલા ઊઠી નિત્યવિધિમાંથી પરવારીને[1] જમી લીધું.

તે સમયે સર્વે સંત માર્ગે ચાલી નીકળ્યા ને સદ્‌ગુરુ સિદ્ધાનંદ સ્વામીને ઉપવાસનું કળતર[2] લાગવાથી ચાલી શકાય એવું રહ્યું નહિ. ત્યારે તે બોલ્યા જે, “મારાથી ચલાય એવું નથી.” ત્યારે ભક્ત મોનજી કહે, “સ્વામી ! આગળ સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામીની ગાડી ચાલી જાય છે, તે ઊભી રખાવું ?” ત્યારે બોલ્યા કે, “હા, સ્વામીને સંભળાવો.” પછી મોનજી ભક્તે દોડીને ગાડી નજીક જઈ સ્વામીને સંભળાવ્યું. ત્યારે ગાડી ઊભી રાખી ને સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, “બોલાવો

**૧.**નવરા થઈને. **૨.**તાવ જેવું દર્દ.

બોલાવો, તે ક્યાં છે ?" એટલામાં સિદ્ધાનંદસ્વામી આવી પહોંચ્યા. તેમને ગાડીમાં બેસાર્યા ને હંકાવી.

પછી સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામી સિદ્ધાનંદસ્વામી પ્રત્યે બોલ્યા જે, "તમો ધ્યાન કેમ કરો છો ? ને ક્રિયા કરતા હો તેમાં ભગવાનમાં વૃત્તિ કેમ રાખો છો ?" ત્યારે સિદ્ધાનંદસ્વામી બોલ્યા જે, "હું તો ધ્યાનમાં હેતે કરીને જોડાઉં, ત્યારે તો વૃત્તિ બરાબર જ રહે છે ને ક્રિયામાં તો જેટલી રહેતી હોય એટલી રહે છે." ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે, "એ તો બધો દેશ-કાળ સારો હોય અને અંતઃકરણ સ્વચ્છ હોય ત્યારે ભગવાનમાં જોડાવાય, પરંતુ અખંડ ભગવાનમાં જોડાયેલા રહેવું તે કાંઈ સહેલું નથી, મહા વિકટ છે. ને જોડાવું એ મોટી વાત છે. ને જો ખરેખરો થઈને જોડાય તો જોડાવાય છે. તે કેવી રીતે ? તો **ઈન્દ્રિયો, અંતઃકરણ ને જીવની વૃત્તિઓ એકાગ્ર થઈને ભગવાનની મૂર્તિને વિશે લીન થાય પછી તો મૂર્તિ નવી ને નવી દેખાય અને સુખ બહુ આવે."**

ત્યારે સિદ્ધાનંદસ્વામી બોલ્યા જે, "હે સ્વામી ! રૂડા દેશ-કાળ હોય ત્યારે તો સારું ધ્યાન થાય, પણ ક્રિયામાં તો વિક્ષેપ આવે છે, ને ધ્યાન વીખરાઈ જાય છે. તે ધ્યાનમાં કોઈ વિઘ્ન ન લાગે, એવો કોઈ ઉપાય હોય તો કહો; ને દેશ-કાળ તો ઘડી ઘડીમાં ફરી જાય; માટે મૂર્તિમાં અખંડવૃત્તિ રહ્યા કરે તેની જુક્તિ (યુક્તિ) કોઈ હોય તો બતાવો."

ત્યારે ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, **"જાણી જોઈને તો અશુભ દેશ-કાળ સેવવો જ નહિ. ને તેની બીક બહુ રાખવી. ને એમ કરતાં અશુભ દેશ-કાળ આવી જાય, તો દેહથી નોખો જે આત્મા તેનું અનુસંધાન રાખવું. તેણે કરીને વૃત્તિ ત્યાંની ત્યાં રહે, ત્યારે તેને દેશ-કાળ પરાભવ ન કરી શકે;** એટલે એને રજ-તમ આવે નહિ. તેથી એને સત્ત્વનું પ્રધાનપણું રહે છે. ત્યાં શ્લોક, **सत्त्वं यद्‌ब्रह्मदर्शनम्** એણે કરીને ધ્યાનના કરનારાને મૂર્તિનું અનુસંધાન સામાન્ય રહ્યા કરે. પછી દેશ-કાળ મટી

જાય, ત્યાર પછી ધ્યાનમાં જોડાઈ જાવું. કેમ જે, એણે મૂર્તિનું અનુસંધાન રાખેલું છે માટે તેને એકાગ્ર થતાં જરાય પ્રયાસ ન પડે ને મૂર્તિમાં તત્કાળ જોડાઈ જાય. માટે **મૂર્તિનું અનુસંધાન તો કોઈ રીતે મેલવું નહિ.**" ત્યારે સિદ્ધાનંદસ્વામી બોલ્યા જે, "બહુ સારી વાત તમોએ કરી, હવે હું તે પ્રમાણે કરીશ."

ત્યાર પછી ગોપાળાનંદસ્વામી રાજી થઈને બોલ્યા જે, "તમે ધ્યાન તો કરશો, પણ **ઈન્દ્રિયો-અંતઃકરણને કારસો દીધા વિના નિરંતર એવું ને એવું ધ્યાન ન થાય.**" ત્યારે સિદ્ધાનંદસ્વામી બોલ્યા જે, "તમે એ વાત બરાબર કહી, મારે એમ જ થાય છે. ધ્યાન કર્યા પછી બોલું, હરું-ફરું ત્યારે સુખ થાય છે."

પછી ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, "ધ્યાન કરવા બેસવું ત્યારે પ્રથમ જે જે ક્રિયા પોતે કરી હોય, તેનો ઈન્દ્રિયો-અંતઃકરણમાં ફેર ચડ્યો હોય, તેને યોગે કરીને રજ-તમ વ્યાપી ગયો હોય. તે પોતે આત્મારૂપ થઈને તેનો ફેર ઉતારી દેવો; ને તે ફેર ઊતર્યા પછી ધ્યાનમાં જોડાવું. પછી જેટલીવાર પોતાને ધ્યાનમાં હેતે સહિત રહેવાય તેટલીવાર તો ધ્યાનમાં જોડાઈ રહેવું. ને **જ્યારે કોઈ પોતામાં રજોગુણે કરીને સંકલ્પ થાય, ત્યારે ધ્યાનમાંથી બહાર નીકળીને સચેતન[1] થાવું.**

પછી ઈન્દ્રિયો-અંતઃકરણ આદિકનો ખુલાસો[2] કરવો. તે કેમ કરવો ? તો વૃત્તિઓના વે'વારને જાણવો. તે પ્રથમ તો નેત્રની વૃત્તિયું છે તેને મૂર્તિ દ્વારે ખુલાસો કરવો. તે કેમ કરવો ? તો ભગવાનની મૂર્તિ છેટે ધારવી. તે જ્યાં બેઠો હોય ત્યાંથી નેત્રની વૃત્તિ મૂર્તિમાં જઈને ચોંટે, ત્યારે એ મૂર્તિએ સહિત વૃત્તિ પાછી વળીને આત્માને વિશે લીન થાય. ને વળી પાછી આત્મામાં મૂર્તિને જોયા કરે. ને તેમાં પાછો પોતાને રજ-તમ વ્યાપે, ત્યારે તે ધ્યાનને પડ્યું મેલે. ને વળી પાછી મૂર્તિ છેટે ધારે ને પછી ઢૂંકડી લાવે ને પાછી આત્મામાં ઉતારે. ને આત્મામાં ઝાઝી વાર મૂર્તિનું ધ્યાન કરે. એવી રીતે વારંવાર નેત્રે

**૧.**સાવધાન. **૨.**અભ્યાસ.

કરીને ખુલાસો કરે છે. તેમ જ ત્વચા દ્વારા વૃત્તિએ કરીને ખુલાસો કરે. તે કેમ કરે ? તો જાણે ભગવાન છેટેથી ચાલ્યા આવે છે, તે આવીને મારા આત્માને વિશે બિરાજ્યા. પછી તે ભક્ત ધ્યાનમાં જોડાઈ જાય ને ઝાઝી વાર ધ્યાન કરે, ત્યારે તેને રજ-તમનો કાંઈક વેગ વર્તે, તો પાછો બહાર નીકળે ને પાછો એમ ધારે જે ભગવાન છેટેથી ચાલ્યા આવે છે ને આવતાં આવતાં મારા આત્માને વિશે આવી બિરાજમાન થયા. પછી એ ભક્તને આત્માને વિશે મૂર્તિ જુદી જુદી દેખાય છે. એમ ને એમ જોયા કરે ને વળી રજ-તમ વ્યાપે ત્યારે એ ભક્તની વૃત્તિઓ બહાર નીકળે એટલે એમ ને એમ ખુલાસો કરે. એવી રીતે દશે ઈન્દ્રિયો દ્વારા અભ્યાસ કરે તથા ચાર અંતઃકરણ દ્વારે ખુલાસો કરે. પછી એ ભક્તનો દેહ માંદો ન થાય ને શરીરે કળતર ન થાય તથા ઈન્દ્રિયો-અંતઃકરણ ધ્યાન કરતાં થાકે નહિ ને દેહે સુખી રહે ને આત્માને વિશે ધ્યાન અખંડ થયા કરે, એવી રીતે કરે તેને એ ધ્યાન સિદ્ધ થાય છે.” ॥૪૭॥

## ૪૮. ક્રમથી શ્રેષ્ઠ ઉપશમ ધ્યાનની વાત

ગઢપુરમાં સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદસ્વામી નિવાસ કરીને ચોમાસામાં રહ્યા હતા. ને પ્રતિલોમ ધ્યાનની વાતો ઘણી ઘણી કરતા. તે સાંભળી સદ્‌ગુરુ ચૈતન્યાનંદસ્વામી તથા સદ્‌ગુરુ નરસિંહાનંદસ્વામી તથા મોટા પરમાનંદસ્વામી તથા બ્રહ્મચારી મુકુંદાનંદજી તથા દાદાખાચર આદિ ઘણા રાજી થયા. પછી સદ્‌ગુરુ ચૈતન્યાનંદસ્વામી તથા દાદાખાચર વિગેરે એમ બોલ્યા જે, “હે ગોપાળાનંદસ્વામી ! અમે તો શ્રીજીમહારાજ ભેગા ઘણું ઘણું રહ્યા ને શ્રીહરિ આ દશની પ્રતિલોમ ધ્યાનની વાતો કરતા, પણ કાંઈ સમજાણી નહિ. હવે તમો વાતો કરો છો તે સમજાય છે.” પછી ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, **“તે દી તમારે વહેવારના વેગ બહુ હતા તેથી સમજાણું નહિ.”**

પછી દાદાખાચર દિલગીર થયા ને બોલ્યા જે, “હે સ્વામી ! મારે ઓરડે મહારાજ જમવા પધારતા, તે સમયે હું ઘાબળી પાથરી

દેતો, તે ઉપર મહારાજ બેસતા ને મને પાસે બેસાડતા. પછી મોટીબા મોઢા આગળ પાટલો નાખે ને તે ઉપર થાળ લાવીને મેલે, એટલે મહારાજ જમવા માંડે. પછી હું પાસે બેઠો હોઉં, ત્યાં એક થાળી મુકાવે. ને મહારાજ દરેક ભોજનની જણસ[૧] જમતા જાય ને વખાણતા થકા મને દેતા જાય. ને કહે જે, 'હે દાદાખાચર ! જુઓ, આ બીરંજ કેવો સારો છે ! તથા હરિસો કેવો સારો છે ! દાદાખાચર, તમો દૂધ પીઓ, દૂધ કેવું સારું છે !' એવી રીતે પોતાના થાળ ભેળો મને ઘણા દિવસ જમાડ્યો છે ને સુખ દીધું છે. પણ આ તમે જે વાતો કરો છો તે તો આજ સમજાય છે, તે દી કાંઈ સમજાતી નહિ." ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે, **"હે દાદાખાચર ! કૃષ્ણ અવતારમાં અર્જુનને જેમ સુખ દીધું તેથી તમને દસગણું સુખ મહારાજે દીધું છે. એવું તમારું પુણ્ય મોટું છે ભાઈ !"**

ત્યાર પછી ગોપાળાનંદસ્વામી વાત કરવા લાગ્યા જે, "જેમ મહી કે સાબરમતી જેવી નદીઓ હોય ને તેમાં બે કાંઠામાં પૂર આવ્યું હોય તેમાં પચીસ મણનું લાકડું પડ્યું હોય, તે પણ દરિયા ભેગું થઈ જાય. એમ ધ્યાનનો કરનારો યોગી શ્રીજીમહારાજનું ધ્યાન કરવા બેસે તે સમયે આસન, દષ્ટિ ને મન એકાગ્ર કરીને આત્મારૂપ થઈને ઉપશમ કરે, ત્યારે જેમ મહી નદીના પૂરમાં નાંખેલું લાકડું દરિયામાં ખેંચાઈ જાય છે, તેમ આ લોકના કોઈ પણ વિષય એ ઉપશમમાં ટકી શકે નહિ, ખોટા થઈ જાય—એ ઈન્દ્રિયોમાં ઉપશમ થયો કહેવાય. હવે મહી ને સાબરમતી જેવી દશ નદીઓ ભેળી કરી હોય ને તેમાં પૂર આવ્યું હોય, ને તે સમે તેમાં સો મણનું લાકડું નાંખ્યું હોય તોપણ પાણીના જોરે કરીને દરિયામાં ખેંચાઈ જાય ને ટકી શકે નહિ. તે દષ્ટાંતનું સિદ્ધાંત એ જે, **પોતે આત્મારૂપ થયો જે જોગી તે વિરાટપુરુષ જે ભગવાન[૨] તે સંગાથે એકતા કરીને મનનો ઉપશમ કરે, ત્યારે જેમ સો મણનું લાકડું પૂરમાં ખેંચાઈને સમુદ્રને ભેગું થયું તેમ વિરાટપુરુષાદિકના જે**

**૧.**વાનગી. **૨.**જેમાં ભગવાન છે તેવા ભગવાનરૂપ.

**સર્વે વિષય તે ખોટા થઈ જાય**–એ મનનો ઉપશમ થયો એમ જાણવું.

વળી મહી ને સાબરમતી જેવી સો નદીઓ ભેગી કરી હોય અને તેમાં પૂર આવ્યું હોય તેમાં હજાર મણનું લાકડું નાંખ્યું હોય, તે પણ તણાઈ જાય પણ ક્યાંય ટકી શકે નહિ. એ તો દરિયા ભેગું જ થાય. તેમ આત્મારૂપ થયો એવો જે જોગી તે પ્રધાનપુરુષ જે ભગવાન તે સંગાથે એકતા કરીને અહં આદિક અંતઃકરણનો ઉપશમ કરે ત્યારે જેમ એ નદીના પૂરમાં હજાર મણનું લાકડું ખેંચાઈને દરિયા ભેગું થાય, તેમ પ્રધાન-પુરુષાદિકના જે સર્વે વિષયસુખ તે ખોટા થઈ જાય–તે અંતઃકરણનો ઉપશમ થયો જાણવું. ત્યાર પછી મહી ને સાબરમતી જેવી લાખ નદીઓ ભેગી કરી હોય ને તેમાં પૂર આવ્યું હોય ને તેમાં કરોડ મણનું લાકડું નાંખ્યું હોય તોપણ તેમાં તણાય જાય ને ક્યાંય ટકી શકે નહિ ને મહાદરિયા ભેગું થાય, તેમ બ્રહ્મરૂપ થયો એવો જે જોગી તે મૂળપુરુષ જે ભગવાન તે સંગાથે એકતા કરીને આત્મામાં ઉપશમ કરે, ત્યારે જેમ એ નદીઓના પૂરમાં કરોડ મણનું લાકડું ખેંચાઈને દરિયા ભેગું થાય તેમ મૂળપુરુષના જે વિષય છે તે સર્વે ખોટા થઈ જાય- તે આત્માનો ઉપશમ થયો જાણવું.

ત્યાર પછી **બ્રહ્મરૂપ થયો જે જોગી તે અક્ષરપુરુષ જે ભગવાન તે સંગાથે એકતા કરીને આત્યંતિક પ્રલયનો ઉપશમ કરીને ભગવાનની મૂર્તિને વિશે જોડાય ત્યારે પુરુષોત્તમનું સુખ એને આવે ને બીજું સર્વે તુચ્છ થઈ જાય.** એની નજરમાં બીજા કોઈની મોટાઈ આવે નહિ- એ નિર્ગુણપણે ઉપશમ થયો જાણવું. પછી તેને ભગવાન ભાગવતી તનું આપે છે. પછી તે દેહે કરીને મહાસુખને ભોગવે છે. ॥૪૮॥

## ૪૯. વડતાલમાં સંતોને કહેલ પ્રતિલોમ ધ્યાનની વાત

વરતાલમાં સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદસ્વામી નિવાસ કરીને રહ્યા હતા. ને રામનવમીનો સમૈયો બહુ ભારે થયો હતો. ને સર્વે મોટેરા સાધુ પણ આવ્યા હતા. અને એક સમયે ગોપાળાનંદસ્વામીને આસને સર્વે ભેગા થઈને બેઠા હતા. તે સમયે એવી વાતોનો પ્રસંગ નીકળ્યો

કે, શ્રીજીમહારાજે વચનામૃતમાં એમ કહ્યું છે જે, **“પ્રતિલોમ ધ્યાન કર્યા વિના જીવનું સારું થાતું નથી.”** ત્યારે ત્યાં બેઠેલા સાધુમાંથી કોઈકે કાંઈક કહ્યું ને કોઈકે કાંઈક કહ્યું, પણ પ્રતિલોમ ધ્યાન કેવી રીતે કરવું, તેનું સમાધાન ન થયું.

પછી ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, “પ્રતિલોમ ધ્યાન કર્યા વિના જીવમાંથી દોષ જાય નહિ.” ત્યારે એક નંદ સાધુ બોલી ઊઠ્યા કે, “પ્રતિલોમ ધ્યાન તો મને આવડતું નથી. ને હું શ્રીજીમહારાજ ભેગો રહ્યો ને મહારાજે કહ્યું એમ કર્યું. ને મહારાજ સ્વધામ ગયા તે કેડે મુક્તાનંદસ્વામી જ્યાં સુધી હતા ત્યાં સુધી તે કહે તેમ કર્યું. ને એમની પ્રસન્નતાને અર્થે ઘણાં પુસ્તક લખ્યાં ને એનાં લહિયા પણ કહેવાયા. એવો દાખડો પણ ઘણો કર્યો, ને તે રાજી પણ ઘણા થયા. ને મુક્તાનંદસ્વામી સ્વધામમાં ગયા, પછી **તમ ભેગો રહી જેમ કહો છો તેમ કરું છું, એ પ્રતિલોમ ધ્યાન નહીં ? એથી શું એ પ્રતિલોમ ધ્યાન વધારે છે ?”**

ત્યારે એ બીજા સાધુ પરસ્પર બોલ્યા કે, “એ સાધુ ઠીક કહે છે. પ્રતિલોમ ધ્યાન એથી શું વધારે થયું ?” પછી ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, “મહારાજે વચનામૃતમાં કહ્યું છે જે, **પ્રતિલોમ ધ્યાન કર્યા વિના જીવનું સારું થાતું નથી.** તે શબ્દ સાચો રાખીને જે ઉત્તર થાય તે ઠીક કહેવાય.”

ત્યારે સર્વે સાધુ મળીને બોલ્યા જે, “હે ગોપાળાનંદસ્વામી ! એનો ઉત્તર તો તમે કરો.” ત્યારે સ્વામી બોલ્યા જે, “પ્રતિલોમ ધ્યાન છે તે જેટલા સાધનમાત્ર છે તેનું ફળ છે. કેમ કે, **એ પ્રતિલોમ ધ્યાન કરે ને ભગવાન સાથે વૃત્તિ ચોંટી જાય ત્યારે એ ભગવાનના જે સર્વજ્ઞતા, ત્રપતી (પૂર્ણકામતા) સ્વતંત્રતાદિક ગુણો એ ભક્તમાં આવે છે.** એવો એ પ્રતિલોમ ધ્યાનનો મહિમા છે.”

ત્યારે એ સાધુ બોલી ઊઠ્યા જે, “હે સ્વામી ! મહારાજ ભેગો હું રહ્યો, ને તે પછી મુક્તાનંદસ્વામી ભેગો રહ્યો, ને હાલ તમારા ભેગો રહું છું; તેમાં મારો સંપૂર્ણ મોક્ષ થયો છે કે કાંઈ અધૂરું છે ? ત્યારે

ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, એ વાત તો શ્રીજીમહારાજના હાથમાં છે, તે તે જાણે. એમ કહીને પ્રતિલોમ ધ્યાન કરવાનું લક્ષણ કરવા માંડ્યું જે –

આ જીવ છે તેનાં ઈન્દ્રિયો-અંતઃકરણ આ લોકમાં વાસિત[1] થઈ ગયાં છે ને એવો ફેર[2] ચઢી ગયો છે કે, જે જાગ્રત, સ્વપ્ન ને સુષુપ્તિ એ ત્રણે અવસ્થામાં એનું એ સંભારે છે. માટે એ જીવને ભગવાનથી છેટું પડી ગયું છે. તે ભગવાન સન્મુખ ઢૂંકડું થાવા માટે ઈન્દ્રિયોની વૃત્તિયું મનની વૃત્તિ ભેગી ભેળવે. ને એ બે ભેગી થયેલ વૃત્તિને જાણપણામાં ઉતારીને પછી ભગવાનનું ધ્યાન કરે. એમ ઘણા દિવસ હેતે સહિત કરે, ત્યારે જેમ એ જીવને પ્રથમ જગત વાસિત થઈ ગયેલું ને સાંભરતું તે પ્રમાણે એના જીવમાં ભગવાન વાસિત થાય છે. પછી તેને નિરંતર ભગવાન સાંભરે છે ને એ જ વાત મુખ્ય રહે છે. ને સર્વ જગતની વિસ્મૃતિ થઈ જાય છે. એવી રીત્યે જ્યારે આ જગતનો ફેર ઉતારે–એ પ્રતિલોમ ધ્યાન થવાનું લક્ષણ છે.

ત્યારે એ સાધુ બોલ્યા જે, “હે ગોપાળાનંદસ્વામી ! તમારે ને શ્રીજીમહારાજને કાંઈ છેટું નથી. કેમ જે, **શ્રીજીમહારાજનું જે કર્તવ્ય[3] છે તે તમે બધું જાણો છો, માટે જેમ હોય તેમ તમો મને કહો.** જેમ કહો તેમ કરવા હું તૈયાર છું ને પ્રતિલોમ ધ્યાન કરવાનું કહેતા હો તો તે તમો મને બતાવો.” ત્યારે ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, “હે સાધુ ! તમારો દેહ પચાસ-સાઠ વર્ષનો ઘરડો થઈ ગયો છે. તેથી પ્રતિલોમ ધ્યાન કરવાનો અભ્યાસ થઈ શકે તેમ લાગતું નથી. કેમ જે, પ્રતિલોમ કરવામાં દેહને કારસો ઘણો આવે તે ખમી શકાય નહિ.” ત્યારે એ સાધુ બોલ્યા જે, “કારસો ખમીને પણ હું કરીશ.”

ત્યારે સ્વામી બોલ્યા જે, “પ્રથમ તો આસન સિદ્ધ કરવું જોઈએ. પછી દષ્ટિ ને મન નિયમમાં કરવા જોઈએ. પછી પ્રાણ ભેગી નેત્રની ને મનની વૃત્તિ જાણપણામાં ઉતારી જોઈએ. પછી જાણપણામાં રહીને

૧.આસક્ત. ૨.વેગ; ચકરાવો. ૩.ગમતું.

ભગવાનની સમગ્ર મૂર્તિનું ધ્યાન ભેગું કરે, અને જે મોઢે પોતે બેઠો હોય તે મુખે મૂર્તિ ધારે. ને પોતે સામો ઊભો રહે, ત્યારે ઈન્દ્રિયની વૃત્તિઓ નાડીઓએ સહિત ખેંચાય અને સંકોચને પામી જાય. પછી તે ભક્તને ઉગમણે-આથમણે બેઠાની ખબર રહે નહિ. એવું **ધ્યાન ઘણા દિવસ કરે, તેના ઉપર ભગવાનની દૃષ્ટિ થાય, ત્યારે તેને તેજ દેખાય. પછી એ તેજમાં શ્રીજીમહારાજની મૂર્તિ પ્રત્યક્ષ પ્રમાણ દેખાય છે, એટલે એ ભક્તને સુખ-શાંતિ બહુ થાય, કોઈ વાત પામવાની બાકી રહે નહિ. પછી એને ભગવાન જ મુખ્ય થઈ જાય છે.** એ પ્રતિલોમ ધ્યાનનું ફળ છે.” એ વાત સાંભળીને એ સાધુ બહુ રાજી થયા તથા બીજા સર્વે મોટેરા સંત બેઠા હતા તે પણ બહુ રાજી થયા. ॥૪૯॥

## ૫૦. નૃસિંહાનંદસ્વામીની વાત

અયોધ્યામાં સદ્‌ગુરુ શ્રીનરસિંહાનંદસ્વામીને[૧] સમાધિ થઈ, ને તેજ દેખાણું ને મહારાજનું દર્શન થયું. તે કેવી રીતે થયું, તે વાત વિસ્તારીને લખીએ છીએ.

શ્રીજીમહારાજ કારિયાણી ગામમાં વિરાજમાન હતા. ને સુરત વિગેરેના હજારો માણસોના સંઘ આવેલા હતા. ને મહારાજ પંડે માણસો પાસે તળાવ ખોદાવતા હતા. ને પોતે ખીજડાને છાંયે બેસે ને માણસોને કહે, ‘લો લો ને જાવ ખોદો.’ એ રીતે સર્વેને પ્રેરીને કામે વળગાડે. ને પોતે પણ કોઈક સમયે ભેગા ટોપલીઓ લેવા લાગે. ત્યારે બ્રહ્માનંદસ્વામી કહે, “હે મહારાજ ! તમે આ ખીજડાને છાંયે ઢોલિયા ઉપર બિરાજો, અમે ઉતાવળા ટોપલા લઈશું.” ત્યારે મહારાજ કહે, “અમ વિના તમો સર્વે ઉતાવળથી ટોપલા નહીં લો.” પછી સર્વેએ દોડી દોડીને ટોપલા લેવા માંડ્યા. તે જોઈને શ્રીજીમહારાજ મરક મરક હસીને ઢોલિયા ઉપર બિરાજમાન થયા. એવી રીતે એ તળાવ ખોદાવે ને સવારના પહોરમાં જે તળાવ ખોદવા આવે, તેને ખોબો ભરીને પલાળેલો બાજરો આપે.

---

**૧.**શ્રીહરિને મળ્યા પહેલા પરોક્ષમાં નરસિંહરામ નામે હતા ત્યારે.

વળી સાંજની વખત મહારાજ એમ બોલે જે, "ચાલો ચાલો ગામમાં." પછી મહારાજ ઘોડા ઉપર બેસે. ને સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી પગે ઘૂઘરા બાંધે ને હાથમાં કરતાલ વગાડતા જાય, ને પાછલા પગે નાચ કરતા જાય અને મહારાજ ધીરે ધીરે ઘોડી ચલાવે. ને મોઢા આડો રૂમાલ રાખી મરક મરક હસતા જાય. ને પડખે સાધુ તથા હરિભક્તના સમૂહ ચાલ્યા આવે.

એવા સમામાં હિન્દુસ્તાનનો એક વૈરાગી સાધુ દ્વારિકાની જાત્રા કરી પાછા વળતાં જૂનાગઢ થઈ કારિયાણી ગામે આવ્યો. મહારાજનું ગામમાં પેસવું જોઈને તે વૈરાગી બોલ્યો કે, "આ કોણ છે ?" ત્યારે માણસોએ જવાબ દીધો કે, "આ તો સ્વામિનારાયણ કહેવાય છે, તે ભગવાન છે. આમને શ્રીકૃષ્ણ ભગવાન પણ કહે છે." ત્યારે વૈરાગી બોલ્યો કે, "આ બધાયે એમનું ભજન કરે છે ?" ત્યારે માણસો બોલ્યા કે, "હા." તે સાંભળીને તે વિસ્મિત થઈ ગયો, ને મૂર્તિનાં દર્શન સારી પેઠે કર્યાં. પછી ગામમાં જઈ રાત રહ્યો. ને સવારે ચાલ્યો ગયો. તે ફરતાં ફરતાં ગામ અયોધ્યા ગયો. એ ગામમાં મંદિર ઝાઝાં છે, ત્યાં દર્શન કરતાં કરતાં નરસિંહાનંદસ્વામી જે મંદિરમાં હતા ત્યાં સવારનાં પો'રમાં શણગારનાં દર્શન થતાં પહેલા જઈ પહોંચ્યો. તે સમે નરસિંહાનંદસ્વામી પાઠ-પૂજા કરી નિત્યવિધિમાંથી પરવારી ઊઠવાના હતા. તેમની પાસે જઈને ઊભો. ત્યારે નરસિંહાનંદસ્વામીએ પૂછ્યું જે, "હે સાધુરામ ! ક્યાંથી આવો છો ?" ત્યારે તેણે જવાબ દીધો કે, "દ્વારિકાની જાત્રા કરી ગિરનાર થઈ આંહીં આવ્યો છું." ત્યારે નરસિંહાનંદસ્વામી બોલ્યા જે, "સાધુરામ, એ દેશના કાંઈ સમાચાર હોય તે કહો."

ત્યારે એ સાધુ બોલ્યા જે, "બીજું બધું તો ઠીક છે, પણ પશ્ચિમ ધરતીમાં (ગુજરાતમાં) એક કારિયાણી એવે નામે ગામ છે. તેમાં એક જીવનમુક્ત પ્રગટ થયો છે. તેમનું નામ સહજાનંદસ્વામી છે. ને તે શ્રીકૃષ્ણ ભગવાન છે, એમ માણસો કહે છે. ને તેમનું ધ્યાન-ભજન

કરે છે. તેમણે હજારો રૂપિયાના દાગીના પહેરેલા, અમૂલ્ય ઘોડા ઉપર બેઠેલા અને ઘણા સંત હરિજનની જમાવટ સાથે એ ગામમાં આવતા હતા. તેમના મોઢા આગળ એક સાધુ પગે ઘૂઘરા બાંધી, હાથમાં કરતાલ લઈ ગાન કરતા અને પાછા પગે ચાલતા મેં જોયા." એટલા શબ્દ બોલ્યો ત્યાં નરસિંહાનંદસ્વામી બેઠા હતા તે ઢળી પડ્યા, ને સમાધિ થઈ ગઈ. ને **સમાધિમાં પ્રથમ પોતાને અક્ષરધામનું તેજ દેખાણું. ને એ તેજમાં વૈરાગીએ વર્ણન કરી હતી એવી શ્રીજીમહારાજની મૂર્તિ દેખાણી. ને જીવમાં સુખ સુખ થઈ ગયું.** એવી રીતે એક કલાક સુધી રહ્યું. પછી સમાધિમાંથી જાગ્યા, ત્યાં તો સુખ સુખના ઢગલા વર્તે[1] ને તેજમાં મૂર્તિ દેખાણી હતી તે નેત્ર આગળ દેખાયા કરે.

પછી પોતાની આંખમાંથી આંસુ લૂઈને બેઠા અને એમ વિચાર કર્યો જે, આટલા દિવસથી હું રામચંદ્રજીની પૂજા કરું છું. ને એમને અર્થે મેં ઘણો ઘણો દાખડો કરી સેવા કરી છે. થાળ કરીને સમયે સમયે ધરીએ છીએ, તથા કથા-વાર્તા કરીએ ને કરાવીએ છીએ, છતાં કોઈ દિવસ સપનામાં પણ રામચંદ્રજીએ દર્શન દીધું નહિ. ને આ તો વૈરાગીને મેં દેશાવરની ખબર પૂછી, ને તે વૈરાગીએ વાત કરી, તેમાં એ **જીવનમુક્ત સ્વામિનારાયણ એવું નામ લીધું ત્યાં મને અક્ષરધામનું તેજ દેખાણું. ને તે તેજમાં મને તેમનાં સાક્ષાત્કાર દર્શન થયાં.** માટે એમ જણાય છે જે, એ ભગવાન હશે. તેમને મારે જઈને જોવા ને સાધુએ કહ્યા હતા અને જેવા મને સમાધિમાં દર્શન થયાં છે એવા ને એવા ત્યાં જઈને દેખું તો ભગવાનપણાનું નક્કી થાય. વળી આંહીં ચાલીસ વૈરાગીમાં મોટેરાઈ[2] છે તે શા કામની ? ને ખજાનો પણ ઘણો છે, તે શા ખપનો ? એમાં મારે કલ્યાણમાં શું કામ લાગ્યું ? એવો પોતાને વિચાર થયો. પછી એમ દઢ નિરધાર કર્યો કે, મારે આંહીં તો રહેવું જ નહિ.

પછી ઠાકોરજીને શણગાર કરી રાજભોગ ધરાવ્યો. પછી પોતે

---

૧.અતિશય સુખ અનુભવાતું હતું. ૨.મોટ્યપ-ગુરુપણું.

તથા સર્વે સંત જમ્યા, ત્યાર પછી સર્વે સંતને ભેગા કરી બોલ્યા જે, "મારે ગંગાને કાંઠે અષ્ટાંગ યોગ સાધવા જાવું છે, માટે હું કાલે સવારે ચાલી નીકળીશ. અને મારે સાથે કોઈનો ખપ નથી માટે કોઈ આવશો નહિ. ને આ મંદિરમાં મોટેરા તરીકે મારી જગાએ મારા મુખ્ય શિષ્ય રામદાસનું સ્થાપન કરી, તેમને સર્વે સોંપું છું. તેમની આજ્ઞામાં સર્વે સંત રહેજો, એમ હું ભલામણ કરું છું." એ રીતે વ્યવસ્થા કરી પોતે નિશ્ચિંત થયા. ॥૫૦॥

## ૫૧. નૃસિંહાનંદસ્વામીને શ્રીહરિનું મિલન

સદ્‌ગુરુ નરસિંહાનંદસ્વામી બીજે દિવસે સવારે અડવાણે[1] પગે અયોધ્યાથી ચાલી નીકળ્યા. ચાલતાં ચાલતાં ઝાડીમાં એક કણબીનું ગામ આવ્યું. તે ગામમાં એક વૈરાગીનું મંદિર હતું. તેમાં જઈ તેને પૂછી ઉતારો કર્યો. તે સમયે ચોમાસું બેઠેલું હતું. ને ગામ વચ્ચે હનુમાનની જગ્યા છે, તેની ઓસરીમાં બ્રાહ્મણ ભાગવતની કથા કરે છે, એવું સાંભળતાં ત્યાં ગયા. અને પૂછ્યું કે, "શેની કથા કરો છો ?" ત્યારે કહે, "ભાગવતના દશમ સ્કંધની." પછી પોતાને ચાતુર્માસમાં એક વખત દશમ સ્કંધ સાંભળવાનો નિયમ હતો તેથી કથા સાંભળવા ત્યાં રોકાયા.

પછી અડધે ચોમાસે વરસાદે ઉઘાડ કાઢ્યો[2] અને ખરાડ[3] થઈ. એટલે કણબી લોકોએ કોસ[4] જોડવાનો વિચાર કરી સીમમાં ગયા. તેથી તેઓ કથા સાંભળવા આવ્યા નહિ અને સ્વામી તો રોજના વખતે હનુમાનજીની ઓસરીમાં કથા સાંભળવા ગયા. ત્યારે તે બ્રાહ્મણ બોલ્યો કે, "કથા બંધ પડી." ત્યારે સ્વામી બોલ્યા કે, "કાયકું બંધ કિયા ?" ત્યારે કહે, "વરસાદ થતો નથી તેથી લોકો કોસ જોડવા ગયા છે. તે કથા સાંભળવા નહિ આવે, ત્યારે હું આજીવિકા વિના શું ખાઈને બેસું ?" (માટે કથા નહિ કરું.)

ત્યારે નરસિંહાનંદસ્વામી બોલ્યા કે, "મેહ થાય તો ?" ત્યારે

**૧.**ઉઘાડા. **૨.**વિરામ લીધો. **૩.**કોરાડ; સુકવણી. **૪.**બળદ વડે કૂવામાંથી પાણી કાઢવાનું સાધન.

બ્રાહ્મણ કહે, “ક્યારે થશે ?” ત્યારે કહે, “પરમદહાડે સાંજે હોયગા.” પછી સાંજે સર્વે કણબી લોકોને ભેગા કરીને બ્રાહ્મણે તે વાત કરી. ત્યારે કેટલાક કણબી એમ બોલ્યા જે, “શું એ વૈરાગીના હાથમાં છે, તે મેહ કરશે ?” ને કેટલાક બોલ્યા, **“જે એ તો અલખના[1] ઘર[2] છે, માટે તેમના વચને મેહ થાય પણ ખરો !”** પછી જેમને વિશ્વાસ આવ્યો તેમણે કોસ જોડવા બંધ રાખ્યા. ને બીજે દિવસ કથા ચાલતી કરી ને ઘણા કણબી કથા સાંભળવા આવ્યા.

ત્રીજે દિવસ સાંજની વખત એ હનુમાનજીની ઓસરીમાં કથા વંચાતી હતી. તે સમે ગામનાં સર્વે માણસ, સાધુએ વરસાદનો વાયદો કરેલો, તે ફળશે એવી આશાએ ભેગાં થયાં હતાં. તેવામાં આકાશમાં એક વાદળી થઈ ને ઝીણા ઝીણા છાંટા પડવા મંડ્યા. પછી થોડા વખતમાં મોટી ધારાએ વરસાદ બહુ પડ્યો. એટલે બ્રાહ્મણે કથા બંધ કરી ને પોથી બાંધીને ઘેર ગયો. પરંતુ લોકો તો આ સાધુ ભગવાન છે, કાં તો કોઈ સિધ્ધ છે એવી રીતે પરસ્પર બોલવા લાગ્યા. પછી એ સાધુનો લોકોને બહુ ભાર પડ્યો ને અનેક જાતના ભોજન તથા ભેટ સામગ્રી લાવીને અર્પણ કરવા મંડ્યા. ને બાઈ-ભાઈ સર્વેને એમનાં દર્શનમાં બહુ પ્રેમ થયો. પછી કથામાં બેસે ત્યારે લોકો કથા વાંચનાર સામું જુએ નહિ ને એમની તરફ જ સર્વે જોયા કરે.

પછી સ્વામીએ એમ વિચાર્યું કે, આપણે તો ભગવાન થઈ પડ્યા ને લોકો કેડો[3] નહીં મૂકે. પછી ગામના માણસોને કહ્યું કે, “અમારી પાસે બાઈઓ આવે તે નહીં ફાવે. માટે અમને ગામથી ઉત્તરાદે નદીને કાંઠે એકાંતમાં એક ઓરડી કરી આપો. કેમ જે, જોગીને ચોમાસામાં ગામતરું થાય નહીં.” પછી ગામના સર્વેએ મળીને બે દિવસમાં નદીના કાંઠે ઓરડી કરી આપી. પછી સ્વામી ત્યાં રહેવા ગયા. પછી વસ્તીમાં ભિક્ષા કરી આવતા ને સાંજ વખતે કથા સાંભળવા જતા. એ રીતે કથા સાંભળવાનું નિયમ પૂરું કર્યું ને ચાતુર્માસ એ ગામમાં નિવાસ

**૧.**ભગવાનના. **૨.**ધારક. **૩.**પીછો.

કરીને રહ્યા. ચોમાસું પૂરું થયું એટલે એક સમયે વિચાર કર્યો જે, હવે મારે ચાલી નીકળવું. પણ ગામના માણસોને સંભળાવીશ તો જાવા દેશે નહિ. પછી સવારના પહોરમાં વહેલા ઊઠીને ચાલી નીકળ્યા. તે ચાર પાંચ ગાઉ નદીની કોતરોમાં[૧] ચાલ્યા ને એક દિવસ ત્યાં રહ્યા. અને એ ગામના માણસોને સાધુ ગયાની ખબર પડી તો ગામોગામ ખોળવા નીકળ્યા પણ જડ્યા નહિ, તેથી પાછા ફર્યા.

પછી સ્વામી ફરતાં ફરતાં કારિયાણી ગામ આવ્યા. ને ત્યાં મહારાજની ખબર પૂછી તો સરધાર ગયાની વાત મળી. તેથી સરધાર ગયા, તો ત્યાંથી સ્વામિનારાયણ ભૂજ ગયાની વાત સાંભળી. તેથી જોડિયા બંદર થઈને ભૂજ ગયા ને ત્યાં પૂછતાં પૂછતાં ગંગારામ મલ્લની ખડકીએ ગયા. ને ત્યાં ઊભા રહી એક જણને કહ્યું કે, "મારે સ્વામિનારાયણનાં દર્શન કરવા છે." તે હરિભગત હતો. તેણે મહારાજને કહ્યું કે, "એક હિન્દુસ્તાની વૈરાગી આવીને ઊભો છે ને તે પૂછે છે કે, મારે સ્વામિનારાયણનાં દર્શન કરવા છે તે આવું ?" ત્યારે મહારાજે જવાબ દીધો કે, "એવા તો કામી-ક્રોધી વૈરાગી તો ઘણા આવશે. માટે જા કહે, નહિ મળીએ. ને તે જ્યાંથી આવ્યા હોય ત્યાં પાછા ચાલ્યા જાય."

પછી તે ભક્તએ નરસિંહાનંદસ્વામીને એમ કહ્યું. ત્યારે ત્યાં ઊભા રહી સ્વામી બહુ રડવા માંડ્યા. તે જોઈ રસ્તે જનારા લોકો પૂછે છે, "હે સાધુરામ ! તું કેમ રોવે છો ?" ત્યારે તે કહે કે, "મારે સ્વામિનારાયણનાં દર્શન કરવા છે પણ તે ના કહે છે." ત્યારે લોકો કહે, "સાધુરામ ! કાલે કરજે." એમ કહીને ચાલ્યા જાય. પણ સ્વામી તો ત્યાંથી આઘાપાછા ખસ્યા નહીં ને રોયા કરે. તેની ખબર ગંગારામભાઈને પડી.

પછી તે સાધુ પાસે આવ્યા. ત્યારે તેમણે પોતાને અયોધ્યામાં પરચો થયો હતો તે, તથા પોતાના મંદિરની અને રસ્તાની સર્વે હકીકત

૧.પાણીના ઘસારાથી પડી ગયેલી ખાઈમાં.

કહીને કહ્યું કે, “હું તો અહીં ચાહીને[1] દર્શને આવ્યો છું.” પછી તેમણે મહારાજને પ્રાર્થના કરી ને દર્શને આવવાની હા પડાવી. પછી સાધુ પાસે જઈ કહે, “ચાલો દર્શન કરાવું.” પછી મહારાજ મેડેથી હેઠે ઊતરી ચોકમાં ઊભા રહ્યા. ને નરસિંહાનંદસ્વામી ખડકીના બારણામાં પેઠા. ને શ્રીજીમહારાજને દેખીને જેમ વાછડું ગાયને જોઈ હીંહોરા કરી ઠેકડા મારે, તે રીતે દોડીને મહારાજ પાસે ગયા. તે વખતે જેવા એમને પ્રથમ સમાધિમાં દર્શન થયાં હતાં તેવાં જ દર્શન થયાં. તે જોઈને વારંવાર બાથ ભીડી સાત વખત મળ્યા. પછી મહારાજે હાકલ કરી કે, “સાધુરામ ! હવે રહેવા દ્યો ને ચાલ્યા જાઓ.” ત્યારે નરસિંહાનંદ સ્વામી બોલ્યા જે, “ક્યાં જાઉં ? આપ કહો તેમ કરું.” પછી મહારાજે આજ્ઞા કરી કે “સંતનું મંડળ માનકૂવે છે ત્યાં જઈ તેમની ભેગા રહો. વળી અમે કોઈ વાર મળીશું.”

પછી નરસિંહાનંદસ્વામી માનકૂવે જવા ચાલી નીકળ્યા. ને ત્યાં જઈ સંતમંડળ ભેળો નિવાસ કરીને રહ્યા. ત્યાર પછી હું માંડવીમાં ઘણેક દિવસે શ્રીજીમહારાજની ભેગો થયો, ત્યારે મહારાજે મને હેતે સહિત બોલાવ્યો. ને મને દીક્ષા આપી અને મારું નામ ‘નરસિંહાનંદ’ પાડ્યું. અને મને તથા સર્વે સંતને ભણવાની આજ્ઞા કરી. તેથી સર્વે સંત ભણવા મંડ્યા.

પછી મહારાજ ફરતાં ફરતાં ગઢડે આવીને રહ્યા. અને સર્વે સંતો ફરતાં ફરતાં સાળંગપુર ભેગા થયા. તે ખબર મહારાજ પાસે આવી તેથી પોતે પણ સાળંગપુર આવ્યા. ને જીવાખાચરે ચાર દિવસ પોતાના દરબારમાં રાખ્યા. પછી મહારાજે સર્વે સંતને વેરાઈ જવાની[2] આજ્ઞા કરી. ત્યારે સંત બોલ્યા જે, “અમો નજીકના ગામોમાં ભિક્ષા કરી આવી પછી તમારાં દર્શન કરવાની સર્વેને ભાવના છે.” ત્યારે શ્રીજીમહારાજ કહે, “ઠીક રહો.” ત્યાર પછી દિવસ ચડતે સંતો ભિક્ષા કરવા ગામડામાં નીકળી જાય અને પાછલા પો’રે સર્વે ભેગા થાતા.

એક વાર નરસિંહાનંદસ્વામી રોટલાના ટુકડા માગી લાવીને

૧.સ્પેશ્યલ. ૨.અલગ-અલગ સ્થાનોમાં જતાં રહેવાની.

સારંગપુરના ચોરામાં આવી જમ્યા. પછી પોતે એમ વિચાર કર્યો જે, હું ધ્યાન કરું. આમ વિચારી મહારાજની મૂર્તિ સંભારવા માંડી, પણ દેખાય નહિ. ને અંતઃકરણ સામું જોયું તો કાળું ઠીકરા જેવું લાગ્યું, તેનું બહુ દુઃખ થવાથી રોવા લાગ્યા. પછી ઘડીક રોઈ સ્વસ્થ થઈ જેટલા ધ્યાનમાં ઊતરવાના મારગ હતા તે માર્ગે વૃત્તિ સંકેલી, હેતે કરીને, મહિમાએ કરીને તથા બ્રહ્મભાવે કરીને ઊતરવા કર્યું, પણ કોઈ રીતે ઊતરાણું નહિ. તેનું બહુ દુઃખ થયું. પછી મહારાજ પાસે જવા ચાલ્યા.

તે વખતે મહારાજ ખીજડા આગળ મોટી સભા કરીને બેઠા હતા. તેમણે નરસિંહાનંદસ્વામીને નદીનો સામો કાંઠો ઊતરીને આવતા જોયા. ત્યારે મહારાજે મુક્તાનંદસ્વામીને પૂછ્યું કે, “પેલા કયા સાધુ આવે છે ?” ત્યારે કહે જે, “નરસિંહાનંદસ્વામી આવે છે.” ત્યાં તો એ સભા પાછળ આવી ઊભા. ત્યારે શ્રીજીમહારાજે નેત્રની સાન કરી પાસે બોલાવ્યા. ને આગલી સભા સામું જોઈ ઈશારો કર્યો, ત્યાં સભાના વચમાં માર્ગ પડી ગયો. તેમાં થઈ નરસિંહાનંદસ્વામી શ્રીજીમહારાજના મોઢા આગળ આવી ઊભા રહ્યા. ને નેત્રમાંથી જળની ધારા ચાલી જાય. તેમને મહારાજે બે-ત્રણ વાર પૂછ્યું કે, “હે સ્વામી ! કેમ રોવો છો ?” પણ બોલી શક્યા નહિ. પછી મુક્તાનંદસ્વામીએ કહ્યું કે, “નરસિંહાનંદસ્વામી કેમ બોલતા નથી ? તમારે શું દુઃખ છે ? કહો તો ખરા ?”

પછી તેમણે પોતાનાં નેત્રનું જળ લૂઈને ધીમે રહીને બોલ્યા જે, “હે મહારાજ ! તમોએ સર્વે સંતને માંડવી બંદરમાં ભણવાની આજ્ઞા કરી તે દિવસથી મેં પણ ભણવા માંડ્યું છે. તેમાં પંચસંધિ ભણી ગયો ને આગળના પાઠ ચાલે છે. પણ મેં પ્રથમ અયોધ્યામાં આપના પ્રગટ પ્રતાપની વાત એક વૈરાગીના મોંઢેથી સાંભળી, ત્યાં મને સમાધિ થઈ ગઈ ને તેજમાં મૂર્તિ દેખાઈ હતી. **તે પછી ધ્યાનમાં તેવી ને તેવી સાંભરતી, પણ પંચસંધિ ભણી રહ્યા પછી ધ્યાનમાં બેસીને તે મૂર્તિ જોવા માંડી પણ ન દેખાણી.** એટલે ધ્યાનના જેટલા ઉપાય છે તે ઉપાયે

કરી વૃત્તિ દ્વારે તથા પ્રાણ દ્વારે તથા હેતે કરીને તથા મહિમાએ કરીને તથા બ્રહ્મભાવે કરીને વિગેરે સર્વે કળાએ કરીને મૂર્તિ સંભારી પણ કાંઈ મૂર્તિનો આભાસ થતો નથી ને દેખાતી નથી. ને અંતઃકરણ કાળું ઠીકરા જેવું થઈ ગયું છે.

પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, **“ભણવે કરીને મૂર્તિ ભૂલી જવાતી હોય તો અમારે તમ જેવા જે સાધુ હોય તેને કાંઈ ભણાવવા નથી.** પણ એ ધ્યાનના કરનારાને મોટા મોટા વિઘન આવે છે, તેને તમો જાણો છો ?” ત્યારે સ્વામી કહે જે, “તેને તો હું નથી જાણતો.” ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “ભગવાને કેવી કળા કરી છે ? જે માયાના મોહે કરીને સ્ત્રી-પુરુષની આસક્તિથી જીવને દેહ સર્જી આપ્યો છે. તે શાને અર્થે ? તો પંચવિષયનું સુખ પમાડવા તથા મોક્ષને અર્થે આપ્યો છે. તેમાં કેવું ડહાપણ કર્યું છે જે, જુઓને ! એક શબ્દ બોલવે કરીને જીવમાં જ્ઞાન ઊતરી જાય.

તે ઉપર દષ્ટાંત છે, જેમ તાંબાનું નગારું દેવ મંદિરમાં વગાડવાનું કરે છે, તેને તળિયે છિદ્ર પાડે છે. પછી નગારાને ઉપરથી ડાંડી મારે તે ભેગો વા[1] એ છિદ્રે થઈને નીકળી જાય છે. તેમ જગતના શબ્દરૂપી ડાંડી કાનરૂપી નગારા ઉપર મારે તે ભેગો શબ્દ ઈન્દ્રિયો તથા મન, ચિત્ત, બુદ્ધિ, અહંકાર તથા પ્રાણ એ આદિક સર્વેમાં એકકાલાવછિન્ન[2] પ્રવેશીને જીવમાં પ્રવેશી જાય છે– તેને વિષયનો પ્રતિલોમ થયો જાણવો. વળી, જેમ ગંધરૂપ ડાંડી નાસિકારૂપ નગારા ઉપર મારે તે ભેગો ગંધનો ભાવ ઈન્દ્રિયો-અંતઃકરણ આદિકમાં થઈ જીવમાં પહોંચી જાય છે. વળી રૂપ જોવારૂપ ડાંડી નેત્રરૂપ નગારા ઉપર મારે તે ભેગું રૂપ ઈન્દ્રિય તથા અંતઃકરણ આદિ દ્વારે જીવમાં ઊતરી સાક્ષાત્ ખડું[3] થાય છે. તથા સ્વાદરૂપ ડાંડી રસનારૂપ નગારા ઉપર મારે તે ભેગું સ્વાદનું જાણપણું ઈન્દ્રિયો તથા અંતઃકરણ આદિકમાં એકકાલાવછિન્ન થઈ જીવમાં ઊતરી જાય છે. એમ પંચવિષય છે તે એકકાલાવછિન્ન પાંચેય ઈન્દ્રિયોમાં

**૧.**પવન. **૨.**એક જ સમયમાં. **૩.**તાદશ.

પ્રવેશ કરીને જીવમાં પ્રવેશ કરી જાય છે. તેમ જ જીવને જે સમે જેવો રાગ ઊપજે તેવો પ્રથમ પ્રાણ દ્વારે અહંમાં ટચકારો મારે છે, ત્યારે મન આદિ અંતઃકરણમાં થઈને નેત્ર-શ્રોત્રાદિક ઈન્દ્રિયો દ્વારા બહાર મૂર્તિમાન વિષય દેખાય છે—તેને વિષયનો અનુલોમ થયો જાણવો.

આ વાત સાંભળી મુક્તાનંદસ્વામી તથા નરસિંહાનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામી આદિ સર્વે સંત રાજી થઈ બોલ્યા જે, “આ ચમત્કાર તો આજ જણાયો.” એ તો સર્વે ઠેકાણે એકકાલાવછિન્ન ખબર પડી જાય છે. પછી ‘જૈ સચ્ચિદાનંદ’ કહી શ્રીજીમહારાજ જીવાખાચરના દરબારમાં પધાર્યા ને સંતો પોતપોતાને ઉતારે ગયા. ને નરસિંહાનંદ સ્વામીએ તે દિવસથી ભણવું પડ્યું મૂક્યું ને ધ્યાનનો અભ્યાસ કર્યો. પછી પ્રથમના જેવી મૂર્તિ દેખાણી ને મહાસુખ થયું. ॥૫૧॥

## ૫૨. પ્રભુમાં વૃત્તિ રાખવાથી જ કારણશરીર બળે.

એક દિવસ શ્રીજીમહારાજ અક્ષરભુવનમાં પોઢ્યા હતા. પછી સાંજના સમયે ઉગમણા બારના ઓરડાની ઓસરી ઉપર ઢોલિયો ઢળાવી ગાદી-તકિયા નંખાવીને તે ઉપર વિરાજમાન હતા. ને મુક્તાનંદસ્વામી આદિક સર્વે સાધુ તથા સર્વે હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તે સભામાં સદ્‌ગુરુ નરસિંહાનંદસ્વામીએ આવીને મહારાજનાં દર્શન કર્યાં. ત્યારે મહારાજ બોલ્યા જે, “આવો નરસિંહાનંદસ્વામી આવો.” એમ રાજીપા સાથે બોલાવીને પાસે બેસાર્યા.

પછી મહારાજ બોલ્યા જે, “હે નરસિંહાનંદસ્વામી ! તમો ધ્યાન કરો છો ?” ત્યારે સ્વામી બોલ્યા જે, “હા મહારાજ, ધ્યાન કરું છું ને મૂર્તિ પણ ઠીક દેખાય છે.” તે વાત સાંભળીને શ્રીજીમહારાજ રાજી થયા. પછી બોલ્યા જે, **“હે નરસિંહાનંદસ્વામી ! તમો** ભગવાનની **સ્મૃતિ રાખજો. કેમ જે, જ્યારે સ્મૃતિ રહે છે ત્યારે જ અહંગ્રંથિ, સંશયગ્રંથિ, કર્મગ્રંથિ, મમત્વગ્રંથિ એ ચારેય ગ્રંથિ ગળી જાય છે. માટે સ્મૃતિ રાખજો.”** કારણશરીર કોઈ રીતે નાશ થાય એવું નથી. પણ આ વાત કહીશું

તે પ્રમાણે કરે તો કારણશરીર નાશ થઈ જાય.

પછી તે ઉપર વાત કરી જે, તેત્રીસ કરોડ દેવતાનો રાજા જે ઈન્દ્ર તેને ચાર બ્રહ્મહત્યા લાગી હતી. તેમાં ત્રણ વહેંચી અને એક બાકી રહી. તે બ્રહ્મહત્યાએ ભૂંડું વાઘરણ જેવું રૂપ ધર્યું ને મોઢું ગંધાય, તે ઈન્દ્રે છેટેથી ભાળી. ત્યારે બ્રહ્મહત્યા બોલી કે, “ઊભો રહે, ઊભો રહે; તારામાં મારે પ્રવેશ કરવો છે.” તે વાત સાંભળીને ઈન્દ્ર બહુ દુ:ખી થઈ ગયો, જે મારામાં આ બ્રહ્મહત્યા પ્રવેશ કરશે ને તે કેમ ખમાશે ? એમ પોતે વિચાર કરીને ભાગ્યો. તે ભાગતાં ભાગતાં ઈન્દ્ર આગળ ને બ્રહ્મહત્યા પાછળ, તે ઊભો રહે ઊભો રહે કહીને દોડી જાય.

પછી જે જે ઋષીના આશ્રમમાં જાય ત્યાં કોઈએ સહાય ન કરી ને આદર પણ ન દીધો. પછી તો બહુ થાકી ગયો. અને પોતાને બહુ દુ:ખ થયું તેથી આંખમાં પાણી આવી ગયાં ને વિચાર્યું જે, હવે મારે કેમ કરવું ? તે સમામાં ઈન્દ્રનું દુ:ખ જોઈને નારદજી જે ઠેકાણે ઈન્દ્ર ઊભો હતો તે ઠેકાણે તેને દેખાણા. ત્યારે ઈન્દ્ર રાજી થઈને બોલ્યો જે, “હે મહારાજ ! આવા સમયે તમોએ દર્શન દીધું તે બહુ સારું થયું.” એમ કહીને પગે લાગ્યો. પછી નારદજી બોલ્યા જે, “હે ઈન્દ્ર ! તું આવો દુ:ખિયો કેમ થઈ ગયો છે ?” ત્યારે ઈન્દ્ર બોલ્યો જે, “હે મહારાજ ! આ જુઓ જુઓ, બ્રહ્મહત્યા મારામાં પ્રવેશ કરવા ઊભી છે, તે કેમ ખમાશે ?” ત્યારે નારદજી બોલ્યા જે, “હે ઈન્દ્ર ! તે બ્રહ્મહત્યા કરી છે માટે તારે ભોગવવી જ પડશે.” ત્યારે ઈન્દ્ર બોલ્યો જે, “તમારું દર્શન થયું ને હવે મારે દુ:ખ રહે, ત્યારે તમારાં દર્શનના પ્રતાપનું મારે શું ફળ ?”

ત્યારે નારદજી રાજી થઈને બોલ્યા જે, “હે ઈન્દ્ર ! તને તેનો એક ઉપાય બતાવું તે તું કર તો તારી બ્રહ્મહત્યા છેટે રહે.” ત્યારે ઈન્દ્ર બોલ્યો જે, “હે મહારાજ ! જેમ તમે કહો તેમ હું કરું.” ત્યારે નારદજી બોલ્યા જે, **“હે ઈન્દ્ર ! તારા ભાઈ વામનજી છે, એ પ્રગટ ભગવાનનો અવતાર છે. તેને તું મનુષ્ય જેવા જાણે છે**

**ને ભગવાનપણાનો તારે ભાવ નથી. માટે તેને ભગવાન જાણીને તેની સ્મૃતિ નિરંતર તું રાખ, તેણે કરીને આ બ્રહ્મહત્યા છેટે થતી જશે. ને ઝાઝી ઝાઝી સ્મૃતિ રાખવા માંડીશ તો તે મૂળગી છેટે જશે."**

પછી ઈન્દ્ર ત્યાંથી ચાલ્યો, તે જે ઠેકાણે વામનજી હતા ત્યાં ગયો. તેના પગ ઝાલીને રોવા મંડ્યો. ત્યારે વામનજી ભગવાન બોલ્યા જે, "હે ઈન્દ્ર ! તારે એવું તે શું દુઃખ છે ?" ત્યારે ઈન્દ્ર બોલ્યો કે, જુઓને મહારાજ, આ બ્રહ્મહત્યા ઊભી છે, તે મારામાં પ્રવેશ કરવા આવે છે; તે થકી મારી રક્ષા કરો. ત્યારે તેમણે કહ્યું, **"મારા સ્વરૂપમાં સ્મૃતિ રાખ."** પછી ઈન્દ્રે (વામનજીની) સ્મૃતિ રાખી તેથી બ્રહ્મહત્યા ટળી ગઈ.

એ દષ્ટાંતનું સિદ્ધાંત એ છે જે, આ જીવને કારણ શરીરરૂપ બ્રહ્મહત્યા અનાદિકાળથી વળગી છે, તે કોઈ રીતે જીવથી જુદી થાતી નથી. એ તો ક્યારે જુદી થાય ? તો **પ્રત્યક્ષ ભગવાનની અખંડ સ્મૃતિ રાખે તો થોડાક કાળમાં એ કારણ શરીરનો નાશ થઈ જાય. માટે સ્મૃતિ રાખવા જેવો બીજો કોઈ મોટો લાભ નથી. ને સ્મૃતિ રાખવી એ સાધન સર્વોપરી છે.** માટે હે નરસિંહાનંદસ્વામી ! તમો ભગવાનની અખંડ સ્મૃતિ રાખજો, એટલે થોડાક કાળમાં કારણ શરીરનો નાશ થઈ જાશે. એ વાત સાંભળીને સર્વે સંત બહુ રાજી થયા. ને નરસિંહાનંદસ્વામીએ અખંડ સ્મૃતિનો અભ્યાસ વધારવા માંડ્યો. ॥૫૨॥

## ૫૩. શ્રીહરિએ કહેલ સંગશુદ્ધિ

એક દિવસ શ્રીજીમહારાજ અક્ષરભુવનમાં સાંજની વખત ઢોલિયા ઉપર વિરાજમાન હતા. તે સમે સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી આદિ દસ પંદર મોટેરા સાધુ સમીપમાં બેઠા હતા ને દાદાખાચર વિગેરે પાંચ-સાત હરિજન બેઠા હતા. તે સમામાં સદ્‌ગુરુ નરસિંહાનંદસ્વામીએ આવીને શ્રીજી મહારાજનાં દર્શન કર્યાં ને પાસે બેઠા.

ત્યારે મહારાજ તેમની સામું જોઈને બોલ્યા જે, "હે નરસિંહાનંદ સ્વામી ! તમો ભગવાનની સ્મૃતિ રાખો છો કે ?" ત્યારે સ્વામી

બોલ્યા જે, "હા મહારાજ, સ્મૃતિ બહુ રાખું છું ને સુખ પણ બહુ સારું આવે છે."

ત્યારે મહારાજ ઘણા રાજી થયા ને પછી બોલ્યા જે, "હે નરસિંહાનંદ સ્વામી ! તમોને હેતની એક બીજી વાત કરું છું, તે તમે સાંભળો જે, **તમે સંગની શુદ્ધિ રાખજો. જો પોતે ચડિયાતો હોય અને ઊતરતાનો સંગ કરે તો ઊતરતો થઈ જાય અને ઊતરતો હોય અને ચડિયાતાનો સંગ કરે તો પોતે ચડિયાતો થઈ જાય છે.** માટે તમ જેવા ધ્યાની હોય ને પૂર્વાપર એકાંતિક માર્ગમાં સમજતા હોય તેમનો જ તમે સંગ રાખજો." તે ઉપર દષ્ટાંત એ છે જે –

એક વાર ગિરનાર પર્વતના પંખીએ એમ વિચાર કર્યો જે, આપણે મહાવનને વિષે જાવું ને બીજાં પંખીની રીતભાત જોવી. તેમ જ હિમાચલના પંખીએ પણ વિચાર કર્યો જે, આપણે મહાવનમાં જાવું ને બીજાં પંખીની રીતભાત જોવી. પછી તે બંને પર્વતના પંખીઓ ઊડ્યાં ને મહાવનને વિશે બન્ને ડુંગરાનાં પંખી હતાં તે ભેગાં થયાં. એવી જ રીતે મેરુપર્વતના પંખીઓએ પણ એમ વિચાર કર્યો કે, આપણે મહાવનને વિશે જાવું ને બીજાં પંખીની રીતભાત્ય જોવી. પછી તે સર્વે પંખીઓ ઊડ્યાં ને મહાવનને વિશે જે બે ડુંગરાનાં પંખી હતાં ત્યાં ભેગાં થયાં. પછી લોકાલોક પર્વતનાં પંખીએ એમ વિચાર કર્યો જે, આપણે મહાવનને વિશે જાવું ને બીજાં પંખીની રીત-ભાત જોવી. પછી તે ઊડ્યાં ને મહાવનને વિશે જે બીજા ત્રણે ડુંગરાનાં પંખી હતાં તેની ભેગાં થયાં.

પછી પરસ્પર એકાબીજાએ હેત કરવા માંડ્યું ને કેટલાક પંખીએ ગિરનાર પર્વતનાં પંખી સાથે હેત કર્યું. તથા કેટલાક પંખીએ હિમાચલ ડુંગરાનાં પંખી સાથે હેત કર્યું. તથા કેટલાક પંખી હતાં તેમણે મેરુ પર્વતનાં પંખી સાથે હેત કર્યું. તથા કેટલાક પંખી હતાં તેમણે લોકાલોક પર્વતનાં પંખી સાથે હેત કર્યું. પછી એ સર્વે પંખીઓ સાધન કરવામાં તથા ધર્મ પાળવામાં તથા દેહને દમન કરવામાં તથા ઉપાસના કરવામાં

એક સરખો દાખડો કરવાં લાગ્યાં. આમ તે સર્વે પંખીઓએ એકબીજા સાથે હેત કર્યું. પછી જ્યારે એ ચારે ડુંગરાનાં પંખીએ ઊડવાનો વિચાર કર્યો કે, આપણે સર્વેએ સૌ સૌનાં સ્થાનમાં જવું. **જેને જે ડુંગરાનાં પંખી સાથે હેત થયું હતું, તે તેની સાથે ચાલ્યાં ગયાં.**

એ તો દૃષ્ટાંત છે, પણ તેનું સિદ્ધાંત એ છે જે, ગિરનારને ઠેકાણે દેવતાનો લોક છે. તે જેણે એની સાથે હેત કર્યું તે દેવતાના લોકને પામ્યાં. તથા હિમાચલ પર્વતના ઠેકાણે વૈકુંઠ છે. તે જેણે એની સાથે હેત કર્યું તે વૈકુંઠલોકને પામ્યાં. ને મેરુ પર્વતને ઠેકાણે ગોલોક છે. તે જેણે એની સાથે હેત કર્યું તે ગોલોક ધામને પામ્યાં. તથા લોકાલોક પર્વતને ઠેકાણે અક્ષરધામ છે. તે જેણે એની સાથે હેત કર્યું તે અક્ષરધામને પામ્યાં.

માટે હે નરસિંહાનંદસ્વામી ! એ પંખીએ દાખડો સૌએ સરખો કર્યો, પણ **સંગમાં ચડિયાતા-ઊતરતામાં હેત કર્યું તો પ્રાપ્તિમાં ને કલ્યાણના માર્ગમાં મોટો ફેર પડી ગયો. માટે સંગની શુદ્ધિ રાખવી અને પૂર્વાપર વિચારીને એકાંતિક સાધુનો સંગ કરવો, તો કલ્યાણના માર્ગમાં કોઈ રીતે વિઘ્ન ન આવે.** તે શ્રીજીમહારાજની વાત સાંભળીને નરસિંહાનંદસ્વામી બહુ રાજી થયા ને બોલ્યા જે, **“હે મહારાજ ! સંગ કરવામાં કાંઈક ગાફલતા રહેતી હશે તે હવે હું નહીં રાખું.”** ને મુક્તાનંદસ્વામી વગેરે સર્વે સાધુ બોલ્યા જે, **“હે મહારાજ ! આ ઊતરતો સંગ કરવામાં તો મોક્ષમાર્ગમાં બહુ વિઘ્ન છે,** માટે આ વાત તો આજે ચોખ્ખી સમજાણી.” ॥૫૩॥

## ૫૪. ભગવદ્‌પ્રાપ્તિમાં સત્પુરુષની અનિવાર્યતા

એક સમયે શ્રીજીમહારાજ શ્રીવાસુદેવનારાયણના ઓરડાની ઓસરીમાં ઢોલિયા ઉપર ગાદી-તકિયા નંખાવીને વિરાજમાન હતા. ને કંઠમાં એક ગુલાબનો જાડો હાર પહેર્યો હતો. ને જમણા હાથમાં ગુલાબનાં પુષ્પનો ગોટો લઈને ઉછાળતા હતા. તથા મુક્તાનંદસ્વામી

વિગેરે સર્વે સંતો તથા દાદાખાચર વિગેરે સર્વે હરિજનની સભા ભરાઈને બેઠી હતી. તે સમામાં સદ્‌ગુરુ નરસિંહાનંદસ્વામી દર્શન કરવા સારુ આવ્યા ને મહારાજનાં દર્શન કરીને પગે લાગી સમીપમાં બેઠા.

પછી શ્રીજીમહારાજ નરસિંહાનંદસ્વામી સામું જોઈને તેમના પ્રત્યે બોલ્યા જે, "હે સ્વામી ! તમારે ધ્યાનનું સુખ કેવું આવે છે ?" ત્યારે સ્વામી બોલ્યા જે, "તમારા પ્રતાપે બહુ સારું ધ્યાનનું સુખ આવે છે." ત્યારે શ્રીજીમહારાજ તે પ્રત્યે બોલ્યા જે, "માણસમાત્રનો પ્રાણ ઊંચો ભ્રુકૂટિ સુધી ચાલે છે. તેણે કરીને માણસમાત્રની વૃત્તિ નેત્રદ્વારે બહાર આવે છે. તેને લીધે બહારના પંચવિષયનું સુખ આવે, પણ પોતાના જીવાત્મા તથા ભગવાનનું સુખ એને આવતું નથી.

જેમ એક પુરુષ મોટા વડ ઉપર ચઢ્યો ને વડને માથે ચઢીને બેઠો. તે વડનું થડ એક પાણીનો મોટો કૂવો હતો તેમાં ચોંટેલું હતું. ને એ વડની ટોચે બેઠેલો પુરુષ ઊંચું ને ઊંચું જોયા કરે પણ નીચું તો જુએ જ નહિ. ને ઊંચું જોએ કરીને તડકો લાગે, ટાઢ લાગે, વા વાય અને વસમું લાગે તે દુઃખને સહન કરે. ને જો હેઠે જુએ તો પાણીયે છે ને સુખ પણ છે, પણ હેઠું જોતો નથી. ને જો જુએ તો ઉપરનાં દુઃખ મટી જાય. પછી તે સમયે ભગવાનના એકાંતિક સાધુ એ વડ તળે આવીને ઊભા. તેમણે વડને મથાળે ઊંચે જોયું. ને જે પુરુષ માથે બેઠો હતો તેણે નીચું જોયું. એટલે તે બન્નેની દૃષ્ટિ એક થઈ ગઈ. ત્યારે એ સાધુ બોલ્યા કે, "તું કોણ છે ? ને જો હેઠે ઊતર તો દેહે સુખિયો થઈશ. ને પીવાનું પાણી તથા જમવાનું નીચે છે." ત્યારે એણે જવાબ આપ્યો કે, "તમો ઠીક કહો છો, લો હું હેઠો આવું." પછી માથેથી ડાળ ઉપર આવ્યો ને ત્યાંથી થડ ઉપર આવ્યો ને ત્યાંથી કૂવાને કાંઠે આવીને ઊભો રહ્યો.

ત્યારે સાધુ બોલ્યા જે, "જો આ કૂવામાં પાણી છે તે તું પી." ત્યારે તે કહે, "કેમ ઊતરાય ?" ત્યારે સાધુએ દોરડું બતાવ્યું ને થડ સાથે બંધાવ્યું ને કહ્યું, "હવે દોરડું ઝાલી ઊતર્ય." ત્યારે તેણે એમ

કર્યું, તે અડધે પૂગ્યો ત્યાં તો ટાઢી હવા આવવા માંડી. પછી પાણીએ પહોંચ્યો ને પાણી પી તૃપ્ત થયો ને મહાસુખિયો થઈ ગયો.” એ દૃષ્ટાંતનું સિદ્ધાંત એ છે જે –

દેહરૂપી વડ છે. તેના ટોચની જગાએ ઈન્દ્રિયો છે. પછી ત્યાંથી નીચેની ડાળીઓ ફંટાણી તેને ઠેકાણે અંતઃકરણમાં ઊતર્યો ને ત્યાંથી થડની જગાએ અહં છે. તે અહંમાં આવ્યો ત્યારે કાંઠે ઊતર્યો ને હવા આવી ને હૈયામાં ટાઢું થયું, ત્યાંથી દોરડીરૂપી વૃત્તિએ કરીને કૂવામાં ઊતરતાં ઊતરતાં વચમાં આવ્યો, એ કૂવાના મધ્યભાગની જગ્યાએ આત્મામાં આવ્યો એમ જાણવું. ને પછી ત્યાંથી **પાણીના તળની જગ્યાએ ભગવાનનું ધામ છે ને પાણીને ઠેકાણે ભગવાન છે. તે જેમ પાણી પીને સુખિયો થાય, તેમ ભગવાનને પામવે કરીને (આત્મા) અતિ સુખી થાય છે. અને ભગવાન સંબંધી નિર્ગુણ સુખ તેને એકકાલાવછિન્ન ભોગવીને તૃપ્ત થાય ને મહા મોટા સુખને પામે છે.** પણ આ જીવ-પ્રાણીમાત્રની વૃત્તિ બહાર અવરભાવમાં[૧] છે. તે દ્વારે માયિક વિષય ભોગવીને તૃપ્તિ થાય છે, પણ પરભાવમાં[૨] ભગવાન સંબંધી નિર્ગુણ સુખને ક્યારેય પામતો નથી. તે પામવા માટે **સત્પુરુષનો સંગ કરે તો અજ્ઞાનરૂપી માયાનું અંધારું ટળી જાય અને જ્ઞાનરૂપી સૂર્યના અજવાળે પરભાવના સુખને પમાડે છે.** તે હેતુ માટે સત્પુરુષ છે, તે મુમુક્ષુને સર્વે પ્રકારે સેવવા યોગ્ય છે. ॥૫૪॥

## ૫૫. સૂર્ય અને રાહુના દૃષ્ટાંતે કરીને સ્મૃતિની વાત

એક સમાને વિષે શ્રીજીમહારાજ દાદાખાચરના દરબારમાં ઉગમણા બારના ઓરડાની ઓસરીમાં ઢોલિયા ઉપર ગાદી-તકિયા નંખાવીને તે ઉપર વિરાજમાન હતા. તે સમે સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી આદિ સાધુ તથા મુકુંદાનંદ આદિ બ્રહ્મચારી તથા દાદાખાચર આદિ હરિજન સર્વેની સભા ભરાઈને બેઠી હતી. તે સમામાં નરસિંહાનંદ

**૧.**દેહભાવ તથા લૌકિકભાવમાં. **૨.**દિવ્યભાવમાં; અક્ષરરૂપની ભાવનામાં.

સ્વામી આવી મહારાજનાં દર્શન કરી પગે લાગી મુખ આગળ બેઠા. પછી મહારાજ તેમના પ્રત્યે બોલ્યા જે, “તમો દિવસ બધો પરમેશ્વરને સંભારો છો, તે કટકે કટકે સંભારો છો કે સળંગ ?” ત્યારે નરસિંહાનંદસ્વામી બોલ્યા જે, “મહારાજ, દિવસ બધો તો ભગવાન નથી સાંભરતા, પણ સમે સમે સાંભરે છે; ને જ્યારે ધ્યાન કરું છું, ત્યારે તો ખરેખરા ભગવાન સાંભરે છે ને તેમાં હેત પણ બહુ થાય છે.” તે સાંભળીને શ્રીજીમહારાજ અતિ પ્રસન્ન થયા ને બોલ્યા જે, “હે નરસિંહાનંદસ્વામી ! લ્યો, હું તમને એક વાત કરું.” ત્યારે સ્વામી બોલ્યા જે, “હે મહારાજ ! કહો.”

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “દેવતા ને દૈત્યે ભેગા થઈને ચૌદ રતન કાઢવા સારુ સમુદ્રમંથન કરવાનો વિચાર કર્યો. ને રવૈયાની જગ્યાએ મંદ્રાચલ પર્વતને લાવી સમુદ્રમાં નાખ્યો. ને વાસુકી નાગનું નેતરું કર્યું. ને સામ સામા દેવ ને દૈત્યના બે પક્ષ થઈ દરિયાને વલોવવા માંડ્યો, પણ મંદ્રાચલ સ્થિર ટકી શક્યો નહિ ને હેઠે ઊતરી જવા માંડ્યો. ત્યારે દેવો તથા દૈત્યોએ મળી ભગવાનની પ્રાર્થના કરી. ત્યાં તો ભગવાને આવી કાચબાનું રૂપ ધરી મંદ્રાચલ પર્વતને પોતાની પીઠ ઉપર ઠેરાવી સ્થિર કર્યો. પછી વલોવવા મંડ્યા. તે ઘણી મહેનત કરી ને થાકી ગયા, પણ કોઈ રતન નીકળ્યાં નહિ. ત્યારે બન્ને પક્ષના દેવ તથા દૈત્ય નિરાશ થઈ ગયા. તે સમે ભગવાન ત્યાં આવ્યા ને હિંમત આપી, પોતે દેવો તરફનું નેતરું ઝાલી તાણતા ને સમુદ્ર વલોવતા; તેમાંથી અનુક્રમે ચૌદ રતનો નીકળ્યાં ને છેલ્લીવારે લક્ષ્મીજી અમૃતનો ઘડો લઈને નીકળ્યાં. ત્યારે દેવતા ને દૈત્ય બહુ રાજી થયા ને બોલ્યા જે, ‘આપણો સર્વે અર્થ સિદ્ધ થયો.’

પછી ભગવાન કહે, ‘આ અમૃતનો ઘડો છે તે સહુ-સહુના દાખડા પ્રમાણે ને ભાગ પ્રમાણે વહેંચી લો.’ તે સમે અમૃતનો ઘડો લઈને દૈત્યો નાસી ગયા. ત્યારે દેવતા બોલ્યા જે, ‘એક તો દૈત્યો અમારાથી બળિયા છે ને વળી અમૃત પીશે એટલે અમને અમારા

સ્થાનમાં પણ નહીં રહેવા દે, એવા બળિયા થશે.' એમ કહી નિરાશ થઈને ભગવાન આગળ આવી પગે લાગીને બેઠા ને પ્રાર્થના કરી જે, 'હે મહારાજ ! અમારે શું કરવું ?' પછી ભગવાને ઈન્દ્રાદિક સર્વે દેવતાને હિંમત દીધી ને કહ્યું, 'કાંઈ ફિકર રાખશો નહિ, ભગવાન સહુનું સારું કરશે.' એમ કહી ભગવાન મોહિનીનું રૂપ ધારણ કરી અસુરોની સમીપમાં ચોગાન જગામાં જઈને ઊભા રહ્યા. ત્યાં દૈત્યો મોહિનીરૂપ ભગવાન સામું જોઈ કામાતુર બની વિહ્વળ થઈ ગયા. ને માંહોમાંહી લડતા હતા, તે પડ્યું મૂકી અમૃતનો ઘડો લઈ મોહિનીરૂપ ભગવાન પાસે આવ્યા. ને એમ બોલ્યા જે, 'આ અમૃતનો ઘડો તમે લ્યો ને સરવેને વહેંચી આપો.' ત્યારે તેમાં ધર્મવાળા દૈત્યો હતા તે બોલ્યા જે, 'હે મોહિની ! દેવો અને દૈત્યો બંનેનો સરખો દાખડો છે, માટે સર્વેને સરખા ભાગે વહેંચી આપો.'

ત્યારે મોહિનીરૂપ ભગવાન બોલ્યા જે, 'હું તો સ્વૈરિણી સ્ત્રી છું. મારો વિશ્વાસ કરશો નહિ ને જો કરશો તો હું મારી નજરમાં આવશે તેમ કરીશ.' ત્યારે દૈત્યોએ કહ્યું, 'ઠીક, તમારી નજરમાં આવે તેમ અમૃતનો ઘડો વહેંચી આપો.' પછી મોહિનીરૂપ ભગવાન દેવો અને દૈત્યો પ્રત્યે બોલ્યા જે, 'બે પંક્તિમાં થઈ જાઓ.' એટલે પંક્તિ થઈ. પછી મોહિનીરૂપ ભગવાને પ્રથમ દેવતાને અમૃત પાવા માંડ્યું. ત્યારે રાહુએ જાણ્યું જે, 'રખે બધુ અમૃત દેવોને પાઈ દેશે ને આપણે રહી જાશું.' આમ વિચારી તે દૈત્યની પંક્તિમાંથી ઊઠીને ચંદ્ર અને સૂર્યની વચમાં આવીને બેસી ગયો. તેથી સૂર્ય તથા ચંદ્ર દબાઈ ગયા, પણ બીકના માર્યા તેની સામે બોલી શક્યા નહિ.

પછી ભગવાને દેવતાની પંક્તિમાં અમૃત પાતાં પાતાં સૂર્યને પાઈ, રાહુને આપ્યું. તે સમામાં સૂર્ય ને ચંદ્રમાની વચ્ચે રાહુ બેઠો છે એવી તેમણે શાન કરીને કહ્યું, 'આ દૈત્ય છે.' ત્યારે મોહિનીએ ચક્ર મેલી દૈત્યનું માથું કાપી નાંખ્યું. તે દિવસથી સૂર્ય અને ચંદ્ર સાથે રાહુને વૈર બંધાણું છે, તે હજી સુધી એ બેને પીડે છે. તે કઈ રીતે ? તો રાહુનું

મંડળ સૂર્યના મંડળથી દસ હજાર જોજન દૂર છે. ત્યાંથી કોઈ સમયે વૈર લેવા માટે સૂર્ય સામું લડવા આવે છે, ત્યારે સૂર્ય પણ પોતાના દસ હજાર બાણ તે રાહુ ઉપર નાંખે છે, પણ કોઈ રીતે એનો પરાભવ થતો નથી. તેથી સૂર્ય ગ્લાનિ પામે છે ને ભગવાનની પ્રાર્થના કરે છે. પછી ભગવાનની સ્મૃતિ કરે છે અને કહે છે –

'હે ભગવાન ! આ રાહુ મારાથી તો જિતાય તેમ નથી. ને તે મને મારશે. ને તમે મને અહીં સ્થાપ્યો છે તે હવે રહેવા દેશે નહિ.' એવી પ્રાર્થના સાંભળી ભગવાન સૂર્યની રક્ષા કરવા સુદર્શન ચક્રને મોકલે છે. તે સુદર્શન ચક્રે પૂર્વે રાહુનું માથું કાપી નાંખેલું છે, તેથી તે જોઈને રાહુ ભાગે છે. ને તેની વાંસે ચક્ર થાય છે. પછી તેનાથી ડરીને તે પોતાને જે જગ્યાએ સ્થાપન કર્યો છે ત્યાં જતો રહે છે. પછી ચક્ર પાછું ફરી સૂર્ય પાસે આવે છે. એટલે સૂર્ય તે ચક્રની પૂજા-સ્તુતિ કરીને એમ કહે જે, 'હવે તમો તમારી જગ્યાએ પધારો.' એવી પ્રાર્થના કરે ત્યારે ચક્ર પોતાની જગ્યાએ જઈને બેસે છે. એ દૃષ્ટાંતનું સિદ્ધાંત એ છે જે –

સૂર્યને ઠેકાણે જીવ છે ને રાહુને ઠેકાણે કારણ શરીરરૂપ સંકલ્પ-વિકલ્પ છે. એ બેને અનાદિનું વૈર છે. તે કેવી રીતે ? તો માયાના સંકલ્પ છે જે વિષય ભોગવવા અને જીવને વિષય ભોગવવા દેવા નથી. તેથી તેનું વૈર લેવા જીવના સામા પૂરે સંકલ્પ ચાલે છે. તે જીવને હઠાવી નાંખે છે ને તેનું કાંઈ ચાલવા દેતા નથી. ને સંકલ્પરૂપ થઈ પોતાના સ્વરૂપને તથા ભગવાનના સ્વરૂપને ભૂલી જાય છે. એટલે જીવ અસમર્થ થઈ ભગવાન સામું જુએ છે, **ત્યારે ભગવાન સુદર્શન ચક્રરૂપ પોતાની સ્મૃતિ કરવા પ્રેરે છે. પછી જીવ જેમ જેમ સ્મૃતિ કરે છે તેમ તેમ સંકલ્પો નાશ પામે છે.'**

તે વાત સાંભળીને નરસિંહાનંદસ્વામી તથા મુક્તાનંદસ્વામી વગેરે સર્વે સાધુ તથા સર્વે સભા બહુ રાજી થયા. અને પરસ્પર એમ બોલ્યા જે, **"આ પ્રત્યક્ષ મહારાજ છે તેની સ્મૃતિ નથી થાતી તે બહુ મોટી**

**ખોટ છે.”** એ વાત સાંભળીને સર્વે શ્રીજીમહારાજની સ્મૃતિ કરવાનો અભ્યાસ કરવો, એ વાત ધારતા હવા. ।।૫૫।।

## ૫૬. સનકાદિકની મોટાઈ તથા કસર

એક સમયે શ્રીજીમહારાજ ગઢપુરમાં લક્ષ્મીવાડીએ પધાર્યા હતા. ત્યાં નાના નાના આંબાની હાર સોંસરા ચાલ્યા અને તે આંબાની હાર જોઈને એમ બોલ્યા જે, “જુઓને ! આંબા ઉતાવળા થાય છે અને કહે છે કે, ‘ઝટપટ કેરીના ફળ આવે અને મહારાજ જમે તો સારું.” તેમ કહી મહારાજ હાલમાં જે ઓટો છે તે ઉપર બિરાજમાન થયા. અને પોતાના મોઢા આગળ મુક્તાનંદસ્વામી આદિક પરમહંસ, મુકુંદાનંદ આદિક બ્રહ્મચારી તથા દાદાખાચર આદિક હરિજન સર્વેની સભા ભરાઈને બેઠી હતી. તે સમયે નૃસિંહાનંદસ્વામી આવીને મહારાજનાં દર્શન કરી, પગે લાગી સભામાં બેઠા.

પછી શ્રીજીમહારાજ તેમના સામું જોઈને બોલ્યા જે, “હે નૃસિંહાનંદસ્વામી ! ચાર સનકાદિકનું રહસ્ય તમે જાણો છો ?” ત્યારે તે બોલ્યા જે, “હે મહારાજ ! હું નથી જાણતો.” ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “સનકાદિક તો બહુ મોટા છે. કેમ જે, બ્રહ્માએ પ્રથમ સૃષ્ટિ કરી ત્યારે પ્રથમ એ ચારેયને સર્જ્યા. પછી બ્રહ્મા એમ બોલ્યા જે, ‘હવે તમે સૃષ્ટિ કરો.’ ત્યારે સનકાદિક બ્રહ્મા પ્રત્યે એમ બોલ્યા જે, ‘હે પિતા ! અમે સૃષ્ટિ નહી કરીએ; કેમ જે, અમે તો નિવૃત્તિ ધર્મના પ્રવર્તક છીએ અને અખંડ બ્રહ્મચર્ય વ્રતને પાળવાવાળા છીએ.’ ત્યારે બ્રહ્મા કહે, ‘તમો મારા પુત્ર થઈને મારું નહિ માનો ?’ પછી સનકાદિક બોલ્યા જે, ‘હે પિતાજી ! એ તમારું વચન તો મનાય તેમ નથી.’ તેથી બ્રહ્માને રીસ ચડી ને પોતાની ભ્રકુટિ ખેંચાણી, તેમાંથી શિવજી ઉત્પન્ન થયા; પછી તેના દ્વારા સૃષ્ટિ કરાવી. એવા એ સનકાદિક મોટા છે અને અખંડ અહિંસાધર્મ તથા બ્રહ્મચર્યવ્રતને પાળનાર તથા પળાવનાર છે.

હવે એ સનકાદિકનું જે રહસ્ય છે તે કહીએ છીએ. **એક તો સદા કાળની વૃત્તિથી[1] પર રહેવું. બીજું આત્મસત્તારૂપમાં સ્થિતિ રહે અને તે આત્માનો ભાવ નિરંતર સ્ફૂર્યા કરે. અને ત્રીજી સ્થિતિ જે, તેમાં ભગવાનને જોયા કરે તથા ભગવાનમાં બહુ હેત કરવું. અને તે રીતે કરવામાં શ્રદ્ધા બહુ અને તેમાં કોઈ દિવસ પ્રમાદ, આળસ કે કોઈ દોષ આડો આવે નહિ, એમ નિરંતર કર્યા કરે, પણ મોળા પડે નહિ;** એવા તે મોટા છે—આ સનકાદિકનું રહસ્ય છે. ત્યારે કહેશો જે, તો એ ધામને કેમ નથી પામતા ?”

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, “તે સનકાદિકની સમજણમાં બે દોષ છે, તે કહીએ છીએ : એક તો એને હૈયામાં એમ રહે છે જે, **‘આલોકમાં નિવૃત્તિધર્મના પ્રવર્તક અમે છીએ’ એવો અહં એને રહે છે. તથા વિરાટપુરુષની એમને ઉપાસના છે. એ બે દોષે કરીને ભગવાનના અક્ષરધામમાં જવાની એમની ગતિ નથી. માટે હે સ્વામી ! કોઈ વાતનો અહંકાર આવવા દેવો નહિ તથા સારા સારા ગુણો આવ્યા હોય તેનો પણ કોઈ વાતમાં અહં આવવા દેવો નહિ.”** એ વાત સાંભળીને નૃસિંહાનંદસ્વામી બોલ્યા જે, “હે મહારાજ ! તમે આ વાત બહુ સારી કરી. કેમ જે, જીવનો તો એવો ઢાળો જ છે જે, હરકોઈ ગુણ આવે તેનો અહંકાર આવ્યા વિના રહેતો નથી. માટે ગુણનું અહં સર્વ પ્રકારે આવવા દેવું નહિ, તે સિદ્ધાંત વાત છે.” તે વાત સાંભળીને સર્વે સાધુ, બ્રહ્મચારી તથા હરિજન રાજી થયા અને બોલ્યા જે, “આ વાત તો યથાર્થ એમ જ છે.” ॥૫૬॥

## ૫૭. ધ્યાન કરવાની રીત

**ધ્યાન કરવાનાં સાધન :-**

(૧) પ્રથમ સિદ્ધ આસન કરીને બેસવું.
(૨) નાસિકાના અગ્ર સામી દષ્ટિ રાખવી.

**૧.**વિકાર કરવારૂપ ક્રિયાથી. (સનકાદિક સદા પાંચ વર્ષની અવસ્થાવાળા જ રહે છે.)

(૩) હ્રદયની વચમાં જોઈ રહેવું, પછી તેમ જોતાં જોતાં આંખ મીંચાઈ જાય.
(૪) હ્રદયમાં જે ઠેકાણે પાન-અપાન વાયુની ગાંઠ પડે છે તે જગ્યાએ જોઈ રહેવું.
(૫) તે જોતાં જોતાં જો શુભ કે અશુભ સંકલ્પ ઊઠે તેને ખોટા કરવા.
(૬) શ્વાસ-ઉશ્વાસ ઊઠે છે તેને જોઈ રહેવું.
(૭) જોનારો જે જીવ તેમાં સુરત[૧] રાખવી. (કહેતાં) જાણપણું રાખવું. ॥૫૭॥

## ૫૮. આત્મા-પરમાત્માને વિષે સ્થિતિ કરવાની રીત

હવે ભગવાનના ભક્તને ભજને કરીને આત્માને વિષે સ્થિતિ કરવી હોય તથા ભગવાનની મૂર્તિને વિશે સ્થિતિ કરવી હોય તેની રીત લખીએ છીએ.

(૧) પ્રથમ જીભે કરીને ભજન-સ્મરણનો આઠે પહોર સુધી આગ્રહ રાખવો.
(૨) સૂતાં, બેસતાં, કામકાજ કરતાં નિશદિન (ભજનનો) આગ્રહ રાખવો.
(૩) આંખનાં મટકાં તજવાં.[૨]
(૪) શ્વાસોશ્વાસ સ્વામિનારાયણ નામનું ભજન કરવું.
(૫) દષ્ટિ એકાગ્ર રાખવી.
(૬) મેષોન્મેષ[૩] દષ્ટિ થવા દેવી નહીં.
(૭) પછી અંત:કરણના જાણતલ જે સાક્ષી, કે જ્યાંથી મનનો સંકલ્પ ઊઠે છે ને મનના સંકલ્પને જાણે છે, તે ઠેકાણે જોઈ રહેવું; પણ શ્વાસથી વૃત્તિ જુદી પડવા દેવી નહિ, શ્વાસ ભેગી વૃત્તિ એક કરીને જોઈ રહેવું.
(૮) એવી રીતે જાણપણામાં રહીને ભગવાનનો મહિમા વિચારવો ને શ્રદ્ધાએ સહિત ભજન કરવું.

**૧.**વૃત્તિ. **૨.**ત્રાટક કરવું. **૩.**મટકા વડે વિઘ્ન પામેલી.

(૯) પછી જોતાં જોતાં મહારાજની મૂર્તિ દેખાય ત્યારે તે સામું જોઈ રહેવું.

(૧૦) વળી, પાન-અપાન વાયુ જે ઠેકાણે ઊઠે ને બેસે છે તેની સ્મૃતિ રાખવી; પણ વિસ્મૃતિ થવા દેવી નહિ, તો સદાય જાણપણું રહે. તેથી અખંડ સ્મૃતિ રહે ને સંકલ્પ ન થાય.

આવા ભજને કરીને આત્માને વિશે તથા ભગવાનની મૂર્તિને વિશે સ્થિતિ થાય છે. એવી રીતે શ્રીજીમહારાજે ધ્યાન કરવાની રીત જૂના ખરડામાં[1] કહેલી છે તે પ્રમાણે લખી છે. ॥૫૮॥

## ૫૯. વિષય ખંડનની વાતો

(પાર્ષદ શ્રીમોનજી ભગત કહે છે) અમોને સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદ સ્વામી વગેરે સદ્‌ગુરુઓએ વિષયખંડનની તથા ધ્યાનની વાતો કહેલી. તેમાંથી થોડી મને યાદ છે તે ભક્તોને જાણવામાં આવે અને તે પ્રમાણે તેઓ વર્તે તો અલભ્ય લાભ મળે. તેથી મારી ઉપર તેમની અને શ્રીજીમહારાજની પ્રસન્નતા થાય તે સારુ લખું છું.

માંહીલા વિષય અને બહારના વિષય, તે બન્નેની એકતા છે અને તે જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેન્દ્રિયો વડે ભોગવાય છે. તે બે ઇન્દ્રિયોની એકતા થાય છે ત્યારે વિષયને પામીને જીવને તેનો તીવ્ર વેગ લાગે છે. તે વેગ પ્રથમ મુખ્ય ઇન્દ્રિયોમાં લાગે છે. તેથી બીજી સર્વે ઇન્દ્રિયો તેને અનુસરે છે. પછી એ વિષયના વેગને ઢીલા પાડવા માટે જ્ઞાન ઇન્દ્રિય અને કર્મ ઇન્દ્રિય એ બેયને ભેગી થવા દેવી નહિ, તો વિષયના વેગ મોળા પડી જાય છે. હવે તેના પૃથક્ પૃથક્ ઉપાય કહીએ છીએ.

બહારથી કાન ઇન્દ્રિય દ્વારા શબ્દ અંતઃકરણમાં ઊતરી મનન થઈ જીવમાં સાક્ષાત્કાર થાય. તેની કેમ ખબર પડે ? તો વાક્ ઇન્દ્રિય દ્વારા રાગે સહિત બોલાય છે ત્યારે બીજી ઇન્દ્રિયો, અંતઃકરણ ને જીવ સર્વે તદાકારભાવને[2] પામી જાય છે. ને એમ થાય ત્યારે એ વિષયનો તીવ્ર

૧.મૂળ હસ્તપ્રત લખાણમાં. ૨.વિષયમાં તલ્લીનપણાને.

વેગ જાણવો. પછી એ પૂરેપૂરા ભોગવ્યા વિના રહી શકે નહિ. માટે પ્રથમ વિષય કાનને સંભળાય તે સમયે **બે પ્રકારે શુભ વિચાર કરવો. એક, વિષયના આકારે અને બીજો, દૃષ્ટા જે જીવ તેને આકારે કરીને પ્રયોજનમાત્ર વાક્ ઇન્દ્રિયનો ઉપયોગ કરવો. એટલે વિષયને આધીન થવાય નહિ. તેથી ઇન્દ્રિય ક્ષોભને ન પામે તેને જીતેન્દ્રિય કહેવાય.** તેવી જ રીતે સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ ચાર વિષયને અને ત્વક્, નેત્ર, રસના, ઘ્રાણ એ ચાર જ્ઞાન ઇન્દ્રિયોનો પાણી, પાદ, પાયુ, ઉપસ્થ આ ચાર કર્મ ઇન્દ્રિયો સાથે અનુક્રમે એકબીજાને સંબંધ થાય છે. ત્યારે બહારથી જ્ઞાન ઇન્દ્રિય દ્વારા તે તે વિષય માંહી (અંતરમાં) પ્રવેશ થઈને ભોગવાય છે.

પૂર્વ સંસ્કાર અનુસારે જીવમાંથી જે જે વિષયની સ્ફૂર્ણા થાય છે તેનો આકાર અંતઃકરણમાં બંધાઈ જાય છે, પછી મનન દ્વારા જ્ઞાન ઇન્દ્રિયમાં થઈ કર્મ ઇન્દ્રિયની સાથે એકતા પામીને તે વિષયને ભોગવાય છે. એમ સમજીને માંહીથી અંકુર ઊઠે તેને જાણપણામાં શુભ વિચારે કરીને ખોટો કરવો, પણ તેનો આકાર બંધાવા દેવો નહિ; તો ત્યાંને ત્યાં સમાધાન થાય. અને કદાપિ આકાર મનમાં ધરાઈ જાય તો ત્યાં રૂડો વિચાર કરીને ખોટો કરી નાંખવો, પણ તે વખત મનને ઇન્દ્રિયોમાં પેસવા દેવું નહિ; તો વિષય ખોટા થઈ જાય છે. એ વાત સારંગપુરના પહેલા વચનામૃતમાં કહી છે, **'जितं जगत् केन मनो हि येन'**[૧] એ શ્લોકમાં કહી છે. અને જો વિષય મનમાં થઈને ઇન્દ્રિયોમાં પેઠો એટલે ઝટ લઈને પાછો વળી શકે નહિ. પણ જો ખબડદાર થઈ જ્ઞાન ઇન્દ્રિયોને કર્મ ઇન્દ્રિયો સાથે એકતા થવા દે નહિ, તો વિષય પૂરેપૂરા ભોગવાય નહિ. ત્યારે વિષયનો વેગ ઢીલો પડે એ એક ઉપાય છે. માટે જ્ઞાન ઇન્દ્રિયને કર્મ ઇન્દ્રિય સાથે ભેગી થાવા દેવી નહિ. એવી સ્થિતિ તો મુક્તાનંદસ્વામીને હતી. ।।૫૯।।

**૧.**જેણે પોતાનું મન જીત્યું તેણે આખું જગત જીતી લીધું છે.

# ૬૦. મુક્ત અને મહારાજનો સંવાદ

એક સમયે ગઢપુરમાં શ્રીજીમહારાજ વાસુદેવ નારાયણના ઓરડે સભા કરીને વિરાજમાન હતા. એ વખતે સદ્‌ગુરુ નરસિંહાનંદસ્વામી ત્યાં ગયા. ત્યારે મહારાજે કહ્યું જે, "આવો સ્વામી." એમ કહીને પાસે બેસાડ્યા અને પોતે રાજી બહુ હતા. પછી એમની સામું જોઈને બોલ્યા જે, "હે સ્વામી ! હું વાત કહું તે સાંભળો. આ અવસરે ભગવાનનો રાજીપો બહુ છે અને મોટો પ્રતાપ વાપર્યો છે. તે અમે અક્ષરધામમાં બેઠા હતા ત્યાં એવો સંકલ્પ થયો જે, અમે આગળ જેને જેને[1] મોકલ્યા હતા તે કોઈ મુમુક્ષુને અત્રે[2] મુક્ત કરીને લાવ્યા નહિ. તે સારુ અમે વિચાર કર્યો જે, અમારે આ બ્રહ્માંડમાં જાવું. તે અમારો સંકલ્પ અક્ષરમુક્તો જાણી ગયા. પછી ઊભા થઈ હાથ જોડી પ્રાર્થના કરીને એમ બોલ્યા જે, 'હે મહારાજ ! આપે શો સંકલ્પ ધાર્યો છે ? તે અમને કહો.' ત્યારે અમે અમારો સંકલ્પ મુક્તોને કહી સંભળાવ્યો.

પછી મુક્તો હાથ જોડીને બોલ્યા જે, 'હે મહારાજ ! આપ જ્યારે એ બ્રહ્માંડમાં પધારશો ત્યારે અમારે ક્યાં જાવું ?' ત્યારે અમે કહ્યું જે, 'અમારું સ્વરૂપ અહીં તો આવું ને આવું જ રહેશે અને અમો પંડે જઈશું.' ત્યારે સર્વે મુક્તો બોલ્યા જે, 'આપ પંડે ત્યાં પધારો અને અમને પણ સાથે લઈ જાવો. કેમ જે, આપનાં મનુષ્ય ચરિત્ર જોવાની અમારી ઈચ્છા છે.' ત્યારે અમે કહ્યું જે, 'એ લોકમાં તો કામ-ક્રોધાદિક વ્યાપે[3] છે. તે કોઈ મુક્તની સ્થિતિ રહેવા દે એવું નથી. અને તમારી સ્થિતિ અસ્ત-વ્યસ્ત[4] થઈ જાય ને કોઈ વાતનો નિર્ધાર[5] રહે નહિ. માટે તમારે અમારી ભેગું એ લોકમાં આવવા જેવું નથી.'

ત્યારે સર્વે મુક્તોએ વિચાર કર્યો જે, 'આપણે પુરુષોત્તમની લીલા જોવા સાથે જાવું ઠીક છે, પણ આપણી સ્થિતિને વિઘ્ન ન લાગે અને પાછા આ સ્થાનને પામીએ એવો વર પ્રભુ પાસે માગીએ.' પછી સર્વેએ હાથ જોડીને ઊભા થઈ આ વિચાર કહી સંભળાવ્યો અને વર માગ્યો.

**૧.**જે-જે અવતારોને. **૨.**અક્ષરધામમાં. **૩.**વળગે. **૪.**આડી-અવળી. **૫.**દઢાવ.

તે સાંભળીને અમે હસીને બોલ્યા જે, 'ઠીક તમને એ વર આપ્યો, તમો સર્વે અમ સાથે આવો.'

આ રીતે શ્રીહરિ આ બ્રહ્માંડમાં અક્ષરાદિક સર્વે મુક્તોને પોતાની સાથે લાવ્યા હતા. તે પોતાના બળવાન સંકલ્પના પ્રતાપથી અહિંસા ને બ્રહ્મચર્યાદિક ધર્મ નિર્વિઘ્ન પળાવી તેમને નિર્બંધ રાખ્યા છે. અને **પુરુષોત્તમ પોતાનું અક્ષરધામ તથા અનંત કોટિ મુક્તો અને પોતાનાં સર્વે ઐશ્વર્ય, પાર્ષદો સહિત જ પૃથ્વી ઉપર પધાર્યા છે.** તેને સમાધિવાળા દેખે છે, પણ બીજા સર્વેના દેખવામાં આવતું નથી. અને જેના ઉપર શ્રીહરિ કૃપા કરે તે દેખે છે. આ વાત પ્રથમ પ્રકરણના ૭૧મા વચનામૃતમાં કરી છે. ને તેના અંતમાં "તમારે સર્વેને એમ સમજવું અને બીજા આગળ પણ એમ વાર્તા કરવી" એવી આજ્ઞા આપી છે. તથા પ્રથમના ૬૩મા વચનામૃતમાં, **જ્યાં પ્રત્યક્ષ ભગવાન બિરાજે છે ત્યાં જ પરમધામ છે.** મધ્યના ૪૨મા વચનામૃતમાં, **જ્યાં પુરુષોત્તમની મૂર્તિ છે ત્યાં જ અક્ષરધામનું મધ્ય છે.** એ સર્વે શ્રીહરિનાં વચનો મેળવતાં પંડે **શ્રીહરિ અક્ષરધામમાંથી મનુષ્યનાટક ધારી પૃથ્વી ઉપર નયનગોચર થયા છે.** તથા તેમને અક્ષરધામના પતિ જાણવા. એવો અભિપ્રાય સ્પષ્ટ જણાય છે. અને સર્વે શાસ્ત્રોમાં પરોક્ષપણે ભગવાનનાં સર્વે વિશેષણો આપેલાં છે, તે આ પ્રગટ શ્રીહરિનાં જ છે.

વળી, 'આ ને તે મૂર્તિ એક જ સમજવી' તે પણ ઘણાં વચનામૃતમાં લખ્યું છે. તેની વિગત જે, વ.ગ.પ્ર.પ્ર. ૫૬, ૬૪, ૭૮, કારિ. ૭, ૮, લોયા ૧, પંચાળા ૪, ૭, મધ્ય ૧૩, ૬૪, અંત્ય ૩૧, ૩૨, ૩૮ ઈત્યાદિક વચનામૃતનો એકાગ્ર ચિત્તે અવલોકન કરવાથી ખાતરી થશે કે અક્ષરધામના પતિ શ્રીસ્વામિનારાયણ ભગવાન પૃથ્વી ઉપર મનુષ્યાકૃતિ ધારણ કરી સર્વજનનાં નયનગોચર પ્રત્યક્ષ પ્રમાણ વિચરે છે. તે જ અક્ષરાદિ સર્વેના નિયંતા છે, સર્વે કારણના પણ કારણ છે, સર્વોપરી છે, સર્વ અવતારના અવતારી છે, અને તમારે સર્વેને એકાંતિક ભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે. **માટે મનુષ્યનાટ્ય એવા પ્રત્યક્ષ**

**શ્રીહરિને વિશે નિષ્ઠા કરવી, એને કલ્યાણના માર્ગમાં કાંઈ સમજવાનું બાકી રહેતું નથી. અક્ષરધામના પરોક્ષ સ્વરૂપને વિશે તથા (ધામમાં રહેલા) ત્યાંના પરોક્ષ સંતને વિશે જેવી નિષ્ઠા છે તેવી જ આ પ્રત્યક્ષ ભગવાન તથા ભગવાનના ભક્ત-સાધુ તેમને વિશે નિષ્ઠા આવે એવો જેને દૃઢ નિશ્ચય થયો તેને (કલ્યાણનો) સર્વે મુદ્દો હાથ આવ્યો.** એ વાત શ્રીહરિએ ગ.મ.પ્ર.૨૧મા વચનામૃતમાં લખી છે તે પ્રમાણભૂત છે. ॥૬૦॥

## ૬૧. બ્રહ્મભાવે ધ્યાન કરવાની રીત

ભગવાનનો ભક્ત પ્રથમ ધ્યાન કરવા બેસે ત્યારે દેહને સ્થિર કરીને આસન જીતવું તથા ઈન્દ્રિયો જે નેત્ર-શ્રોત્રાદિક તથા મન આદિક અંતઃકરણ અને પ્રાણ વગેરે સર્વેને સ્થિર કરે. પછી જાણપણામાં આત્માનો વિચાર કરી મનન દ્વારા બ્રહ્મ સાથે એકતા કરવી. તેથી બ્રહ્મભાવ પ્રાપ્ત થાય છે, ત્યારે સ્થિર થઈ જવાય છે; પછી યોગાભ્યાસ કરવો. તેની રીત જે, પ્રથમ બહાર નેત્રની જે વૃત્તિ છે તેમાં બ્રહ્મભાવ ધારીને વૃત્તિમાં જીવના જાણપણા સહિત પ્રાણને તેમાં વહેતો મેલવો. તે ભેગી વૃત્તિ મૂર્તિમાં રાખે ત્યારે મૂર્તિ દેખાય. તે મૂર્તિમાં ફેરફાર કરવો નહિ. ને એની એ મૂર્તિ બીજી રીતે દેખાય તો તેનું ધ્યાન કરવું, કાં તો એ મૂર્તિ સામું અખંડ જોઈ રહેવું.

કોઈ ભક્તને અખંડ ભજન થાય એવી સ્થિતિ કરવી હોય તો ધ્યાન કરવા બેસે ત્યારે મૂર્તિ ભેગું ભજન એની મેળે થાય, એવો વેગ લગાડવા સારુ ઈન્દ્રિયોમાં પ્રાણે સહિત બ્રહ્મભાવ ધારવો. એમ અભ્યાસ કરતાં કરતાં બ્રહ્મભાવ આવે ત્યારે અંતઃકરણમાં થઈને જીવમાં ભજન એની મેળે થાય. પછી ઈન્દ્રિયોના રાગ કુંઠિત થઈ જાય. એનું લક્ષણ એ છે જે, ઈન્દ્રિયો માયિક વિષયનો સ્પર્શ કરે જ નહિ, એવું પોતાના અનુભવમાં આવે. આવી રીતે ઈન્દ્રિયોમાં ધ્યાન ભજન કરનાર ભક્તને બહારના દેશકાળ જે, મનુષ્યસંબંધી તથા પોતાના મિત્ર થકી વિઘ્ન આવે તે ઉલ્લંઘીને ધ્યાન-ભજન કર્યા કરવું. પણ તે અભ્યાસને પડ્યો મેલવો નહિ. ॥૬૧॥

## ૬૨. મનમાં ધ્યાન કરવાની રીત

હવે જે ભક્તને મને કરીને ધ્યાન કરવું હોય તેને દેહના ભાવ સામું જોવું નહિ. જેમ કોઈ પદાર્થ ઘરમાં મેલ્યું તે કામ પડ્યે સાંભરે છે પણ અમથું સાંભરતું નથી, તેમ દેહને ભૂલીને મનમાં બ્રહ્મભાવ ધારવો. પછી જે ચંદ્રની ગતિ છે ત્યાં સુધી જીવના જાણપણા સહિત પ્રાણને વહેતો મેલવો. તે જાણપણામાં વૃત્તિ ઊતરે ને તેમાં મૂર્તિ દેખાય તે સામું જોઈ રહેવું. અને મનને ઇન્દ્રિયો ભેગું ભળવા દેવું નહિ, હૈયામાં ને હૈયામાં રાખવું. એમ રહે ત્યારે કૂવામાં ઊતર્યો હોય એવો પોતાનો દેહ દેખાય. અને ઉગમણા-આથમણાની કાંઈ ખબર રહે નહિ. અને કોઈ શબ્દ બોલે તે સંભળાય કે ન પણ સંભળાય, એવું થાય ત્યારે મનમાં ધ્યાન થયું કહેવાય.

હવે કોઈ ભક્તને મનમાં અખંડ ભજન કરવું હોય તેણે જીવના જાણપણામાં પ્રાણે સહિત વૃત્તિ રાખતાં-રાખતાં તે ભેગું મનમાં ભજન એની મેળે થાય એવો વેગ લગાડવાનો અભ્યાસ કરવો. તે કરતાં કરતાં મન માયાના ઘાટ ઘડે નહિ અને મન આદિક અંતઃકરણ એકાગ્ર થઈ જાય, અને ઉગમણા-આથમણાની ક્યારેક ખબર રહે ને ક્યારેક ન રહે એવું થાય ને મનના વેગ મોળા પડે ને રાગ બૂઠા થાય, ને એ ભજનના પ્રતાપથી તેજમાં મૂર્તિ દેખાય એ એવા ભજનનું ફળ થયું જાણવું. આવી રીતે જે ધ્યાન-ભજન મનમાં રહી કરતો હોય તે સમયે માયા રજોગુણે કરીને એની મેળે સંકલ્પ કરાવે ને તે ટાળ્યા ટળે નહિ ત્યારે ધીરજવાન થવું. અને ભગવાનની મૂર્તિનું બળ રાખી બ્રહ્મભાવ ધારવો ને પ્રાર્થના કરવી. અથવા તાળી વગાડી શ્વાસોશ્વાસ સ્વામિનારાયણ.. સ્વામિનારાયણ.. એ નામની ધૂન કરવી, એટલે ઘાટ સર્વે ખોટા પડી જશે. ॥૬૨॥

## ૬૩. ચિત્તમાં ધ્યાન કરવાની રીત

હવે જે ભક્તને ચિત્તમાં રહીને ધ્યાન કરવું હોય તેને મનથી પર જે ચિત્ત તેમાં ઊતરવું. તે જેમ માયિક પદાર્થનું ચિંતવન કરે છે

તેમ ચિત્તમાં બ્રહ્મભાવ ધારવો. અને ચિત્તને ને મહત્તત્ત્વને અભેદપણું છે. માટે જીવના જાણપણા સહિત પ્રાણને મહત્તત્ત્વમાં વહેતો મેલવો. ને તે જાણપણામાં વૃત્તિ ઊતરે ત્યારે જે મૂર્તિ દેખાય તેને ચિંતવે પણ મનમાં આવે નહિ, ત્યારે માયિક આકાર સર્વે ખોટા પડી જાય છે. તે સમયે પોતાનો દેહ આકાશ જેવો થઈ જાય છે એવું દેખાય છે. ને સત્ત્વગુણ વૃદ્ધિને પામે ને સર્વે અંગ ઠરી જાય ને તે સુખમાં અંબાઈ જાય તેણે કરીને ચિત્તનો નિરોધ વધારે કરી શકે નહિ, એમ તેનું ચિત્ત શૂન્ય થઈ જાય ને મૂર્તિ દેખાય નહિ તેની અકળામણ બહુ થાય. એવો એને માયા ધક્કો કરે તે સમયે આત્મરૂપ થઈ બ્રહ્મ સાથે એકતા કરી દેવી. અને તે ધક્કાને નહિ ગણીને ધ્યાન કર્યા કરવું પણ પડ્યું મેલવું નહિ. હવે જે ભક્તને ચિત્તમાં ભજને કરીને ઊતરવું હોય તેણે ચિત્તમાં પ્રાણ ભેગું ભજનનું ચિંતવન એની મેળે થાય એવો વેગ લગાડવાનો અભ્યાસ કરવો ને જીવના જાણપણા સહિત બ્રહ્મભાવ ધારવો. એમ ધારતાં ધારતાં મૂર્તિ દેખાય અને પછી પ્રાણમાં એની મેળે ભજનનો ઘોષ (નાદ) ઊઠે તે સમયે દેહની વિસ્મૃતિ થઈ જાય ને એ ભજને કરીને જીવ બહુ સુખિયો થઈ જાય છે. ॥૬૩॥

## ૬૪. આત્મામાં ધ્યાન કરવાની રીત

હવે જે ભક્તને આત્મામાં ધ્યાન કરવું હોય તેને આત્મામાં ઊતરવાનો અભ્યાસ કરવો. અને પોતાના આત્માને અક્ષરબ્રહ્મ સાથે જોડી દઈને તેમાં જાણપણા સહિત પ્રાણને વહેતો મેલવો. ને ધ્યાન કરવું ને એમ ને એમ ધ્યાન કરતાં કરતાં જીવસત્તા મધ્યે જે અક્ષર તેમાં વૃત્તિ ઊતરે ને મૂર્તિ દેખાય તે મૂર્તિ સામું જોઈ રહેવું. એમ ને એમ જોતાં જોતાં જીવમાં અક્ષરના ગુણ આવે ત્યારે એનું બળ વૃદ્ધિને પામીને બ્રહ્મરૂપ થયો કહેવાય. પછી તે જેમ ધારે તેમ થાય એવો ભગવાનને પામીને સ્વતંત્ર થાય એ ધ્યાનનું ફળ જાણવું. એવો ભક્ત પૃથ્વી ઉપર છે તોપણ અક્ષરધામમાં બેઠો છે ને એને દર્શને ભગવાનનું દર્શન થાય તથા તેની સેવાએ ભગવાનની સેવા થાય એવું ફળ થાય છે. ॥૬૪॥

# ૬૫. ધ્યાન તથા યોગાભ્યાસ કરવાની રીત

ભગવાનના ભક્તને દેહ, ભોગ તથા આ લોક એ ત્રણેના વિષયમાં પ્રયોજન વિના વૃત્તિ ન જતી હોય ને મૂર્તિ દ્વારા પ્રતિલોમ ધ્યાન કરતો હોય તથા યોગાભ્યાસ કરતો હોય તે ભક્તની સ્થિતિ (રીતિ) લખીએ છીએ.

(૧) બ્રહ્મભાવ ધારવો તે નેત્ર તથા શ્રોત્ર વગેરે સર્વ ઇન્દ્રિયોમાં ધારવો.

(૨) ત્યાર પછી સદા કાળ બ્રહ્મરૂપે રહેવું અને ઇન્દ્રિયોની વૃત્તિ આત્માને વિશે લીન કરવી.

(૩) ઇન્દ્રિયોની વૃત્તિ મન ભેગી લીન કરીને મન જાણપણા ભેગું ભેળવવું.

(૪) ઇન્દ્રિયોમાં રજોગુણ કે તમોગુણ વર્તતા હોય તો આત્મારૂપે રહેવું.

(૫) દશે ઇન્દ્રિયો છે તેમાંથી એક ઇન્દ્રિયમાં રહીને પ્રાણને ઊંચો મેલવો.

(૬) બે નેત્રની વૃત્તિઓ પાંસરી કરીને સત્ત્વગુણમાં રહીને સુષુમ્ણા નાડીમાં ઊતરવું.

(૭) જીભની વૃત્તિ જાણપણામાં ટેરવે ધારવી ને તે ઠેકાણે લાવવી.

(૮) ભૂત-ઇન્દ્રિયોને તેના દેવને વિશે હોમી દેવાં અને આત્માને અક્ષરને વિશે હોમી દેવો. અને **‘હું તો અક્ષર જ છું’ તે રૂપે થઈને ભગવાનનું ધ્યાન કરવું.**

(૯) આત્માની વૃત્તિ આત્મામાંથી લાંબી કરી ભગવાનનું ધ્યાન કરવું.

(૧૦) જે ઠેકાણે પ્રાણ-અપાનની ગાંઠ પડે છે તેથી હેઠો હૈયામાં ભૂમભાવ ધારવો ને ભગવાનનું ધ્યાન કરવું.

(૧૧) ભૂમભાવ પાંસરી વૃત્તિથી હેઠો રાઈના દાણા જેટલો ધારવો ને ઊંચો ધારવો. તેને તે રીતે ધારવો ને ભગવાનનું ધ્યાન કરવું.

(૧૨) ભૂમભાવ પ્રાણવાયુ ભેગો હેઠો ભરાઈ જાય તો અને વાયુ શિશ્ન દ્વારા આવી જાય તો કામના સંકલ્પ થવા માંડે ને શિશ્નમાં વાયુ ભરાય ને ભૂમભાવ ધારતો ચૂકી જાય તો પછી તેને દુઃખ બહુ થાય.

(૧૩) હવે યોગની બારાખડી[1] જાણવી. તેની વિગત જે, ઈન્દ્રિયોની વૃત્તિયું આત્માને વિશે રાખવી.

(૧૪) સાંખ્યની બારાખડી જાણવી જે, જાણપણાનો વિચાર રાખવો. ॥૬૫॥

## ૬૬. પંદર પ્રકારની યોગકળાની રીત

### (યોગકળા-૧)

મુમુક્ષુને રજ-તમ ટાળીને સત્ત્વ વધારવો. તે પ્રાણે સહિત ઈન્દ્રિયને વિશે ધારવો. હવે રજ-તમને ટાળવા સારુ યોગાભ્યાસ કરવો. તે બ્રહ્મભાવ ચક્ષુ આદિક ઈન્દ્રિયોમાં ધારવો. અને સંકલ્પ રહિત સ્થિર થઈને બેસવું અને બ્રહ્મ સામું જોઈ રહેવું ને પ્રાણ સહિત ધારણા[2] એક ઘડીથી લઈને પહોર કે બે પહોર કરવી. તથા ઝાઝીવાર ટકી રહેવાય એવો અભ્યાસ નિરંતર કર્યા કરવો – એ યોગકળા પહેલી છે.

### (યોગકળા-૨)

બ્રહ્મભાવ ધારતાં આવડ્યા પછી ધ્યાન કરવું, તે પ્રાણ ભેગી વૃત્તિ આત્મામાં ઉતારવાનો અભ્યાસ ગુરુમુખે શીખીને કરવો. ગુરુમુખેથી કેમ જાણવો ? તો, ઉપાધિએ રહિત એવું જે સ્થાન તેનું સેવન કરવું. ને બેસીને આસન, દષ્ટિ ને મન એ ત્રણેય સ્થિર કરી દેવાં. ત્યાર પછી આ દેહમાં પ્રાણ નોખો નોખો વ્યાપ્યો છે તેને કુંભક કરીને ભેગો કરવો. ને તે પ્રાણ ભેગી વૃત્તિ બ્રહ્મભાવમાં તથા મૂર્તિમાં ઉતારવી – એ યોગકળા બીજી છે.

**૧.**વ્યાખ્યા. **૨.**ચિત્તવૃત્તિની સ્થિરતા.

(યોગકળા-૩)

બ્રહ્મભાવ ધારવો તે નેત્ર તથા શ્રોત્ર વગેરે સર્વ ઇન્દ્રિયોમાં ધારવો. તે કેવી રીતે ધારવો ? તો, નાસિકાના છિદ્રમાં પ્રાણ વહન કરે છે તે વડે પોતામાં રજ કે તમ કયો ગુણ વર્તે છે તેનો તપાસ કરી, જે ઇન્દ્રિયમાં જે ગુણ મુખ્ય વર્તતો હોય તે ઇન્દ્રિય સામું જોઈને તેમાં બ્રહ્મભાવ ધારવો. પછી બીજી ઇન્દ્રિય તેને અનુસરી જાય એટલે તેમાં બ્રહ્મભાવ ધરાય છે – આ યોગકળા ત્રીજી છે.

(યોગકળા-૪)

ઇન્દ્રિયોમાં રજ-તમ વર્તતા હોય ત્યારે આત્મરૂપે રહેવું. તેનું સાધન એ છે જે, જીવની વૃત્તિ જીવ જેવી જે માયા આવૃત્ત છે તેણે કરીને રજ-તમ વ્યાપે છે. તે માયાનો પાશ ટાળવા માટે ચક્ષુ ઇન્દ્રિય વડે ભગવાનની મૂર્તિ અથવા ચણાના દાણા જેટલો ખડીનો[૧] ગોળ કાંકરો અથવા તે પ્રમાણે રૂનું પૂમડું અથવા તેવું કોઈ શ્વેત પદાર્થ પોતાની સામે મૂકી તે સામું વૃત્તિ ચોંટાડવી. તે કેમ ચોંટાડવી ? તો, દેહ, મન અને દૃષ્ટિને સ્થિર કરીને મટકાએ રહિત સામા મૂકેલા નિશાન ઉપર નેત્રની વૃત્તિએ ઘણીવાર જોઈ રહેવું. ને નેત્ર બળવા લાગે ને આંસુ ચાલે તોપણ આંખને મેષોન્મેષ થવા દેવી નહિ. તેણે કરીને માયાનો પાશ બળીને શુદ્ધ થવાય છે. પછી બે નેત્રની વૃત્તિ ભેગી થઈને એક થાય અને સ્થિર થઈ રહે એટલે ધારેલું પદાર્થ મોટું દેખાય છે. પછી તેજ દેખાય અથવા મૂર્તિ જણાય. તેમાં એ વૃત્તિ ચોંટી જાય. તેનું નામ વૃત્તિ આત્માના ભાવને પામી કહેવાય. પછી જ્યારે જ્યારે રજ-તમ વ્યાપે ત્યારે આત્મા સામું જોઈ રહેવું એટલે આત્મામાં વૃત્તિયું ચોંટી જાય અને સહેજે જ આત્મરૂપે રહેવાય—એ યોગકળા ચોથી છે.

(યોગકળા-૫)

ઇન્દ્રિયોની વૃત્તિ મન ભેગી ભેળવી મનને જાણપણા ભેગું ભેળવવું. પછી જે ભક્તને બ્રહ્મરૂપ રહેવું હોય તેને રજ-તમના ગુણના

૧.સફેદ માટીનો.

જોગે કરીને કાંઈક સંકલ્પ આવે ત્યારે ઈન્દ્રિયની વૃત્તિ જાણપણામાં રાખીને મનની વૃત્તિ ભેગી ભેળવી દેવી. એટલે ગુણાત્મક[1] એવું જે ચિત્ત તેની આજીવિકા ટળી, તેથી શૂન્યભાવને પામી જાય. ત્યારે બુદ્ધિએ કરીને અહમ્‌માં હું આત્મા છું એવો નિશ્ચય કરી આત્માની વૃત્તિમાં હું બ્રહ્મ છું એવો ભાવ ધારી બ્રહ્મ સાથે એકતા કરવી. એટલે આત્મામાં બ્રહ્મના ગુણ પ્રકાશે છે. પછી એ પ્રકાશમાં ભક્તને મૂર્તિ દેખાઈ આવે છે—એ યોગની પાંચમી કળા છે.

### (યોગકળા-૬)

ઈન્દ્રિયોની વૃત્તિ આત્માને વિશે લીન કરવી તેનું સાધન એ છે જે, બદ્ધ અને મુક્ત એ બે પ્રકારના ભક્ત છે. તેમાં બદ્ધ ભક્તની વૃત્તિ હૃદયના ભૌતિક આકાશનાં અહંમાં રહે છે. તે જ્યારે વિકાસને પમાડે છે ત્યારે બુદ્ધિ, ચિત્ત અને મનમાં આવીને ઈન્દ્રિયો દ્વારે આવી આખા બ્રહ્માંડમાં વ્યાપી જાય છે. અને જગતના જાણપણે યુક્ત રહે છે. અને મુક્ત ભક્તની વૃત્તિ આત્માના જાણપણામાં રહે છે. તે જે કાર્ય કરવું હોય તેટલી વૃત્તિ સ્વાધિન થકો પ્રસારે છે. ને તે કાર્ય કર્યા પછી વૃત્તિ પ્રતિલોમ કરીને આત્માના જાણપણામાં રાખે છે. જેમ, કરોળિયો લાળને વિસ્તારીને સંકેલી લે છે તેમ. તથા કાચબો ચારો કરવા પોતાના અંગ વિકાસને પમાડે છે અને ચારો કરી રહ્યા પછી અંગને સંકોચ પમાડી રૂંઢમૂંઢ થઈ પડ્યો રહે છે. ને જેમ સૂર્ય કિરણે કરીને પ્રકાશે છે તેમ આત્માની વૃત્તિ મન-ઈન્દ્રિયોમાં આવીને જેવું સ્થાન તેવો પ્રકાશ કરે છે અને તે કાર્ય કર્યા પછી વૃત્તિ પાછી ખેંચી લે છે તેને આત્માને વિશે વૃત્તિ સ્થિર કે લીન થઈ કહેવાય છે—એ યોગની છઠ્ઠી કળા છે.

ત્યાર પછી સદા કાળ બ્રહ્મરૂપે રહેવું. હવે જે જોરે કરીને[2] સદા કાળ બ્રહ્મરૂપે રહેતો હોય તેનાં લક્ષણ અને તેમાં જે વિઘ્ન આવે તે કહીએ છીએ.

**૧.**ત્રણ ગુણમય. **૨.**પ્રયાસ કરીને.

## (યોગકળા-૭)

એ ભક્ત ઊતરતી વાત ધારી શકે નહિ તથા હીણી[1] ક્રિયા કરે નહિ. ઇન્દ્રિયો-અંતઃકરણ એનાથી દબાઈને વર્તે. જેમ લખેશરી[2] અને રાજાની આગળ સાધારણ માણસ દબાઈને રહે છે; તેમ દબાઈને રહે ને કાંઈ ચાળા કરે નહિ. તથા સ્થૂળદેહના વિષયમાં તો લેવાય જ નહિ અને બ્રહ્મરૂપે રહે. અને ક્યારેક અપમાન આદિકના યોગે કરીને પરાધીનપણે થવાય, કહેતાં ક્યારેક બ્રહ્મરૂપે રહેવાય ને ક્યારેક ન રહેવાય. માટે સદા કાળ નિરુત્થાનપણે[3] રહેવું અને બ્રહ્મરૂપે રહેવાનો નિરંતર અભ્યાસ નવો ને નવો રાખવો. તે સારુ જે ભગવાનના ભક્ત બ્રહ્મરૂપ રહેતા હોય તેની સાથે કહેવા-સાંભળવાનો સદા સંગ રાખવો- એ યોગની સાતમી કળા છે.

## (યોગકળા-૮)

દશે ઇન્દ્રિયો છે તેમાંથી એક ઇન્દ્રિયમાં રહીને પ્રાણ ઊંચો મેલવો. પ્રાણ ઊંચો મેલવાનું સાધન એ છે જે, જે ભક્તને રજ ને તમ વર્તતા હોય તે તમમાં નિદ્રા મુખ્ય હોય એટલે લયરૂપી ગુણ અને રજમાં નાના પ્રકારની કામનાઓ મુખ્ય હોય એટલે વિક્ષેપરૂપી ગુણ એ રીતે દશે ઇન્દ્રિયોમાં રહ્યા છે. એ બે ગુણને જાણપણામાં રહીને ઓળખવા. જે આ ગુણ આ ઇન્દ્રિયમાં મુખ્ય વર્તે છે. પછી તે ઇન્દ્રિયમાં પ્રાણે સહિત આત્મા સામું જોવું, પછી બ્રહ્મભાવ પ્રાણે સહિત ધારવો. તેણે કરીને આ દેહમાંથી વૃત્તિઓ સંકેલાઈને એક જાણપણામાં ભેગી થાય છે. તે વૃત્તિને જેમ કેળનો ડોડો ઊંધે મૂખે રહ્યો છે તેને રસ ચઢીને જેમ પ્રફુલ્લિત થાય છે તેમ જીવનું કમળ અધોમુખે છે તે ઊર્ધ્વમુખ થવાનો એ ઉપાય છે જે, જાણપણામાં ભેગી થયેલી વૃત્તિને પ્રાણે સહિત ઊંચી બ્રહ્મરંધ્રમાં મેલવી અથવા મૂર્તિ દેખાતી હોય તો ચરણારવિંદથી લઈને મસ્તક સુધી ભેગો પ્રાણને ઊંચો ચઢાવવો. એટલે પ્રફુલ્લિત થાય અને કમળ ફરીને ચિતું[4] થાય. પછી નિર્ગુણપણું થાય ને મૂર્તિ દેખાયા

**૧.**ભૂંડી; નીચ. **૨.**લાખોપતિ. **૩.**સંકલ્પાદિકના વિક્ષેપ રહિત. **૪.**સવળું.

કરે એવી સ્થિતિવાળો થાય—એ યોગની કળા આઠમી છે.

(યોગકળા-૯)

બે નેત્રની વૃત્તિઓ પાંસરી કરીને સત્ત્વગુણમાં રહીને સુષુમણા નાડીમાં ઊતરવું. વૃત્તિઓ પાંસરી કરવાનું સાધન એ છે જે, જીવમાત્રની વૃત્તિયું ઊંધી ચાલે છે. કેમ જે, જાગ્રત અવસ્થામાં જીવ નેત્રમાં રહે છે ને તે આ દેહનું અભિમાન ધારીને બેઠો છે. ત્યાં રહ્યો થકો કર્માનુસાર નાના પ્રકારના ઘાટ કરે છે. તેણે કરીને જીવની વૃત્તિ વાંકી થઈ જાય છે. એ વૃત્તિને પાંસરી કરવા માટે જાણપણામાં રહીને પ્રાણ ભેગી વૃત્તિએ સહિત કુંભક કરવો ને તે ઠેકાણે ભગવાનની સમગ્ર મૂર્તિ સામું જોઈ રહેવું, એટલે સત્ત્વગુણ વૃદ્ધિ પામે છે—એ કનિષ્ઠ દિવ્યભાવ વૃત્તિમાં આવ્યો જાણવો.

બે નેત્રની વૃત્તિઓને નાસિકાના અગ્રે આંટી પાડીને જોવી. તે કેવી રીતે ? તો, જમણા નેત્રની વૃત્તિને નાસિકાના ડાબા ઠેબાની અગ્રે ધારવી. ને ડાબા નેત્રની વૃત્તિને નાસિકાના જમણા ઠેબાની અગ્રે ધારવી જે, હું ત્યાં જોઈ રહ્યો છું. પછી ત્યાં જોતાં જોતાં બે ઠેબે જુદી જુદી વૃત્તિઓ હતી તે નાસિકાના મધ્યના અગ્રે ભેગી મળી એક થઈ જાય છે, તે વડે કરીને ત્યાં ભગવાનને ધારવા. તે ધારતાં ધારતાં જીવનો તેજોમય આભાસ દેખાય આવે છે—એ મધ્યમ દિવ્યભાવ વૃત્તિમાં આવ્યો જાણવો.

હવે આત્મામાં રહીને એ ભક્ત બ્રહ્મરંધ્ર સામે સુરતા[1] બાંધીને હું સુષુમ્ણામાં ઊતરું છું, એવી જોવારૂપી વૃત્તિએ કરીને ભગવાનની મૂર્તિના નાભિ ચક્રથી લઈને હૃદય, કંઠ, ભ્રકૂટિ અને બ્રહ્મરંધ્ર સુધીનાં અનુક્રમે ચક્રોમાં પ્રાણે સહિત વૃત્તિ ઊંચી ચડાવતાં બ્રહ્મરંધ્રને પામે છે, ત્યારે નિર્ગુણભાવ આવ્યો જાણવો. અને સુષુમ્ણાની ગતિ ઊંચી ચાલે છે એમાં મૂર્તિના મધ્યનાં ચક્રો દ્વારે ઊતરવાનો ભાવ ધારે છે. તે વખતે પ્રાણ વૃત્તિએ સહિત ઊંચો ચડતો દેખાય છે. તથા બગાસાં

૧.એકાગ્રતા; લક્ષ્ય.

ઘણાં આવે છે ને એ નાડી અગ્નિતત્ત્વ પ્રધાન છે. માટે રક્ત જણાય છે ને તે પછી પ્રકાશમય દેખાય છે. ને ભગવાનની મૂર્તિના પ્રતાપે એ સુષુમ્ણા નાડીમાં ઊતરાય છે, ત્યારે એકલી નાડી જ દેખાય બીજું કાંઈ દેખાય નહિ ને તેમાં ભગવાનની મૂર્તિ ધારેલી છે તે તેજોમય જણાય. તેવી જ તેજોમય નાડી-પ્રાણ દેખાય. ને નાડી લાખો ગાઉ પહોળી એટલે અવકાશવાળી ઊંચી ચાલી જતી જણાય છે—એ યોગની નવમી કળા છે.

## (યોગકળા-૧૦)

જીભની વૃત્તિ જાણપણામાં ટેરવે ધારીને તે ઠેકાણે લાવવી. જીવ જે તે હૃદયમાં રહ્યો થકો નાના પ્રકારના રસ પામવાના અને વાણી જે બોલવાના સંકલ્પ કરે છે, તેણે કરીને જેમ ચકલું સ્થિર રહેતું નથી તેમ જીભની વૃત્તિ સ્થિર રહેતી નથી ને વાંકી થઈ જાય છે. તે પાંસરી કરવા માટે પ્રાણે સહિત જીભની વૃત્તિના જાણપણામાં બ્રહ્મભાવ જીભને ટેરવે ધારવો. તેણે કરીને વૃત્તિ લાંબી થઈ છે તે ટૂંકી થવા મંડે. એમ ધારતાં ધારતાં બ્રહ્મભાવ ચોખ્ખો ધરાય ને દેખાય ત્યારે વૃત્તિ ટેરવે ને ટેરવે રહે. તેનું એ લક્ષણ છે જે, રસ પામવા માટે ઈન્દ્રિયની વૃત્તિ દોડાદોડ કરે નહિ. તેમજ વાક્ઈન્દ્રિય જીતવા સારુ જીભના મૂળમાં પ્રાણે સહિત વૃત્તિમાં બ્રહ્મભાવ ધારવો. તેણે કરીને વાંકી થયેલી વૃત્તિ સીધી થઈ પાંસરી ચાલે છે. જેમ શાક વઘારે છે તેનો ગંધ વાયુ વડે નાકમાં આવે છે તેમ જીવ સંકલ્પ હૃદયમાં કરે છે તેનો ભાવ જ્યાં જાણપણું ઠેરાવ્યું હોય ત્યાં પ્રાણ વડે આવે છે. વળી બીજું દષ્ટાંત, જેમ કોઈ પુરુષ બરછીનો ઘા કરે તે અણિથી વાગે તેમ સંકલ્પ કર્યા ભેગો જીવમાં પ્રવેશ થાય છે. તે સંકલ્પને ટાળવાને અર્થે આત્માનો વિચાર કરવો જે, હું આત્મા છું, દેહ નહિ. તેણે કરીને સંકલ્પ ટળી જાય ને સ્થિર થવાય છે—એ યોગની દસમી કળા છે.

## (યોગકળા-૧૧)

મન-ઈન્દ્રિયોને એના દેવને વિશે હોમી દેવાં અને આત્માને

અક્ષરને વિશે હોમી દેવો.[૧] પછી હું તો અક્ષરબ્રહ્મ છું તે રૂપે થઈને ભગવાનનું ધ્યાન કરવું. ધ્યાનના કરનારા ભક્તે જાણપણામાં રહીને પોતાના શ્રોત્ર ઈન્દ્રિયને પ્રાણે સહિત દિગ્પાળ દેવના શ્રોત્ર ઈન્દ્રિય ભેગું ભેળવીને તે દિગ્પાળના ઈન્દ્રિયને બ્રહ્મને વિશે હોમવી ને એવો સંકલ્પ કરવો જે, હું તો આત્મા જ છું. મારે વિશે કાંઈ[૨] નથી. એ રીતે મને કરીને સંકલ્પ કરવો, તેનું નામ હોમ્યું કહેવાય. તેની જ પેઠે મન અને બીજી ઈન્દ્રિયોને પ્રાણે સહિત તેના દેવતાના ઈન્દ્રિય ભેગા ભેળવીને બ્રહ્મને વિશે હોમી દેવાં. પછી એક આત્મા રહ્યો તેને અક્ષરને વિશે હોમી દેવો. કહેતાં, તેની સાથે એકત્વભાવનો સંકલ્પ કરવો. જે હું તો અક્ષર જ છું, આત્મા નથી. એવી રીતે અક્ષરરૂપ થઈને ધ્યાન કરવું—એ યોગની કળા અગિયારમી છે.

## (યોગકળા-૧૨)

આત્માની વૃત્તિ આત્મામાંથી લાંબી કરીને ભગવાનનું ધ્યાન કરવું. જે ભક્તને આત્માને વિશે સ્થિતિ થઈ હોય તેને પદાર્થના જોગે કરીને જો રજ-તમ વ્યાપી જઈને ઈન્દ્રિયોમાં આવી જવાય તો તેને પાછું આત્મામાં ઊતરવાનું સાધન એ છે જે, જો બે નેત્રની વૃત્તિઓને પ્રાણે સહિત એકી વખત (એક સાથે) પ્રતિલોમ કરીને ઊતરાતું હોય તો તો એ શ્રેષ્ઠ છે. નહીતર પ્રથમ એક નેત્રની વૃત્તિનો ગોલકનો ભાવ પડ્યો મૂકીને પ્રાણે સહિત પ્રતિલોમ કરીને જાણપણામાં જોઈ રહેવાથી તેજ દેખાય અને આત્મામાં વૃત્તિ ચોંટી જાય એટલે બીજા નેત્રની વૃત્તિને તેમ જ કરવું. ને બે વૃત્તિઓ ચોંટી જાય ત્યારે એ આત્મારૂપ થયો. પછી પ્રાણે સહિત આત્માની વૃત્તિને બ્રહ્મ સાથે જોડી દેવી એટલે બ્રહ્મનો ભાવ આવે. પછી એ બ્રહ્મ તો સર્વત્ર વ્યાપક છે એટલે એ ભાવમાંથી પ્રાણે સહિત વૃત્તિ લાંબી કરીને ભગવાનની મૂર્તિ છેટે ધારવી તથા ઢૂંકડી ધારવી તથા માથે ધારવી તથા અડખે-પડખે ધારવી. તેણે કરીને આળસ-પ્રમાદ ભરાયાનો[3] ખુલાસો[૪] થાય છે—એ યોગની કળા બારમી છે.

---

**૧.**લીન કરવો; એક કરવો. **૨.**ત્રણ દેહ, ત્રણ ગુણ વગેરે માયિક ઉપાધિ. **૩.**થતા હોય તેનો. **૪.**નાશ.

## (યોગકળા-૧૩)

જે ઠેકાણે પ્રાણ-અપાનની ગાંઠ પડે છે તેથી હેઠો હૈયામાં બ્રહ્મભાવ ધારવો ને ભગવાનનું ધ્યાન કરવું. જે ભક્ત ભગવાનનું ધ્યાન કરતો હોય તેણે ગુદા સ્થાનના અપાનવાયુને વૃત્તિએ સહિત હૈયામાં કુંભક કરીને તે જગ્યાએ બ્રહ્મભાવ ધારવો. તે કુંભક થયો કેમ જણાય ? તો, હેઠલો ભાગ આકાશ જેવો થઈ ગયેલો દેખાય. તે શૂન્યમાં જોતાં જોતાં ભગવાનની મૂર્તિ દેખાય, તે મૂર્તિને ધારી રાખવી. ને ધારતાં ધારતાં અપાન ભેગી વૃત્તિ ઊંચી આવી જાય ત્યારે અપાનનો ભાવ ભૂલી જવાય. ત્યારે એ ભક્તે ધીરે રહીને અપાને સહિત વૃત્તિએ કરીને હૈયામાં બ્રહ્મભાવ ધારવો. એમ ધારતાં ધારતાં તેજ દેખાય ને તેજમાં મૂર્તિ દેખાય તે ધ્યાનની સ્થિતિ થઈ જાણવી – એ યોગની કળા તેરમી છે.

## (યોગકળા-૧૪)

પાંસરી વૃત્તિએ હેઠો રાઈના દાણા જેટલામાં બ્રહ્મભાવ ધારવો ને ઊંચો તે ને તે રીતે ધારવો અને ભગવાનનું ધ્યાન કરવું. જે ભક્ત મહિમા વિચારીને ભગવાનનું ધ્યાન કરતો હોય તેની ઇન્દ્રિયોમાં મહિમાની ખટાશ ચડી જાય, ત્યારે સત્ત્વગુણની વૃદ્ધિ થાય. તે સમયે હૈયાના જાણપણામાં પ્રાણને વૃત્તિએ સહિત કુંભક કરવો. ને તે પછી ત્યાં બ્રહ્મભાવ ધારવાથી શ્રદ્ધા વૃદ્ધિ પામે છે. એ ભક્તે બ્રહ્મભાવ ધાર્યો હોય અને રજોગુણના યોગે કરીને કોઈક સમયે ચૂકી જાય ત્યારે પ્રાણ ઇન્દ્રિયોમાં ઊંચો આવી જાય તે વખતે એ ભક્તે આત્મામાં આત્માની વૃત્તિ પ્રાણ ભેગી પાંસરી કરીને જ્યાં પ્રાણ-અપાનની ગાંઠ પડે છે એથી હેઠો હૈયામાં રાઈના દાણા જેટલામાં પ્રાણે સહિત વૃત્તિ સાક્ષાત્કાર ધારવી. ને ઊંચે મધ્યના જે અંગમાં સાનુકૂળ પડે તે અંગમાં પ્રાણે સહિત ઊંચે ચડાવીને સાક્ષાત્કાર ધારવી ને ભગવાનનું ધ્યાન કરવું. એ રીતે ધારતાં ધારતાં બ્રહ્મભાવ સાક્ષાત્કાર થાય ત્યારે તેમાં તેજોમય મૂર્તિ દેખાય છે. પછી એ ભક્ત જ્યાં મૂર્તિ ધારે ત્યાં એની વૃત્તિઓ પ્રાણે સહિત જઈને વળગે ને ઇન્દ્રિયો-અંતઃકરણ શૂન્ય થઈ જાય ને

પ્રતિલોમ ચોખ્ખો થાય તે યોગની ઉત્તમ સ્થિતિ મૂર્તિ દ્વારે સાધવાથી થાય છે—એ યોગની કળા ચૌદમી થઈ.

## (યોગકળા-૧૫)

બ્રહ્મભાવ પ્રાણવાયુ ભેગો હેઠો ભરાઈ જાય તો અને વાયુ શિશ્ન દ્વારે આવી જાય તો કામના સંકલ્પ થવા માંડે. ને શિશ્નમાં વાયુ ભરાય ને બ્રહ્મભાવ ધારતાં ચૂકી જાય પછી તેને દુઃખ બહુ થાય. કોઈ ભક્તને ધ્યાન કરતે કરતે રજ-તમના વેગ આવીને નેત્રની જોવારૂપ વૃત્તિ શિશ્ન દ્વારે આવી જાય, ત્યારે એ ભક્તને બહુ દુઃખ થાય ને કામના ઘાટ થવા માંડે. ને વૃત્તિમાં તીવ્ર વેગ લાગે ને તે સમયે બ્રહ્મભાવ ધાર્યો હોય તે ચૂકી જાય ને દેહરૂપ થઈ જવાય. માટે ધ્યાન કરવા બેસવું તે વખત મધ્યના જે અંગમાં વૃત્તિ ધારી હોય ત્યાં બ્રહ્મભાવ રાખવો ને વૃત્તિને ડગવા દેવી નહિ. એમ કરતાં કરતાં પ્રમાદને યોગે વૃત્તિ શિશ્નમાં ઊતરી જાય ને વાયુ ભરાય તો તેની શુદ્ધિ કરવાનો ઉપાય એ છે જે, બીજા સંકલ્પ પડ્યા મૂકીને આત્મારૂપ થાવું ને શિશ્ન ઈન્દ્રિયમાંથી વૃત્તિ ફેરવી નાંખીને બીજી ઈન્દ્રિયોમાં લાવવી ને મધ્યના અંગમાં બ્રહ્મભાવ ધારવો, એટલે ઈન્દ્રિય-અંતઃકરણનો નિરોધ થઈ જાય. પછી પોતાના આત્મામાં ભગવાનની મૂર્તિ સામટી[૧] ભેગી[૨] જુએ ને જોતાં જોતાં વૃત્તિઓ તેમાં ચોંટી જાય ને ઉપશમને પામે. એ ઉપશમનો મહિમા અતિશે મોટો છે, માટે શ્રદ્ધા સહિત બ્રહ્મભાવમાં જોડાવું એ મનુષ્યદેહનું સાર્થકપણું છે—એ યોગની કળા પંદરમી થઈ. ॥૬૬॥

***ઉપર લખેલી સદ્ગુરુ શ્રીગોપાળાનંદસ્વામી તથા સદ્ગુરુ શ્રીચૈતન્યાનંદસ્વામી તથા સદ્ગુરુ શ્રીનરસિંહાનંદસ્વામીની કરેલી વાતો તે આચાર્ય શ્રીવિહારીલાલજી મહારાજની આજ્ઞાથી શિષ્ય ભક્ત મોનજીએ લખાવીને પ્રસિદ્ધ કરી છે.***

# મોનજી ભગતની વાતો સમાપ્ત

---

**૧.**આખે આખી. **૨.**એક જ સાથે - એક જ સમયે.

### શ્રીસ્વામિનારાયણ મંદિર, તીર્થધામ કુંડળ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા

# સત્સંગ સાહિત્ય તથા કેસેટ પ્રકાશન

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં ગૌરવસમા અને સંતના સર્વે ગુણ સંપન્ન એવા પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી અ.મુક્તરાજ શ્રીગોપાળાનંદ સ્વામીની સંતપરંપરાના એક વિરલ સંત છે. ભગવાન ભજવા અને ભજાવવા એ જ તેમની મુખ્ય પ્રવૃત્તિ છે. પૂ.સ્વામીશ્રી એક સુપ્રસિદ્ધ કથાકાર, મધુર ગાયક અને કવિ છે. તેમણે આજ સુધીમાં લાખો જીવોને ભગવત્સન્મુખ કર્યા છે.

સંપ્રદાયના મોટા ભાગના ગ્રંથો ઉપર તેમણે સિદ્ધાંતલક્ષી કથાઓ કરી છે. તેમની આ વર્તનસભર વાણીથી આજ સુધીમાં સેંકડો સંતો બન્યા છે. અનેક એકાંતિક ભક્તો તૈયાર થયા છે. અને દેશ-વિદેશમાં વસતા લાખો લોકોને સત્સંગનું પોષણ મળ્યું છે. એટલું જ નહિ, પરંતુ તે કથાઓની Audio-Vedio CD, MP3 અને DVD દ્વારા દેશ-વિદેશમાં લાખો લોકો ઘરે બેઠા મોક્ષમાર્ગનું બળ મેળવી રહ્યાં છે.

આ ઉપરાંત સંપ્રદાયના અનેક મોક્ષોપયોગી સદ્ગ્રંથોનું પણ પ્રકાશન કરવામાં આવ્યું છે. જે હરિભક્તોના લાભાર્થે અત્યંત સસ્તા દરે આપવામાં આવે છે. આ કેસેટો અને પુસ્તકો આપણા જીવનમાં મોક્ષમાર્ગના ભોમિયા અને રક્ષણહારનું અચૂક કાર્ય કરે છે. કુટુંબમાં સંપ, સંસ્કાર અને સુખનું પ્રદાન કરે છે. માટે તેને અવશ્ય વસાવવા અને ઉપયોગમાં લેવા જોઈએ.

દર માસની પાંચમી તારીખે 'સત્સંગ સેવક' મેગેઝીન અને ૨૦ મી તારીખે 'સહજાનંદ પ્રદીપ' નામના પત્ર દ્વારા હજારો ભક્તજનોને ઘેર બેઠા ખૂબ સુંદર વાંચન સાહિત્ય વડે આધ્યાત્મિકમાર્ગનું પોષણ આપવામાં આવી રહ્યું છે.

શ્રીસ્વામિનારાયણ મંદિર તીર્થધામ કુંડળ દ્વારા પૂજાપેટી અત્યંત સસ્તા દરે આપવામાં આવી રહી છે.

ભક્તોજનોને સરળતાથી કેસેટ સાંભળી શકાય તે માટે જુદા-જુદા શહેરમાં કેસેટ લાઈબ્રેરી પણ ખોલવામાં આવેલ છે.

# પ.પૂ.સદ્. શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળ)દ્વારા થયેલ કથા-વાર્તાની વિગત તથા પુસ્તક પ્રકાશન

## કેસેટમાં ઉપલબ્ધ સાંપ્રદાયિક ગ્રંથોની કથાઓ

૧. શ્રીમત્ સત્સંગિજીવન
૨. હરિલીલામૃત (સંપૂર્ણ)
૩. ભક્તચિંતામણિ (સંપૂર્ણ)
૪. શ્રીમદ્ ભાગવત (દશમ સ્કંધ)
૫. ઘનશ્યામલીલામૃત
૬. શિક્ષાપત્રી ભાષ્ય
૭. નિષ્કુળાનંદ કાવ્ય (નિષ્કુળાનંદસ્વામી રચિત તમામ ગ્રંથો સંપૂર્ણ)

## શિબિરના પ્રસંગે થયેલ કથાઓ

૧. સવારની સભા
૨. ભ.ચિં.મધ્યમ મંગલાચરણ
૩. સવારનું ચિંતન
૪. બદ્ધથી મુક્ત
૫. શોભા શી કહું રે રૂડી
૬. ભગવદ્‌ગુણો

## પુસ્તક પ્રકાશન

૧. વચનામૃત
૨. શ્રીહરિલીલામૃત
૩. ભક્તચિંતામણિ
૪. નિષ્કુળાનંદ કાવ્ય
૫. ગોપાળાનંદસ્વામીની વાતો
૬. ગુણાતીતાનંદસ્વામીની વાતો
૭. પુરુષોત્તમપ્રકાશ વિવેચન
૮. મોનજી ભગતની વાતો
૯. જ્ઞાનદીપ ભાગ : ૧,૨,૩,૪
૧૦. શિક્ષાપત્રી
૧૧. કીર્તનમાળા
૧૨. હરિસ્મૃતિ
૧૩. અખંડવૃત્તિ
૧૪. હરિરસામૃત
૧૫. મનગંજન
૧૬. નિત્યનિયમ
૧૭. કીર્તનસાર

## અન્ય પ્રસંગોની કથાઓ

❁ અનેક કીર્તનો ઉપર વિવેચનોની કથા
❁ અનેક કીર્તનોની CD, MP3
❁ અનેક પ્રસંગોની CD, VCD, MP3, DVD
❁ પંચરત્ન
❁ મોક્ષના સાધનો
❁ ભાલદેશની લીલા
❁ ભક્તાખ્યાન

શ્રીસ્વામિનારાયણ મંદિર તીર્થધામ કુંડળ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા ચાલતી

# વિવિધ કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ

જેમણે સ્વામિનારાયણ સંપ્રદાયની કથા-વાર્તા દ્વારા પુષ્ટિ કરી છે એવા પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામીની પુનિત પ્રેરણાથી આ બંને મંદિરો દ્વારા અનેક જીવોના ભલા માટે વિવિધ સેવા-પ્રવૃત્તિ ચાલી રહી છે. ભક્તજનો તેનાથી લાભાન્વિત થઈ શકે તેવા શુભ આશયથી તેનો આંશિક પરિચય અહીં પ્રસ્તુત કરેલ છે.

■ **બાલ-યુવા સંસ્કાર પ્રવૃત્તિ...**

આજના ફેશન-વ્યસનના વિષમ વાતાવરણમાં બાળકો તથા યુવકો ધર્મમય અને સંસ્કારમય રહે તેની તાતી જરૂર છે. તે માટે પૂ.સ્વામીની પ્રેરણાથી દેશભરમાં ૫૦૦ ઉપરાંત બાળ-યુવા મંડળો ચાલી રહ્યાં છે. જેમાં બાળ-યુવા પેઢીને વિકૃતિથી બચવા અને સંસ્કૃતિને વળગી રહેવા માટેની કેળવણી અપાય રહી છે. વળી, દર વર્ષે બે વખત બાળ-યુવા શિબિરો પણ ગોઠવવામાં આવે છે.

■ **આધ્યાત્મિક આયોજનો...**

સર્વોપરી શ્રીહરિ મુમુક્ષુઓને મુક્ત બનાવી અક્ષરધામમાં લઈ જવા માટે જ આ પૃથ્વી ઉપર પધાર્યા હતા. એ જ હેતુને ધ્યાનમાં રાખી પૂ.સ્વામી અનેકવિધ આધ્યાત્મિક આયોજનો કરે છે. જેનો લાભ લઈ આજ સુધીમાં લાખો લોકો સત્સંગનું મહાસુખ માણતા થયા છે. અને માયાના દુ:ખરૂપી દાવાનળથી બચી શક્યા છે.

- **સત્સંગ શિબિર :** છેલ્લા સોળ વર્ષથી દિવાળીની રજામાં અનેક ભક્તોને આ શિબિરના માધ્યમે સામાન્ય નિયમ-ધર્મથી લઈ અનાદિમુક્ત બનવા સુધીના પ્રેક્ટિકલ અનુભવ મળી રહ્યા છે. એટલે આ શિબિર મુમુક્ષુઓને માટે એક અનુપમ અવસર છે.

- **કથા-પારાયણો તથા ઉત્સવ-સમૈયા :** સ્થાનિક મંદિરોમાં તથા અન્યત્ર અવાર-નવાર કથા પારાયણોનાં આયોજનો કરવામાં આવે છે. તથા નાના મોટા ઉત્સવો દ્વારા અનેક જીવોને સત્સંગનું પોષણ આપવામાં આવે છે.

- **સત્સંગ વિચરણ :** સ.ગુ.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામીની સાધુતા તથા સારધાર ઉપદેશવાણી દ્વારા તેમના મંડળમાં ૮૦ ઉપરાંત ત્યાગીઓ સંપ્રદાયની સેવામાં શ્રીહરિના ચરણે સમર્પિત થયા છે. પૂ.સ્વામીની પ્રેરણાથી આ સંતો-પાર્ષદો ગામડે-ગામડે જઈ હજારો હરિભક્તોને ઘેર બેઠા સત્સંગનું પોષણ આપે છે. શ્રીહરિની સર્વોપરી ઉપાસના તથા આજ્ઞાને દઢ કરાવે છે. સત્સંગ પિપાસુ ભક્તજનો સ્ત્રી-ધનના ત્યાગી સંતોના શ્રીમુખથી કથા-કીર્તન સાંભળી પુરુષોત્તમને પામવાનું બળ મેળવી ધન્ય બને છે.

- **સાંપ્રદાયિક તથા સામાજિક સેવા...**

પૂ.સ્વામીની પ્રેરણાથી આજ સુધીમાં દસ જેટલા નૂતન મંદિરોનું નિર્માણ થયું છે તથા અનેક જગ્યાએ મૂર્તિ, સિંહાસન કે આર્થિક યોગદાન ઉપરોક્ત બંને મંદિરો કે હરિભક્તો દ્વારા આપવામાં આવે છે. તદુપરાંત મફત મેડિકલ કેમ્પ, ગરીબોને અન્ન-વસ્ત્ર સહાય, દુષ્કાળ તથા ભૂકંપ જેવી આપત્તિમાં કેટલકેમ્પ, ફૂડ પેકેટ અને પુનર્વસન જેવી વિવિધ સેવાઓ કરવામાં આવે છે.

- ધ્યાન તો એનું નામ કહેવાય જે, જેવા ભગવાન પાસે બેઠા હોય અને દર્શન કરીએ તેવા ને તેવા ધ્યાનમાં દર્શન થાય, ત્યારે ધ્યાન કર્યું કહેવાય.
- આ સત્સંગમાં શ્રીજીમહારાજ અખંડ બિરાજે છે, ને મૂર્તિઓમાં પણ અખંડ બિરાજે છે ને ધર્મ-ભક્તિવાળા સંતમાં પણ અખંડ બિરાજે છે, ક્યાંય ગયા નથી.
- ભગવાનના એકાંતિક સાધુનો સંગ હોય, ને પૂર્વના કોઈ સંસ્કાર હોય, ને રૂડા દેશ-કાળ હોય, ને એને કરવાની હેતે સહિત શ્રદ્ધા હોય, ને કહેનારા જે મોટાપુરુષ તેને વિશે દેવબુદ્ધિહોય ને તેનો વિશ્વાસ હોય, તો ભગવાનને પ્રતાપે કરીને તેની વૃત્તિ એકાગ્ર થાય છે.
- પ્રત્યક્ષ ભગવાનની અખંડ સ્મૃતિ રાખે તો થોડાક કાળમાં એ કારણ શરીરનો નાશ થઈ જાય. માટે સ્મૃતિ રાખવા જેવો બીજો કોઈમોટો લાભ નથી. ને સ્મૃતિ રાખવી એ સાધન સર્વોપરી છે.

- પા. મોનજી ભગતની વાતો



સદ્. શ્રીગોપાળાનંદસ્વામી તથા ગઢપુર નિવાસી પાર્ષદ શ્રીમોનજી ભગત